# નિવેદન

'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન' સંસ્થાના આજીવન પ્રમુખ અ.મુ.પૂજ્ય શ્રી નારાયણભાઈની આત્મા-પરમાત્માના અખંડ સાક્ષાત્કારની અને પરમાત્માના વ્યતિરેક દિવ્ય સ્વરૂપ સંબંધી સુખભોક્તાની સર્વોત્કૃષ્ટ સ્થિતિથી સત્સંગ સુપેરે વાકેફ છે.

પરમાત્માની વાણીની જેમ જ તેમનું પરમસાધર્મ્ય પ્રાપ્ત કરેલા અનાદિમુક્તની વાણી પણ પ્રભુના સાક્ષાત્ સંબંધવાળી હોવાથી અત્યંત પ્રભાવક, પ્રેરણાદાયક, આદર્શરૂપ અને અનુકરણીય હોય છે. અનાદિમુક્ત દ્વારા સ્વયં શ્રીહરિનું જ કર્તાપણું હોવાથી તેમના મુખે બોલનારા પણ શ્રીહરિ જ છે.

આવા મહાન સદ્‌ગુરુ અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈના વચન મૌક્તિકોને 'અમૃત બિંદુ' શીર્ષક નીચે તથા તેમની ધ્વનિમુદ્રિત વાણીને 'અમૃત સરિતા' શીર્ષક હેઠળ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવેલી છે. સદ્‌ગુરુ પૂજ્ય શ્રી નારાયણભાઈના અંતરંગ શિષ્ય રહી આશરે ૨૭ વર્ષ સુધી જોગ-સમાગમ-સેવાનો અલભ્ય લાભ લઈ અનેક પ્રકારના વાર્તાલાપો ને પ્રશ્નોત્તરી દ્વારા જેમણે અનેક





આધ્યાત્મિક રહસ્યો સદ્‌ગુરુ પાસેથી જાણીને તેનો સંગ્રહ કરેલો અને સંસ્થાના સાહિત્યસર્જનમાં જેમનું અતિ અમૂલ્ય યોગદાન છે એવા પ.ભ. શ્રી જીતુભાઈ વ્યાસ દ્વારા તૈયાર કરાયેલો, મુમુક્ષુ સાધકને સાક્ષાત્કાર-પ્રભુપ્રાપ્તિ કરવા માટે તથા ઉત્કૃષ્ટ જીવનઘડતર કરવા માટે અતિ ઉપયોગી એવો વાણીસંગ્રહ લેખન-સંકલન સાથે ઉપલબ્ધ થયો છે, તેને 'અમૃત સાગર' શીર્ષક હેઠળ વિવિધ વિષયમુદ્દાઓ આવરી લઈ, ત્રણ ભાગમાં પ્રકાશિત કરતાં હર્ષ સાથે ગૌરવની લાગણી અનુભવાય એ સ્વાભાવિક છે. ગ્રંથનો આ દ્વિતીય ભાગ છે. 'અમૃત સાગર સાધકને...' એવું સૂચક નામ પણ એવો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે આ ગ્રંથ કેવળ પ્રભુપ્રાપ્તિની ઝંખના સાથે સાધનાપથ ઉપર પ્રયાણ કરતા સંનિષ્ઠ સાધકને સમર્પિત છે. પછી તે સાધક કોઈ પણ ધર્મ, સંપ્રદાય, મત કે વિચારધારામાં માનતો હોય, એ બધાને માટે સમાનરૂપે સાર્થક નીવડશે.

આ ગ્રંથમાં અનેક આધ્યાત્મિક ગહન રહસ્યનું સ્પષ્ટીકરણ છે. સાથે સાથે ઉત્કૃષ્ટ પ્રકારનું જીવનઘડતર કરવા માટેના અતિ ઉપયોગી વચનો પણ છે, જે પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરેલા પ્રબુદ્ધ enlightened સદ્‌ગુરુ સિવાય અન્ય વ્યક્તિ પાસેથી મળવા શક્ય નથી. સાધનાપથ ઉપર ગતિ કરતા સાધકને પૂર્ણરૂપે પથદર્શન પૂરું પાડનાર આ અમૂલ્ય ભાથું છે. જેમ મરજીવા રત્નાકરમાં ડૂબકી મારી રત્નોને વીણી લાવી ધનાઢ્ય બને છે, તેમ આ 'અમૃત સાગર'માં નિમજ્જન કરી નિષ્ઠાવાન સાધક ગહન રહસ્યરૂપ અનેકવિધ અમૂલ્ય રત્નોને

મેળવી આધ્યાત્મિક રીતે સમૃદ્ધ થઇ જીવનનો સર્વોચ્ચ ધ્યેય એવી પ્રભુપ્રાપ્તિ કરી શકશે એવી અમને શ્રદ્ધા છે.

અંતમાં આ ગ્રંથપ્રકાશનમાં સહાયરૂપ થનાર સર્વે તથા સુજ્ઞ વાચકવૃંદ ઉપર પરમ કૃપાળુ શ્રીહરિજી, શ્રી અબજીબાપાશ્રી અનંત સદ્‌ગુરુશ્રીઓ તથા સદ્‌ગુરુવર્ય અ.મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈની અસીમ પ્રસન્નતા સદાય વરસતી રહે તેવી અંતરની અભ્યર્થના!

વિક્રમ સંવત ૨૦૭૬ — પ્રકાશક
અષાઢ સુદ બીજ, — **narayanleela.org**
તા.૨૩ જૂન, ૨૦૨૦





# પૂર્વ કથન

અ.મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈની દિવ્યવાણીરૂપ અમૃત સાગરના આ દ્વિતીય ભાગમાં સાધકને સાધકજીવનમાં અતિ ઉપયોગી ઉપદેશ વચનો તથા આત્મા-પરમાત્માના સાક્ષાત્કારની આધ્યાત્મિક સ્થિતિની પરાકાષ્ઠારૂપ એવા અનાદિમુક્તનું માહાત્મ્ય સાધકે કેવી રીતે સમજવું તથા અનાદિમુક્તનું સામર્થ્ય, દિવ્યભાવ વગેરે જાણવાથી સાધકને સાધનાપથ પર થતી પ્રગતિ અને મળતી રક્ષા, સહાય તથા મુક્ત વિષે થતા મનુષ્યભાવના સંકલ્પોથી ઉદ્‌ભવતી અડચણો, વિક્ષેપો અંગેનો તથા તેના નિવારણ માટેનો સ્પષ્ટ નિર્દેશ છે. સાધકને પોતાના સાધનાપથ ઉપર પ્રગતિ સાધવામાં અત્યંત ઉપયોગી એવું ભાથું છે. આ ગ્રંથમાં જ્યાં જ્યાં મુક્તરાજ કે ગુરુવર્ય-સદ્‌ગુરુવર્ય જેવા શબ્દોનો ઉલ્લેખ છે, ત્યાં અ.મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈના નામનો ઉલ્લેખ સમજવાનો છે. આ ગ્રંથ ગુરુવર્ય અ.મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈ તથા તેમના અંતરંગ સેવક જીતુભાઈ સાથેની જ્ઞાનગોષ્ઠિ ઉપરથી તે સેવક દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

આવા અદ્‌ભુત જ્ઞાનનો અલભ્ય લાભ લઈ સાધક પોતાનું જીવન ધન્ય બનાવવા સાધનાસમર્પિત થઈ પ્રભુ તેમજ મુક્તની કૃપાપ્રસન્નતા પામી શકશે એ નિશ્ચિત છે.





## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ઉપદેશામૃત | ૧ |
| ૨ | અનાદિમુક્તનું માહાત્મ્ય અને સામર્થ્ય | ૬૯ |
| ૩ | મહારાજ તથા અનાદિમુક્ત વિષે દિવ્યભાવ | ૧૩૯ |
| ૪ | મુક્ત વિષે નિર્વિકલ્પ રહેવું | ૧૬૨ |
| ૫ | ઉપસંહાર | ૧૯૨ |

# ૧

# ઉપદેશામૃત

**આ વિષયમુદ્દામાં સાધકને પોતાની સાધનામાં અતિ ઉપયોગી સૂચનોનો સમાવેશ થાય છે. કેટલાક પ્રેરક પ્રસંગો, દૃષ્ટાંતો ને જ્ઞાનની સ્પષ્ટતા કરતા મુદ્દાઓ સાધકને પોતાની સમજણ ને મહારાજ તથા મુક્તને વિષે શ્રદ્ધાની દૃઢતા કરવામાં સવિશેષ સહાયરૂપ થશે.**

જેને ત્યાગી રહી પ્રભુના સત્સંગરૂપ સેવાકાર્ય કરવા હોય કે સાધુ થઈને પ્રભુ ભજવા હોય, તો તે અંગેની તેની પૂરતી તૈયારી હોવી જોઈએ. એ બાબતે મુક્તને વારે વારે પૂછ્યા કરે કે સાધુ થાઉં? ત્યાગી રહું? તે તેની દૃઢતામાં ઉણપ સાબિત કરે છે. એવાને તો એમ જ જણાવવું કે ભાઈ, તારે સાધુ થવાની કે ત્યાગી રહેવાની જરૂર નથી. બીજા જન્મે તારે થવું હોય તો થજે, આ જન્મે તું નહિ થઈ શકે. આ જન્મે તો સંસારમાં રહી થાય એટલાં સેવા-ભજન કરીને જીવનયાત્રા પૂરી કરવી એ જ તારે માટે હિતાવહ છે.

જીવો અનેક જન્મ સુધી સંસાર-વ્યવહારના ઢસરડા કરીને ખૂબ હેરાન-પરેશાન થાય ત્યારે ધીરેધીરે વૈરાગ્ય ઉત્પન્ન થાય, પણ સંસારની વિટમણાનો અનુભવ થયા વગર કેવળ





સાચી સમજણ ગ્રહણ કરીને વૈરાગ્ય ઉત્પન્ન થાય એવા બળિયા તો બહુ જૂજ હોય. બાકી મોટા ભાગના જીવો ઠોકરો ખાવાથી અને અનુભવથી જ સમજે પછી વૈરાગ્ય ઉત્પન્ન થાય. એ વિષે ગુરુવર્યે સંત તુલસીદાસજીની વાત કરી કે તેમના પત્ની તેમને પિયર ગયા, પછી બીજે જ દિવસે તુલસીદાસજી તેમને મળવા પહોંચી ગયા, એવી તીવ્ર વાસના હતી. આથી તેમના પત્નીએ મહેણું માર્યું, ‘તમે એક દિવસ પણ સંયમી ન રહી શક્યા? આ હાડ-માંસના શરીરમાં આવો આંધળો મોહ શું રાખો છો? આ તો બધું નાશવંત અને તુચ્છ છે! આવી લગની પ્રભુમાં લગાડી હોય તો કેવી મોટી પ્રાપ્તિ થાય!’ આમ તેમના પત્નીએ કરેલા ‘તેજીને ટકોર’ રૂપ ઉપદેશ દ્વારા તુલસીદાસજીને તરત જ સમજાઈ ગયું કે બધું તુચ્છ અને મિથ્યા છે. પછી તો તેઓ ત્યાગી થઈ ને પ્રભુભક્તિમાં લીન થઈ ગયા. સુરદાસજીને પણ સંસારની તીવ્ર વાસના હતી. તેમને પણ અનુભવે જ વૈરાગ્ય ઉત્પન્ન થયેલો. (૧)

શ્રીજીમહારાજની ને અનાદિમુક્તની વાણી પાત્ર કે કુપાત્ર એવી ગમે તે વ્યક્તિ બોલે, પણ એ દિવ્યવાણી કદી પણ અભડાતી નથી, વિકૃત થતી નથી. એ દિવ્યવાણીની શક્તિથી સાંભળનારનું હંમેશાં ભલું જ થાય છે. (૨)

ભગવાનના પ્રતિમાસ્વરૂપના જ્યારે દર્શન કરીએ, ત્યારે એવો ભાવ ન આવવો જોઈએ કે એ મૂર્તિ સિંહાસનમાં છે કે ટેબલ ઉપર કે કોઈ બેઠક ઉપર છે, પણ એવો ભાવ રાખવો

કે શ્રીજીમહારાજ તો અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત દિવ્ય તેજમાં અખંડ બિરાજે છે ને પોતાના દિવ્યદર્શન આપે છે. આવો દિવ્યભાવ લાવી દર્શન, સ્તુતિ-પ્રાર્થના કરવા. (૩)

આજકાલ ભગવાનના જાણે રાફડા ફાટ્યા છે. લોકો પોતાને ભગવાન કહેવડાવે અને મોજ મજા કરે. ભગવાનને તો કાંઈ પણ બંધનકર્તા હોય નહિ, એમ કહી શાસ્ત્રોની મર્યાદા લોપે. તેવા કહેવાતા ભગવાનો બધા મરીને ભૂત થાય, તેમને ભજનારા અજ્ઞાની જીવો પણ ભૂત થઈને રખડે અને ભૂખ, દુઃખ ને માર ભોગવે એમ મહારાજે કહેલું છે. માટે સાધકે તેવા દંભી ભગવાનો કે ગુરુઓની માયાજાળમાં ક્યારેય ફસાવું નહિ. ભગવાન કહેવડાવું આજકાલ સૌને સહેલું થઈ ગયું છે, પરંતુ પ્રભુના સાચા સંત થવું ઘણું કઠણ છે, છતાં પ્રભુના સાચા સંત થવું જ મુમુક્ષુ સાધક માટે યોગ્ય છે. (૪)

બીજા વિષે અયોગ્ય સંકલ્પ ન કર્યા કરવા, પણ તેનું સારું થાય એવી મહારાજને પ્રાર્થના કરવી. મહારાજ તમારું સારું કરશે તેમ તેને કહેવું, પણ તેનું શું થયું, તેનું કેમ થાશે? વગેરે સંકલ્પ ન કર્યા કરવા, એવા સંકલ્પો છોડવા. મહારાજ સારું કરશે તેમ કહેવાનો અર્થ એ છે કે પ્રભુને જેમ યોગ્ય લાગે, તેમ તેમની મરજી પ્રમાણે તેઓ કરે છે. અર્થાત્ એનું કઈ રીતે સારું કરવું યોગ્ય છે તે મહાપ્રભુજી જ જાણે છે અને તે પ્રમાણે તેઓ કરે છે. (૫)

કોઈ હરિભક્તે પૂર્વ જન્મમાં પુરુષપ્રયત્ન કરેલો હોય





તો તેનો સંસ્કાર ચિત્તમાં હોય પણ દબાયેલો રહે, કારણ કે બીજા સંસ્કારોથી તે ઢંકાઈ રહે છે. તે કર્મસંસ્કારોના ફળ ભોગવી લીધા બાદ અમુક સમયે, યોગ્ય પળે તે શુભ સંસ્કારો ઉદય થવાથી મુક્તભાવ પ્રગટ થતાં વાર લાગતી નથી. (૬)

કેટલાક જીવોને ચિત્તમાં સારા સંસ્કાર દબાયેલા પડ્યા હોય અને જો તેને જાગ્રત કરવાવાળો કોઈ મળી જાય તો તે જલદી પ્રગતિ સાધી શકે. વડતાલમાં એક હરિભક્તને થોડીક જ વાત કરીને મુક્તરાજે તરત મહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો હતો. (૭)

મુક્તરાજે એક વખત સેવકને વાત કરતાં જણાવ્યું કે, કોઈ મારા ખૂબ વખાણ કર્યા કરે તે મને ન ગમે. હંમેશાં મહારાજને મુખ્યપણે રાખવા, નહિ તો બીજાને એમ લાગે કે મોટામુક્ત પણ બીજા ખોટા ગુરુઓ જેવું લોલમલોલ ચલાવે છે. માટે મુક્ત વિષે અતિશયોક્તિ ન કરતાં જીવોને સમાસ થાય તેવી જ વાત કરવી, વેગમાં આવી જઈ બહુ પ્રચાર ન કરવો. મુક્તના સેવા-સમાગમનું સુખ જીરવતા શીખવું. (૮)

અનાદિમુક્ત મુમુક્ષુને વર્તમાન ધરાવે ત્યારે પોતાના બળવાન સંકલ્પથી પૂર્વના અનંત જન્મોના કર્મસંસ્કારોને બાળી નાંખે અને તેના ચૈતન્યને મૂર્તિમાં આકર્ષણ કરીને રાખે. પછી જ્યારે બધા આવરણો ટળી જાય, ત્યારે મૂર્તિના સુખનું યથાર્થ જ્ઞાન અને અનુભવ થાય. (૯)

શ્રીજીમહારાજે આમ કેમ કર્યું કે તેમ કેમ ન કર્યું?

એવા પ્રશ્નો મનમાં ઊઠે તેને તુરત જ શમાવી દેવા, કારણ કે એમ કેમ કર્યું તે જાણી શકીએ તો શ્રીજીમહારાજનો પાર પમાઈ ગયો તેમ થઇ જાય, પરંતુ તેમ થતું નથી, માટે સાધકે નિર્વિકલ્પ થતાં શીખવું. (૧૦)

મુક્ત તો દરેક જીવ ઉપર કૃપા જ વરસાવે છે. પોતાની દૃષ્ટિમાં આવેલા ચૈતન્યનો ઉત્કર્ષ જ કરે છે, પણ તેનું પતન થવા દેતા નથી. તેઓ જ્યારે ક્રોધનો ભાવ જણાવે, ત્યારે તે ફક્ત જીવના દોષ પરત્વે જ હોય, પણ ચૈતન્ય ઉપર સદાય દયાભાવ રાખે. કારણ કે તેઓ જીવના પૂર્વના અનંત સંસ્કારોને જાણે છે. તેથી તેમનો દરેક પ્રયત્ન જીવોના દોષો દૂર કરવાનો હોય. માટે મુક્ત જ્યારે આપણા દોષ ઉપર ક્રોધ બતાવે, ત્યારે રાજી થવું અને તેમનો ખૂબ મહિમા સમજી દોષ ટાળવાના પ્રયત્નમાં મંડી રહેવું તો તેમની કૃપાથી થોડા સમયમાં દોષો ટળી જાય અને પાત્રતા આવે. (૧૧)

અવરભાવના કાર્યો કરતી વખતે અનેક પ્રકારની સ્વભાવ-પ્રકૃત્તિવાળા જીવો સાથે વ્યવહાર કરવાનું બને, ત્યારે તેમને વગર વિચાર્યે કંઈ કહેવું નહિ તથા તેને ખોટું લાગે, અભાવ આવે, ગેરમાર્ગે દોરવાઈ જાય તેમ કડવા શબ્દોમાં, પોતાની જાતને હું તો બહુ સ્પષ્ટવક્તા છું, તેવા ભાવથી કહેવું નહિ. પરંતુ જે કંઈ કહેવું તે વિચારીને કહેવું. ક્યારેક શું ઉત્તર આપવો તે ન સૂઝે તો પછી તમને જણાવીશ, તેમ કળ કરીને વિચારીને નમ્રપણે ઉત્તર આપવો, પણ ગોટા ન





વાળવા. કારણ કે આ તો ચૈતન્યો સાથે કામ પાર પાડવાનું છે, કંઈ જડ સાથેની વાત નથી. મુક્તના પરચાની વાતો પણ મર્યાદામાં રહીને કરવી, તેમાં અતિશયોક્તિ ન કરવી. મુક્તના પરચા-ચમત્કારની અતિશયોક્તિ જીવોને સમાસ કરતાં અસમાસ વધુ કરે છે. માટે મુક્તના કલ્યાણકારી ગુણો સંબંધી વાતો કરી જીવોને સમાસ થાય તેમ વર્તવું. (૧૨)

પોતે કરેલ અપરાધ માટે જો કોઈ દંભ-કપટથી પૂર્ણપુરુષોત્તમ નારાયણના સમ ખાય તો મહારાજ પ્રતિમાસ્વરૂપે બિરાજતા હોવાથી કદાચ તત્કાળ તેને ફળ ન પણ મળે, પરંતુ તેનું પ્રારબ્ધ બંધાય ત્યારે તેનું પરિણામ ભોગવવું પડે અને હેરાન-પરેશાન થઇ જાય. માટે પોતાના સ્વાર્થ અર્થે ભગવાનના સમ ન ખાવા. ભગવાનના સમ ખાવા બહુ જ કઠણ છે, બાળકની રમત નથી. ભગવાન કે મુક્તના ખોટા સમ ખાવા તે પ્રજ્ઞાપરાધ ગણાય છે, અર્થાત્ પ્રભુની સર્વવ્યાપી ચેતનાનો અપરાધ. કારણ કે પ્રભુની સર્વવ્યાપી પ્રજ્ઞા દ્વારા સૂક્ષ્મમાં સૂક્ષ્મ કર્મોની નોંધ થઇ જાય છે. તેથી તે અપરાધનું ફળ ભોગવવું પડે છે. માટે સાધકે આવી વાતો ગંભીરતાથી વિચારવી. (૧૩)

હરિભક્તને કોઈક પ્રકારે અવળું વર્તાઈ ગયું હોય અને તેવી ભૂલો ફરી ન કરવાનું નિયમ લે અને તેવી રીતે ફરી પાછો વર્ત્યા કરે, તો મોટાની કૃપાથી જે કર્મફળ ભોગવવાનું ટળી ગયું હોય તે ફરી નવા કરેલા કર્મફળ સાથે ભોગવવું

પડે, પરંતુ મુક્ત દયાળુ સ્વભાવના હોઈ તેવા દોષોને જોતા નથી, કારણ કે તેઓ જાણે છે કે પૂર્વ જન્મોના દૃઢ કુસંસ્કારોને લઈને જીવોથી અવળું વર્તાઈ જવાય છે. એટલે મુક્ત જીવો પ્રત્યે ઘૃણા ન સેવતા દયા રાખી જ્ઞાન આપીને તેને ટળાવવાના પ્રયત્ન કરે છે અને સાધકના એવા પ્રયત્નમાં સહાય તેમજ રક્ષા પણ કરે છે. (૧૪)

ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે જે મનુષ્યલીલા કરે તે ક્યારેક શાસ્ત્રોક્ત મર્યાદા કરતાં જુદી પણ હોય. તે મનુષ્યલીલા પણ તેમનો અલૌકિક ગુણ છે, પરંતુ તેમાં જ્ઞાનીને મોહ નથી ઉપજતો તે સર્વે લીલાને દિવ્ય જ સમજે, પણ મુક્તોની મનુષ્યલીલા અને સ્વયં પરમાત્માની મનુષ્યલીલામાં તફાવત છે. મુક્તો મહારાજની આજ્ઞામાં રહી, મર્યાદામાં રહી લીલા કરે અને પરમાત્મા તો સ્વતંત્રપણે લીલા કરે. કોઈ વ્યક્તિ પ્રભુનો વાદ લઈ મન ફાવે તેમ વર્તે તો અધોગતિને પામે. (૧૫)

અજ્ઞાની ને પાગલ વ્યક્તિ ભગવાન તથા મુક્ત વિષે અપશબ્દ બોલે તો તેનો એને બહુ દોષ ન લાગે, પરંતુ જ્ઞાની અને સમજુ વ્યક્તિ એવું કંઈક બોલે તો તેનો તેને જરૂર દોષ લાગે અને તે અપરાધનું ફળ પણ ભોગવવું પડે. (૧૬)

સર્વોપરી ઉપાસના અને નિશ્ચય પાકો હોય ને કોઈક વર્તમાનમાં ખામી હોય તો ચાલે અથવા એકેય વર્તમાન





બરોબર ન પાળે, પરંતુ ઉપાસના અને નિશ્ચય દૃઢ હોય તો મોક્ષમાં વાંધો ન આવે. આ કઈ રીતે સમજવું? એ પ્રશ્નના ઉત્તરમાં મુક્તરાજે જણાવ્યું કે આનો સૂક્ષ્મ અર્થ સમજવો જોઈએ. જે ભક્તને ઉપાસના અને નિશ્ચયની સંપૂર્ણ દૃઢતા હોય એટલે સ્વરૂપનિષ્ઠા પરિપક્વ હોય તેને વર્તમાનલોપ કદી થાય જ નહિ. એવા જે વચન પ્રભુએ કહ્યા હોય તો તે મુમુક્ષુઓને હિંમત દેવા કહ્યા હોય, જેથી જીવ ગ્લાનિ પામી જઈ હતાશ ન થાય. સ્વરૂપનિષ્ઠાનું મહત્ત્વ સમજાવવા ઉપર વધુ ભાર મૂકવા માટે તેવા વચન કહ્યા હોય. (૧૭)

ઘણાં લોકો તીર્થ કરવાનો ખરો અર્થ નથી સમજી શકતા. તેઓ જેમ જગતના અન્ય લોકો પિકનિક ઉપર જાય, તેમ ખાવા, પીવા અને મોજમજા કરવા તીર્થોમાં જાય. કારણ કે પ્રવૃત્તિમય જીવનથી કંટાળીને change મનફેર ને હવાફેર માટે તીર્થમાં ફરવા જાય અને ત્યાં પણ પોતાના ઘરની જેમ બધી સગવડો સંચવાય અને મજા કરવા મળે તેવી અપેક્ષા રાખે. સંજોગોવશાત્ તેવી સગવડતા તીર્થ સ્થાનમાં ન સંચવાય તો આકુળવ્યાકુળ થઈ ને તીર્થનો દોષ કાઢી તેની નિંદા કરે. તેથી તીર્થમાંથી મળતા દિવ્ય આધ્યાત્મિક લાભથી વંચિત રહી જાય અને તીર્થમાં જઈ આવ્યા છતાં જીવનની શુષ્કતા મટે નહીં. માટે જીવનમાં આધ્યાત્મિક પ્રગતિ થાય, પાપકર્મોનો ક્ષય થાય, માનસિક શાંતિ અને પ્રભુના સ્વરૂપમાં જોડાવાનું અનેરું બળ મળે એવા શુભ હેતુથી તીર્થમાં જવું જોઈએ.

તીર્થમાં મોજમજા કરવા નહિ, પરંતુ તપની ભાવના રાખી સાત્ત્વિક ભાવથી જપ, તપ, ધ્યાન-ભજન, સંતસમાગમ વગેરે પ્રભુપ્રસન્નતાના સાધનો કરવા જોઈએ. તો જ તીર્થ કર્યાની સાર્થકતા થાય. (૧૮)

મુક્તપુરુષના અપરાધરૂપ પ્રારબ્ધકર્મનું બંધન થાય તે ટાળવું ઘણું જ કઠણ છે. જે મુક્તપુરુષનો અપરાધ થયો હોય તેમને દીનભાવે, ગદગદ કંઠે ફરી ક્યારેય અપરાધ નહિ કરે એવી પ્રતિજ્ઞાપૂર્વક પ્રાર્થના કરે તો જ એ અપરાધ માફ થાય. નહિતર તે અપરાધરૂપ પાપકર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે. જેટલી તીવ્રતાથી પાપકર્મ થયું હોય અર્થાત્ ઈન્દ્રિયો, અંતઃકરણ અને જીવ એ ત્રણેય દ્વારા કર્મ થયું હોય તો તે કર્મનો પાશ અતિ તીવ્ર લાગે ને તેનું ફળ ભોગવાવીને જ એ કર્મ શાંત થાય. એ કર્મની તીવ્રતાથી વિશેષ તીવ્રતા સાથે જો પસ્તાવો repentance થાય તો એ કર્મ નાશ પામે અને તેનું ફળ નિર્મૂળ થઇ જાય અથવા અલ્પ થઇ જાય. એવા ખરા અંતઃકરણથી થયેલા પશ્ચાત્તાપમાં બળ રહેલું છે. માફ ન થઇ શકે તેવું કઠણ પ્રારબ્ધ ઘણી વખત મુક્તપુરુષ પોતાને માથે લઈને પોતાના દેહ દ્વારા તે ભોગવી લેતા દેખાય છે. જોકે તેમને દેહના દુઃખનો કદી અનુભવ થતો નથી. બીજાને એમ લાગે છે કે મોટા પુરુષને દુઃખનો અનુભવ થાય છે. બીજાના કઠણ પ્રારબ્ધ લેવાની ઘટના ક્વચિત્ અમુક વિશિષ્ટ કિસ્સામાં જ બને છે.





એક હરિભક્તને સ.ગુ. મુક્તાનંદ સ્વામીનો અપરાધ થઇ ગયેલો. સ્વામી તો ભૌતિક દેહનો ત્યાગ કરી મહારાજના સુખે સુખી થઇ ગયેલા, પણ એ હરિભક્તને ક્યાંય શાંતિનો અનુભવ ન થાય ને માનસિક વ્યગ્રતા, આધિ, વ્યાધિ ને ઉપાધિ રહ્યા કરે. તેથી તેમણે સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પાસે જઈને પ્રાર્થના કરી કે, 'જાણે અજાણે કોઈ મુક્તનો અપરાધ થયો હોય તો તમે દયા કરી તે માફ કરો.' ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'તમારે મુક્તાનંદ સ્વામીનો અપરાધ થઇ ગયો છે. તે હું માફ ન કરી શકું. તમે મુક્તાનંદ સ્વામીનું અંતરમાં ધ્યાન કરીને તેમને ગદગદ કંઠે પ્રાર્થના કરો અને સ્વામી દયા કરીને તમારો અપરાધ માફ કરે તો જ તમે એ અપરાધમાંથી મુક્ત થઇ શકો. એનો બીજો કોઈ ઉપાય નથી.' પછી હરિભક્તને ઘણો પસ્તાવો થયો. તેમણે મુક્તાનંદ સ્વામીનું ધ્યાન કરી ગદગદ કંઠે પ્રાર્થના કરી ત્યારે મુક્તાનંદ સ્વામી તેમની ઉપર પ્રસન્ન થયા અને દર્શન દઈ તેનો અપરાધ માફ કર્યો. તેથી તે ભક્ત દુઃખોમાંથી મુક્ત થઇ સુખી થયા. માટે જે મુક્તનો અપરાધ થઇ ગયો હોય તેમને સંભારીને તેમને અને શ્રીજીમહારાજને પ્રાર્થના કરે તો તે અપરાધ માફ થઇ જાય. (આવું સાંભળતા સેવકે ગદગદ કંઠે મુક્તરાજને પ્રાર્થના કરી પોતાના પૂર્વના જાણે અજાણે જે કોઈ અપરાધ થઇ ગયા હોય તે માફ કરવા પ્રાર્થના કરીને બધા અપરાધ માફ કરાવ્યા.) (૧૯)

દાનવીરો જો કેવળ કીર્તિ માટે હજારો-લાખો રૂપિયાનું દાન કરે તો તેના બદલામાં તેને ફળરૂપે કીર્તિ મળી જાય, પરંતુ પ્રભુની પ્રસન્નતા ન મળે, પણ રૂપિયો, પાંચ રૂપિયા કે અગિયાર રૂપિયા નિઃસ્વાર્થભાવે પ્રભુને અર્પણ કરે તો તેને આ લોકની કીર્તિ તો ન મળે, પરંતુ પ્રભુપ્રસન્નતા ચોક્કસ મળે. કીર્તિ-પ્રસિદ્ધિ માટે કરેલા લાખો રૂપિયાના દાન કરતાં તે ઓછું દાન વિશેષ છે, કારણ કે તેને પ્રભુપ્રસન્નતા મળે છે. માટે ગમે તેટલું વધુ કે ઓછું દાન કેવળ પ્રભુ પ્રસન્નતાર્થે જ થવું જોઈએ. (૨૦)

પ્રભુના આશ્રિત જેઓ મુક્તરાજને શરણે થયા છે, તેમની દૃષ્ટિમાં આવ્યા છે, તે બધા અવરભાવમાં પણ તન-મન-ધનથી સુખી થઈ નિર્વિઘ્ને પ્રભુભજન કરી શકે એવો શુભ સંકલ્પ પ્રભુના ચરણે મુક્તરાજે કર્યો છે. તેથી તેમના જોગમાં આવેલા બધા સુખી છે. અને પ્રારબ્ધ ભોગવવામાં પણ શૂળીનું દુઃખ કાંટે કાઢે છે. એટલી શિક્ષા જીવોના શુદ્ધિકરણ માટે જરૂરી હોવાથી ભોગવાવે છે, પરંતુ પ્રભુનું ભજન કરી જ ન શકે એટલું બધું દુઃખ શરણાર્થીને ભોગવવું પડતું નથી. (૨૧)

કોઈપણ કાર્ય કરતી વખતે એ કાર્યમાં જ સંપૂર્ણ ધ્યાન-એકાગ્રતા કરવી જોઈએ. એ વખતે એક વિચાર સાથે બીજા વિચાર અથડાવા ન જોઈએ. મનને એવી એકાગ્રતાના અભ્યાસ દ્વારા કેળવે તો એ વાત સહજ બને છે. (૨૨)





મુક્તપુરુષોની પૂજા કરવાની મહારાજે પણ આજ્ઞા કરેલી, પરંતુ આ યુગમાં ખોટા ને અપૂર્ણ સ્થિતિવાળા પોતાની જાતને ભગવાન તથા મુક્ત કહેનારા ઘણા થઈ પડ્યા છે. તેથી તેવા દંભી લોકોને પોષણ મળે એવી ક્રિયા કરવી ન જોઈએ. ગુરુને, મુક્તને અંતરવૃત્તિએ ધારી ને શ્રીહરિ સાથે તેમની સેવા-પૂજા, માનસી પૂજા જે કાંઈ કરવું હોય તે અંતરના ભાવથી કરી શકાય. જેટલી વખત દંડવત પ્રણામ કરવા હોય તેટલી વખત કરી શકાય, ભેટવું હોય તેટલી વાર ભેટી શકાય, મસ્તક પર હાથ મુકાવી શકાય, આ બધું જ અંતરવૃત્તિથી થઈ શકે અને તેનું ફળ પણ અલૌકિક મળે. પરંતુ બાહ્ય દેખાવ ન કરવો, કારણ કે તેથી સમાસને બદલે અસમાસ વધુ થાય છે. (૨૩)

સંયમિત આહાર-વિહાર, દૃઢ નિષ્કામવ્રત તથા અતિ દૃઢ શ્રદ્ધાએ સહિત ધ્યાન-ભજન તથા ભગવાનના સ્વરૂપનું અખંડ અનુસંધાન રહે તો પ્લેગ જેવા મહારોગનો પણ મુમુક્ષુને પાશ ન લાગે. (૨૪)

મહારાજ કે મુક્ત જેના ઉપર ક્રોધ કરે કે તેના સ્વભાવ ને દોષોનો નાશ કરવા ટપલા મારે તો તેના મહદ્‌ભાગ્ય સમજવા. મૂળજી બ્રહ્મચારી તથા આશાબાપા એવા ભાગ્યશાળી હતા. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને પ્રભુના ક્રોધના દર્શનની ઈચ્છા હતી તો પણ તેવા દર્શન તેમને નહોતા થયા. (૨૫)

જીવને મંદવાડ ત્રણ પ્રકારે આવે છે. એક ક્રિયમાણકર્મ

દ્વારા, બીજું પ્રારબ્ધકર્મ વશાત્ અને ત્રીજું ભગવાન તે જીવને શુદ્ધ કરવા પ્રાયશ્ચિત્તરૂપે મંદવાડ મોકલે છે. દેહના અંત સમયે ઘણાક જીવોને પ્રાયશ્ચિત્તરૂપે મંદવાડ આપી ચૈતન્યને શુદ્ધ કરીને પ્રભુ પોતાના સુખમાં લઈ જાય છે. એ પણ તેમની મહદ્ કૃપા જ છે. (૨૬)

ગાંધીજી જો ધારત તો આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકત એવા પવિત્ર ને શક્તિશાળી હતા, પરંતુ તેમની પાસે પ્રભુને દેશના હિતનું (આઝાદીનું) કાર્ય કરાવવું હતું. તેથી તે કાર્યમાં જ પ્રેર્યા. તે કાર્ય થવાથી ભગવાનના મુક્તોને તથા ભક્તોને પ્રભુ ભજનનું સુખ સારું આવે, એટલે તેના આશીર્વાદ ગાંધીજી ઉપર ઊતરે. આવા શક્તિશાળી યુગપુરુષોની શક્તિ તેના રાગમાં ભળવાથી તે મોટા કાર્યો કરી શકે છે. એ શક્તિ જ્યારે પ્રભુ તરફ વળે, ત્યારે enlightened પ્રબુદ્ધ થઈ શકે. (૨૭)

મૂળપુરુષ (શ્રીકૃષ્ણ ભગવાન) આ બ્રહ્માંડના રાજા છે. મોટા ભાગના માર્ગો તેના તરફ જ લઈ જાય છે. તેથી મહદંશે સાધકોની તેનાથી પર ગતિ થતી નથી, જ્યારે સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા તેમના પૂર્ણ મુક્તો તો મુમુક્ષુઓને સર્વોપરી ઉપાસના અને આત્મા-પરમાત્માનું યથાર્થ જ્ઞાન કરાવી પોતાના અક્ષરધામમાં લઈ જાય છે અથવા પોતાના સ્વરૂપમાં રાખે છે. (૨૮)

સ.ગુ. ગોપાળાનંદ સ્વામી તથા સ.ગુ. નિષ્કુળાનંદ





સ્વામીએ મોટા મંદવાડ દેખાડ્યા, જ્યારે સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ પાલખી બનાવડાવી સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો. આ બધી મુક્તોની વિવિધ લીલાઓ છે. (૨૯)

સ્વામિનારાયણ ડિવાઈન મિશનમાં જે ઘનશ્યામ મહારાજની મૂર્તિ છે તે અતિ પ્રસાદીની છે. સ.ગુ. હરિનારાયણદાસજી સ્વામીએ તે મૂર્તિ કરાવેલી. મૂળી મંદિરમાં કાર્ય કરતી વખતે મજૂર અકસ્માતમાં માર્યા ગયા. તેમને આ મૂર્તિમાંથી મહારાજે પ્રગટ થઈ રક્ષા કરી ફરીથી જીવતા કરેલા. એ મૂર્તિ અહીં બિરાજે છે. એ મૂર્તિને કોઈ હૃદયના શુદ્ધ ભાવથી શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરે તો તેના મનોરથ ચોક્કસ સિદ્ધ થાય અને આત્યંતિક કલ્યાણ પણ થાય. અને મુક્તરાજ નારાયણભાઈએ પણ આવો જ સંકલ્પ કરી આશીર્વાદ આપેલા છે. (૩૦)

શ્રીજીમહારાજ ને મુક્તમાં સંપૂર્ણ શ્રદ્ધા ને દિવ્યભાવની દૃઢતા હોય તો પંચવિષય જીતવા કઠણ ન પડે. (૩૧)

કુંતાજીએ અભિમન્યુને રક્ષા બાંધી ત્યારથી રક્ષાબંધનનો તહેવાર ચાલ્યો આવે છે એવું લોકમાં મનાય છે. બહેનો ભાઈઓને રાખડી બાંધે છે તે શુભ ભાવના ને શુભેચ્છાનું પ્રતીક છે. તેને લીધે ભાઈ-બહેનોમાં સંપ, સદ્ભાવના અને પ્રેમની વૃદ્ધિ થાય છે. મોટે ભાગે બહેનો તથા ભાઈઓ આધ્યાત્મિક દૃષ્ટિએ પાત્ર હોતા નથી. તેમ છતાં બહેનો રાખડીને મહાપ્રભુજીની મૂર્તિનો સ્પર્શ કરાવી, આ રક્ષા પ્રભુ

પોતે જ ભાઈને હાથે બાંધે છે, એવા ઉત્કૃષ્ટ અને ઉદાત્ત ભાવથી રાખડી બાંધે તો તેમાં પ્રભુની કૃપા ભળે અને ભાઈ ને બહેન બંનેનું રૂડું થાય. જો આવી ભાવના ન હોય અને કેવળ શુષ્કભાવે રાખડી બાંધવામાં આવે તો તેનું એક દોરાથી વધુ કંઈ મૂલ્ય નથી.

ભગવાન પોતાના મુક્ત દ્વારા રક્ષા બાંધે અને તેમાં જેણે રક્ષા બંધાવી હોય તેને સંપૂર્ણ શ્રદ્ધા હોય તો તે રાખડી તેના ચૈતન્યની કાળ, કર્મ, માયાથી રક્ષા કરે છે. તેમાં રાખડી તો કેવળ પ્રતીક છે. તેની પાછળ રહેલા દિવ્યસંકલ્પ દ્વારા ચૈતન્ય ઉપર રક્ષાકવચ બને છે તેથી ચૈતન્યની સદાકાળ રક્ષા થાય છે. એ જ ખરું રક્ષાબંધન છે. (૩૨)

વાર તહેવારે, ઉત્સવ-પ્રસંગોએ મુક્ત દ્વારા આશીર્વચન તથા સાચી સમજણ પ્રાપ્ત થવાથી સમજણની તથા દિવ્યભાવની દૃઢતા થાય છે. બાકી તો મુક્ત એક જ વાર આશીર્વચન આપે તેમાં બધું જ આવી જાય. તેમ છતાં વારે વારે આવા પ્રસંગો યોજવાથી વધુ ને વધુ દૃઢતા થતી જાય છે. (૩૩)

કેટલાક ભક્તો રાગ-આસક્તિને લઈને મૃત્યુ બાદ સૂક્ષ્મ સૃષ્ટિમાં રહે છે. તેનો કેટલો અવધિ છે તે કહી શકાય નહિ. કારણ કે જ્યાં સુધી રાગ ને આસક્તિ છે, ત્યાં સુધી મુક્તિ મળવી સંભવે નહિ. જેના જેટલા રાગ-આસક્તિ જલદી ઓછા થાય તે જલદી મોક્ષ પ્રતિ પ્રગતિ કરે. મુક્ત મનુષ્યરૂપે પ્રગટ હોય ત્યારે તેમની ઈચ્છાથી ક્યારેક તેવા સૂક્ષ્મદેહધારી જીવોને





મુક્તના દર્શન થાય, તેથી તેમને શાંતિ ને આનંદનો અનુભવ થાય ને આસક્તિ તથા રાગ ટાળવાની ઈચ્છા તીવ્ર બને છે. તે અવસ્થામાં પણ ધ્યાન-ભજન થઇ શકે છે, જે ઘણા ભક્તો કર્યા કરતા હોય છે. (૩૪)

એક ભાઈએ આશંકા સાથે ગુરુવર્ય નારાયણભાઈને પ્રશ્ન કરેલો કે સ્વામિનારાયણ ભગવાન નિઃસ્વાદી વર્તમાન ઉપર ઘણો ભાર મૂકતા, તો પણ જાત જાતના પકવાન અને મિષ્ટાન્ન કરાવી સંતો, બ્રાહ્મણોને ખૂબ જમાડતા, તો નિઃસ્વાદી વર્તમાન એમાં કઈ રીતે પળાયું ગણાય? મુક્તરાજે તેનો સુંદર ખુલાસો આપેલો કે જ્યારે પ્રભુમાં ખૂબ લગની લાગે, ત્યારે કામ, ક્રોધ, લોભ વગેરે દોષો તથા પંચવિષયની આસક્તિ ઓછી થઇ જાય અને સારા-નરસા વિષયો સમ વર્તે, માન-અપમાન, નિંદા-સ્તુતિ, સુખ-દુઃખ વગેરેમાં સમભાવ થઇ જાય. એવી સ્થિતિ શ્રીજીમહારાજે પોતાના સંતોની કરાવેલી. કોઈ સાદું ભોજન જમે અથવા પાણીમાં મેળવીને જમે એટલે એ નિઃસ્વાદી થઇ ગયા એવું સમજવાનું નથી. નિઃસ્વાદી થવા માટે સ્વાદમાંથી આસક્તિ ટળી જાય ત્યારે જ ખરું નિઃસ્વાદીપણું આવે. સાદું ભોજન જમે, પણ મનમાં સારું ભોજન જમવાની વૃત્તિ જોર કરતી હોય તો નિઃસ્વાદી ન થઇ શકાય, પરંતુ સાંખ્યવિચાર અને સમજણે કરીને આસક્તિ ટાળે એટલે સારું-નરસું સમ થઇ જાય. પછી કંઈ નડે નહિ. સાદું ભોજન જમવું, પાણી નાખીને ચોળીને જમવું એ

નિઃસ્વાદી વર્તમાનની દઢતા માટે શરૂઆતમાં આવશ્યક છે, પરંતુ અમુક અંશે આધ્યાત્મિક કક્ષા પ્રાપ્ત થયા પછી એની જરૂર રહેતી નથી.

સુરાખાચરને પહેલા સ્વાદમાં ઘણી આસક્તિ હતી. પછી નિઃસ્વાદી થઈ પ્રતિલોમ ધ્યાન દ્વારા પ્રભુને જમાડે છે તેવા દિવ્યભાવથી જમતા. એટલે કોઈ પ્રકારના સ્વાદનું તેમને અનુસંધાન ન રહેતાં કેવળ પ્રભુનું જ અનુસંધાન રહેતું ને પ્રભુનું દિવ્યસુખ અનુભવતા. એમ શ્રીજીમહારાજ પોતાના સંતોને નિઃસ્વાદી બનાવ્યા પછી પકવાન જમાડતા. (૩૫)

મહારાજ તથા અનાદિમુક્તોની સેવા નિઃસ્વાર્થ, નિરાસક્તભાવે કરવી જોઈએ. તેમાં બહુ દેખાડો કે દંભ-ડોળ ન કરવા, નહિતર સેવાનું ફળ જોઈએ તેવું ન મળે. મુક્તની અંગત સેવા પણ મહારાજની સેવા થાય છે એવા દિવ્યભાવ સાથે કરવી. નિર્ગુણાનંદ બ્રહ્મચારીને બાપાશ્રીનો યથાર્થ મહિમા હોવાથી બાપાશ્રીને સારી રસોઈ કરીને અંગત રીતે અતિ હેતે સહિત જમાડતા. એમ દેખાવ કર્યા વગર સેવા કરતા, તેથી બાપાશ્રીએ તેમની ઉપર અતિ પ્રસન્ન થઈ અનાદિમુક્તની સ્થિતિ કરાવી દીધેલી. (૩૬)

વૃક્ષો, વનસ્પતિમાં ચેતના સુષુપ્તિ જેવી જડ અવસ્થામાં રહેલી હોય છે. તેથી તે ચૈતન્યને દુઃખનો અનુભવ થતો નથી. અ.મુ. ગોપાળાનંદ સ્વામીએ રાજકોટ મંદિરમાં બોરડીનો સ્વભાવ છોડાવવા તે સુષુપ્ત ચેતનાને જાગૃત કરી એટલે તે





ચેતનાને પોતાનું તથા પોતાના સ્વભાવનું જ્ઞાન થયું. તેથી તેણે પોતાનો સ્વભાવ સ્વામીના પ્રતાપથી છોડ્યો અને બધા જ કાંટા ખરી પડ્યા. એવી રીતે બાપાશ્રીએ પણ જાંબુડાના વૃક્ષની ચેતનાને જાગૃત કરેલી તેથી તે વૃક્ષ મનુષ્યની જેમ બોલ્યું કે આવા મુક્તોની સભા મારી નીચે થાય છે તે મારા અહોભાગ્ય છે. (૩૭)

સત્સંગમાં સર્વેને વિષે દિવ્યભાવ રાખવો એનો અર્થ થોડી સ્પષ્ટતા માગી લે છે. વર્તમાનધર્મ પાલનમાં, નૈતિકતામાં પ્રકૃતિદોષને લીધે ખામી હોય કે આચરણમાં શિથિલતા હોય, તે ચલાવી ન લેવાય. દિવ્યભાવ રાખવાનો અર્થ એ છે કે, કોઈપણ ચૈતન્ય પરત્વે તિરસ્કારની ભાવના ન થવી જોઈએ, પરંતુ તેના ચૈતન્યના હિત માટે તેના સ્વભાવ ઉપર તો આક્રમણ કરવું જ જોઈએ. તેના સ્વભાવને કઠણ વચને ટોકીને પણ કાઢવા, કારણ કે તેમાં જીવનું હિત સમાયેલું છે, તે પરોપકાર છે. જો તેના સ્વભાવને પોષણ આપી તેના જીવનું અહિત થવા દઈએ તો તે પરોપકાર ન કહેવાય. સાચા અર્થમાં દિવ્યભાવ એટલે તેના ચૈતન્યનું હિત થાય તેમ કરવું તે પરોપકાર છે. આસુરી સ્વભાવને મારે નહિ તો તે ચૈતન્યનું જરૂર ભૂંડું કરે. તે માટે દિવ્યભાવ રાખવાની સમજણ ઉપર મુજબ કેળવવી જોઈએ, નહિ તો અણસમજણથી આસુરી સ્વભાવને પોષણ મળે ને ચૈતન્યનું અહિત થાય. (૩૮)

વ્યક્તિનો ચૈતન્ય મૃત્યુ પછી તેના મૃતશરીરની

આજુબાજુ ફરતો હોય છે ત્યારે જો આકસ્મિક રીતે કોઈ મોટા મુક્તની ત્યાં મનુષ્યરૂપે પ્રત્યક્ષ હાજરી હોય તો તે ચૈતન્યની સદ્ગતિ થાય છે. (૩૯)

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર સિદ્ધિની સર્વોત્તમ વ્યાખ્યા.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થની સિદ્ધિને શિક્ષાપત્રીમાં કહ્યા પ્રમાણે તેના સત્ય ગૂઢાર્થ સમજીને વર્તનમાં ઉતારે તો પામે એમ શ્રીજીમહારાજે કહ્યું છે.

**ધર્મ :** શ્રુતિ-સ્મૃતિએ વર્ણવેલ સદાચારરૂપ ધર્મ પાળતા પાળતા જ્યારે આત્મામાં પરમાત્માનો સાક્ષાત્કાર થાય અને તે દિવ્યસ્વરૂપમાં મૂર્તિરૂપ થઈ પરાપ્રેમે કરીને સંલગ્ન થઈ, પ્રેમાદ્વૈત સાધી તે મૂર્તિનું સુખ ભોગવે, એ જ આત્માના ધર્મની સિદ્ધિનો સર્વોચ્ચ અર્થ છે.

**અર્થ :** નિતિપૂર્વક નિયમ-ધર્મનું પાલન કરીને નિરાસક્તભાવે ધનનું ઉપાર્જન કરી તે ધનને પ્રભુપ્રસન્નતા માટે, સેવાને માર્ગે, પરોપકાર અર્થે નિઃસ્વાર્થભાવે વાપરે તે અર્થ છે. અને અર્થનો સૂક્ષ્મભાવ એ છે કે મૂર્તિરૂપ થઈ મૂર્તિમાં અનાદિમુક્તની સ્થિતિની પ્રાપ્તિ કરવી એ અર્થની અંતિમ સિદ્ધિ છે, પરમ અર્થ છે.

**કામ :** કામ અર્થાત્ ઈચ્છા. જગતની સઘળી ભૌતિક ઈચ્છાઓ, રાગ, આસક્તિ એ બધાનો ત્યાગ કરી કેવળ પ્રભુ પ્રસન્નતાની ઈચ્છા રાખી જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, જપયોગ, ધ્યાનયોગ વગેરે સાધનો કરે અને એમ કરતાં કરતાં





મૂર્તિ સાથે તદ્રૂપ, રસબસ થઈ તે મૂર્તિ સંબંધી સુખની પ્રાપ્તિ થાય તે કામની અર્થાત્ પરમપદને પામવારૂપ સર્વોચ્ચ ઈચ્છાની સિદ્ધિ છે.

**મોક્ષ :** દુ:ખમાંથી મુક્તિ તેને પણ મોક્ષ કહેવાય. જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ તે પણ મોક્ષ છે. કાળ-કર્મ-માયાના બંધનથી રહિત ગુણાતીત થવું તે પણ મોક્ષ છે, પરંતુ અહીં આત્યંતિક મોક્ષની વાત છે. અર્થાત્ પ્રભુપ્રસન્નતાના સાધન કરતાં કરતાં પાત્રતા કેળવી પ્રભુ જેવી જ દિવ્યતા પામે અને પ્રભુના દિવ્યસ્વરૂપમાં તે સ્વરૂપરૂપ થઈ તે સ્વરૂપ સંબંધી દિવ્યસુખનો ભોક્તા થાય. 'હું' પણાના અતિ સૂક્ષ્મ બંધનથી રહિત થઈ કેવળ પ્રભુ જ છે, હું નથી ને બીજું કંઈ નથી, એવી અનુભૂતિ થાય અને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત થાય, સ.ગુ. વૃંદાવન સ્વામીના કથન મુજબ 'એક મહારાજ જ!' એ જ મોક્ષની ચરમ સિદ્ધિ છે. (૪૦)

સંધ્યા ટાણે મંદિર પ્રત્યે જવું એનો અર્થ એ છે કે મનને શુદ્ધ, સાત્ત્વિક વિચારથી નિર્મળ બનાવી, નિર્વિકલ્પ થઈ અંતરવૃત્તિએ પ્રભુના સ્વરૂપના દર્શન કરવા. (૪૧)

કેટલીક વખત આસુરી શક્તિથી ભગવાન કે મુક્ત થઈ બેઠા હોય, પણ એવા હોય નહિ, તેવા દંભી જીવો પાસે પણ પ્રભુ જીવોને ઉત્ક્રાંતિમાં કલ્યાણને માર્ગે ઉન્નતિ કરાવવાનું કાર્ય કરાવી લે છે. પછી તેઓને આકરી શિક્ષા પણ કરે છે ખરા. (૪૨)

સંશોધનનો અર્થ એ છે કે દરેક વસ્તુની સારી અને નરસી નિષેધાત્મક અને વિધેયાત્મક, નકારાત્મક ને સકારાત્મક એમ બંને પાસાઓનો પૂર્ણપણે અભ્યાસ કરી તટસ્થપણે, નિષ્પક્ષપાતી રહી, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે રાગદ્વેષ રહિત થઇ સત્યપૂર્ણ ને અર્થપૂર્ણ તારણ કાઢેલું હોય તેને જ વાસ્તવિક અર્થમાં સંશોધન કહી શકાય, પરંતુ ઈર્ષા દ્વેષથી પ્રેરાઈ કેવળ negative નરસું પાસું જ જુએ અને સત્યશોધન ન કરે અને બીજાને અકલ્યાણકારી બને તો તે સંશોધન ન કહેવાય તે કેવળ અર્થહીન પ્રલાપ જ કહેવાય. (૪૩)

સ.ગુ. અ.મુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પાસેથી એક હરિભક્તે સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી પાસે આવીને કહ્યું, 'સ્વામી, મને આપની પાસે બેસવામાં વધુ આનંદ આવે છે.' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, 'હું તો રમૂજી વાતો કરું એટલે તમને આનંદ આવે, પણ ખરું સુખ તથા જ્ઞાન તો ગોપાળાનંદ સ્વામી પાસે મળે. મારી પાસે એવું ન મળે, પણ તું પાત્ર નથી એટલે તને તેમની પાસે સુખ ન આવ્યું.' એમ સમજણમાં ફેર હોવાથી પ્રાપ્તિમાં પણ ફેર રહે છે. (૪૪)

કેટલાક મનુષ્ય વ્યાવહારિક રીતે બુદ્ધિશાળી હોય, પરંતુ આધ્યાત્મિક રીતે ઉચ્ચ સ્થિતિ ન હોય અને મોટા થવાના તથા પ્રતિષ્ઠાના રાગ હોય, તેથી દંભે કરીને મોટાઈ દેખાડવાનો પ્રયત્ન કરતા હોય. તેઓ જે ખરેખર મુક્ત પુરુષ હોય તેમની સાથે પણ તેજોદ્વેષ રાખે. ક્યારેક અજ્ઞાને કરીને એવા પણ





સંકલ્પ કરતા હોય કે મુક્ત આ લોકમાંથી જલદી અદશ્ય થઇ જાય તો હું મોટો થઈને પૂજાવા, મનાવા લાગી જાઉં! તથા મુક્તને વિષે મનુષ્યભાવ પણ પરઠે. પછી મુક્ત પોતે જેટલું કાર્ય કરવાનો સંકલ્પ લઈને પધાર્યા હોય તે કાર્ય પૂર્ણ થઇ જાય, એટલે અદશ્ય થઇ જાય. ત્યારે દંભી અને પ્રતિષ્ઠાના રાગવાળા ખોટી રીતે મોટા થઇ પડે, પરંતુ મુક્તને વિષે કરેલા અયોગ્ય સંકલ્પના અપરાધનું ફળ ભોગવવું પડે. તે અંતે પ્રતિષ્ઠાહીન થઇ વિનાશ પામે. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' એ પંક્તિનો અર્થ એ પણ સમજવાનો છે કે મુક્તને વિષે જે મનુષ્યભાવ આવે છે તે મનુષ્યભાવનો ત્યાગ, એ વૈરાગ્ય એટલે યથાર્થ સમજણ વગર લાંબો સમય ટકી શકતો નથી. તેથી મુક્તમાં મનુષ્યભાવ આવી જાય ને પ્રગતિ અટકી જાય. જો યથાર્થ સમજણ ને મુક્તનો મહિમા હોય તો તેમને વિષેથી મનુષ્યભાવનો ત્યાગ કર્યો હોય તે ટકે ને તેનું આત્યંતિક કલ્યાણ થાય. માટે મુક્તને વિષે દિવ્યભાવ અખંડ રહે તો બીજા દોષો, વિકારો, ને આવરણો દૂર થતા જાય, નહિતર કારણશરીરના રાગને લઈને જન્મ-મરણના ફેરા ચાલુ જ રહે. (૪૫)

કોઈનું અવળું, અયોગ્ય વર્તન જોઇને તેની ઉપર ઘૃણા ન કરવી, પણ તેને સાચો માર્ગ ચીંધવો અને દયા રાખવી, તેને સદ્બુદ્ધિ આવે તેવી ભગવાનને પ્રાર્થના કરવી. (૪૬)

મહારાજને મળેલા હનુમાનજી તે રામચંદ્રજીની સેવા જેમણે કરેલી તે જ હતા, તેમણે વનમાં મહારાજની સેવા કરી મહારાજની પ્રસન્નતા મેળવેલી. મહારાજે કે મુક્તોએ હનુમાનજીની મૂર્તિ પધરાવી હોય તો તે દ્વારા મહારાજનો અને મુક્તનો સંકલ્પ કાર્ય કરે, પણ જેમ હનુમાનજી મહારાજના સુખને પામ્યા. તેમ કનિષ્ઠ ઉપાસનાનો ત્યાગ કરી સર્વોપરી ઉપાસના કરે તો કંઈ પતિવ્રતાની ભક્તિનો ભંગ કર્યો ન કહેવાય. તે તો શ્રેષ્ઠ વાત છે, કારણ કે મહારાજ જ સર્વોપરી છે તેથી તેની ઉપાસના પણ સર્વોપરી છે. (૪૭)

શ્રીજીમહારાજની સંકલ્પશક્તિથી જેવું કામ થાય, તેવું કામ સિદ્ધિઓથી પણ નથી થઈ શકતું. આ લોકની દૃષ્ટિએ અમુક ચમત્કારો શ્રીજીમહારાજ અને મુક્તોની સંકલ્પશક્તિથી સર્જાતા હોય છે. અને અમુક યોગીઓ સિદ્ધિઓથી ચમત્કાર સર્જી શકે છે, પરંતુ સિદ્ધિઓ તે પ્રકૃતિ-માયાની અંદરની શક્તિ છે, જ્યારે પરમાત્મા અને મુક્તોની સંકલ્પશક્તિ તે દિવ્ય ચૈતન્યમય શક્તિ છે, પણ સામાન્ય મનુષ્યો શ્રીજીમહારાજની અને મુક્તોની સંકલ્પશક્તિથી થતા ચમત્કારો અને બીજા ઉચ્ચ કક્ષાના સાધકો જે અપૂર્ણ છે અને સિદ્ધિઓથી ચમત્કારો કરે છે તેમાં ભેદ નથી જાણી શકતા. અમુક ચમત્કારો માયાથી, આસુરી શક્તિથી, મેલીવિદ્યાથી પણ થઈ શકતા હોય છે, પણ દિવ્ય શક્તિ પાસે આસુરી શક્તિનો પરાજય-પરાભવ થાય છે. (૪૮)





એક વખત કોઈક હરિભક્તે સભામાં મહારાજને કંઈક સામર્થી જણાવવા કહ્યું. ત્યારે હરિભક્તોની સભામાં મહારાજ અંતર્યામીપણે બધાના સંકલ્પ કહેવા માંડ્યા, તેથી બધા શરમાઈને ઊઠીને જવા લાગ્યા. ત્યારે મહારાજે કળ કરીને કહ્યું કે એ તો મને જરા અમથું એવું કંઈક દીવાનાપણું થઈ ગયેલું, એમ કહીને બધાને મનાવ્યા ને સભામાં પાછા બોલાવ્યા, માટે મહારાજ તથા મુક્ત જે કરતા હોય તે બરોબર જ હોય. (૪૯)

એક હરિભક્તે મુક્તરાજ પાસે આવી ટ્રેન ઍક્સીડન્ટમાં પોતાની શ્રીજીમહારાજે કેવી રીતે રક્ષા કરી તેની વાત કરી. ત્યારે મુક્તરાજે કહ્યું કે જ્યારે જ્યારે હરિભક્તોની શ્રદ્ધા મંદ પડે અથવા ધર્માચરણમાં કે સમજણમાં શિથિલતા આવે, ત્યારે મહારાજ થોડું દુઃખ પ્રેરે અને તેમાં રક્ષા પણ કરે, જેથી હરિભક્તને ફરી પાછી શ્રદ્ધાની દઢતા થાય અને આજ્ઞાપાલનમાં થતી શિથિલતા દૂર થાય. (૫૦)

અ.મુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને પૂ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે અમદાવાદ દેશમાં આવી શ્રીજીના સર્વોપરીપણાની વાતો કરવાની ના પાડી તેથી સ્વામીશ્રી મહારાજશ્રીની આજ્ઞા લોપીને એ દેશમાં જઈ ક્યારેય પણ શ્રીજીમહારાજના સર્વોપરીપણાની વાત જાહેરમાં કરતા ન હતા. પ્રતિષ્ઠિત વ્યક્તિ પાસે મુમુક્ષુએ વિવેક કેવી રીતે જાળવવો તે મોટા મુક્ત શીખવે છે. (૫૧)

સત્સંગમાં પક્ષાપક્ષી કરી વેર રાખી ઘર્ષણમાં ક્યારેય ન ઊતરવું. ભલે આપણે સાચા હોઈએ તો પણ ઘર્ષણનો માર્ગ ન લેવો. સલુકાઈથી બધા સાથે સંપ-સુમેળ કરીને પ્રેમથી સમજાવવા, પણ લડવું નહિ. નહિ તો ક્યારેક અમુક હરિભક્તો માનસિક જડતાવાળા હોવા છતાં તેમના નિયમ-ધર્મના આચરણ પવિત્ર હોય તેથી તેમનો દ્રોહ થઇ જવાથી તેવી ક્રિયા મૂર્તિ ભુલાવે. માટે એવો ઘર્ષણનો માર્ગ લેવો જ નહિ. (૫૨)

એક યોગી પૂનાથી મુક્તરાજ પાસે માર્ગદર્શન મેળવવા આવ્યા હતા. તેમણે કેટલાય વર્ષો સુધી યોગ કરેલો, પરંતુ સુખ-શાંતિનો અનુભવ થયેલો નહિ. તેને મુક્તરાજે જણાવ્યું જે તમે mechanically યાંત્રિક રીતે યોગ કર્યો છે. યોગને યથાર્થ રીતે સમજ્યા વગર યોગની ક્રિયાઓ કરેલી હોવાથી કંઈ પ્રાપ્તિ થઇ શકી નથી. યોગ એટલે પ્રભુનું તથા પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન સમજી, પ્રભુના સ્વરૂપની દૃઢ ઉપાસના કરી, તેમની શરણાગતિ સ્વીકારી યમ, નિયમમાં બરોબર વર્તીને પછી આગળ વધવું. નહિ તો કેવળ આસન-પ્રાણાયામ વગેરે કરવાથી શરીર સારું થાય અને તેમાં ઘણો સમય વેડફાઈ જાય, પણ આધ્યાત્મિક ઉન્નતિ ન થવાથી જન્મો ધરવા પડે. માટે જ્ઞાન-સમજણ પાકી કરી બ્રહ્મરૂપે પોતાને માની પ્રભુમાં જોડાવું તેનું નામ યોગ, પણ સમજણ વગર ફક્ત આસન-પ્રાણાયામ વગેરે કરવું તે તો કસરત જેવું mechanical યાંત્રિક





છે. તેથી શાંતિ ક્યાંથી થાય? માટે પ્રભુમાં અંતરવૃત્તિ કરીને જોડાવું તે જ ખરો યોગ છે. (૫૩)

બાપાશ્રીએ પોતે પોતાના પુત્રની આંખનું ઑપરેશન કરાવડાવ્યું. પોતે સંકલ્પ માત્રમાં મટાડી શકે તેમ હતા. તેમનાથી શું અશક્ય હોય? સારાય જગતના જીવો તેમના પુત્ર છે તેથી પ્રેમી ભક્તોનું દુઃખ પણ તેમણે મટાડવું પડે. પરંતુ પ્રભુ પોતે તથા તેમના સિદ્ધ મુક્તો તેવું નથી કરતા. કોઈક દાખલામાં જીવોના સમાસ અર્થે તેમ જણાવે, પણ મોટે ભાગે જીવોને તેમના કર્મો ભોગવવા જ પડે. એવો ચાકડો ચડાવી મૂક્યો છે જે, તેમાં ભગવાનને કંઈ કરવું જ પડતું નથી. એની મેળે કર્મો જીવોને વળગે છે અને તેનું ફળ ભોગવાવે છે. પ્રભુ પોતે સમર્થ હોવા છતાં સામર્થી ઢાંકે છે. મુક્તો પણ પ્રભુ જેવા સમર્થ હોવા છતાં સામર્થ્ય ઢાંકીને વર્તે. અને દેહાભિમાનીને જરાક ઐશ્વર્ય આવે એટલે તરત જ વાપરવા માંડે તેથી તેનું પતન થાય છે.

એક ગામમાં ગોપાળાનંદ સ્વામી જ્યાં બિરાજતા હતા, ત્યાં કોઈ દેહાભિમાની સિદ્ધ આવેલો તેણે બધાના રોગ મટાડવાની જાહેરાત કરી એટલે બધાને એમ કે ગોપાળાનંદ સ્વામીની નજીકમાં છે તો મટશે ચાલો જઈએ. પણ ગોપાળાનંદ સ્વામી તો આ ચિત્રમાં હતા જ નહિ. પેલાએ પોતાના પ્રયોગો કર્યા, પણ કોઈને કંઈ ફાયદો ન થયો એટલે બધાએ તેને ગામમાંથી ભગાડી મૂક્યો. સાધકે શ્રીજીમહારાજ

અને તેમના પૂર્ણ મુક્ત સિવાય બીજે ક્યાંય પ્રતીતિ કરવી નહીં, મહારાજ સિવાય કોઈને કર્તા માનવા નહીં, સકામપણું હોય તો પણ શ્રીજીમહારાજ સિવાય બીજા કોઈ પાસે કંઈ ઈચ્છવું નહીં. દેહાભિમાની ને દંભી ગુરુઓમાં લપટાવું નહીં. ભુવા-જાગરિયામાં પણ વળગવું નહીં. (૫૪)

ચોરી આદિક કુટેવોના સંસ્કારો, ગ્રંથિ વારે વારે એવા પ્રકારના કર્મો કર્યા કરવાથી બંધાય છે. પછી તે ગ્રંથિ કાઢવી ઘણી મુશ્કેલ પડે. તેને અર્થે સ્કૂલમાં ચોરી કરતી એક નાની બાળાની વાત કરી. એ બાળાને ચોરી કરવાની કુટેવ પડી હતી. તે દરરોજ કોઈની ચોપડી, કોઈનો કંપાસ, કોઈના કંપાસમાંથી પેન્સિલ, સંચો, રબ્બર વગેરેની ચોરી કરતી. મુક્તરાજ એ વખતે સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા હતા. પછી તપાસ રખાવતાં એ બાળા પકડાઈ ગઈ. તે બાળાએ કબૂલ્યું કે મને ખબર છે કે ચોરી કરવી એ સારી વાત નથી, તો પણ મારાથી થઈ જ જાય છે. પછી મુક્તરાજે તેને સાચી સમજણ આપી, આશીર્વાદ આપી એ કુટેવમાંથી મુક્ત કરી. પંચવર્તમાન લોપે તે સત્સંગી જ નથી. માટે પ્રભુની આજ્ઞામાં વર્તી, નીતિપૂર્વક આદર્શમય શુદ્ધ જીવન જીવી બીજાને પ્રેરણારૂપ થવું તો મહારાજ રાજી થાય. (૫૫)

ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધકર્મની વાત કરી. જીવને પૂર્વ જન્મના કર્મ અનુસાર આ દેહ બંધાય છે ને સુખ-દુઃખ ભોગવે છે. આ દેહથી ક્રિયમાણ (કર્મ) કરે, પછી તે કર્મો





સંચિત થાય અને વધારે મજબૂત થઈ, પાકા થઈ તેનું પ્રારબ્ધ બંધાય. એ પ્રારબ્ધ જીવને ભોગવવું પડે. (૫૬)

શ્રીજીમહારાજની મનુષ્યરૂપ મૂર્તિના ચરણોમાં ઊર્ધ્વ રેખાઓ હતી, પણ સોળે ચિહ્ન કાયમ ન હતા. જ્યારે કોઈકને દેખાડવા હોય ત્યારે જ પોતાના ઐશ્વર્ય-પ્રતાપથી દેખાડતા. એક વખત મહારાજે સોળ ચિહ્નવાળા પગલા પાડી આપેલા. દિવ્યસ્વરૂપમાં બધા ચિહ્ન દિવ્ય પ્રકાશમય જણાય છે. (૫૭)

સેવકથી આરતી પ્રગટાવતી વખતે ત્રણ-ચાર દીવાસળી બગડી, ત્યારે મુક્તરાજે જણાવ્યું કે એક જ દીવાસળીથી બધી વાટો સળગાવતા શીખવું, નહીં તો વેસ્ટેજ થાય. એમ નાના મોટા દરેક કાર્યમાં ચોકસાઈ અને કાળજી રાખવાથી પ્રભુની પ્રસન્નતા થાય, પ્રભુના દિવ્ય કલ્યાણકારી ગુણો આવે અને સત્સંગનું કાર્ય પણ સુંદર રીતે થઈ શકે. (૫૮)

એક હરિભક્ત જ્યારે હરિકૃષ્ણમહારાજના દર્શન કરવા જાય, ત્યારે લક્ષ્મીનારાયણ કે રાધાકૃષ્ણની મૂર્તિ દેખાઈ ન જાય તેને માટે પોતાની આંખ પાસે, મોઢાની એક બાજુ રૂમાલ કે એવું કોઈક પદાર્થ રાખતા. મુક્તરાજે તેમને જણાવ્યું કે એમ કરવાનો કોઈ અર્થ નથી. તેવી ક્રિયા હાસ્યાસ્પદ અને બીજાને અસમાસ કર્તા છે. જ્યારે હરિકૃષ્ણમહારાજના દર્શન કરીએ, ત્યારે આજુ બાજુનું કોઈ પદાર્થ નજરમાં જ ન આવે, એક મહારાજની મૂર્તિ જ દેખાય તેવી એકાગ્રતા કેળવવી જોઈએ. (૫૯)

મુક્તપુરુષો સત્સંગ વ્યવહારમાં કોઈકને ભગવદી તથા પરમ ભગવદીય વગેરે ઉપમાઓથી સંબોધે, પરંતુ ભગવદીનો અર્થ ઘણો ગહન છે. ભગવદી એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ જેવા ગુણો કેળવી એકાંતિક સ્થિતિ પામેલો હોય ને અખંડ ભગવદ્‌પરાયણ રહેતો હોય તે ભગવદી કહેવાય. (૬૦)

મુક્તરાજે એક વખત બ્રહ્માકુમારી માર્ગવાળા ભાઈને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર આશ્રમોનો વિસ્તૃત અર્થ સમજાવતાં કહેલું કે જ્ઞાન, પવિત્રતા, બ્રહ્મચર્ય, ચારિત્ર્ય, અપરિગ્રહપણું, ક્ષમા વગેરે બ્રાહ્મણના ગુણો જેમણે કેળવ્યા હોય તે બ્રાહ્મણ. સંપૂર્ણપણે નિર્ભયતા, બાહ્યશત્રુ તથા અંતઃશત્રુ સામે શૌર્ય-ધૈર્ય રાખવું, સમાજનું રક્ષણ કરવું વગેરે ગુણોનો વિકાસ સાધ્યો હોય તે ક્ષત્રિય. ખેતી, વ્યવસાય તથા વણજ વેપારમાં પ્રામાણિકતા, નીતિમત્તા રાખવી અને સમાજના કલ્યાણ અર્થે આર્થિક વ્યવસ્થા કરવી, આર્થિક સેવા કરવી વગેરે ગુણો કેળવેલા હોય તે વૈશ્ય. અને કોઈ પણ જાતની નાનમ વગર નિઃસ્વાર્થભાવે મનુષ્યની સેવા તથા પશુઓની સેવા કરવી, તે શુદ્રના લક્ષણ છે.

આ ચારેય આશ્રમના ગુણો કેળવે તે જ સાચો સાધક કહેવાય. આ આશ્રમો તથા તેના ગુણો તે દરેક સમયમાં લાગુ પડે છે. જાતિનું અભિમાન હોય તે ઊંચા આશ્રમનો હોય તો પણ તે નીચો જ છે. આત્માની કોઈ જાતિ નથી,





પરંતુ આશ્રમના ગુણો કેળવવાથી આધ્યાત્મિક માર્ગે પ્રગતિ સધાય છે અને તેવા હેતુથી જ આશ્રમોની રચના કરવામાં આવેલી. જેનો કેવળ સ્થૂળ અર્થ સમજવાથી જાતિવાદ વકરે છે, જેથી સમાજમાં બદી ને વૈમનસ્ય વધે છે, પરંતુ તેનો વિસ્તૃત ને સૂક્ષ્મ અર્થ દરેક મનુષ્ય સમજે તો પોતાનું, અન્યનું તથા સમાજનું કલ્યાણ સાધી શકે. (૬૧)

આપણા દેશમાં આયુર્વેદના ઔષધોને વધુ મહત્ત્વ આપી તે અંગે વિકાસ સાધવો જોઈએ. આયુર્વેદના ઔષધો જો તેની પરેજી બરોબર પાળવામાં આવે તો તે મહદંશે નિર્દોષ હોવાથી રોગો મટી જાય છે. તેની પાછલી ખરાબ અસરો after effects પણ બહુ થતી નથી જ્યારે ઍલોપથી દવાઓથી રોગ દબાઈ જાય છે, પણ મૂળમાંથી જતા નથી, તે દવાઓથી બીજા રીએક્શન પણ આવે છે તેથી અનેક જાતની ઉપાધિ વધે છે. તે દવાઓથી તત્કાળ રોગને દાબી દેવામાં આવે છે. એટલે તેના રીએક્શનથી શરીરમાં બીજા વિષદ્રવ્યો toxins બને છે. જે એક રોગમાંથી બીજા રોગોમાં પરિણમે છે. માટે અતિ અનિવાર્ય સંજોગો સિવાય ઍલોપથી દવાઓનો ઉપયોગ વર્જવો. શ્રીજીમહારાજ પણ આયુર્વેદની નિર્દોષ ઔષધીઓને વધુ મહત્ત્વ આપતા. તેમણે શિક્ષાપત્રીમાં લખ્યું કે દારૂ તથા માંસેયુક્ત ઔષધ તથા કોઈ અજાણ્યા વૈદે આપેલું ઔષધ ન ખાવું. કેટલીક દવાઓ તન સુધારે, પણ મન બગાડે તેવી હોય છે. માટે ઔષધ-ઉપચાર કરવામાં વિવેક વાપરવો જોઈએ. (૬૨)

આપણા સત્સંગમાં સાત ધામના અવતારો અને તેના મુક્તો આત્યંતિક મોક્ષ માટે આવે છે. તેઓ ભગવાન સ્વામિનારાયણનું ધ્યાન-ભજન કરે છે. જો મહારાજને સર્વોપરી ન જાણે અને બીજા અવતાર જેવા જાણે તો પણ પ્રભુ તેમનો એક-બે જન્મ ધરાવીને મોક્ષ કરે છે, કારણ કે પ્રભુ જાણે છે કે મારા જોગમાં અથવા મારા મુક્તના જોગમાં આવ્યા છે તેને અંતે તો મારા સુખને હું પમાડીશ જ. કારણ કે તેણે ભલે મારી સર્વોપરી ઉપાસના ન કરી, પણ ધ્યાન-ભજન તો મારું કર્યું છે. તેથી થોડા જન્મે તેનું પૂરું કરે છે. એમ પ્રભુ દયાસાગર છે. તે દરેક ચૈતન્યને એક યા બીજી રીતે પોતાની તરફ આકર્ષે છે. એમ આધ્યાત્મિક ઉત્ક્રાંતિની પ્રક્રિયા ચાલ્યા કરે છે. (૬૩)

બાપાશ્રી એક પક્ષીય નહોતા, તેઓનો હેતુ તો ફક્ત જીવોનો આત્યંતિક મોક્ષ કરવાનો જ હતો. તેઓ ભગવાન સ્વામિનારાયણની સર્વોપરિતા સમજાવવા આવેલા. તેમણે ક્યારેય કોઈ મત કે વાડો સ્થાપ્યો નહોતો. સ્વામિનારાયણ ભગવાન સંપ્રદાય પૂરતા જ મર્યાદિત નથી. એ તો અનંત બ્રહ્માંડના ભગવાન છે. સ્વામિનારાયણ ધર્મ એ વિશ્વધર્મ છે. It is a global religion. (૬૪)

કોઈ શુભ કાર્યને વિષે વિચાર કર્યો હોય તે નિષ્ફળ જતો નથી, પણ ગમે ત્યારે એક યા બીજી રીતે તે લાભપ્રદ બને છે અને ઉપયોગમાં પણ આવે છે. (૬૫)





મુક્ત પરચા-ચમત્કાર બહુ નથી જણાવતા, કારણ કે તેનાથી ઘણીવાર અસમાસ ને અહિત થાય છે. પરચા ઈચ્છવાની બાપાશ્રીએ ના જ પાડી દીધી અને પરચા ઈચ્છે તેને પામર કહ્યો, કારણ કે જ્યારે મોટા મુક્ત પરચા-ચમત્કાર જણાવે, ત્યારે સારું લાગે અને તેમને વિષે અહોભાવ રહે. પરંતુ મુક્ત જ્યારે પરચા ન જણાવે, ત્યારે મનુષ્યભાવ પરઠી અને અભાવ લે તો જીવનું બગડી જાય. બહુ પરચા જણાવે તો ભગવાનને મૂકી લોકો મુક્તમાં જોડાઈ જાય. સ્વામીને મૂકી દઈ સેવકમાં જોડાવાનો મહારાજે પોતે નિષેધ કર્યો છે. માટે મુક્તનું ધ્યાન ન કરવું, પણ તેની સાથે હેત રાખી, તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી, તેમની પાસેથી જ્ઞાન, પ્રેરણા, બળ વગેરે મેળવી અને સેવા-સમાગમે તેમને રાજી કરવા, પરંતુ તેમનું ધ્યાન ન કરવું. જો મુક્તનું ધ્યાન કરે તો જીવોને ગેરમાર્ગે દોરે ને એવી કુપ્રથા પડી જાય અને ખોટા દંભી ગુરુઓ જે મુક્ત થઈને બેઠા હોય તેમાં વળગે તો તે ગુરુઓ તો અધોગતિ પામે ને તેમાં જોડાયેલા અનેકને પણ અધોગતિ પમાડે. માટે મહાપ્રભુજી સિવાય મુક્તના ધ્યાનનો નિષેધ સ્વયં મહારાજે અને મોટા મુક્તોએ કર્યો છે. માટે તે આજ્ઞા ક્યારેય લોપવી નહિ.

અ.મુ. સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજની સર્વોપરી ઉપાસના સમજાવવા ઘણું ઐશ્વર્ય જણાવેલું, પરંતુ પછી જાણ્યું કે તેનાથી અસમાસ થાય એવું છે એટલે એ

પ્રકરણ બંધ કર્યું. તેમ જ અ.મુ. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પણ ખૂબ ચમત્કાર જણાવતા. તેઓ જીવોના સમાસને અર્થે સમાધિ કરાવતા. શ્રીજીમહારાજની જેમ અનેક જીવોને પરચા આપતા. પછી તેમણે પણ એ પ્રકરણ બંધ કર્યું. માટે મુક્ત અતિ પરચા-ચમત્કાર જણાવતા નથી, પણ જીવોને મહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને પાત્ર કરીને આત્યંતિક મોક્ષ કરે છે. તેમ છતાં મુક્ત ક્યારેક જીવોના સમાસને અર્થે અને તેનું હિત થાય એવું હોય તો થોડું ઐશ્વર્ય જણાવે પણ ખરા, એવા સ્વતંત્ર હોય છે. (૬૬)

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે આખો દિવસ પ્રવૃત્તિ હોય, પણ જો એક ઘડી પણ એકાગ્ર ચિત્તે ભગવાનના સ્વરૂપમાં ધ્યાન-ભજનથી જોડાવાય તો આખા દિવસના કરેલા બધા પાપકર્મો નાશ પામી જાય. તેથી ઘણા લોકો એમ માને છે કે પાપ થઇ જાય તો વાંધો નથી. એક ઘડી પ્રભુના ભજનમાં બેસીશું એટલે બધા પાપ બળી જશે! પરંતુ શ્રીજીમહારાજે તો જીવને હિંમત દેવા માટે અને પ્રભુના ધ્યાન-ભજનનો મહિમા સમજાવવા માટે એમ કહેલું છે. ખરેખર તો જે ભક્ત અતિ નિર્મળ રહી, નિયમ-ધર્મમાં દૃઢપણે વર્તી, પાપકર્મ કરે જ નહિ અને ભગવાનનો અતિ મહિમા સમજી મહારાજ તથા મુક્તની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી અખંડ ધ્યાન-ભજન કરવાનો અભ્યાસ કરતો હોય તેને જ એક ઘડીના ધ્યાન-ભજનમાં ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ જોડાઈ શકે છે.





પરંતુ બીજાને જે ધર્મ-નિયમમાં ન રહેતા હોય, વિષયી હોય, પાપાચરણ કરતા હોય તેમને તો થોડી પળો પણ ભગવાનમાં વૃત્તિ જોડાવી દુષ્કર છે. એ લોકોને એવો અભ્યાસ પણ નથી હોતો, તેથી તેમના પાપ બળી શકતા નથી. આ સિદ્ધાંત વાત છે. માટે મહારાજ અને મુક્તની આજ્ઞા-અનુવૃત્તિમાં બરોબર રહી અખંડ અંતરવૃત્તિથી ધ્યાન-ભજન કરી, પ્રભુમાં જોડાવાનો અભ્યાસ કરે તેને જ પ્રભુમાં વૃત્તિ રહે અને પાપકર્મનો ક્ષય પણ તેમને જ થાય. માટે સાધકે આ વાત વિચારી ને જાગૃતિપૂર્વક પ્રભુના સ્વરૂપમાં એકાગ્ર વૃત્તિથી જોડાવાનો અભ્યાસ કર્યા કરવો. (૬૭)

અનંત જીવોના કલ્યાણ માટે અનાદિમુક્તનું મનુષ્યરૂપે વિચરણ હોય, ત્યારે કોઈ જીવ તેમનો દ્રોહ કરે તો પ્રભુ તે જીવના એ દોષને માફ ન પણ કરે અને તેની સજા ભોગવાવે. કારણ કે પ્રભુને પોતાના અનાદિમુક્તો અતિ વહાલા છે. જ્યારે મુક્તને તો અખંડ પ્રભુમાં જ વૃત્તિ હોવાથી, પ્રભુ સાથે અખંડ દિવ્યભાવે જોડાયેલા હોવાથી, અવરભાવની ક્રિયાઓને વિષે ઉપેક્ષાવૃત્તિ સહજપણે રહેતી હોય છે. પોતે સ્વતંત્રપણે વિચારતા હોવાથી દેશ, કાળ, યુગ પ્રમાણે સ્વતંત્રપણે વર્તતા હોય છે. તેમને જીવોના ગમે તેવા ગુના માફ કરવાની સ્વતંત્ર સત્તા હોય છે. તેથી મોટા ભાગે જીવોના દ્રોહને નહિ ગણતા તેમની ઉપર નિષ્કારણ કૃપા કરીને તેના ગુના માફ કરે છે. જ્યારે પ્રભુ તે દ્રોહને ક્યારેક માફ કરી

શકાય તેવું લાગે તો માફ કરે, નહિ તો તેનું ફળ સજારૂપે ભોગવાવે. તેઓ તો પોતે રચેલ સૃષ્ટિના સિદ્ધાંત પ્રમાણે જ વર્તે છે. તેમાં બિનજરૂરી ફેરફાર કરતા નથી. મુક્ત કોઈ જીવના ગુના માફ કરે ત્યારે તેમાં પ્રભુની દિવ્ય શક્તિ ભળે, તેથી તે ગુના માફ થઇ જાય છે. (૬૮)

અસુરભાવને પામેલા જીવો જો પ્રભુને વૈરભાવે ભજતા હોય તો તેમને નિરંતર પ્રભુનું જ ચિંતવન અને અનુસંધાન રહેવાથી પ્રભુ તેમનો મોક્ષ કરે. અસુરભાવ એ પણ ચૈતન્યપરનું એક આવરણ જ છે. વસ્તુગતે ચૈતન્ય તો શુદ્ધ જ હોય છે. કુસંગ અને કુસંસ્કારોને લીધે કોઈ મોટા મુક્તપુરુષનો અથવા પ્રભુનો દ્રોહ થઇ ગયો હોય અને તેની દૃઢ આંટી પડી ગઈ હોય તો તે જીવ ઉપર આસુરીભાવનું આવરણ થઇ જાય છે. તેથી તેને સત્ય-અસત્ય, સાર-અસારનો વિવેક રહેતો નથી અને તે આસુરી સંજ્ઞાને પામે. એવા આસુરી જીવો પોતે તો મોક્ષ માર્ગે ન ચાલે, પણ બીજા મુમુક્ષુજીવોને પણ વિઘ્નકર્તા થાય. અનેકને અવળો માર્ગ દેખાડીને મોક્ષમાર્ગેથી પાડવા પ્રયત્ન કરે. એવા આસુરી જીવને તો જ્યારે પ્રભુ પોતે હણે અર્થાત્ તેના સ્થૂળ શરીરનો નાશ કરે ત્યારે જ અસુરભાવ જાય, પરંતુ એ વગર અનેક જન્મે પણ આસુરીભાવ જતો નથી.

કૃષ્ણ અવતારે તથા રામ અવતારે અનેક અસુરોને હણેલા. સર્વોપરી સ્વામિનારાયણ પ્રભુએ પોતે અહિંસા ગ્રહણ





કરેલી તો પણ યુક્તિથી બીજા પાસે અનેક આસુરી જીવોનો નાશ કરાવીને તેમનો ઉદ્ધાર કરેલો. આસુરી જીવ જો વૈરભાવે પ્રભુનું ચિંતવન કરે તો તેનું કલ્યાણ થાય, પરંતુ તે બીજાને વિઘ્નકર્તા અને દુઃખરૂપ થાય છે. જ્યારે દૈવી જીવો તો પ્રભુને ભજીને અને મુક્તોનો જોગ, સમાગમ ને સેવા કરીને અનેક જીવોને સમાસરૂપ તથા સુખરૂપ બની પોતાનો તથા જોગમાં આવનાર અનેકનો મોક્ષ કરી શકે, જ્યારે વૈરભાવે ભજવાવાળાનો ફક્ત પોતાનો જ મોક્ષ થાય છે. (૬૯)

ઘણાં હરિભક્તો સમજણના અભાવે ને પ્રભુની સ્વરૂપનિષ્ઠામાં કાચપને લઈને બીજા દેવ-દેવીઓ, મેલીવિદ્યા, તથા અનેક પ્રકારના વહેમો ને અંધશ્રદ્ધાને કારણે નિરંતર ભય પામતા રહે છે. તેઓને પોતાને તો દેહાભિમાનથી એમ જ લાગે છે કે તેમને પ્રભુનો પાકો નિશ્ચય છે, પરંતુ અમુક વિપરીત પરિસ્થિતિ ને સંજોગોમાં તેમની કલ્પિત શ્રદ્ધા ડગી જવાથી તેઓ ભયભીત થઇ મૂંઝાઈ જાય છે. એ જ બતાવે છે કે તેને પ્રભુના નિશ્ચયમાં ખામી અને આત્મવિશ્વાસનો અભાવ છે અને તેને દૃઢ કરવાની અતિ આવશ્યકતા છે.

એક વખત મુક્તરાજ નારાયણભાઈ અને તેમના મિત્ર મેટ્રિકની પરીક્ષા આપવા ઘરેથી સાથે નીકળ્યા. થોડે આગળ જતાં રસ્તામાં કાળી બિલાડી આડી ઊતરી. તેથી મિત્ર તો વહેમને લઈને ભયથી ડઘાઈ જઈ ઊભા જ રહી ગયા અને બોલ્યા, ‘ભાઈ, આજે આપણું પેપર ખરાબ જશે. આ

બિલાડીથી આપણને અપશુકન થયા, આપણી બધી મહેનત પાણીમાં જશે.' તે મિત્ર પણ ભક્ત હતા, પરંતુ શ્રદ્ધા પક્વ ન હોવાથી વહેમને લીધે ભય પામતા. મુક્તરાજે તેમને સમજાવ્યું, 'ભાઈ! બિલાડીના હાથમાં જો આપણી સફળતા અને નિષ્ફળતા હોય તો બિલાડી કર્તા થઈ અને પ્રભુ કર્તા ન રહ્યા. બિલાડી તો પ્રભુ કરતાં પણ વિશેષ થઈ ગઈ. જો એ નાનકા પ્રાણી વિષે કર્તાપણાનો નિશ્ચય હોય તો પ્રભુની પૂજા-પ્રાર્થના શું કામ કરો છો?' આ સાંભળી તે મિત્ર એકદમ ભોંઠા પડી ગયા, પણ મનમાંથી વહેમનો કાંટો દૂર ન થયો. મુક્તરાજે તેમને દૃઢતાપૂર્વક કહ્યું કે આપણે ખૂબ સારી રીતે પાસ થઈશું અને આજના પેપરમાં તો ધાર્યા કરતાં પણ વિશેષ સફળતા મળશે. પછી જ્યારે પરિણામ આવ્યું ત્યારે તે મિત્રે અતિ હર્ષઘેલા થઈને મુક્તરાજ પાસે આવીને કહ્યું, 'આપણે ફર્સ્ટક્લાસ પાસ થઈ ગયા અને જે દિવસે બિલાડી આડી ઉતરેલી તે પેપરમાં તો આપના સૌથી વધારે માર્ક્સ છે અને બીજો નંબર મારો છે.' ત્યારથી તેમને વહેમનો સ્વભાવ ઓછો થઈ ગયો અને પ્રભુમાં કર્તાપણાનો વિશ્વાસ આવ્યો.

હરિભક્તે કોઈપણ જાતનો વહેમ, અંધશ્રદ્ધા કે ભય ન રાખતાં હંમેશાં પ્રભુમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી તેમની સ્મૃતિએ સહિત બધા કાર્યો કરવા. પ્રભુનું કર્તાપણું હંમેશ રહે તો બધા કાર્યો ભક્તિરૂપ થઈ જાય અને આશ્ચર્યકારક સફળતા પ્રાપ્ત થાય. (૭૦)





કેટલાક સત્સંગી હોવા છતાં પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ પરમાત્માને વિષે સર્વોપરી ઉપાસના તથા તેમને વિષે નિર્વિકલ્પ નિશ્ચય નથી કરી શકતા. તેનું કારણ મહારાજ તથા મોટા મુક્તને વિષે તથા તેમના વચનને વિષે અશ્રદ્ધા, ઐહિક સુખ પામવાની ઈચ્છા તથા રિદ્ધિસિદ્ધિ પ્રાપ્ત કરવાના રાગ અને અમુક દેવ-દેવીઓના ભયની મનમાં રહેલી ગ્રંથિને લીધે તેઓની ઉપાસનામાં કાચપ રહે છે. મુક્તને વિષે દિવ્યભાવ, શ્રદ્ધા તથા મહિમાએ સહિત તેમનો જોગ-સમાગમ-સેવા કરવાથી તે કાચપ દૂર થાય છે અને તેમની કૃપાથી ઉપાસનાની દૃઢતા થાય છે. ધર્મ-નિયમ પાળવામાં તથા પંચવર્તમાન પાળવામાં શિથિલતા હોવાથી પણ પ્રભુને વિષે અચળ નિશ્ચય તથા ઉપાસના દૃઢ કરવામાં ખામી રહે છે. તે ખામી સમજણે કરીને ટાળવી જોઈએ.

કેટલાક હરિભક્તને શ્રીજીમહારાજની સાથે સાથે ગણપતિ, હનુમાનજી વગેરે દેવ-દેવીઓમાં પણ શ્રદ્ધા ઉત્પન્ન થઈ જાય છે, જે સ્વામિનારાયણ પ્રભુની સર્વોપરી ઉપાસનામાં તથા તેમને વિશેની શ્રદ્ધામાં શિથિલતા ને મંદતા લાવે છે. માટે તેવા દેવોમાં પ્રતીતિ ન કરવી. તે દેવતાઓ પણ મુક્તને જોગે સાચી સમજણ કેળવી પ્રભુના દાસ થવા મથે છે અને આત્યંતિક મોક્ષને ઈચ્છે છે. તેમને પણ પોતાના ભક્તો દ્વારા માન, સ્તુતિ, પૂજા વગેરે ગ્રહણ કરવાનો રાગ હોવાથી તેઓ પોતાના ભક્તો ઉપર પ્રસન્ન થઈ પ્રભુની શક્તિ દ્વારા તેમના

દુઃખો કેટલેક અંશે દૂર કરે છે અને તેમને રિદ્ધિસિદ્ધિ આપે છે. પરંતુ જ્યારે એ ઐશ્વર્યોના રાગ દૂર થાય, ત્યારે તેઓ પાત્ર થઈ શકે અને મુક્તની કૃપામાં આવી જાય તો આત્યંતિક મોક્ષને પણ પામે. તેઓ પોતાના ભક્તોને કહે છે કે તમે સર્વોપરી ઉપાસના દૃઢ કરો. અમે પણ તેમનું જ ભજન કરીએ છીએ અને સતત તેમની આજ્ઞાને વિષે તત્પર રહીએ છીએ. સત્સંગમાં આવા અનેક કિસ્સાઓ નોંધાયેલા છે. (૭૧)

અનાદિમુક્ત કોઈ જીવને વર્તમાન ધરાવે ત્યારે તે જીવના પૂર્વ જન્મના કર્મોને પોતાના દિવ્ય સંકલ્પે કરીને બાળી નાખે છે. તે ચૈતન્યને પ્રભુ પોતાની દિવ્ય શક્તિથી પોતાના સ્વરૂપમાં આકર્ષણ કરીને રાખે છે. પરંતુ ચૈતન્ય ઉપર અનંત આવરણો હોવાથી અને પ્રભુનું દિવ્યસુખ ભોગવવાની પાત્રતાના અભાવે તે સુખનો કે પૂર્ણ કૃપાનો અનુભવ થતો નથી. વર્તમાન ધરાવ્યા પછી તે ચૈતન્યને કાળ, કર્મ, કે માયા પ્રારબ્ધકર્મો ભોગવાવી શકતા નથી. તે ચૈતન્યના માફ ન કરી શકાય તેવા પ્રારબ્ધકર્મો સ્વયં પ્રભુ પોતાની ઈચ્છા પ્રમાણે ભોગવાવે છે. જીવને સ્થૂળદેહની પ્રાપ્તિ તેના પૂર્વના પ્રારબ્ધકર્મો અનુસારે થાય છે. કારણશરીરમાં રહેલા પ્રારબ્ધકર્મોના સંસ્કારોને લઈને જ સ્થૂળદેહ બંધાય છે. તેથી તે સ્થૂળદેહરૂપ કોટડીના પ્રારબ્ધકર્મો fix નિયત હોય છે તે ભોગવવા જ પડે છે. બીજા જીવોને તે કર્મનું ફળ કાળ-કર્મ-માયા પ્રેરિત છે, જ્યારે ભગવાનના દૃઢ ભક્તને સ્વયં પ્રભુ





પોતાની ઈચ્છાથી તેનું ફળ ભોગવાવે છે. તેમાં ઘણું ખરું માફ કરીને શૂળીનું દુઃખ કાંટે કાઢીને રાહત પણ આપે છે. ક્યારેક કઠણ પ્રારબ્ધકર્મોનું ફળ installments હપ્તાથી પણ ભોગવાવે, જેથી તે ભક્તને પ્રભુના ધ્યાન-ભજનમાં બહુ વિક્ષેપ ન થાય. (૭૨)

એક વખત મૂળજી બ્રહ્મચારી પ્રભુને અર્થે ખૂબ જ ભાવથી થાળ તૈયાર કરીને પ્રભુને જમાડવા માટે લઈ જતા હતા. ત્યાં રસ્તામાં એક ભૂખ્યો ગરીબ માણસ ખૂબ કાલાવાલા કરીને બ્રહ્મચારીને કંઈક ખાવા આપવા માટે યાચના કરવા લાગ્યો. બ્રહ્મચારી કરુણામૂર્તિ હતા. તેમને તો દરેક જીવમાં પ્રભુના દર્શન થતાં તેથી મહારાજને અર્થે તૈયાર કરેલો થાળ તે ગરીબને જમાડી દીધો. પ્રભુને જમાડવાનો સમય થઈ જ ગયો હતો, પરંતુ તે માણસને જમાડતી વખતે તેમને એ પ્રકારની ભાવસમાધિ થઈ ગઈ કે તે પ્રભુને જ જમાડે છે. ભાવસમાધિમાંથી જાગૃત થયા ત્યારે તેમને સ્મૃતિ થઈ કે મહારાજને થાળ જમાડવો બાકી છે. તેઓ તરત જ બીજી રસોઈ તૈયાર કરીને પ્રભુને જમાડવા થાળ લઈ ગયા, ત્યારે મહારાજે તેમને પૂછ્યું, 'બ્રહ્મચારી, કેમ ફરી થાળ લઈને આવ્યા? તમે હમણાં તો અમને જમાડી ગયા?' બ્રહ્મચારીએ કહ્યું, 'મહારાજ! હું તો હમણાં જ આપને માટે થાળ તૈયાર કરીને લાવ્યો છું.' શ્રીજીમહારાજ બોલ્યા, 'તમારા ભાવથી અમે પેલા ભૂખ્યા ગરીબ માણસના મુખે જમી ગયા એટલે

હવે અમને ભૂખ નથી.' ત્યારે બ્રહ્મચારીજીને પોતાને થયેલ ભાવસમાધિની સ્મૃતિ થઇ. તેમ શ્રીજીમહારાજ તેમના મુક્તોનો ભાવ ગમે તેને નિમિત્ત બનાવીને પણ ગ્રહણ કરે છે. પ્રભુ એવા ભક્તવત્સલ છે. (૭૩)

સ્વામિનારાયણ નામનો મંત્ર સર્વોપરી, સર્વશ્રેઠ છે. પૂર્ણપુરુષોત્તમ ભગવાન બીજા અનંત બ્રહ્માંડોની પૃથ્વીઓ ઉપર જ્યારે પ્રગટ થાય, ત્યારે ત્યાંના મનુષ્યોની ભાષાઓ અનેકવિધ પ્રકારની હોવા છતાં પ્રભુ બધા બ્રહ્માંડોમાં પોતાનો મંત્ર 'સ્વામિનારાયણ' નામનો જ આપે છે. શ્રીહરિની વ્યતિરેક દિવ્યમૂર્તિમાંથી નીકળતા પ્રણવનો નાદ-ધ્વનિ પણ 'સ્વામિનારાયણ' નામનો નીકળે છે. (૭૪)

ગુરુવર્ય મુક્તરાજ નારાયણભાઈના આશીર્વાદથી અનેક જીવોના દુઃખો દૂર થઇ સુખિયા થઇ ગયા છે. અનેકને પ્રારબ્ધકર્મોના દુઃખોથી પણ રહિત કર્યા છે. પ્રભુનું ભજન-સ્મરણ નિર્વિઘ્નપણે સુખરૂપે થઈ શકે એવા હેતુથી આર્થિક, ભૌતિક, દૈહિક એમ સર્વ પ્રકારે સુખી કર્યા છે.

વડોદરામાં એક સોની હરિભક્તના ઘરમાં તેમને નુકશાન પહોંચાડવાના હેતુથી કોઈ દ્વેષીએ મેલીવિદ્યાના પ્રયોગથી (પ્રેતવિદ્યાથી) મંત્રેલા પૂતળા ઘરમાં નાંખેલા. તે હરિભક્ત તથા તેના કુટુંબના સર્વે તે પૂતળાથી ખૂબ ભયભીત રહેતા. તેનો સ્પર્શ કરવાની પણ કોઈની હિંમત ચાલતી નહીં. હરિભક્તે આ વાતની જાણ અ.મુ. મનસુખબાપાને કરી.





મનસુખબાપાના વચને મુક્તરાજે તે પૂતળામાં રહેલા મલિન પ્રેતોનો મોક્ષ કરી પૂતળા પાણીમાં પધરાવી દીધાં અને તે હરિભક્તનું દુઃખ દૂર કરી સુખિયા કર્યા. માટે હરિભક્તે બીજા દેવ-દેવીઓનો તથા ભૂત, પ્રેત, પિતૃઓ એ સર્વેનો ભય ટાળી એક શ્રીજીમહારાજનો જ દૃઢ આશરો કરવો.

ધ્રાંગધ્રામાં કોઈક હરિભક્તને જમીનમાં પાણીને અભાવે ખેતી સારી નહોતી થતી, તેથી આર્થિક મુશ્કેલી ખૂબ જ અનુભવતા. તેણે સ્વામી ભગવત્‌સ્વરૂપદાસજીને આ વાત કરી. સ્વામીશ્રીએ મુક્તરાજને વાત કરીને કહ્યું કે, તમે મહારાજને પ્રાર્થના કરીને આમનું દુઃખ ટાળો. સ્વામીશ્રીના વચનથી મુક્તરાજે દિવ્યદૃષ્ટિ દ્વારા જોઇને તે ભક્તને કહ્યું કે આ જગાએ કૂવો કરો પાણી સારું નીકળશે અને ખેતી સારી થશે એમ આશીર્વાદ આપ્યા. હરિભક્તે તે પ્રમાણે કર્યું અને ખૂબ સુખી થયા. આ રીતે આશીર્વચનથી અનેકને તન-મન-ધનથી તેમજ આધ્યાત્મિક રીતે સુખિયા કર્યા છે. (૭૫)

સાચા શરણાગત હરિભક્તને માટે તો પ્રભુએ નિર્માણ કરેલી દરેક પરિસ્થિતિ તેના હિતમાં અને યોગ્ય જ હોય છે. ક્યારેક અવરભાવમાં બરોબર ન જણાતી હોવા છતાં તે હંમેશાં યોગ્ય અને હિતકર જ હોય છે. (૭૬)

પ્રભુ તથા તેમના અનાદિમુક્તની અવરભાવની મનુષ્યલીલા ક્યારેક વિચિત્ર ને મોહ ઉપજાવે તેવી લાગે, પણ તેવા ચરિત્રો પાછળ અનેક કારણો અને ચોક્કસ હેતુ

સમાયેલા હોય છે. જેની દૃષ્ટિ દિવ્ય ન થઇ હોય તેને એની શી રીતે ખબર પડે? તે માટે તેવા ચરિત્રોમાં સંકલ્પ રહિત થઇ હંમેશાં દિવ્યભાવ રાખવો. જેથી પ્રભુ સંબંધી દિવ્યસુખની પ્રાપ્તિ વગર વિલંબે થાય. (૭૭)

જ્યારે પ્રભુની ઈચ્છાથી મોટી માંદગી આવી પડે અથવા અંત સમયે મોટો મંદવાડ આવે, ત્યારે મૂંઝાવું નહિ તથા નાહિંમત ન થવું. મંદવાડથી કંટાળવું પણ નહિ. એ વખતે મહારાજ તથા મુક્તને વિષે ને તેમના વચનને વિષે સંપૂર્ણ વિશ્વાસ રાખવો અને શ્રદ્ધા ડગવા દેવી નહિ. તે મંદવાડને દુઃખરૂપ, કાળરૂપ ન સમજતાં મિત્રરૂપ માનવો અને પ્રભુની ઈચ્છાથી તે આવેલો છે તો તેને ટાળવો શા માટે? એમ તેને આવકારીને હિંમતપૂર્વક સહન કરવું. એવી રીતે મંદવાડ માટેની સમગ્ર ભાવના બદલાઈ જવાથી સહનશક્તિ પ્રગટે છે અને પ્રભુનો તથા મુક્તોનો રાજીપો મળે છે. એ વખતે સકામ થઇ પ્રભુને મંદવાડ ટાળવાની પ્રાર્થના ન કરવી. તે મંદવાડને આપણા કારણશરીરમાં રહેલી વાસનાઓ, રાગ-દ્વેષ, દોષો, સ્વભાવો, સંસ્કારો વગેરેનો નાશ કરનાર અને પ્રભુ સિવાય બીજે બધેથી આસક્તિ ટળાવનાર આપણો કોઈક હિતેચ્છુ છે, મોક્ષપ્રાપ્તિમાં સહાયક છે, તેમ માનવાથી મંદવાડનું દુઃખ નહિ જણાય. એ વખતે એમ જ મનન કર્યા કરવું કે શ્રીજીમહારાજે અને અનાદિમુક્તે મને કૃપા કરીને મૂર્તિરૂપ અનાદિમુક્ત કરીને પોતાની મૂર્તિમાં, એ દિવ્યસુખમાં જ રાખ્યો છે. હું તો ચૈતન્ય





છું, મારે વિષે દેહના એકેય ભાવ નથી. મંદવાડ તો દેહને છે. હું તો મૂર્તિના સુખમાં જ છું. એમ મનન-ચિંતન કરવું તો સ્વરૂપનિષ્ઠા તથા આત્મનિષ્ઠા દૃઢ થવાથી તે સુખમાં પ્રભુ તુરત મૂકી દે એવા કૃપાળુ છે.

અનાદિમુક્તરાજ નિષ્કુળાનંદ સ્વામીએ અદૃશ્ય થતી વખતે બહુ મોટો મંદવાડ જણાવેલો. તેઓ મોટેથી રાડો પાડતા જણાય અને દેહનો દેખાવ તો એવો લાગે કે જોનારને એમ થાય કે આવા મોટા મુક્તને આવો મોટો મંદવાડ! પણ મુક્ત તો દિવ્ય લીલા કરતા હોય પછી બીજા સંતો તેમનો મંદવાડ ટાળવા મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે પોતે એમ બોલ્યા, 'હું તો પ્રભુના સુખમાં જ છું અને બીજાના સમાસ અર્થે આ દુઃખનો દેખાવ તો દેહ જણાવે છે. તમે શું કામ સકામ થાવ છો, આ તો મારા અનેક જન્મો ટાળી કારણશરીરની વાસના બાળી છેલ્લો જન્મ થઇ મોક્ષ થાય તે સારુ પ્રભુએ આ મંદવાડ મોકલ્યો છે. એ તો મારો હિતેચ્છુ છે. તેને ટાળવા મારે માટે તમે શું કામ પ્રાર્થના કરો છો? તમે સકામ થઇ મારા હિતેચ્છુ બનવા નથી માંગતા કે શું?' એમ બોલ્યા, પણ પોતે તો શ્રીજીના અનાદિમુક્ત હોઈ પ્રભુના દિવ્યસ્વરૂપના સુખમાં જ લીન હતા, પરંતુ સેવા દ્વારા સેવકોના કર્મસંસ્કાર બાળવા તથા બીજાના સમાસને અર્થે મુક્તો એવી લીલા જણાવે છે, જેથી બીજા જીવો મંદવાડ વખતે એવી સમજણ કેળવે તો સુખિયા થઇ જાય. (૭૮)

મુક્તરાજની વાતો સાંભળીને એક યુવક વિદ્યાર્થીને ખૂબ જ ચટકીલો વૈરાગ્ય આવી ગયો. તેથી ગંગા નદીને કિનારે પ્રભુ ભજવા ઘર મૂકીને ભાગી ગયો. પછી ચટકીલો વૈરાગ્ય ઉતરતા પાછો સંસારમાં આવીને રહ્યો. માટે કોઈને પણ ત્યાગાશ્રમ સ્વીકારવાની ફરજ ન પાડવી જો તેને પૂરો વૈરાગ્ય હોય તો તે પોતાની મેળે જ બધું છોડીને ત્યાગી થઈ જાય છે. (૭૯)

રેતીમાં ખાંડના કણો પડ્યા હોય તો ઊંટ જેવા મોટા પ્રાણીઓના મુખમાં તે ન આવે, પણ અલ્પ એવી કીડી એને શોધી કાઢે અને એનો સ્વાદ માણે. તેમ યશ-કીર્તિની ઈચ્છાવાળા દેહાભિમાની જીવો પંડિત હોવા છતાં પણ પ્રભુ અને મુક્તની સેવા કરીને તેનું સુખ તથા આનંદ ન ભોગવી શકે. પણ ભોળા અને નિર્દોષ તથા અલ્પ જણાતા એવા મુમુક્ષુજીવો દાસભાવે, નિઃસ્વાર્થભાવે સેવા કરતા હોય તે ઉપરથી તો બહુ મોટા ન જણાય, પણ એવા જ ભક્તો મુક્તની સેવા કરીને પ્રભુના દિવ્યસુખનો આનંદ માણતા થઈ જાય છે. (૮૦)

બીજા બધા વેદોનું વાંચન પડ્યું મૂકવું. બીજા પરોક્ષ શાસ્ત્રોની પણ કથા કર્યા ન કરવી, કારણ કે જ્યારે પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા, તેમણે કૃપા કરીને પોતાનું સર્વોપરી સ્વરૂપ ઓળખાવ્યું. તેથી તેમની દિવ્યવાણી એ જ સર્વોપરી વેદ છે. તે વેદ વચનામૃતરૂપે





વિદ્યમાન છે. તેથી તેમની પારાયણ કર્યા કરવી. એ પ્રભુના દિવ્ય શબ્દોથી જીવોના હૃદયનો અંધકાર ટળે છે અને જ્ઞાનનો પ્રકાશ પ્રગટે છે. સાધકે તો પ્રભુના સ્વરૂપ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરીને બીજા બધા વાચ્યાર્થ જ્ઞાનને ભૂલવાનું છે. (૮૧)

મનુષ્યનું શરીર પડવાની ક્રિયા કાંઇ દર વખતે એકલા પ્રારબ્ધકર્મો ઉપર જ આધારિત નથી હોતી. એ તો ક્યારેક ક્રિયમાણ કર્મો પર પણ આધારિત હોય, કાળ ઉપર પણ આધારિત હોય. શરીર તથા મન ખૂબ મજબૂત હોય તો તેનો દેહ જલદી ન પણ પડે તથા ક્યારેક ડૉક્ટરની દવા, ઉપચારો વગેરેથી પણ દેહની આયુષ્ય થોડી લંબાઈ જાય. ક્યારેક મહાપ્રભુની ઈચ્છા, મુક્તનો સંકલ્પ અથવા શુદ્ધ ભાવથી કરાયેલી પ્રાર્થના પણ તેમાં ભાગ ભજવે છે. એવા અનંત કારણો હોય જે બધાને માટે સમજી શકવા શક્ય નથી. (૮૨)

ભગવાનને જો મુક્ત જેવા, સત્પુરુષ જેવા જાણ્યા હોય તો તેનું જન્માંતરે કલ્યાણ થાય, કારણ કે તે પૂર્ણ ઉપાસના ન કહેવાય. તેથી એક જન્મ વધુ ધરવો પડે. સ્વામીનો મહિમા સેવક જેવો જાણ્યો, એ ખામીને લઈને જન્મ ધરવો પડે છે. (૮૩)

શ્રીજીમહારાજ તથા તેમના લાડીલા અનાદિમુક્ત આ સૃષ્ટિના નિયમોમાં બિનજરૂરી ફેરફાર નથી કરતા. કારણ કે એ નિયમો પણ પ્રભુએ પોતે જ બનાવેલા છે. શ્રીહરિ જ્યારે મનુષ્યરૂપે આ બ્રહ્માંડની પૃથ્વી ઉપર પ્રગટ થયેલા, ત્યારે

દુકાળ પણ પડેલો. તે સમયે શ્રીહરિએ હરિભક્તોને અન્નાદિકનો સંગ્રહ કરી લેવાનું જણાવેલું અને કેટલાકને અન્ન ન ખૂટે તેવી પોતાની સામર્થી વાપરીને પણ રક્ષા કરી હતી, પરંતુ દુષ્કાળ રોક્યો નહોતો. નહિ તો પ્રભુ તો સર્વકર્તા, સર્વસમર્થ છે. તેઓ ધારે તેમ કરી શકવા સમર્થ હોવા છતાં સૃષ્ટિના નિયમમાં અનિવાર્યતા સિવાય ફેરફાર કરતા નથી. ક્યારેક બહુ આવશ્યકતા જણાય તો કરે પણ ખરા. જેમ કે વરસાદ વરસાવવો, વરસાદ બંધ કરવો, કોઈ ભક્તોનું આયુષ્ય વધારવું, આયુષ્ય હોવા છતાં દેહ મુકાવી ધામમાં લઈ જવા, શૂળીનું દુઃખ કાંટે કાઢવું એવા અનેક કાર્યો કરતા હોય છે.

સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ ચંદ્રગ્રહણ અટકાવેલું. એવી અનંત સામર્થી પ્રગટ કરેલી. માટે પ્રભુ ભક્તોની રક્ષા કરે છે, પરંતુ એમનો મુખ્ય ધ્યેય તો ચૈતન્યની રક્ષા કરવાનો જ હોય છે. તેઓ દેહની બહુ ચિંતા નથી રાખતા. કારણ કે શરીર પણ એક પ્રકારની સૃષ્ટિરૂપ જ છે. તેથી તેઓ બહુ જરૂરી લાગે તો શરીરના દુઃખોમાં ભક્તોને રાહત આપે, પણ તે પ્રત્યે બહુ રુચિ હોતી નથી. તેઓ એમ જાણે છે કે અમારા જોગમાં આવેલા અને અમારી કૃપામાં આવેલા જીવો અંતે અમારા અવિચળ દિવ્યસુખને પામવાના જ છે. એ અનંત સુખનો ખજાનો મળવાનો જ છે, તો અલ્પ ને નાશવંત એવા શરીરના દુઃખને ચૈતન્યો ભલે ખમે. તેના કર્મોનું ફળ પણ





તેને મળવું જોઈએ ને? છતાં સહનશીલતાની હદ આવી જાય અને સહન જ ન થઈ શકે એવું હોય તો તેમાં રાહત આપે છે. અંતે દિવ્યસુખ પામવાના તો છે જ, તેમાં સમયની ક્યાં મર્યાદા છે?

અબજો વર્ષનું આયુષ્ય તો એક બ્રહ્માંડના વિરાટબ્રહ્માનું છે. એવા તો અનંત કોટી વિરાટપુરુષો, પ્રધાનપુરુષો, પ્રકૃતિ-પુરુષો, વાસુદેવબ્રહ્મ, મૂળઅક્ષરો વગેરે અનંત છે. ત્યાં પૃથ્વી ઉપર મનુષ્યના અતિ અલ્પ આયુષ્યની પ્રભુ શા માટે ચિંતા કરે? મહારાજ તથા મુક્તો એ દિવ્યસુખમાં રહ્યા થકા અહીં મનુષ્યરૂપે સંકલ્પે કરીને દર્શન આપે છે. ત્યારે તેમને એમ નથી લાગતું કે આપણું કાર્ય અધૂરું રહ્યું. કારણ કે તેઓ કાળ, કર્મ, માયાથી પર છે. સમયની કોઈ મર્યાદા તેમને માટે નથી. એ તો ફરી પ્રગટ થાય અને ચૈતન્યોનો મોક્ષ કરે. અને આવી ઉત્ક્રાંતિની પ્રક્રિયા તો અનંત કાળથી ચાલી આવે છે અને અનંત કાળ સુધી ચાલ્યા જ કરશે. અનંત જીવ આત્યંતિક મોક્ષ પામી શ્રીહરિના દિવ્યસુખને પામતા જ રહે છે. (૮૪)

શ્રીજીમહારાજની સર્વોપરિતા કહેવાથી બીજા અવતારો ગૌણ નથી બની જતા. રામ, કૃષ્ણાદિક અવતારો તેમને સ્થાને દિવ્ય છે, મહાન છે ને શ્રેષ્ઠ પણ છે. તેઓ આદરણીય છે. તે બધા અવતારો શ્રીજીના અન્વય સ્વરૂપના વિભૂતિ અવતારો છે. તેમાં પણ સ્વયં પુરુષોત્તમ નારાયણ શ્રી સ્વામિનારાયણ

ભગવાનની શક્તિ જ કામ કરે છે. એવા અનંત અવતારો શ્રીજીમાંથી પ્રગટ થાય છે અને પાછા લીન થાય છે. તેથી શ્રીજીમહારાજ સર્વે અવતારના કારણ અવતારી છે. અનાદિમુક્તો શ્રીજીના વ્યતિરેક સ્વરૂપના મુક્તાવતારો છે તેથી તેઓ બીજા બધા અવતારો કરતાં શ્રેષ્ઠ છે. શ્રીજીમહારાજનું નામ અનાદિ શ્રીકૃષ્ણ છે. રામ પણ તેમનું જ નામ છે, પણ એ નામોની ઉપમા અવતારોને અપાયેલી હોય છે. તેઓ મનુષ્યરૂપે પ્રગટ થાય ત્યારે તેમને પણ પુરુષોત્તમ કહેલા હોય. તેનું કારણ એ છે કે જીવોને તેમને વિષે નિશ્ચય થાય, તેથી ઉત્ક્રાંતિમાં તેઓ આગળ વધે અને ઉચ્ચ કક્ષાની પ્રાપ્તિ કરી શકે. જો પુરુષોત્તમ તરીકે તે અવતારોને ન કહે તો જીવોને નિશ્ચય ન થાય, શ્રદ્ધા ન આવે, તેથી ચૈતન્યની આધ્યાત્મિક પ્રગતિ પણ ન થાય.

તે અવતારો પૃથ્વી ઉપર અધર્મનો નાશ કરી કેટલેક અંશે સદ્ધર્મ પ્રવર્તાવે છે. આસુરી તત્ત્વોનો સંહાર કરે છે, પરંતુ જીવોના આત્યંતિક મોક્ષ નથી કરી શકતા. કારણ કે તેઓ પણ પુરુષોત્તમ ભગવાનનું સાધર્મ્યપણું પામીને પૂર્ણ અનાદિમુક્તની સ્થિતિને પામેલા ન હોવાથી અપૂર્ણ છે. તેમની શક્તિઓ મર્યાદિત હોય છે. પ્રભુની ઈચ્છાથી તેવા અવતારો ફરી મનુષ્યજન્મ ધારણ કરીને પ્રભુ અથવા પ્રભુના સિદ્ધ અનાદિમુક્તના જોગમાં આવી ભગવાનની સર્વોપરી ઉપાસના કરીને આત્યંતિક મોક્ષને પામે છે. જ્યાં સુધી જીવની સર્વોપરી





પરમાત્માને વિષે કે જેઓ આદિનારાયણ છે, અનાદિ શ્રીકૃષ્ણ છે, એવા ભગવાન સ્વામિનારાયણને વિષે અનાદિમુક્તની સ્થિતિ ન થાય, ત્યાં સુધી તેઓને જન્મ ધરવા પડે છે. મહાત્મા ગાંધીજીની પણ સમજણ એવી હતી કે તેઓ પૃથ્વી ઉપર જન્મેલા રામને નહીં, પણ વિશ્વવ્યાપી, સર્વવ્યાપી એવા સર્વોપરી પરમાત્માને રામ ગણતા હતા. તેથી તેઓ તેમના આશ્રમમાં અવતાર રામની મૂર્તિ નહોતા રાખતા.

શ્રી સ્વામિનારાયણ પ્રભુ સર્વોપરી છે તે સત્ય હકીકત હોવાથી તે સર્વોપરી છે તેમ કહેવું જ પડે, નહિ તો ભગવાનનો દ્રોહ થાય અને સર્વોચ્ચ પ્રાપ્તિ ન થાય. અનંત અનાદિમુક્તનો સ્વાનુભવ છે અને તેઓએ બીજા બધા અવતારોની કક્ષાઓનો અનુભવ કરેલો છે અને સર્વોપરી પરમાત્માનો પણ અનુભવ કરેલો હોવાથી તેમણે તે સ્પષ્ટપણે કહ્યું છે. તે વાત અનુભવ ઉપર આધારિત હોવાથી સંપૂર્ણ સત્ય છે, કપોળકલ્પિત વાત નથી. (૮૫)

ઘણાં જન્મથી પંચવિષયના સુખ ભોગવ્યા હોય, પણ જો મોટા મુક્તની કૃપામાં આવી જાય તો મુક્ત તેને શુદ્ધ કરવા તેની પાસે પ્રભુના સેવાકાર્યો કરાવે, અથવા કોઈ મોટો રોગ પ્રેરીને પણ નિર્વાસનિક કરી અંતે જાતા કૃપા કરીને પ્રભુના દિવ્યસુખની પ્રાપ્તિ કરાવે છે. (૮૬)

મુક્તોને એક પ્રભુમાં જ હેત-સ્નેહ છે, પણ મહારાજ તો પોતે જ સ્નેહસ્વરૂપ, આનંદસ્વરૂપ ને સુખસ્વરૂપ છે.

કૃપા, પ્રેમ, સ્નેહ, સુખ, શાંતિ એ બધું મૂર્તિમાંથી નિરંતર સ્રવ્યા જ કરે છે, તેના સુખભોક્તા મુક્તો છે. માટે બીજે બધેથી આસક્તિ તોડી એક પ્રભુના સ્વરૂપમાં જ આસક્તિ કરવી. પરભાવમાં દુઃખ જેવું કંઈ છે જ નહિ. એ તો અવરભાવમાં મનની ગ્રંથિઓ તથા દેહાત્મબુદ્ધિને લીધે દુઃખનો અનુભવ થાય છે. (૮૭)

મહારાજને પામવા અને તેમની પ્રસન્નતા મેળવવી ઘણી દુષ્કર છે. કારણ કે પ્રભુ સર્વોપરી છે. આ બ્રહ્માંડના નજીકના દેવો શિવ, ગણપતિ, બ્રહ્મા, હનુમાનજી ને માતાઓની આરાધના કરવાથી તેઓ જલદી પ્રસન્ન થાય છે. તેઓ પોતાના ભક્તોના મનોરથ પણ પૂર્ણ કરે છે, પરંતુ તેઓ અલ્પ સામર્થીવાળા છે. તેમનું સુખ પણ ભગવાનના સુખ આગળ અતિ તુચ્છ છે. તેઓ આત્યંતિક મોક્ષ આપી શકતા નથી. આત્યંતિક મોક્ષ તો એક શ્રીજીમહારાજ અને તેમના લાડીલા મુક્તો જ આપી શકે છે. તેઓ બધાથી પર હોવાથી તેમની પ્રાપ્તિ પણ અતિ કઠણ છે. જેમ સ્કૂલનો અભ્યાસ સહેલો હોય છે, સ્નાતકનો અભ્યાસ થોડો અઘરો, પણ પી.એચ.ડી. કરવું હોય તો ઘણું અઘરું પડે અને પી.એચ.ડી. કરવાવાળાની સંખ્યા પણ ઓછી હોય. તેમ શ્રીજીમહારાજને પ્રાપ્ત કરવા, તેમનો સાક્ષાત્કાર કરવો સૌથી દુષ્કર છે. અને તે પ્રાપ્ત થયા પછી બીજી કોઈ જ પ્રાપ્તિની આવશ્યકતા પણ રહેતી નથી. કારણ કે તેથી પર બીજી કોઈ ભૂમિકા જ નથી. સર્વોપરી





મૂર્તિનું સર્વોપરી દિવ્યસુખ તેની પ્રાપ્તિ કરનારાને મળે છે. જેની ઉપમા આપી શકાય તેમ નથી તે અનુપમેય છે. (૮૮)

જે મનુષ્યને મુક્તના આશીર્વાદ મળ્યા હોય અને તેમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય અને પોતાને પૂર્ણકામ માને, પોતે અખંડ પ્રભુના સ્વરૂપમાં જ છે, તે અનંત દિવ્યસુખમાં જ છે એવા ભાવની દઢતા કરે તો તેને દિવ્યસુખની પ્રાપ્તિ થઇ જ જાય તેમાં સંશય નથી. માટે પોતાને દેહરૂપ તો માનવું જ નહિ. શ્રીજીમહારાજ તથા અનાદિમુક્તની કૃપાથી હું પ્રભુ જેવો જ સદાય દિવ્યસાકાર, ભાગવતીતનુધારી મુક્તચૈતન્ય છું, પ્રભુનું પરમસાધર્મ્ય પામેલો, પુરુષોત્તમરૂપ, અનાદિમુક્ત એવો પ્રભુનો દાસ છું એમ જ માનવું. એ જ મનન-ચિંતન કર્યા કરવું તો છેલ્લો જન્મ થાય, નહિ તો આશીર્વાદ હોવા છતાં એવી દિવ્ય સ્થિતિ થવામાં વિલંબ થઈ જાય. અનેક મુમુક્ષુજીવો પ્રભુકૃપા મેળવવાના સાધન કરીને પાત્રતા કેળવી આગળ વધતા હોય, પણ સાક્ષાત્કાર ન થયેલો હોય અને જો દેહ પડી જાય તો તેવા બળવાન યોગભ્રષ્ટ જીવો ફરી મનુષ્યજન્મ ધારણ કરે. કારણ કે તેમને પૂર્ણતા પ્રાપ્ત કરવાનો સંકલ્પ રહ્યો હોય. પછી તેમને કોઈ પૂર્ણ સિદ્ધ અનાદિમુક્તનો જોગ થાય તો તેઓને સાક્ષાત્કાર થઇ, પૂર્ણ સિદ્ધમુક્ત થઇ પ્રભુના દિવ્યસ્વરૂપનું યથાર્થ સુખ પ્રાપ્ત થાય. (૮૯)

શરીરની આસક્તિ ટળવી ઘણી દુર્લભ છે. કોઈ જીવને પોતાના શરીરથી અલગ થવું ગમતું જ નથી. અનાદિમુક્તનો

સમાગમ કરતા હોય અને તેમની પાસેથી ભગવાનની મૂર્તિના સુખનો મહિમા પણ જાણ્યો હોય જે ભગવાનના સ્વરૂપમાં અનંત સુખ છે. એવી સમજણ હોવા છતાં પણ જીવને દેહાભિમાન, દેહની આસક્તિ ટળતી નથી, જીવને એવો વ્યામોહ હોય છે. પછી જ્યારે દેહ પડી જાય અને સૂક્ષ્મ દેહે રહેવાનું થાય તો પણ attachment આસક્તિ ટળતી નથી. એવા જીવો મુમુક્ષુ હોય તો પણ કારણશરીરની વાસના ન બળવાથી ભગવાનના સ્વરૂપમાં જોડાઈ શકતા ન હોવાથી સૂક્ષ્મશરીરે રહે અથવા બીજા લોકમાં કે બીજા ધામમાં જાય. જો તેઓ બધી વાસનાઓ, આસક્તિથી રહિત થઇ પ્રભુ વિષે જોડાવાની ત્વરા બતાવે તો તેમને પોતાના સુખમાં રાખવા માટે પ્રભુ તો તૈયાર જ બેઠા છે. (૯૦)

સ્વામી વિવેકાનંદને હોકો ભરતાં નહોતું આવડતું તેથી રામકૃષ્ણ પરમહંસ ખૂબ વઢતા. ક્યારેક ગુસ્સે થઈને માથામાં હોકો પણ મારતા, પરંતુ સ્વામી વિવેકાનંદ તો વજ્ર જેવા મજબૂત હોવાથી સહન કરતા. તેમને રામકૃષ્ણનો મહિમા ખૂબ જ હતો. તેમને પોતાના ઈષ્ટદેવ ગણતા. રામકૃષ્ણ કહેતા કે તને જો મારો હોકો બરોબર ભરતાં આવડે તો હું બ્રહ્મના દર્શન કરાવું. પછી વિવેકાનંદ ખૂબ ચોકસાઈથી હોકો ભરવા માંડ્યા ત્યાર બાદ તેમને બ્રહ્મના દર્શન કરાવ્યા. તેમ મોટા મુક્તની અનુવૃત્તિમાં વર્તે તો જ મૂર્તિનું સુખ મળે.

અમેરિકાની વિશ્વધર્મ પરિષદમાં વિવેકાનંદ ગયેલા ત્યારે





પરિષદમાં બધા મોટા મોટા વિદ્વાનોએ જુદા જુદા ધર્મો ઉપર ઘણું કહ્યું. સ્વામી વિવેકાનંદના નામની જાહેરાત થતાં તેઓ બોલવા ઊભા થયા ત્યારે થોડીવાર તો મૂઢની જેમ ઊભા રહ્યા. એ વખતે બધાને એમ થયું કે આ પચીસ વર્ષનો જુવાનિયો છોકરો શું બોલવાનો? એને બેસાડી દો. વિવેકાનંદે પોતાના ગુરુદેવની હૃદયના ખરા ભાવથી સ્મૃતિ કરી એટલે રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદમાં દિવ્યરૂપે પ્રવેશ કર્યો અને અંગ્રેજીમાં સુંદર ને પ્રભાવી વક્તવ્ય આપી બધા ધર્મો કરતાં વેદધર્મની, વેદાંતની વિશેષતા છે તેમ સાબિત કર્યું ત્યારે આખી સભા સ્તબ્ધ થઇ ગઈ. આ લોકની રીતે રામકૃષ્ણ તો અભણ ગણાતા, છતાં વિવેકાનંદમાં રહીને આટલું સુંદર વક્તવ્ય આપ્યું. મુક્તની લીલા કયારેક મોહ ઉપજાવે તેવી વિચિત્ર લાગે, પણ તે ગહન હોય છે. સ્વામી વિવેકાનંદ પૂર્ણ રીતે સ્ત્રી-દ્રવ્યના ત્યાગી હતા. તેથી તેમાં રહીને રામકૃષ્ણ માનવ ઉદ્ધારનું કાર્ય કરતા.

સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ એ જ આત્મોન્નતિનો પાયો છે, તે વગર મોક્ષ શક્ય નથી. મહારાજનું દિવ્યસુખ પણ ત્યારે જ આવે. દ્રવ્યમાં તો સ્ત્રી પણ આવી જાય. અર્થાત્ જો દ્રવ્યમાં આસક્તિ હોય તો સ્ત્રીમાં પણ થઇ જાય. માટે જેણે મહારાજનું સત્સંગસેવાનું કાર્ય કરવું હોય તેમણે શુદ્ધ સત્વગુણી ક્રિયા જ કરવી, પણ વહીવટ-વ્યવહારની માથાકૂટમાં ન પડવું. પોતે અતિશય શુદ્ધ બની બીજાને શુદ્ધ જ્ઞાન પીરસવું તો મહારાજનો

ખરેખરો રાજીપો થાય. વિવેકાનંદ સ્વામી ધૂમ્રપાન કરતા, પણ તેમને તે નડતું નહીં. તેમના શિષ્યો તેમનો વાદ લઈને ધૂમ્રપાન કરે તો તેઓને નડે. વિવેકાનંદ આત્મસક્ષાત્કારવાળા હોવાથી તેનું વ્યસન તેમને નડતું નહોતું. માટે મોટા પુરુષ જેવું આચરણ કરે, તેવું સાધનદશાવાળાએ ન કરવું, નહીં તો પતન થઇ જાય.

ભગવાનના અવતારો તથા સ્વયં પ્રભુને આ લોકની મર્યાદામાં રહેવાની આવશ્યકતા હોતી નથી, કારણ કે પોતાના એકાંતિક ભક્તોને લાડ લડાવી સુખ આપવા હોય એટલા માટે અનેકવિધ લીલાઓ કરતા હોય છે. પરંતુ તેમનું આચરણ જોઈ બીજા જીવો એવું આચરણ કરવા જાય તો વિનિપાત થઇ જાય. એ હેતુથી મહારાજ એમ કહેતા કે અમારા કરતાં અમારા મુક્તોનો સમાગમ સારો. કારણ કે તેઓ નિયમમાં રહીને લીલા કરે અને શુદ્ધ આચરણ કરી બીજા જીવોને આદર્શરૂપ થઇ, ઉપદેશ આપી, અનંત જીવોને સમાસ કરી મોક્ષ કરે. (૯૧)

પ્રભુની શુદ્ધ સર્વોપરી ઉપાસનાવાળા તથા તેમની આજ્ઞામાં યથાર્થ રહેનારા અને પવિત્ર જીવન ગાળનારાને ક્યારેય પણ અશુભ તત્ત્વો જેવા કે ભૂત-પ્રેત (વળગાડ) તથા આસુરી-માયાવી શક્તિ હેરાન કરી શકતાં નથી. જેને પ્રભુનો સંબંધ નથી, આશરો નથી અને અપવિત્ર જીવન ગાળે છે, ઈન્દ્રિયોના આહાર અશુદ્ધ કરે છે, તેને જ અશુભ તત્ત્વો નડે





છે. જ્યાં અપવિત્રતા હોય ત્યાં જ તેઓ ટકી શકે છે, પણ જ્યાં પવિત્રતા હોય ત્યાં તેઓ ટકી શકતાં નથી, આ વાત ધ્યાનમાં રાખવી. (૯૨)

મહાપ્રભુજીની તથા અનાદિમુક્તોની આજ્ઞા-અનુવૃત્તિમાં યથાર્થ નિયમપૂર્વક જે ભક્ત વર્તે તેને આ લોક કે પરલોકમાં ક્યારેય દુઃખ આવતું નથી અને સદાય સુખિયો રહે છે. પ્રભુની જેટલી આજ્ઞા લોપે તેટલું દુઃખ થાય. It is a theorem એ સિદ્ધાંત છે. આ વાત પાકા હરિભક્ત માટેની છે. બીજા જીવો જે પ્રભુની કે અનાદિમુક્તોની કૃપામાં નથી આવ્યા તેમને માટે સુખ-દુઃખ તેના પ્રારબ્ધકર્મો અનુસાર મળે છે. એટલે પ્રભુના સંબંધને પામેલા જીવો, ભક્તો અને બીજા પામર જીવોમાં ઘણો તફાવત છે. (૯૩)

જપ-તપ વગેરે ક્રિયાઓથી અંતઃશત્રુઓ દબાઈ જાય છે, પણ તેનો જડમૂળમાંથી નાશ નથી થતો. એ તો શ્રીજીના સ્વરૂપના પ્રતિલોમ ધ્યાનના અભ્યાસથી, પ્રભુકૃપા દ્વારા આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય ત્યારે જ કારણશરીર સાથે રહેલા બધા દોષોનો સમૂળો નાશ થાય છે. (૯૪)

ગમે તેવું ખરાબ આચરણ થઇ ગયું હોય, પણ જો તેને તેનો પસ્તાવો થતો હોય તો એના વિષે એમ જ સંકલ્પ કરવો જે હે મહારાજ! તે જીવની ક્યારેય અવગતિ ન થજો. પરંતુ તેની ઉપર કુરાજી થઇ તેની અધોગતિ થાય એવો સંકલ્પ ન કરવો. (૯૫)

બીજા લોક તથા ધામોમાં ત્યાંના ધામાધિપતિઓની મૂર્તિઓ હોય છે. તે કોઈ ચાર હાથવાળા ને કોઈના મોઢાં કેવાં ને કોઈના મોઢાં કેવાં! એમ વિચિત્રતા હોય છે, પણ સત્તા ને સામર્થીવાળા હોવાથી પ્રભાવશાળી જણાય છે. તેઓ શ્રીજીમહારાજની શક્તિથી ઉત્પત્તિ આદિક કાર્યો કરે છે, પણ શ્રીજીમહારાજ જેવું સૌંદર્ય, સામર્થ્ય, માધુર્ય, લાવણ્ય, ઐશ્વર્ય, પ્રતાપ, પ્રકાશ અન્ય કોઈમાં નથી. કારણ કે શ્રીજીમહારાજ સર્વોપરી પરમાત્મા છે. (૯૬)

ચૈતન્યમાં સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપ સિવાય બીજું કોઈ સ્વરૂપ પધરાવવું નહિ. નહિ તો અંત સમયે જ્યારે ભગવાનના દર્શન થાય, ત્યારે ભગવાનમાં વૃત્તિ રાખતાં રાખતાં ભગવાન સાથે ચાલ્યો જાય એ વખતે બીજા ઘણાં અલૌકિક પદાર્થો, ઐશ્વર્યો, અનેક લોક-લોકાંતર, અનેક ચૈતન્યભૂમિકાઓ દેખાય અને તેમાં જો મોહ થઇ જાય તો ભગવાનના સુખને પામી ન શકાય. માટે મૂર્તિમાંથી વૃત્તિ તૂટવા ન દેવી તેને અર્થે અત્યારથી જ અભ્યાસ કરી પરિપક્વ થઇ જવું. (૯૭)

ઐશ્વર્યાર્થીઓનું તો માનવું જ નહિ. તેમને અહંકાર હોય તેથી ઘણાંને જાતજાતના વહેમ નાંખી પ્રભુના માર્ગેથી પાડવા પ્રયત્ન કરે. બધા પોતપોતાનું જ ગાય. કોઈકને કાંઇક તકલીફ હોય તો ડૉક્ટર પાસે જાય તો ઍલોપથી દવા આપે, વૈદ્ય પાસે જાય તો વાત, પિત્ત અને કફ એમ કહી આયુર્વેદિક





ઔષધ કરે, સર્જન પાસે જાય તો કહેશે કે ઑપરેશન કરાવવું પડશે, જ્યોતિષ પાસે જાય તો કહેશે કે રાહુ, કેતુ, શનિ કે મંગળ નડે છે. ભૂવા પાસે જાય તો કહેશે કે વળગાડ છે. માટે બધા પોતપોતાનું અહંકારથી હાંકે રાખે. એમ ઐશ્વર્યાર્થીઓ પણ જીવોને પોતાનામાં જોડી રાખવા ગેરમાર્ગે દોરે, પરંતુ મુક્તને મતે તો એક શ્રીજીમહારાજ જ છે બીજું કાંઇ નથી. અને એક વાર મુક્ત મુમુક્ષુજીવને પ્રભુને સોંપી દે પછી પ્રભુ તેનું સર્વ પ્રકારે મંગળ કરે. તે જીવની રક્ષા કરી તેને પોતાની પ્રાપ્તિ કરાવવા આગળ ને આગળ પ્રગતિ કરાવે, પણ તેનું પતન થવા ન દે. માટે પ્રભુને બધું સોંપી દીધા પછી કોનું શું થયું? ક્યાં હશે? ધામમાં ગયા કે નહિ? એવા સંકલ્પ ન કરવા.

જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી તે બધું જોવા જાણવાની ઇચ્છા, ઐશ્વર્યો પામવાના રાગ એ પ્રભુપ્રાપ્તિમાં વિઘ્નરૂપ થાય છે. માટે તે બધું પડ્યું મૂકી પ્રભુમાં જોડાવું અને પ્રભુ અને તેમના મુક્ત એ બેને વિષે જ લગની લગાડવી. સગા-સંબંધી, દેહ-ગેહ વગેરેમાંથી આસક્તિ ટાળવી. બીજા જીવો જેવા જ પોતાના સગાને માનવા. જો કે બધા જ જીવો વિષે દયાવાન થવું. તેમને વિષે શુભસંકલ્પ કરી, પ્રભુ ઓળખાવી મહાપ્રભુજી પાસે તેમનું કલ્યાણ કરાવવું, પણ આસક્તિ ટાળવી, નહિ તો એ આસક્તિ જન્મો ધરાવી દે છે. (૯૮)

શ્રીજીમહારાજને સર્વોપરી કહેવામાં લોકોને વાંધો આવે છે, પરંતુ તેઓ એ સમજી શક્તા નથી કે જે સંપૂર્ણ સત્ય છે તેને જેમ છે તેમ કહેવામાં કોઈ વાંધો નથી. સૂર્ય પૃથ્વી કરતાં મોટો છે તેમ કહેવામાં પૃથ્વીને ગૌણ કરવાની ક્યાં વાત આવી? તે તો સત્ય હકીકત છે જ. (૯૯)

હવે આ બ્રહ્માંડમાં શ્રીજીમહારાજ ફરી નહિ આવે, પણ તેમના મુક્તો આવતા રહે છે. મુક્ત દ્વારા સ્વયં શ્રીજીમહારાજ બધા કાર્યો કરતા હોવાથી શ્રીજીમહારાજને એક જ બ્રહ્માંડમાં વારે વારે મનુષ્યરૂપે પ્રગટ થવાની આવશ્યકતા રહેતી નથી. (૧૦૦)

જેને અમુક પ્રકારની છુઆછૂત આદિકની મનમાં દ્રઢ ગ્રંથિ બંધાઈ ગઈ હોય તો એવી ગ્રંથિ તેને વ્યવહારમાં નડે છે, પણ જો મનમાં તેવી ગ્રંથિ બંધાઈ ન હોય અને તેને કોઈ નીચી જાતિના પવિત્ર ને શુદ્ધ આચરણવાળા મનુષ્ય સાથે વ્યવહાર કરવાનો આવે ત્યારે છુઆછૂતનો ભાવ તેને સ્પર્શતો નથી. પરતું વહેમ ને અંધશ્રદ્ધાવાળાને બધું નડે છે. (૧૦૧)

મૂર્તિરૂપ થઈ ધ્યાન કરતાં માનસી પૂજા શી રીતે થાય? તેનો ઉત્તર એ છે કે બધી જ ક્રિયા શ્રીજીમહારાજ કરે છે એવું સતત અનુસંધાન રહે તો તે વાત શક્ય બને. અને એવા ભક્તની બધી ક્રિયા માનસી પૂજારૂપ બની જાય. (૧૦૨)

બાળકોને નાનપણથી જ તેનું સુંદર ચારિત્ર્યઘડતર થાય





તેવા સંસ્કારો આપવા જોઈએ, નહિ તો પાકટ ઉંમર થાય ત્યારે મહારાજના દિવ્યગુણો તેમાં ન આવી શકે. જેમ પાકે ઘડે કાંઠા ન ચડે તેમ. (૧૦૩)

ગુરુવર્ય મુક્તરાજ નારાયણભાઈ પોતાના સ્ટાફના શિક્ષકોના આગ્રહથી તેમની સાથે એક યોગીને જોવા ગયા હતા. તે યોગીએ પોતાની યોગસિદ્ધિની મહત્તા બતાવવા એક ધનાઢ્ય શેઠનો ક્ષયરોગ યોગશક્તિથી લઈ લીધેલો. રોગની તીવ્ર વેદનાથી તેઓ કણસતા હતા. મુક્તરાજે તેમને જણાવ્યું જે જગતમાં ઘણા ક્ષય રોગવાળા છે. તેમનો તમે કેવી રીતે રોગ લેશો! એકનો લીધો એમાં તો આટલું સહન કરવું પડે છે અને હવે દેહ પણ પડી જશે. એના કરતાં તેના પ્રારબ્ધ અનુસાર તેને દંડ ભોગવવા દેવો જોઈએ ને? જીવો કર્મોની સજા ભોગવે તો જ શુદ્ધ થઈ પાત્ર થાય, નહિ તો જીવ ક્યારેય સમજી શકે નહીં અને પાત્ર થઈ શકે નહીં. માટે જ તો પ્રભુ પોતે પણ જીવોના પ્રારબ્ધકર્મ ટાળતા નથી અને ભોગવાવે છે.

તમે જો કોઈ જીવના પ્રારબ્ધના દુઃખ લઈ લો તો તે વ્યક્તિ વધારે ખરાબ કર્મો કરે ને અસુરભાવને પામે. માટે તમારે તે શેઠને રોગનું દુઃખ ભોગવવાની સહનશક્તિ વધે તેવી સમજણ આપી આશ્વાસન ને બળ આપવું જોઈતું હતું. હવે તમે કોઈને ઉપયોગમાં નહિ આવી શકો ને આ દેહે તમારી આધ્યાત્મિક ઉન્નતિ પણ નહીં સાધી શકો! કારણ કે

તમારો રોગગ્રસ્ત દેહ હવે નહીં રહી શકે. બીજા કેટલાય રોગવાળા છે તેમને પણ અન્યાય જેવું લાગે. માટે પ્રભુના કાર્યમાં શા માટે દખલ કરવી? દરેકને આશીર્વાદ આપવા અને પ્રભુને પ્રાર્થના કરવી, જેથી તેનું શૂળીનું દુઃખ કાંટે મટે, પણ તમે તો તેનો રોગ જ લઇ લીધો. એટલે હવે ભોગવ્યે જ છૂટકો થશે. માટે પ્રભુને તેનું કામ કરવા દેવું. તેમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય ન ગણાય. એમ કહી મુક્તરાજે તેને પ્રસાદીની ચરણરજ સંકલ્પ કરીને આપી તેથી તેની અસહ્ય વેદના તરત જ ઓછી થઇ ગઈ અને થોડા વખતમાં તેણે દેહ છોડ્યો.

માટે સાધકે અધૂરી સ્થિતિમાં પ્રસિદ્ધિ માટે યોગશક્તિનો કે સિદ્ધિનો દુરુપયોગ કરવો તે પૂર્ણ સ્થિતિ પામવામાં વિઘ્નરૂપ છે. (૧૦૪)

શ્રીજીમહારાજ અને અનાદિમુક્તો જ્યારે મનુષ્યરૂપે પૃથ્વી ઉપર વિચરતા હોય, ત્યારે તેમની મનુષ્યલીલા બહુ અકળિત હોય છે.

રામાનંદ સ્વામીના શિષ્યમાં શ્રીજીમહારાજ સાથે બીજા એક રઘુનાથદાસજી નામે શિષ્ય પણ હતા. તેનામાં ઈર્ષા-દ્વેષ, માન આદિક દોષને લીધે અસુરભાવ ઉત્પન્ન થયેલો. જ્યારે રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને ઉત્તરાધિકારી બનાવી ગાદી સોંપી, ત્યારે રઘુનાથદાસજીએ ઈર્ષા અને માનને લઈને મહારાજનો અને સ્વામીનો બહુ દ્રોહ કરેલો. રામાનંદ સ્વામીના





દેહોત્સવ કર્યા બાદ રઘુનાથદાસને મહારાજે સત્સંગ બહાર કરવો હતો, પણ તે માયાવી-આસુરી જીવ હતો એટલે મહારાજે તેને કળ કરીને કાઢ્યો. તે એક દિવસ મહારાજે રઘુનાથદાસને કહ્યું કે આ તમે અને તમારા શિષ્યો કેવા બળવાન અને સશક્ત છો અને આ બીજા સાધુ તો સાવ નબળા છે. એવા નબળા સાધુઓથી જીવોના કલ્યાણ શું થવાના? તમારા જેવા સશક્ત હોય એ જ સત્સંગ વિકાસનું કાર્ય કરી શકે. માટે આ નબળા અને નમાલા સાધુઓને સત્સંગમાંથી કાઢીએ, પણ તેમને કેમ કરીને કાઢવા? પછી પોતે જ ઉપાય બતાવ્યો કે ચાલો એક મલ્લકુસ્તી યોજીએ. તેમાં તમે આ બધા સાધુઓ સાથે કુસ્તી કરો અને જે હારે તેમણે આ સત્સંગ સંપ્રદાયમાંથી નીકળી જવું. પછી તો રઘુનાથદાસ અને તેના મલ્લ જેવા શિષ્ય સાધુઓ આનંદમાં આવી ગયા અને બોલ્યા કે આ વાત અમને મંજૂર છે. એ નમાલા સાધુઓને તો એક હાથે ફંગોળીને ક્યાંય નાંખી દઈશું એમ અભિમાને બોલ્યા.

પછી નક્કી કરેલા દિવસે કુસ્તી થઇ અને રામાનંદ સ્વામીના સાધુઓ જે મહારાજને પક્ષે હતા તે અને રઘુનાથદાસના શિષ્યો વચ્ચે મલ્લયુદ્ધ થયું, પણ મહારાજે નબળા સાધુઓમાં દિવ્યરૂપે પ્રવેશ કર્યો. તેથી રઘુનાથદાસના શિષ્યો બળવાન હોવા છતાં હારી ગયા. પછી રઘુનાથદાસનો વારો આવ્યો. તેની સામે એક સાવ નબળા સાધુ આવ્યા.

તેમાં મહારાજે પ્રવેશ કરીને રઘુનાથદાસને ઉપાડીને નાંખી દીધો. તે ચત્તોપાટ પડ્યો ને મોઢામાં ધૂળ ભરાઈ ગઈ. રઘુનાથદાસ અને તેના શિષ્યો હારી ગયા તેથી તેમને સંપ્રદાય છોડીને જવું પડ્યું. તેને મહારાજે રામચંદ્રજીનો સંપ્રદાય ચલાવવાનું કહ્યું અને પોતે બધે પોતાના તથા શ્રીકૃષ્ણના સ્વરૂપો મંદિરમાં પધરાવ્યા. રઘુનાથદાસે શ્રીરામચંદ્રજીના સ્વરૂપો અમુક મંદિરમાં પધરાવ્યા, પણ તેનું લાંબુ ચાલ્યું નહિ, એમ મહારાજે કળ કરીને રઘુનાથદાસ જેવા આસુરીને સંપ્રદાયમાંથી કાઢ્યો. એવી રીતે સત્સંગમાં રહીને ઘણાનો મોક્ષ બગાડે એવા કુપાત્ર જીવોને યુક્તિપૂર્વક કળ કરીને કાઢવા જોઈએ. શ્રીજીમહારાજે કુપાત્રને કાઢી મૂકવાની વાત વચનામૃતમાં પણ કરી છે. (૧૦૫)

ઉત્સવ-સમૈયા જેવા કાર્યમાં પરમાત્માનો સંબંધ ન હોય તો તે કાર્યો તમાસા જેવા કે બીજા ભૌતિક મેળાઓ જેવા જ છે. જે ઉત્સવ-સમૈયામાં પરમાત્માનો સંબંધ હોય તો જ તે સાર્થક થાય છે. (૧૦૬)

એક વખત શાહીબાગ, અક્ષરપુરુષોત્તમ મંદિરમાં મોટી સભા થઈ હતી અને પ્રભુના સ્વરૂપની ઉપાસના બાબત ખૂબ ચર્ચા થઈ. ત્યાં 'હરે કૃષ્ણ હરે રામ' પંથવાળા વિદ્વાન વક્તાઓ પણ હાજર હતા. ત્યારે કોઈક સંતે શ્રીજીમહારાજને રામકૃષ્ણ આદિક અવતારોથી પર સર્વોપરી કહ્યા, તેથી ઈસ્કોનવાળાને તથા બીજા અપૂર્ણ ઉપાસનાવાળા સત્સંગીઓને પણ ખૂબ દ્વિધા





થઈ ગઈ અને ક્રોધે ભરાઈને ઉગ્ર ચર્ચા કરવા લાગ્યા જે, ગીતાકાર શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે તેથી પર સ્વામિનારાયણ ભગવાનને તમે કેવી રીતે કહો છો? આ રીતે અંદરોઅંદર ચર્ચા થતી હતી. તેમાં એક જણ ઊભો થઈને પોતાનું તબલું લઈને પેલા સાધુને મારવા ઉઠ્યો. મુક્તરાજ ત્યાં ઊભા હતા. તેમણે બધાને વિનંતી કરીને શાંત કર્યા. પછી બોલ્યા કે તમે બધા શાસ્ત્રોને આધારે જ ચર્ચા કર્યા કરો છો, પણ અનુભવજ્ઞાન શાસ્ત્રો કરતાં વિશેષ છે અને હોય જ. કારણ કે કોઈપણ વાતની ખાત્રી કરવી હોય તો કાં તો બીજાએ તેનો અનુભવ કર્યો હોય તેને વિશ્વાસે સહિત માન્ય રાખવો જોઈએ. અને કાં તો તે ન મનાય તો જેણે અનુભવ કર્યો છે તે માર્ગે પોતે પ્રયોગ કરીને અનુભવ કરવો જોઈએ, પણ એકલી ચર્ચાઓ અને વિવાદથી કોઈ જ પરિણામ ન આવે. જેમ કોઈક રસાયણ બનાવવું હોય કે શોધવું હોય તો વૈજ્ઞાનિકે પ્રયોગશાળામાં જવું પડે. ત્યાં રસાયણો ઉપર પ્રયોગ કરવા પડે. પોતાની બધી એકાગ્રતાની શક્તિ ત્યાં લગાડે ત્યારે જે પરિણામ આવે તેની અનુભવે બરોબર ખાત્રી થાય. પછી બીજા તેવો પ્રયોગ કરે તો તેને પણ ખાત્રી થાય. માટે કોઈ પણ વાતને સિદ્ધ કરવા માટે તેનો પ્રયોગ-અનુભવ કરવો જરૂરી છે.

પહેલાના વૈજ્ઞાનિકો એમ કહેતા કે અણુ અવિભાજ્ય indivisible છે, ત્યારે બધા તેમ જ માનતા. પછી

આઈનસ્ટાઇને પ્રયોગ કરી સાબિત કર્યું કે અણુ વિભાજ્ય છે Atom is divisible. આ વાત સાબિત કરતાં તેને પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો. તેમ ઘણા સંતોએ, યોગીઓએ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો અને અનુભવ કર્યો કે રામકૃષ્ણ જેવા તો અનંત અવતારો છે. તેઓ પોતપોતાના સ્થાનમાં રહી પોતાના ભક્તોને સુખ આપે છે, પણ તે બધાથી પર પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ નારાયણ છે જે સર્વોપરી, સર્વસમર્થ છે. તે અનંત મુક્તોને પોતાના સ્વરૂપમાં તથા પોતાના તેજમાં રાખી અને દિવ્યસુખ આપે છે. પોતાના તેજ દ્વારા સર્વેમાં પાત્રતા પ્રમાણે રહી સર્વેનું નિયમન કરે છે. તે નારાયણ પ્રભુ પૂર્ણરૂપે સ્વામિનારાયણ ભગવાન નામ ધરીને પ્રગટ થયેલા. અનેક મુક્તોને એવો અનુભવ છે તે સત્ય છે. તમારે પણ અનુભવ કરવો હોય તો કરો. હું પણ મારા અનુભવથી જ કહું છું કે સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. તેની નીચે બીજી બધી ભૂમિકાઓ છે અને તેથી પર કોઈ નથી. પછી બધી સભા શાંત થઇ ગઈ. કારણ કે કોઈને નહોતો સ્વામિનારાયણ ભગવાનનો સાક્ષાત્કાર અને નહોતો રામ-કૃષ્ણનો સાક્ષાત્કાર. બધા બિનઅનુભવી હતા. પછી ઘણાએ પોતાની ભૂલ કબૂલ કરી મુક્તરાજની અનુભવવાણીનો સ્વીકાર કર્યો. (૧૦૭)

મુક્તરાજે સેવકોને બોધ આપવાના હેતુથી મહારાજનો એક પ્રસંગ કહ્યોઃ એક વખત શ્રીજીમહારાજે અતિ આશ્ચર્યકારક





લીલા કરેલી. પોતે અક્ષર ઓરડીમાં અંદરથી દરવાજો બંધ કરી એક મોટું ધોકા જેવું લાકડું લઇ વારે વારે ખૂબ જ આક્રોશ સાથે હોકારાપડકારા કરીને જમીન ઉપર પછાડવા લાગ્યા. ઘણો સમય એવી લીલા કરી એટલે પરસેવે રેબઝેબ થઇ થાકીને નીચે બેસી ગયા. અવાજ સાંભળીને સંતો ને કેટલાક હરિભક્તો અક્ષર ઓરડી પાસે આવીને ઊભા હતા. મહારાજે દરવાજો ઉઘાડ્યો, પણ મહારાજને પૂછવાની કોઈની હિંમત નહોતી થતી. પછી સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ હિંમત કરીને પૂછ્યું, 'મહારાજ, આ શું લીલા કરી?' મહારાજે કહ્યું, 'આજ તો બધાના કામ, ક્રોધ, લોભ, માન વગેરે દોષો ને કુસ્વભાવો ઉપર અમે ખૂબ જ રોષ વ્યક્ત કર્યો. અને એ બધાને મારીને હાંકી કાઢ્યા, જેથી તે કોઈને પીડે નહીં ને શાંતિથી અમારું ધ્યાન-ભજન કરી શકે.' મહારાજની આવી લીલા જોઈ બધાએ ખટકો રાખી પોતાના દોષો-સ્વભાવો કાઢવા જાગૃતિપૂર્વક પ્રયત્ન કરવાની મહારાજ પાસે પ્રતિજ્ઞા કરી અને સદાય રક્ષા કરવા માટે ગદગદ ભાવે પ્રાર્થના કરી. તેથી મહારાજ બહુ રાજી થયા.

માટે સાધકે પણ ખટકો રાખી પોતાના દોષો-સ્વભાવો જીતવા સંનિષ્ઠ પ્રયત્ન કરવો અને એ બધા દોષોથી રક્ષા કરવા મહારાજ અને મુક્તને પ્રાર્થના કરતા રહેવું, તો પ્રભુ ને મુક્તની પ્રસન્નતા થાય અને દોષ જીતવામાં સરળતા રહે. (૧૦૮)

શ્રીજીમહારાજ સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા હતા એટલે તેમની દ્રષ્ટિ વિશાળ હોય, broad mind હોય તે સ્વાભાવિક છે. તેઓ જાતિવાદમાં માનતા ન હતા. હરિજનના એક છોકરાને તેમણે પોતાની પાસે પ્રેમથી બેસારીને તેની જાતિ વિષે પૂછીને તેને આત્મભાવની દ્રઢતા કરવાનું શીખવ્યું હતું. સ્વામિનારાયણ ભગવાનના જોગથી ને આશીર્વાદથી છાણી ગામના હરિજન ભક્તો બ્રાહ્મણોને ટપી જાય એવું ઉત્કૃષ્ટ પ્રકારનું નિર્મળ ને આદર્શ જીવન જીવતા થયા હતા. મહારાજે જેતલપુરની ગણિકાનું આત્યંતિક કલ્યાણ કર્યું હતું. જોબન પગી જેવા હિંસક ને ભયંકર લુંટારાને મુક્ત કક્ષા આપી. આમ પ્રભુ અને તેમના મુક્તોની દ્રષ્ટિમાં ઊંચનીચનો ભેદ હોતો નથી. તેમને માટે બધા ચૈતન્યો સરખા છે ને બધા ચૈતન્યો ઉપર તેમની સરખી કરુણા વહે છે. જાતિવાદ ને કોમવાદ વકરવાથી મનુષ્યમાં વૈમનસ્ય ને કુસંપ જન્મે છે, તેથી રાષ્ટ્રીય એકતા ખંડિત થવાથી દેશને મોટી હાનિ પહોંચે છે. માટે સાધકે પણ જાતિવાદ કે કોમવાદને પ્રોત્સાહિત ન કરતા સમાજને સાચી સમજણ આપવી કે શુદ્ધ આચાર-વિચારવાળા ઊંચ જાતિના ગણાય ને અપવિત્ર આચાર-વિચારવાળા ભ્રષ્ટ લોકો નીચ જાતિના ગણાય. એ રીતે જન્મે નહીં, પરંતુ કર્મે કરીને ઊંચનીચનો ભેદ સમજવો ને સમજાવવો. (૧૦૯)

આચાર્ય તેમજ અગ્રગણ્ય સંતો ને હરિભક્તોએ





શ્રીજીમહારાજની આજ્ઞામાં પોતે યથાર્થ વર્તી બીજાને આજ્ઞામાં બરોબર વર્તાવવા, તો જ મહારાજ અને મુક્તની પ્રસન્નતા થાય. કોઈ ભક્તથી પંચવર્તમાનની આજ્ઞામાં કંઈક ચૂક થઈ ગઈ હોય તો તેને પ્રાયશ્ચિત્ત આપવામાં પણ વિવેક રાખવો. તેની શક્તિમર્યાદા જોઈને પ્રાયશ્ચિત્ત આપવું, નહિતર કોઈને હાનિ થાય તો તેનો દોષ લાગે. એટલા માટે જ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં આચાર, વ્યવહાર ને પ્રાયશ્ચિત્તને દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ ને સામર્થ્યના સંદર્ભમાં ગણવાનું કહ્યું છે. માટે તેમાં વિવેક રાખવો આવશ્યક છે. (૧૧૦)

# ૨

# અનાદિમુક્તનું માહાત્મ્ય અને સામર્થ્ય

સાધકને માટે સર્વોચ્ચ અને પૂર્ણ સદ્‌ગુરુ એવા અનાદિમુક્તનું માહાત્મ્ય અને સામર્થ્ય જાણવું અતિ આવશ્યક છે. અનાદિમુક્તનું માહાત્મ્ય જાણવાથી સાધકમાં સાધના પ્રત્યેની શ્રદ્ધા, આત્મવિશ્વાસ, ધૈર્ય, ખંત, પ્રભુપ્રાપ્તિની ત્વરા, મુમુક્ષુત્વ જેવા ગુણો વિકસે છે. મુક્તનું માહાત્મ્ય અને સામર્થ્ય જાણવાથી મુમુક્ષુમાં પણ એવી દિવ્યસ્થિતિ પ્રાપ્ત કરવાની તીવ્ર ઉત્કંઠા જન્મે છે. અનાદિમુક્તનું માહાત્મ્ય અનાદિમુક્તનો જોગ-સમાગમ-સેવા કરવાનું અનેરું બળ અને ધગશ ઉત્પન્ન કરે છે. માહાત્મ્ય અને સામર્થ્ય સમજવાથી સાધકને મુક્તની આજ્ઞા અને અનુવૃત્તિમાં વર્તવાની સાચી સમજ કેળવાય છે. મુક્ત પ્રત્યેના આદર, પૂજ્યભાવ અને દિવ્યભાવમાં વૃદ્ધિ થાય છે. મુક્તનું યથાર્થ માહાત્મ્ય જાણવાથી પ્રભુનું માહાત્મ્ય પણ જાણી શકાય છે. પ્રભુમાં પરાપ્રેમ, પરાભક્તિ, મુક્તના જોગ-સમાગમ-સેવાથી જ શક્ય બને છે. સાધક જ્યારે મુક્ત સાથે શ્રદ્ધાપૂર્વક બાહ્યવૃત્તિ અને અંતરવૃત્તિથી જોડાય,





ત્યારે મુક્ત પોતાના કલ્યાણકારી ગુણોનો તે સાધકમાં સંચાર તથા સિંચન કરે છે. એ કારણે જ મુક્તનું માહાત્મ્ય અને સામર્થ્ય યથાર્થ રીતે સમજવા સાધક માટે અતિ આવશ્યક બની રહે છે. પૂર્ણમુક્ત પોતે જ જ્યાં સુધી અનાદિમુક્તની સ્થિતિનું માહાત્મ્ય, સામર્થ્ય, ગુણો વગેરે ન સમજાવે, ત્યાં સુધી સાધકને પોતાની બુદ્ધિએ તે સમજવું અશક્ય છે.

મુક્તનું માહાત્મ્ય અને સામર્થ્ય પૂર્ણ અનાદિમુક્ત સ.ગુ. પૂજ્ય શ્રી નારાયણભાઈએ જ અતિ કૃપા કરીને સમજાવ્યા છે જે દિવ્ય વચનોને સાધક મિત્રો આવો, આપણે સૌ આત્મસાત્ કરી સાધના પથે પ્રગતિ સાધવા પ્રયત્નશીલ બનીએ.

જે સાધનિકને અને સિદ્ધ અનાદિમુક્તને સરખા સમજે તે અજ્ઞાની છે. સાધનિકને કાર્યનું તાન હોય, માન-મોટપની ઈચ્છા હોય, કાર્ય ઘણું કરતા હોય, પણ તેનાથી પોતાનું પણ કલ્યાણ ન થઈ શકે, તો બીજાનું ક્યાંથી થાય? અનાદિમુક્ત પ્રવૃત્તિ ઓછી કરતા હોય, ફક્ત દર્શનીય હોય તો પણ અનંત જીવોના આવરણો ટાળી આત્યંતિક કલ્યાણ કરે છે. (૧)

મુક્ત મનુષ્યરૂપે પ્રગટ થાય ત્યારે તેઓ તેમના દેહના ભાવ જણાવે છે. મંદવાડ, થાક, વૃદ્ધાવસ્થા જણાવે, ઠેસ

વાગે ત્યારે લોહી પણ નીકળે, પરંતુ તેઓ દેહથી સંપૂર્ણપણે અલિપ્ત હોય છે. તેમના શરીર પણ બીજા જીવોના જેવા માયિકભાવવાળા નથી હોતા, પરંતુ નિર્ગુણ હોય છે. તેમની દૈહિક ક્રિયાઓમાં અને દેહધારી જીવોની દૈહિક ક્રિયાઓમાં ઘણો તફાવત છે. તે વિચક્ષણ સાધક જો સૂક્ષ્મતાથી જુએ તો જ ખબર પડે. અનાદિમુક્તની નાનીમોટી દરેક ક્રિયા જીવોના કલ્યાણને અર્થે જ હોય છે. (૨)

શ્રીજીમહારાજ તથા અનાદિમુક્તનું વચન પાળવું તે માળા, કથા, વાર્તા, કીર્તન કરવાં તથા સોળે-બોળેનું નિયમ પાળવું જેવા સાધનો કરતાં અધિક છે. તે પ્રસન્નતાના સાધનો પણ મુક્તના વચનથી કરે તો તેનું ફળ પોતે પોતાની મેળે સાધન કરે તે કરતાં અનેકગણું વિશેષ મળે છે. તે ઉપર મુક્તરાજે વાત કરી જે, એક વખત સ.ગુ. વૃંદાવનદાસજી સ્વામીએ એક હરિભક્તને કહ્યું કે તું આજથી દરરોજ એક વચનામૃત વાંચજે. ત્યારે તે હરિભક્તે કહ્યું કે સ્વામી, એ તો હું દરરોજ દસ વચનામૃતની પારાયણ કરું જ છું, એમ પોતાના અહંકારે બોલ્યો. તેથી સ્વામીશ્રીએ કહ્યું કે તો તને કહેવાની કાંઈ જરૂર નથી, તું તારી રીતે જેમ ફાવે તેમ કર્યા કર. તેને વચનામૃત વાંચવાનું ફળ ઘણું અલ્પ મળ્યું. અને તેને એવા સર્વોપરી ગ્રંથમાંથી કોઈ જ્ઞાનની ઉપલબ્ધિ પણ ન થઇ શકી, કારણ કે તેનું વાંચન યાંત્રિક હતું. સ્વામીશ્રીએ જ્યારે વચનામૃત વાંચવાની આજ્ઞા કરી, ત્યારે તેણે નમ્રતાપૂર્વક કહ્યું





હોત કે હા સ્વામી! તમે જેમ કહો છો તેમ દરરોજ એક વચનામૃત મનનપૂર્વક વાંચીશ, તો સ્વામી તેની ઉપર ખૂબ રાજી થાત અને તેમના આશીર્વાદથી વચનામૃતમાં રહેલો જ્ઞાનમાર્ગ સરળતાથી સમજી શકાત. માટે મુક્તનું વચન પાળવાથી જ લાભ મળે છે. હંમેશાં એક વાત ધ્યાનમાં રાખવી કે મુક્ત જે કાંઈ કહેતા હોય તે બરોબર જ હોય. તે બોલતા હોય ત્યારે વચ્ચે પોતાનું ડહાપણ ન ડહોળવું અને તેમના વેણ ઉપર વેણ ન લાવવું. સોળે-બોળે જેવા સાધનોની સિદ્ધમુક્ત માટે કોઈ ખાસ અગત્ય નથી. કારણ કે તેમની દરેક ક્રિયા દિવ્ય અને કલ્યાણકારી જ હોવાથી તેમના સંબંધે કરીને પણ બધું દિવ્યતાને પામે છે. માટે એમને કોઈ શુભ-અશુભ ક્રિયા બાધ કરતી નથી. એવા મુક્તો સાધન કરતા જણાય તે તો બીજા જીવોના સમાસ અર્થે છે, પણ પોતાને અર્થે નથી.

એક વખત પરમ કૃપાળુ બાપાશ્રી વાડીમાં બિરાજેલા ત્યારે કોઈક હરિભક્ત ગાજર લાવ્યા, ત્યારે બાપાશ્રીએ દિવ્યભાવમાં મહારાજને ગાજર જમાડીને એક હરિભક્તને આપ્યું. એટલે તે હરિભક્ત ગાજર હાથમાં ઝાલીને ઊભા રહ્યા, કારણ કે તેને એઠાપણાનો ભાવ હતો તેથી તર્ક થયો. એમ અનાદિમુક્ત વિષે મનુષ્યપણાનો ભાવ સૂક્ષ્મ રીતે પણ આવી જાય છે. પછી ઈશ્વરચરણદાસજી સ્વામી, વૃંદાવનદાસજી સ્વામી, ઘનશ્યામજીવનદાસજી સ્વામી વગેરે મોટા મોટા સંતો

આવ્યા તેમને પણ એક એક ગાજર ખાઈને આપ્યા. તે બધા તો બાપાશ્રીની દિવ્ય પ્રસાદી જાણીને તુરત જ જમી ગયા. કારણ કે તેઓ બાપાશ્રીનો મહિમા જેમ છે તેમ જાણતા હતા. જ્યારે પેલા સંશયી હરિભક્તને પ્રસાદીમાં એઠાપણાના ભાવને લીધે તે ગ્રહણ ન કરી શક્યા તેથી પ્રસાદીના દિવ્ય લાભથી વંચિત રહ્યા. (૩)

એક હરિભક્તને નોકરી ન હતી અને તેની આર્થિક ને કૌટુંબિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી. મુક્તરાજે તેને કાલુપુર મંદિરે ઘનશ્યામ મહારાજના દર્શન કરવા જવાની આજ્ઞા કરેલી અને મહારાજ નોકરી મેળવી આપશે તેમ આશીર્વાદ આપી કહેલું. કારણ કે કોઈપણ પ્રાપ્તિ માટે દાખડો કે પુરુષાર્થની આવશ્યકતા છે, તો જ તેની પ્રાપ્તિ શક્ય બને એવો મહારાજ ને મુક્તનો સિદ્ધાંત છે. જો તે હરિભક્ત મુક્તના વચને મહારાજને દર્શને જાય અને તેમના આશીર્વચનમાં શ્રદ્ધા રાખે તો તે પ્રાપ્તિ થઈ જ જાય. એમ મુક્તરાજની આજ્ઞા શ્રદ્ધાપૂર્વક પાળવાથી તે ભક્તને ટૂંક સમયમાં જ સારી નોકરી મળી ગઈ અને ખૂબ સુખી થયા. (૪)

સિદ્ધ અનાદિમુક્તના આશીર્વાદ તે જ ખરા આશીર્વાદ છે. **'सत्पुरुष वाक्यं न चलति धर्म'** પરંતુ કોઈ સાધનિક આશીર્વાદ આપુ છું એમ કહે તે આશીર્વાદ નથી, પણ તે શુભ સંકલ્પ છે. તે અલ્પ શક્તિએ યુક્ત 'હું' પણાના ભાવ





સાથે અપાયેલા વચન છે. તેથી તેનું ફળ પણ અલ્પ હોય છે, જ્યારે અનાદિમુક્તના વચન મૂર્તિમાંથી આવે છે અને જબરદસ્ત શક્તિવાળા હોઈ સિદ્ધ થાય છે અને તેનું પૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે. (૫)

મહારાજને મળેલા સંત એટલે અનાદિમુક્ત, જે અખંડ શ્રીજીની મૂર્તિમાં રસબસ જોડાઈ રહેલા હોય તે મળેલા કહેવાય, નહિતર સ્થૂળ રીતે ભગવાન ભેળા રહેતા હોય, તો પણ અપૂર્ણ સ્થિતિવાળા હોય તે મળેલા ન કહેવાય. (૬)

મુક્તને સર્વોપરી પરમાત્માથી નીચેની દરેક ભૂમિકાઓ હસ્તામળ હોય છે. તેઓ બધું જોઈ જાણી શકે છે. તેથી જીવોને શુદ્ધ કરી પોતાના જેવા કરવા વિષે જ રુચિ હોય છે. જેમ પર્વતની ટોચ ઉપર ચડેલા મનુષ્યને નીચેના પગથિયાં, સ્થાનો વગેરે બધું દેખાય છે અને બીજા મનુષ્ય કયા સ્થાને પહોંચ્યા છે, ક્યાં અટકી પડ્યા છે વગેરે જોઈ શકે છે. તેમ અનાદિમુક્તો મૂર્તિથી લઈને સામાન્ય જીવ સુધીની બધી ભૂમિકાઓને યથાર્થ જોઈ જાણી શકે છે અને તેમને જીવોની થતી અનેક પ્રકારની ઊર્ધ્વગતિ કે અધોગતિની પણ જાણ હોય છે. (૭)

મુક્ત અદ્રશ્ય થઈ જશે પછી શું? એમ ભગવાનની કાર્યશક્તિ ઉપર અણવિશ્વાસ ન લાવવો અને શંકા ન કરવી, કારણ કે મહારાજ પોતાના કલ્યાણકારી કાર્યો કર્યા જ કરે છે અને મુક્તને આવવા-જવાપણું નથી. તેઓ દિવ્યરૂપે રહી

તથા અમુક ઉચ્ચ કક્ષાના પાત્ર ભક્તોમાં પોતાનો બળવાન સંકલ્પ મૂકીને તે દ્વારા જીવોના કલ્યાણનું કાર્ય ચાલુ રાખે છે. માટે મુક્ત જતા રહ્યા છે તેમ ક્યારેય માનવું નહિ. ( ૮)

મુક્ત સ્વતંત્ર હોય, તેથી દેહના મંદવાડ પણ ક્યારેક સ્વતંત્રપણે ગ્રહણ કરે છે. તેમના દેહને જેટલો વખત રાખવો હોય, તેટલો વખત રાખી શકે અને ઇચ્છે ત્યારે અદ્રશ્ય પણ કરી શકે. તેઓ એવી પૂર્ણ સ્વતંત્રતા ધરાવતા હોય છે. (૯)

સિદ્ધમુક્તનું પૃથ્વી ઉપર વિચરણ હોય ત્યારે તેઓ સર્વકાળે સર્વત્ર જાણપણાએ સહિત વ્યાપક હોય. સાધક તેમને અંતરમાં ખરા ભાવથી સંભારીને ભગવાનનું ધ્યાન કરવાનો પ્રયત્ન કરે તો તેને તત્કાળ સહાય કરે. એટલે મુક્ત દૂર બિરાજતા હોય કે નજીક બંને સરખું છે. કારણ કે અંતરવૃત્તિથી જોડાય તો તેઓ અંતર્યામીપણે સર્વત્ર વ્યાપક હોવાથી સાધકની સહાય તેમજ રક્ષા કરે છે. (૧૦)

પ્રભુ અને તેમના અનાદિમુક્તોને અનંત બ્રહ્માંડોનું, ઈશ્વરોનું, દેવોનું, જીવોનું, સર્વે પદાર્થો એ સર્વેનું જાણપણું સહજ રીતે હોય છે જ, પરંતુ તેઓ તે પ્રત્યે અખંડ લક્ષ્ય નથી આપતા. પરભાવમાં તો શ્રીજીમહારાજને પોતાની મૂર્તિનું સુખ આપવું અને મુક્તોને દાસભાવે સુખ ભોગવવું એ જ ક્રિયા છે. અવરભાવમાં જ્યારે મુક્ત કંઈક જાણવાની ઇચ્છા કરે, ત્યારે જે વસ્તુને જાણવી હોય તે વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન ફક્ત સંકલ્પમાત્રથી કે તે તરફ દૃષ્ટિ કરવા માત્રથી જ તત્કાળ





થાય છે, પણ લેશમાત્ર વાર લાગતી નથી. પરભાવમાં મુક્તને એક સુખનું જ જાણપણું રહે છે. મુક્ત પ્રભુની ઇચ્છાથી જે કંઈ જાણવા ઇચ્છે તો તે વાતનું તરત જ સંપૂર્ણ જ્ઞાન થઈ જાય છે. (૧૧)

જ્યોતિષશાસ્ત્ર સાચું છે, પણ કોઈ જ્યોતિષ સો ટકા જાણી શકતો નથી, કારણ કે પોતે અપૂર્ણ હોવાથી તે જ્ઞાનને પૂર્ણ રીતે જાણી ન શકે. ક્યારેક કોઈ હરિભક્તના ગ્રહો જન્મકુંડલી પ્રમાણે નબળા હોય અને પ્રારબ્ધ બહુ સારું ન હોય તો પણ અનાદિમુક્તની કૃપા થાય તો જે ગ્રહો પ્રતિકૂળ હોય તે તુરત જ અનુકૂળ થઈ જાય છે. ગ્રહો પોતાની શક્તિથી નહિ, પણ પ્રભુની શક્તિથી જ ફળ આપે છે. તે માટે અનાદિમુક્તની કૃપાદ્રષ્ટિ થાય તો ગ્રહો અનુકૂળ થઈ અને પ્રારબ્ધ પલટાઈ જઈ રંકમાંથી રાજા પણ થઈ જાય. મુક્તથી કંઈ જ અશક્ય નથી હોતું. (૧૨)

અનાદિમુક્ત પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ થાય ત્યારે વિશ્વના દરેક જીવોના કર્મોનું સંતુલન balance રાખવાની સત્તા તેઓ ધરાવે છે. પાપકર્મોના અતિરેકને નિયંત્રિત કરે. પૃથ્વી પર વ્યાપેલા અધર્મને પણ કેટલેક અંશે અંકુશમાં રાખે. આ વાતની જેને સાક્ષાત્કાર થઈ દિવ્યદ્રષ્ટિ થઈ હોય તેને જ ખબર પડે, પણ બીજા જીવોને તેનો ખ્યાલ આવતો નથી. જેમ પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, પણ પૃથ્વીની ગતિનો ખ્યાલ આવતો નથી, ફક્ત દિવસ રાતનો અનુભવ થાય છે.

તેમ અનાદિમુક્ત પોતાના સંકલ્પથી અનંત જીવોના ચૈતન્યનું શુદ્ધિકરણ કરતા હોય અને અધર્મને અંકુશમાં રાખતા હોય, તે ક્રિયા બહુ જ મોટા પાયા ઉપર થતી હોવાથી તેનો ખ્યાલ આવી શકતો નથી. જે મુમુક્ષુ એવા મોટા અનાદિમુક્ત પાસે રહી મહિમા સમજીને જોગ-સમાગમ-સેવા કરતા હોય તેમના ચૈતન્યનું શુદ્ધિકરણ ખૂબ જ ઝડપથી થતું હોય છે. તેવા ભક્તોમાં ક્યારેક દોષ જણાતા હોય તેમ છતાં તે દોષો પાતળા-નિર્બળ થઇ ગયેલા હોઈ, તેમનું બળ ઘટી ગયેલું હોય છે. મુક્ત તેમની સર્વ પ્રકારે રક્ષા પણ કરતા હોય છે. મુક્તની નિકટના હરિભક્તોને એટલો વિશેષ લાભ મળે છે. મુક્ત અદ્રશ્ય થાય ત્યારે તે સંતુલનમાં balance થોડી ગરબડ ઊભી થાય, પરંતુ પ્રભુ તથા તેમના મુક્તના બળવાન સંકલ્પથી કેટલેક અંશે સ્થિતિ સારી રહે છે. (૧૩)

પાત્ર હોય તેવા જીવોની પણ પૂર્ણ પુરુષોત્તમ કે તેમના અનાદિમુક્તની કૃપા ન મળવાથી બહુ ઊંચી ગતિ શક્ય બનતી નથી. પાત્ર ન હોય તેમ છતાં પણ મુક્તની દિવ્યકૃપામાં આવી જાય તો તેમની આગળ કહ્યા એવા પાત્ર કરતાં પણ ઘણી જ ઉચ્ચ કક્ષાની ગતિ થાય. Grace is great કૃપા મહાન છે. (૧૪)

સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી, સ.ગુ.શ્રી ગુણાતીતાનંદ સ્વામી, સ.ગુ.શ્રી બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ.શ્રી મુક્તાનંદ સ્વામી વગેરેમાંથી ગમે તે એક જ અનાદિમુક્તને માને તો તે મહારાજ





અને અનંત અનાદિમુક્તને જ માને છે, પણ તેમાં ભેદ નથી. It is one and the same તે એક જ છે. કારણ કે એ બધા સત્ય મૂર્તિ જ છે. એ બધાના મત અને સિદ્ધાંત પણ એક જ છે ને દિવ્ય છે. (૧૫)

અનાદિમુક્તની દિવ્યસ્થિતિ પ્રાપ્ત થયા પછી તે મુક્તનો મૂર્તિમાં પ્રવેશ થાય છે. મૂર્તિમાં મૂર્તિરૂપ થઇ સંપૂર્ણ એકતાનો, પ્રેમાદ્વૈતનો અનુભવ અને દિવ્યસુખની પ્રાપ્તિ થાય છે. એ નરાકૃતિ જેવી જણાતી દિવ્યમૂર્તિ અનંત અગાધ સમુદ્ર જેવી ભાસે અને તેમાંથી તેજોમય અનંત દિવ્યસુખની છોળો ઊડે છે. એ દિવ્ય તેજોમય સુખમાં આકાશમાં જેમ પંખી ઊડતા હોય ને આનંદ કિલ્લોલ કરતા હોય તથા જેમ અનંત સમુદ્રમાં માછલાં આદિ જળચરો આનંદમાં વિહરતા હોય, તેમ મુક્તો તે દિવ્યસુખમાં ઝીલતા હોય, સર્વત્ર હીલોળા લેતા હોય તેમ દોટો દે છે અર્થાત્ સુખમાં ગતિ કરે. તેમ છતાં તે સુખ અતિ અપાર છે તેમ અનુભવાય. તે સુખમાં મુક્તોને ક્યારેય તૃપ્તિ નથી થતી. ક્યારેક શ્રીજીમહારાજે બીજા બ્રહ્માંડમાં અવતાર ધારણ કર્યો હોય તો તે લોકમાં શ્રીજીમહારાજ સાથે મુક્તની પૂર્ણ એકતા હોવાથી તે લોકના સમૈયાઓ, ઉત્સવો, લીલાઓ વગેરેનું દિવ્યસુખ પરભાવમાં પણ ભોગવે. એમ નિતનવીન અનંત પ્રકારના સુખ મૂર્તિમાં રહીને મુક્તો ભોગવે છે. અનાદિમુક્તની સ્થિતિમાં પણ ભેદ છે. તેમાં જે સ્વસિદ્ધ અનાદિમુક્તો હોય તે શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરીને

જીવમાંથી અનાદિમુક્ત થયેલા નથી હોતા, પણ અનાદિના જ અનાદિમુક્તો હોય છે, તેમને નિત્યસિદ્ધ મુક્તો કહેવાય. અનાદિમુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી એવા સ્વસિદ્ધ અનાદિમુક્તરાજ છે અને એવા બીજા અનંત છે. શ્રીજીમહારાજ અથવા સ્વસિદ્ધ અનાદિમુક્તના જોગે કરીને જીવમાંથી સિદ્ધદશાને પામીને અનાદિમુક્તની સ્થિતિને પામે તેને સિદ્ધ અનાદિમુક્ત કહેવાય. તેઓ પણ સ્વસિદ્ધ અનાદિમુક્તના જેવું સુખ-સામર્થ્ય, પ્રકાશ, જ્ઞાન વગેરે પામે. તેમ છતાં સ્વસિદ્ધ અનાદિમુક્તના ચૈતન્ય વિશિષ્ટ હોય અને તેમનું સુખ, જ્ઞાન, સામર્થ્ય, ઐશ્વર્ય, પ્રકાશ, સુખ ભોગવવાની ગતિ વગેરે સિદ્ધ અનાદિમુક્ત કરતાં વિશેષ હોય છે.

શ્રીજીમહારાજ જ્યારે પોતે પોતાનો સંકલ્પ જીવોના કલ્યાણ અર્થે પ્રગટ કરે એ તો સ્વામીનો પોતાનો જ સંકલ્પ હોવાથી સર્વોપરી હોય તેમાં કંઈ જ આશ્ચર્ય નથી. તે સંકલ્પ અને મહારાજને સ્વામી-સેવકભાવ નથી. જ્યારે સ્વસિદ્ધ અનાદિમુક્ત અથવા સિદ્ધ અનાદિમુક્તને શ્રીજીમહારાજ જીવોના કલ્યાણ અર્થે પૃથ્વી ઉપર પોતાના સંકલ્પથી મોકલે ત્યારે તેમને અને શ્રીજીમહારાજને સ્વામી-સેવકપણું હોય છે. શ્રીજીમહારાજના અને મુક્તના સંકલ્પને સ્વામી-સેવકપણું રહે. કારણ કે શ્રીજીમહારાજનો સંકલ્પ તે સ્વામીનો સંકલ્પ છે, જ્યારે મુક્તનો સંકલ્પ તે સેવકનો સંકલ્પ છે. તે સેવકના





સંકલ્પ સાથે પણ શ્રીજીમહારાજનો દિવ્ય સંકલ્પ ભળે ત્યારે જ સેવકનો સંકલ્પ કાર્ય કરી શકે. શ્રીજીમહારાજ અને મુક્તોની આ બધી ગહન લીલાનો પાર પામી શકાય તેમ નથી. આ તો મુક્તરાજે સ્વાનુભવથી થોડી દિશ દેખાડી જેથી કેટલેક અંશે થોડો ખ્યાલ આવે. (૧૬)

અમુક વખતે શ્રીજીમહારાજ પોતે જ પોતાના મુક્તો દ્વારા પ્રાર્થના કરે કે હે મહારાજ! અમારી આટલી વિનંતી સાંભળજો, દયા કરીને આટલું કરજો, પણ તે પ્રભુની પોતાની ઈચ્છા હોય છે. પોતે મુક્તને નિમિત્ત બનાવી પોતે જ તેમના દ્વારા પ્રાર્થના કરતા હોય એવો ભાવ જણાવી પોતે જ તે પ્રમાણે કોઈક કાર્ય કરે ને બીજા જીવોને એમ જણાવે કે અમે મુક્તોની પ્રાર્થના સાંભળીયે છીએ અને તે પ્રમાણે કરીએ છીએ. આવી મહારાજ અને મુક્તોની ગહન લીલા છે. (૧૭)

અનાદિમુક્તની સ્થિતિમાં મુક્ત પોતે પણ bliss સુખરૂપ બને છે અને ક્યારેક મુક્તો એકબીજાનું સુખ પણ ભોગવે છે, પરંતુ પ્રભુના સુખ પાસે તે અતિ ગૌણ હોય છે, પ્રભુના સુખની વિશિષ્ટતા અપાર છે. (૧૮)

મહારાજ તથા અનાદિમુક્તો દિવ્યસાકાર અને તેજોમય છે. તેમની સાથે ઓજસ અર્થાત્ દિવ્ય તેજ અખંડ રહે છે, પણ સ્થૂળ દેહ ધારણ કરે ત્યારે વાતો કરે, હેત જણાવે, રાજીપો જણાવે, આશીર્વાદ આપે, પ્રસાદી આપે, પ્રાર્થનાનો સ્વીકાર કરે એમ અનેક પ્રકારે સુખ આપે. તેઓ મનુષ્યદેહથી

અદૃશ્ય થઇ જાય પછી તેવું સુખ જતું રહે, પણ અંદર પડદે રહી પ્રેરણા આપે, માર્ગદર્શન આપે અને સુખ પણ આપે. જ્યારે સાધકને સિદ્ધદશા પ્રાપ્ત થાય, ત્યારે તો વાણી પણ સંભળાય. મહારાજ અને મુક્તો સરસ વાણી બોલે છે. એ વાણી અતિ દિવ્ય નાદાત્મક અને સુખમય હોય છે. મુક્તસ્થિતિમાં તેનો યથાર્થ સુખમય અનુભવ થાય છે. (૧૯)

અનાદિમુક્તો દ્વારા મહારાજ પોતે જ છે તો પણ ક્યારેક મુક્તભાવે બોલે, પરંતુ ત્યારે પણ પોતે જ બોલે છે. જીવોને વર્તમાન ધરાવે ત્યારે મહારાજ એમ કહે છે કે તારા ચૈતન્યને અનંત જન્મના કર્મો બાળીને અમે મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે, પણ અવરભાવમાં તેઓ મુક્તભાવે બોલે છે કે મહારાજે તારા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે, તો પણ બોલનારા તો મહારાજ પોતે જ છે. માટે તેમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા રાખે તો પૂરું થઇ જ જાય. જેમ કોઈક આત્મીય વ્યક્તિ આપણને કહે કે તમારે કાલથી અમારા ઘરે રહેવા આવવું. તમને અમારા ઘરમાં રાખીશું, તમે ખુશીથી રહેજો તો તેનો પણ આપણને વિશ્વાસ આવે છે કે આ વ્યક્તિ ચોક્કસ રાખશે, પરંતુ પ્રભુના વચનમાં જેને વિશ્વાસ નથી આવતો તેને ખોટ છે. માટે પૂર્ણ વિશ્વાસ રાખવો. સ.ગુ. વૃંદાવન સ્વામીના મુખે મહારાજ એમ બોલેલા જે, સ્વામી તો અમારા સુખમાં ઝીલે છે, અમે સ્વામિનારાયણ પોતે જ બોલીએ છીએ. સેવકે જ્યારે મુક્તરાજને એક પ્રસંગે એવું





પૂછ્યું, ત્યારે તેમના દ્વારા મહારાજે એવો જ ઉત્તર આપેલો. (૨૦)

જે મુમુક્ષુ હરિભક્તને શ્રીજીમહારાજ તથા તેમના મુક્તો કેવળ કૃપાથી જ દેહને અંતે સુખમાં લઇ જાય છે તેવા ભક્તોને મહારાજની દિવ્યમૂર્તિનું સુખ આવે છે. તે સુખમાં કોટિ કલ્પ સુધી સુખ ભોગવ્યા કરે છે. અને જેમ જેમ સુખ ભોગવે, તેમ તેમ સુખ ભોગવવાની ગતિ- સામર્થ્ય વધે છે, પણ તેઓ અનાદિમુક્તની જેમ સ્વતંત્રપણે શ્રીજીમહારાજનું સુખ નથી ભોગવી શકતા તેમ જ સ્વતંત્રપણે બીજા જીવોના મોક્ષ પણ નથી કરી શકતા. ફક્ત એ સુખમાં લીન રહે છે. જે ભક્તને દેહ છતાં જ મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય તેને આગળ કહ્યા તેવા ભક્ત કરતાં અનંતગણું વિશેષ સુખ આવે અને તેની સુખ લેવાની ગતિ-સામર્થ્ય પેલા કરતાં અનંતગણા વિશેષ હોય છે. તેઓ સ્વતંત્રપણે મહાપ્રભુજીનું સુખ ભોગવે છે અને શ્રીજીના સંકલ્પથી સ્વતંત્રપણે જીવોના કલ્યાણ કરવા પૃથ્વી પર પ્રગટ થાય છે. જે ભક્તને દેહ છતાં જ સાક્ષાત્કાર થાય અને મુક્તદશા-સિદ્ધદશા પ્રાપ્ત થાય તેને સુખ આવે, પણ જે દેહમાં સાક્ષાત્કાર થયો હોય તે દેહમાં હોય ત્યાં સુધી બીજા જીવોનો મોક્ષ અનાદિમુક્ત જેવો કરી શકતા નથી, તેમ છતાં બીજા સાધનિક કરતાં જીવોના મોક્ષ કરવારૂપી કાર્ય ઘણું સારી રીતે કરી શકે.

તે મુક્ત દેહ છોડી દઈ સુખમાં જોડાયા પછી

શ્રીજીસંકલ્પથી ફરી સ્વતંત્રપણે જીવોના મોક્ષ કરવા પ્રગટ થાય, ત્યારે મહારાજના સુખમાં રહ્યા થકા કાર્ય કરે. તેમાં કર્તા શ્રીજીમહારાજ પોતે હોવાથી અનંત જીવોનો મોક્ષ કરી શકે તે વિશેષતા છે. જે ભક્તને દેહ છતાં સાક્ષાત્કાર થયો હોય તે દેહમાં હોય ત્યાં સુધી તેની સ્વતંત્રતા ઓછી હોય છે. જેમ એક દીવો સળગ્યો હોય પછી તે દીવાથી બીજા દીવા સળગાવી શકાય, પણ બીજા દીવાની વાટ પલળેલી હોવાથી થોડી વાર લાગે તેમ થાય છે. તે મુક્ત એનો દેહત્યાગ થયા પછી શ્રીજીના વિશિષ્ટ સંકલ્પથી સ્વતંત્રપણે પ્રગટ થાય ત્યારે અનંત જીવોના કલ્યાણ કરી શકે. જેમ મોટી અગ્નિની જ્વાળા એકસામટા અનેક દીવાઓ પ્રગટાવી શકે, તેમ અનેક જીવોનો મોક્ષ એકસામટો કરી શકે એવા સમર્થ હોય છે. તેની સુખ લેવાની ગતિ-સામર્થી પણ અનેકગણી વિશેષ હોય છે. (૨૧)

શ્રીજીમહારાજ તથા મુક્તો સર્વસત્તાધીશ, અતિ સામર્થ્યવાન, અતિ ઐશ્વર્યવાન, સર્વ-શક્તિમાન, સર્વ-સૌંદર્યવાન તથા સર્વગુણ સંપન્ન હોવા છતાં આ બધું જ ઢાંકીને સાવ સામાન્ય મનુષ્ય જેવા થઈને વર્તે છે એ જ એમની મોટપ-મહાનતા છે. (૨૨)

અનાદિમુક્તોની હાજરીમાં બ્રહ્મયજ્ઞ થતો હોય ત્યારે તેની દિવ્યતા દિવ્ય તરંગો દ્વારા માઈલો સુધી ફેલાતી હોય છે તે અનેક ચૈતન્યને શુદ્ધ કરી તેનું ઊર્ધ્વીકરણ કરે છે. (૨૩)





અનાદિમુક્તો જીવોના હિત તથા સમાસ માટે જ્યારે ખૂબ જ અગત્ય-અનિવાર્યતા હોય, ત્યારે વિશિષ્ટ સંકલ્પ કરે એટલે પ્રભુની દિવ્ય આધ્યાત્મિક શક્તિ અર્થાત્ અન્વયશક્તિ ગતિમાન થઇ, ક્રિયાન્વિત થઇ સંકલ્પ પૂર્ણ કરે છે, પરંતુ આધ્યાત્મિક શક્તિનો અનાવશ્યક ઉપયોગ કર્યા કરતા નથી. સામાન્ય પરચા ચમત્કાર તો તેમના દિવ્ય વ્યક્તિત્વ તથા પ્રભાવથી જ થયા કરતા હોય છે. (૨૪)

દરેક મુક્તો વિવિધ અંગ (પ્રકૃતિ) ધારણ કરતા હોય છે. શ્રીજીમહારાજ પણ પોતાના બધા મુક્તોને તેમના શિષ્યમંડળ સહિત નોખા નોખા રાખતા હતા. સ.ગુ.નિત્યાનંદ સ્વામી મહારાજને પડદો રાખીને પકવાન જમાડતા. સ.ગુ.ગોપાળાનંદ સ્વામી યોગીરાજ કહેવાતા હોવાથી તેમની પાસે મેવા, મીઠાઈ, ફળફળાદિ વગેરેના કરંડિયા ભરીને હરિભક્તો લઇ આવતા. જ્યારે સ.ગુ.નિષ્કુળાનંદ સ્વામી અને તેમના શિષ્યોએ અતિ વૈરાગ્યનું અંગ રાખેલું હોવાથી રોટલો અને છાશ સિવાય કાંઈ જમતા નહિ. જો નિષ્કુળાનંદ સ્વામીના શિષ્ય ગોપાળાનંદ સ્વામી પાસે જઈને મેવા-મીઠાઈ જુએ તો દેહભાવ દેખાય અને મનુષ્યભાવનો સંકલ્પ થઇ જાય તો ચૈતન્યનું પતન થઇ જાય. માટે દરેક મુક્તને જુદા જુદા અંગ હોવાથી તેમના મંડળ સહિત શ્રીજીમહારાજ તેમને જુદા જુદા સ્થાને રાખતા. (૨૫)

જુદા જુદા મુક્તો દ્વારા પ્રભુ જ વિવિધ અંગો જણાવતા

હોય છે. તેમાં કોઈ મુક્ત તો સાવ સાદા, અભણ તેમજ આ લોકનું બહુ જ્ઞાન ન ધરાવતા હોય તેવા ભાવ જણાવે. જ્યારે કોઈક મુક્ત ખૂબ જ પ્રખર બુદ્ધિયોગ તથા વિદ્વતા જણાવે જે અનેકને સમાસ કરતા થાય. આ બધી વિવિધતા પ્રભુ રાખે છે. પૂર્ણ સ્થિતિને પામેલા અનાદિમુક્ત તો સર્વજ્ઞ હોય તેથી તેમનાથી કાંઈ પણ અજાણ્યું હોય જ નહિ. બ્રહ્માંડની બધી ભાષાઓનું તેઓને જ્ઞાન હોય છે. આવું સામર્થ્ય હોવા છતાં બધું જણાવતા નથી, સાવ સાદા થઈને રહે છે. નહીં તો ચાહે તે કરવા સમર્થ હોય છે. (૨૬)

પ્રભુ તો અતિશય કરુણાસાગર છે. તેથી જીવોના મહદંશે ગુનાઓ કૃપા કરીને માફ કરે છે, પણ પોતાના મુક્તોનો અપરાધ કરનારને શિક્ષા કરે છે. મુક્તના દ્રોહમાં મહારાજનો દ્રોહ આવી જાય છે. મુક્તની પ્રસન્નતામાં મહારાજની પ્રસન્નતા આવી જાય છે. કારણ કે મહારાજ ને મુક્તમાં જુદાપણું નથી જલતરંગવત્ એકતા છે. (૨૭)

અનાદિમુક્તો મુમુક્ષુજીવો ઉપર કૃપા કરીને ક્યારેક તેઓના ત્રિવિધ તાપ અને અનેક પ્રકારના દુઃખ તથા પીડાને સ્વતંત્રપણે પોતે પોતાના દેહ દ્વારા ભોગવતા હોય તેવો ભાવ જણાવે છે. તેમ છતાં પોતે દેહથી સંપૂર્ણપણે અલિપ્ત રહે છે. તેમનો મનુષ્યદેહ નિર્ગુણ અને દિવ્ય હોય છે. ક્યારેક મુમુક્ષુજીવોના અનેક જન્મોના કર્મો વિદારવા માટે મંદવાડ ગ્રહણ કરી સેવાનો અલભ્ય લાભ આપે, જેથી યોગ્ય પાત્ર





પ્રભુનો સાક્ષાત્કાર કરવા સક્ષમ બને. એ પ્રગટ મુક્તની સેવાની વિશિષ્ટતા છે. (૨૮)

અનાદિમુક્ત દ્વારા દરેક ક્રિયા કરનારા શ્રીજીમહારાજ હોવાથી તેમના દ્વારા બોલનારા પણ શ્રીજીમહારાજ જ છે. તેથી તેમનો અવાજ પ્રભુજીની મૂર્તિમાંથી નીકળતો દિવ્ય ધ્વનિ-નાદ છે. એ રેકોર્ડ કરી રાખ્યો હોય તે વારંવાર સાંભળ્યા કરે, તો તે દિવ્ય ધ્વનિતરંગોથી આજુબાજુના વાતાવરણમાં દિવ્યતા પ્રસરે છે. તે મુક્તની દિવ્યવાણીના શબ્દો કદાચ ન સંભળાય કે ન સમજાય તો પણ તે દિવ્ય અવાજ પ્રભુની દિવ્ય શક્તિ હોવાથી તેના દ્વારા વાતાવરણ દિવ્ય બને છે. જે રીતે અગરબત્તી અને દીવો કાંઈ પણ બોલ્યા વગર પોતાની સુગંધ અને પ્રકાશ ફેલાવી વાતાવરણને શુદ્ધ અને પવિત્ર કરે છે તો મૂર્તિરૂપ એવા અનાદિમુક્તનો દિવ્ય ધ્વનિ વાતાવરણને દિવ્ય કરે તેમાં શું આશ્ચર્ય! એ તો કરે જ. (૨૯)

અનાદિમુક્ત જે પ્રતિમાસ્વરૂપની પ્રતિષ્ઠા કરે ત્યારે તેમાં સ્વયં પ્રભુ આવીને બિરાજિત થાય છે. અનાદિમુક્ત પોતે મૂર્તિરૂપ હોવા છતાં પ્રભુના પ્રતિમાસ્વરૂપને પ્રસાદ ધરાવે, પૂજા કરે તે બધું પ્રભુ ગ્રહણ કરે છે. પ્રતિમાસ્વરૂપ સ્વામી છે અને મુક્ત એ સેવક છે, એટલે પ્રતિમાસ્વરૂપમાં આવિર્ભૂત પ્રભુનો ભાવપૂર્વક આદર કરે છે. આ અવરભાવની રીત છે. (૩૦)

અનાદિમુક્ત દ્વારા શ્રીજીમહારાજ ગમે તેટલા પરચા-

ચમત્કાર જણાવે તેનો બાધ ન ગણાય, પરંતુ જો મુક્ત પોતે સિદ્ધિઓનો ઉપયોગ કરે તો તેઓમાં પૂર્ણતાની ખામી ગણાય.

એક વખત શિવાજી મહારાજ પોતાના રસાલા સાથે સંત તુકારામને અગાઉથી જાણ કર્યા વગર મળવા જવા નીકળ્યા. સંત તુકારામને શિવાજીના આગમનની અંતર્યામીપણે જાણ થતાં તેના સ્વાગત માટેની વિમાસણમાં પડ્યા કે શિવાજી તો મોટા રાજા અને પ્રતિષ્ઠિત વ્યક્તિ કહેવાય તેમનું સ્વાગત કેવી રીતે કરીશ? એમ વિચાર આવતા જ  વિઠ્ઠલનાથજીએ દર્શન દઈ જણાવ્યું કે પેલી શીલા નીચે એક મોટી ગુફા છે તેમાં અમે બધી જ વ્યવસ્થા કરી રાખી છે. તે શીલા ખસેડો. પછી શિવાજી આવતાં તુકારામે તેમનું યથાયોગ્ય સ્વાગત કર્યું. આરામ કર્યા પછી શિવાજી તુકારામને મળવા ગયા અને તેમને પૂછ્યું કે અમે આવવાના હતા તેની જાણ અમે તમને કરી નો'તી, તો પછી તમે અમારા સર્વેના ભોજનની, સ્વાગતની વગેરેની વ્યવસ્થા શી રીતે કરી? તમે સિદ્ધિનો ઉપયોગ કર્યો કે શું? જે મોટા સંત સિદ્ધિનો ઉપયોગ કરે તે પૂર્ણપુરુષ-પૂર્ણમુક્ત ન કહેવાય. સંત તુકારામે જણાવ્યું કે મેં કોઈ સિદ્ધિનો ઉપયોગ કર્યો નથી, પરંતુ મારી પ્રાર્થનાથી શ્રી વિઠ્ઠલનાથજી ભગવાને પોતે બધું કર્યું છે. ભગવાન કંઈ પણ કરે એમાં મારાથી શી રીતે ના પડાય? આ વાતનો શિવાજીને વિશ્વાસ આવ્યો ને તેઓ સંત તુકારામના ચરણમાં  પડ્યા.

તે માટે મુક્ત દ્વારા મહારાજ પોતે ગમે તેટલું ઐશ્વર્ય-





સામર્થ્ય જીવોના સમાસ તેમ જ આત્યંતિક કલ્યાણ અર્થે જણાવે તેમાં કોઈ બાધ ન ગણાય. પૂર્ણ મુક્તદશાવાળા મુક્તો પોતે સિદ્ધિઓનો ઉપયોગ કદાપિ કરતા નથી. સિદ્ધિઓનો ઉપયોગ કરવાવાળા ઐશ્વર્યાર્થીઓ તથા તેવા યોગીઓ અપૂર્ણ હોય છે. જેમાં રહીને પ્રભુ પોતે બધી ક્રિયા કરતા હોય એવા મુક્ત પૂર્ણ મુક્ત છે. (૩૧)

પૃથ્વી ઉપર મનુષ્યરૂપે વિચરતા અનાદિમુક્તમાં પૂર્વે થઈ ગયેલા કોઈ અનાદિમુક્તના ગુણોના દર્શન થતાં હોય તો એ જરૂરી નથી કે એ મુક્ત ફરીથી પ્રગટ થયા હોય. જેમ કે ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી વગેરે મુક્તોના ગુણો શ્રીજીમહારાજની ઈચ્છાથી બીજા મુક્તોમાં પણ જણાય. શ્રીહરિની મૂર્તિમાં તો અનંત અનાદિમુક્તો છે. તેમાંથી ગમે તે મુક્તને બ્રહ્માંડોની પૃથ્વી ઉપર જીવોના મોક્ષ માટે પ્રગટ કરે. તે મુક્તમાં પ્રભુના બધા દિવ્ય કલ્યાણકારી ગુણો સહજપણે હોય છે જ. કારણ કે મુક્તો પ્રભુના પરમસાધર્મ્યને પામેલા હોવાથી પ્રભુરૂપ હોય છે. મુક્તો અમુક ગુણો (અંગ)નું મુખ્યપણું જણાવે છે. જે મુક્તો પરોક્ષ અર્થાત્ પૃથ્વી ઉપરથી અદશ્ય થયેલા હોય તેમની દિવ્યલીલાનું વર્ણન જ પાછળથી થતું હોવાથી તેમનો મહિમા પ્રગટ અનાદિમુક્ત (જેમનું મનુષ્યરૂપે પૃથ્વી પર વિચરણ હોય) કરતાં વિશેષ જણાય છે.

અનાદિમુક્ત મનુષ્યરૂપે વિચરતા હોય ત્યારે તેમને વિષે

અખંડ દિવ્યભાવ રહેવો કઠણ પડે, પરંતુ તેઓના અદશ્ય થયા પછી કેવળ તેમની દિવ્યલીલાના ગુણગાન ગવાતા હોવાથી તેમને વિષે મહિમા વધે છે. જેવો મહિમા અદશ્ય થયેલા મુક્તનો જણાતો હોય, તેવો જ મહિમા પ્રત્યક્ષપણે મનુષ્યરૂપે વિચરતા અનાદિમુક્તનો જણાય તથા તેમને વિષે અખંડ દિવ્યભાવ રહે તો તે મુક્તના જોગે કરીને તેમના જેવી દિવ્યસ્થિતિ તેમનો જોગ કરનારની થાય છે. જેમ હીરાથી હીરો વિંધાય, તેમ અનાદિમુક્તના જોગથી જ અનાદિમુક્તની અલૌકિક સ્થિતિ પમાય. પ્રત્યક્ષપણે મનુષ્યરૂપે બિરાજતા અનાદિમુક્તમાં શ્રીજી સહિત અનંત અનાદિમુક્ત ભેળા જ હોય છે. સર્વે અનાદિમુક્તોની એકતા છે, કારણ કે સર્વે મુક્તો શ્રીજીસ્વરૂપ છે અને શ્રીજીમહારાજની મૂર્તિમાં સળંગ રસબસ ભાવે રહેલા છે. તે માટે એવા મુક્તને વિષે દિવ્યભાવ રાખી આપોપું કરનાર, તેમનો જોગ-સેવા-સમાગમ કરનાર મુક્તદશા પામી મહા અલૌકિક સુખને પામે છે. (૩૨)

એકવાર મુક્તરાજે દિવ્યભાવમાં પાસે બઠેલા સેવકને જણાવ્યું કે વર્તમાનકાળે આ અનાદિમુક્તનું પ્રાગટ્ય અનેક જીવોના કલ્યાણ માટે થયેલું છે. અનાદિમુક્ત પ્રભુના મુક્તાવતાર છે. પ્રભુનો સંકલ્પ સિદ્ધ કરવા જ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. Muktas are incarnations and manifestatios of Lord Shree Swaminarayan. એવી રીતે અનાદિમુક્ત છે તે પ્રભુના વ્યતિરેક સ્વરૂપના મુક્તાવતાર





છે, જ્યારે બીજા વિભૂતિ અવતારો એ અન્વય સ્વરૂપના અવતારો છે. અર્થાત્ તેમનામાં અન્વય શક્તિથી પ્રભુ કાર્ય કરે છે અને મુક્તમાં વ્યતિરેક સ્વરૂપે કાર્ય કરે છે. (૩૩)

શ્રીજીમહારાજ તથા તેમના સિદ્ધ અનાદિમુક્તનું પૃથ્વી ઉપર મનુષ્યરૂપે વિચરણ હોય ત્યારે તેમની દરેક ક્રિયા દિવ્ય તેમજ અનંત જીવોના કલ્યાણ માટે જ હોય છે. ઘણાને એમ થાય કે પ્રભુ તથા તેમના મુક્તો મનુષ્ય ચરિત્ર કરે છે, તો એ વાત સત્ય સમજણવાળાને ગળે ન ઊતરે. કારણ કે જે પોતે દિવ્યસ્વરૂપ છે અને મનુષ્યભાવ તો તેમનો સંકલ્પ માત્ર જ છે, તેમાં મનુષ્યભાવ શી રીતે સંભવે? જે દિવ્ય હોય તેમના ચરિત્રો દિવ્ય જ હોય. પરંતુ ચર્મચક્ષુવાળા દેહાભિમાની જીવોને પોતાની માયિક દૃષ્ટિને લઈને મુક્તોના ચરિત્રોમાં મનુષ્યભાવ જણાય. ક્યારેક તેમના ચરિત્રોમાં દોષ તથા ભૂલ પણ જણાઈ આવે, પરંતુ વાસ્તવિક રીતે તો મુક્તની દરેક ક્રિયા શ્રીજીમહારાજના સત્ય સિદ્ધાંત અનુસાર જ હોય છે. મુક્ત મનુષ્યરૂપે હોય ત્યારે તેમને બધું જ જાણપણું હોય છે. જેમ કે જીવોના અનંત જન્મો ને કર્મો કેવા છે, તે કર્મોનું ફળ શું છે? વગેરે બધું જ જ્ઞાન હોય છે. તેથી તેમની દરેક ક્રિયા દિવ્ય, પ્રભુના સિદ્ધાંત પ્રમાણે જીવોને સમગ્રતયા હિતકારી ને કલ્યાણકારી જ હોય છે. સ્થૂળ રીતે દોષ ભરેલી લાગતી ક્રિયાઓ પણ પૂર્ણ અને યોગ્ય જ હોય છે. કારણ કે મુક્ત પૂર્ણ હોય છે.

આવી વાત સમજવાની જીવની ગતિ ન હોવાથી મુક્તમાં મનુષ્યભાવ કે દોષભાવ પરઠે તે જીવનું અજ્ઞાન નહિ તો બીજું શું છે? જે મુમુક્ષુજીવ મુક્તને વિષે દિવ્યભાવ રાખે તેની બુદ્ધિ સૂક્ષ્મ અને શુદ્ધ થતી જાય. પછી ધીમેધીમે તેની વૃત્તિ પ્રભુના સ્વરૂપમાં રહેવાથી અને મુક્તની અનુવૃત્તિમાં રહી તેમને વિષે આપોપું કરવાથી નિર્ગુણ થતી જાય. એટલે તેને મુક્તની દરેક ક્રિયા દિવ્ય જણાય અને દોષદૃષ્ટિ દૂર થઈ જાય. મુક્ત દ્વારા કર્તાપણું શ્રીજીમહારાજનું છે એવી સમજણની દૃઢતા કેળવ્યા કરે તો પણ દિવ્યભાવ દૃઢ થાય. ક્યારેક સ્થૂળ કે ઉપલકિયા દૃષ્ટિએ અમુક હરિભક્તમાં કુપાત્રતા જણાતી હોય અને તે ભક્ત પોતાના દોષો ટાળવાનો પ્રયત્ન મોટા મુક્તની સેવા કરતા કરતા કરતો હોય અને તેથી તેની ઉપર પ્રભુ તથા મુક્તની પ્રસન્નતા રહેતી હોય, ત્યારે બીજાને એમ જણાય કે મુક્ત આવા ઉપર આટલા બધા રાજી કેમ હશે? આ તો ધર્મ-નિયમમાં પણ બરોબર વર્તતા નથી અને પાત્ર પણ જણાતા નથી. એવું વિચારનારને સત્ય શું છે તે સમજવાની ગતિ નથી હોતી તેથી એવું વિચારે છે, પરંતુ મુક્તને તો તે હરિભક્તના અનંત જન્મોના કર્મો તથા તેના ગુણદોષ તથા તેની પાત્રતા વિષે બધું જ જાણપણું હોય છે. તેઓની પ્રસન્નતા તે હરિભક્ત ઉપર હોવા પાછળ અનેક કારણો હોઈ શકે. તે ભક્તમાં કોઈ દોષ હોય તે પણ ક્યારેક કોઈ ચોક્કસ કારણથી જણાતા હોય. તેમાં તે જીવનું હિત





સમાયેલું હોય અને એ દોષો સાથેના સંઘર્ષમાંથી તેની આંતરિક શક્તિ જાગૃત થઈ તેની પ્રગતિ થતી હોય તેની ફક્ત મુક્તને જ ખબર હોય. બીજા જીવોને તે જાણવાની ગતિ ન હોવાથી સંકલ્પ કરે છે, તર્ક કરે છે જે તેને હાનિકારક થાય છે. (૩૪)

ભગવાન તથા તેમના અનાદિમુક્ત મનુષ્યરૂપે હોય ત્યારે હારવું-જીતવું, બીવું-ભાગવું, રીસાઈ જવું, ક્રોધ જણાવવો, થાક જણાવવો, અવસ્થાના ભાવો જણાવવા, અજ્ઞાનપણું દેખાડવું વગેરે અનેક જાતના મનુષ્યભાવ પ્રદર્શિત કરે. તે બધા ભાવો દિવ્ય જ હોય. તેવા ભાવો ક્યારેક સાધકની કસોટી કરવા પણ જણાવે. તેમાં મુમુક્ષુને મોહ, સંકલ્પ કે તર્ક ન થાય તો એ કસોટીમાંથી પાર ઊતરી પ્રભુપ્રસન્નતા મેળવે, પરંતુ જો તર્ક થઈ જાય તો કચાશ ગણાય.

તે ઉપર સ.ગુ.અ.મુ. મહાનુભાવાનંદ સ્વામીની વાત કરી જે, એક વખત તેઓ ધ્રાંગધ્રા મંદિરમાં બિરાજતા હતા. ત્યારે એક દિવસ પોતાને હજામત કરાવવાનો વિચાર થયો એટલે તેઓએ વાળંદને બોલાવવા કોઈકને કહ્યું. તેઓ વાળંદની રાહ જોતા બેઠા હતા અને વારે વારે બારી બહાર ડોકિયાં કરતાં હતા. તે વખતે રસ્તા ઉપરથી પનિહારીઓ તથા બીજા માણસો પસાર થતા હતા તેમને એમ થયું કે આ સ્વામિનારાયણના ત્યાગી સાધુ છે, પણ સ્ત્રીઓને જોયા કરે

છે. અને સ્વામી પણ બારીમાંથી ડોકિયું કરે કે હજી વાળંદ કેમ ન આવ્યો? તેમને એમ કે હજામત થઇ જાય પછી સ્નાન કરું. ઘણીવાર સુધી રાહ જોવા છતાં વાળંદ ન આવ્યો તેથી સ્વામીએ સ્નાન કરી લીધું. પણ માણસોને એમ થયું કે આ સાધુ આટલી મોટી ઉંમરે પણ સ્ત્રીઓ સામે જોયા કરે છે, એમ તેમના ચારિત્ર્ય વિષે શંકા કરી ગમે તેમ બોલવા લાગ્યા. મંદિરમાં એક હરિભક્ત હતા તેમને ગામના માણસોએ આવીને કહ્યું કે તમારા મંદિરમાં કોણ નવા વૃદ્ધ સાધુ આવ્યા છે? તેઓ બારીમાંથી બાઈઓને જોયા કરે છે. પછી હરિભક્ત કહે કોઈ નવા સાધુ નથી આવ્યા અને જે વૃદ્ધ સંત છે એ તો મહાપુરુષ છે અને તેઓ ખૂબ સમર્થ છે.

પછી હરિભક્તે ઉપર જઈ બીજા સાધુને આ વાત કરી ત્યારે તે સાધુ કહે એ તો આપણા ગુરુ મહાનુભાવાનંદ સ્વામી વતું કરવા વાળંદ આવ્યો કે નહિ તેમ ડોકિયું કરી જોતા હતા. તે હરિભક્તે આ વાતની સ્પષ્ટતા ગામ લોકોને કરી અને સ્વામીશ્રીનો મહિમા કહ્યો. આથી બધા સ્વામીશ્રીના દર્શન કરવા આવ્યા. ત્યારે પણ કોઈકે સ્વામી વિષે સંકલ્પ કરી સ્વામીને પૂછ્યું, 'આપ તો મહાપુરુષ છો અને બધું જાણો છો તો પછી વાળંદ ક્યારે આવશે તેની ખબર હોય જ ને! તો બારી બહાર ડોકિયાં કરવાની ક્યાં જરૂર રહી?'

ત્યારે સ્વામીશ્રી કહે, 'અમારે તો જેની ઉપર દૃષ્ટિ પડે તેનો મોક્ષ કરવાનો સંકલ્પ છે. એટલે અમે દૃષ્ટિ કરીને





જીવોના પાપકર્મોનો ક્ષય કરી મોક્ષ કરીએ છીએ. હવે તમને આ બહાને અમારી ઓળખાણ થઇ એટલે તમે અહીં આવ્યા, નહીં તો કોઈ આવત નહિ. તો તમારો મોક્ષ શી રીતે થાત?' પછી બધા માણસોએ દંડવત પ્રણામ કરી સ્વામીશ્રીની ક્ષમા માગી અને ગુણ લઈને ગયા. ત્યાં અગિયાર વાગે વાળંદ આવ્યો અને સ્વામીશ્રીને વતું કર્યું અને સ્વામીશ્રીએ ફરીથી સ્નાન કર્યું. એવી રીતે પ્રભુ તથા મુક્તોના ચરિત્રો દિવ્ય અને કલ્યાણકારી હોય છે. (૩૫)

અનાદિમુક્તને પ્રભુ જ્યારે અનંત જીવોના કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર પ્રગટ કરે, ત્યારે તેઓ શરીરના ભાવો જણાવે. દેહમાં મંદવાડ, જરા, મૃત્યુ વગેરે બધા પ્રકારના ભાવ જણાવે. એ બધી એમની લીલા જ છે. મુક્ત જેટલું પૃથ્વી ઉપર રહેવાનો સંકલ્પ કરીને પ્રગટ થયા હોય અને જેટલું કાર્ય કરવાનો સંકલ્પ કર્યો હોય, તે સંકલ્પ પ્રમાણે શરીરનું વર્તન દેખાય. પરંતુ મુક્તનો ચૈતન્ય તો પ્રભુના દિવ્યસ્વરૂપ સાથે સંલગ્ન રહી તેનું દિવ્યસુખ જ માણે છે. પછી સંકલ્પ પ્રમાણે કાર્ય પૂર્ણ થાય ત્યારે તે સંકલ્પ શરીરને છોડીને ચાલ્યો જાય. ચૈતન્ય તો દિવ્યસુખમાં ગતિ કરતો હોવાથી આવતો-જતો નથી. જ્યારે બીજા અપૂર્ણ જીવોને પોતાના કર્મો પ્રમાણે ગતિ થાય છે. (૩૬)

એક વખત સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીને તેમના માતુશ્રીએ દૂધ વગેરે થાળમાં પીરસીને આપ્યું અને મહારાજને

ધરાવવાનું કહ્યું. ગુણાતીતાનંદ સ્વામી તો પોતે જ જમવા માંડ્યા. આ જોઈ તેમના માતુશ્રીએ કહ્યું, 'મહારાજને ધરાવ્યા વગર આમ હડકાયાની જેમ શું ખાવા માંડ્યો છે?' સ્વામીશ્રી કહે, 'હું તો મહારાજને જ જમાડું છું, હું નથી જમતો.' પછી તેમના માતુશ્રીને સ્વામીશ્રી દ્વારા મહારાજ જમતા હોય તેવા દર્શન થયા. એટલે પોતે બહુ દિલગીર થઈને મહારાજની માફી માગી, 'મહારાજ! મેં તમને હડકાયા જેવા કહ્યા તેથી મારો અપરાધ ક્ષમા કરો.' એમ શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્તોની જલતરંગવત્ એકતા છે. તો પણ મુક્તોને પ્રભુની વિશિષ્ટતા અખંડ અનુભવાતી હોવાથી સ્વામી-સેવક ભાવ સદાય રહે છે. મુક્તો પણ પ્રભુ જેવા જ દિવ્યસાકાર છે. તેમના સ્વરૂપમાંથી પણ દિવ્ય પ્રકાશ નીકળે છે, પણ તે પ્રભુના પ્રકાશ પાસે અલ્પ હોવાથી પ્રભુના પ્રકાશમાં તેમનો પ્રકાશ લીન થઈ જાય છે. (૩૭)

અનાદિમુક્ત દેહ મૂકવા સમયે મંદવાડ જણાવે તે અનેક જીવોને સેવાનો લાભ મળે અને તેમના આવરણો ટળી મોક્ષ થાય તે હેતુ માટે જણાવે છે. તેઓ તો સદાય દિવ્ય છે. તેમનું મનુષ્યશરીર પણ બીજા જીવોના શરીર જેવું માયિક ન હોતાં નિર્ગુણ ને દિવ્ય હોય છે. તેમ છતાં તેઓ મનુષ્યચરિત્રોમાં શરીરના ભાવો અને ગુણધર્મો જણાવે છે. દેહત્યાગ વખતે પોતાના શરીરે અગ્નિસંસ્કારની વિધિ પણ થવા દે છે. તે અનેક જીવોના સમાસને અર્થે હોય છે. તેમાં





ક્યારેક સામર્થ્ય પણ ખૂબ જણાવે. જેમ મીરાંબાઈ અને સંત તુકારામ વગેરે પરોક્ષ સંતોએ પોતાના શરીર અદૃશ્ય કરી દીધેલા. તેઓના અગ્નિસંસ્કાર થયા નહોતા. અનાદિમુક્તોના અગ્નિસંસ્કારથી પણ અનેક જીવોના કલ્યાણ થાય છે અને તે સમાસકારી પણ છે, તેથી આવું દેખાડે છે. પરંતુ પોતે તો જેવા છે તેવા દિવ્ય જ છે. (૩૮)

એક વાર મુક્તરાજે જણાવ્યું કે લગભગ સો વર્ષ પછી શ્રીજીમહારાજના વિશિષ્ટ સંકલ્પથી મહા અનાદિમુક્ત ફરી પ્રગટ થશે. એ સંપૂર્ણ સ્વતંત્રતા અને સત્તા સાથે પ્રગટશે. અનેક પ્રકારના વૈવિધ્ય ભરેલા ચમત્કારો સર્જી અનંત જીવોને સમાસ કરશે. સર્વોપરી પ્રભુ સ્વામિનારાયણના દિવ્યસ્વરૂપનું જ્ઞાન અનેક મુમુક્ષુઓને કરી તેમના મોક્ષ કરશે. તેમની દૃષ્ટિમાત્રથી જીવના ચિત્ત પલટાઈ જશે. જે જીવો તેમના જોગમાં આવશે તેમના આવરણો હટી તેઓ નિર્મળતા પામશે. નિષ્કામ, નિર્લોભ, નિર્મોહ, નિર્માન, નિઃસ્વાદ, નિરાસક્તિ વગેરે ગુણો એ મુક્તના જોગમાં આવનાર મુમુક્ષુજીવોમાં સહજ રીતે પ્રગટશે. જીવો શુદ્ધ નૈતિક જીવન જીવતા થઇ જશે. એ મુક્ત સારાય વિશ્વમાં વિચરશે અને વિશ્વની તમામ ભાષાઓ બોલશે. આદિવાસી પ્રજા સાથે તેમની ભાષામાં, વિદ્વાનો, રાજકારણીઓ, વૈજ્ઞાનિકો, બુદ્ધિજીવીઓ વગેરે પાસે તેમની ભાષામાં તેમની રીતે બોલશે. સમ્રગ વિશ્વ તેમના પ્રભાવ નીચે આવી જશે. એ વખતે જબરજસ્ત યુગપરિવર્તન થતું

જણાશે. સતયુગ કરતાં પણ વિશિષ્ટ એવો યુગ પ્રવર્તશે.

સતયુગમાં તો જીવો તપ કરીને થાકી જાય તો પણ અલ્પ પ્રાપ્તિ થતી, જ્યારે એ યુગમાં તો પ્રભુની કૃપા જ અનુભવાશે. વિશ્વમાં સર્વત્ર સુખ શાંતિ પ્રવર્તશે અને સ્વામિનારાયણ નામનો વિજયી ડંકો વાગશે. અનેક જીવો પોતપોતાના ધર્મો અને મતમતાંતરોનો ત્યાગ કરી આ પુરુષવિશેષ પ્રત્યે આકર્ષાઈને તેમના આશ્રિત બની જશે. તેઓ પ્રગટ થશે ત્યારે સાથે અનંત શક્તિસંપન્ન એવા મુક્ત-સંતમંડળને પણ પ્રગટ કરશે. એ મુક્તની ઉપદેશ આપવાની રીત જુનવાણી orthodox નહિ હોય, પરંતુ તે વખતમાં પ્રવર્તતા વિજ્ઞાનયુગ ને બુદ્ધિયુગને અનુસારે હશે. વર્તમાનધર્મો પળાવવાની પણ નવીન અને આગવી જ રીત હશે. ફક્ત પ્રભુના નિશ્ચયથી જ કલ્યાણ થાય છે, માટે બીજા પ્રસન્નતાના સાધન ન કરવા એવી નબળાઈને પોષતા મુમુક્ષુ ભક્તોને તેઓ સાચા અર્થમાં સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે ધર્મોને પાળતા ને શુદ્ધ નૈતિક જીવન જીવતા કરશે. જેમ લોહ ચમકમાં આકર્ષાય છે, તેમ માનવમહેરામણ એમના પ્રત્યે આકર્ષાઈ ને અલભ્ય લાભ લેશે. એ મુક્તના જોગમાં આવનારને એવી પ્રતીતિ થશે કે બધું જ્ઞાન તથા અનંત પ્રકારનું વૈવિધ્ય, સૌંદર્ય તથા સુખ-શાંતિ વગેરેનું કારણ એક માત્ર પ્રભુ જ છે અને પ્રભુમાંથી જ બધું પ્રગટે છે. અનેકનું અજ્ઞાન-તિમિર ટળી સત્ય જ્ઞાનનો પ્રકાશ થશે. (૩૯)





અનાદિમુક્તની સ્થિતિમાં ચૈતન્ય પોતે જ ઇન્દ્રિયો-અંતઃકરણની મદદ વગર પ્રભુના વૈવિધ્યપૂર્ણ સુખનો અનુભવ કરે છે. દિવ્ય દર્શન, સ્પર્શ, શ્રવણ, સુગંધ વગેરેનો ચૈતન્યને એકકાળાવછિન્ન સળંગ અનુભવ થાય છે. અને અલૌકિક દિવ્ય પરમાનંદ માણે છે. ચૈતન્ય પોતે જ પ્રભુરૂપ થવાથી સર્વજ્ઞતા પ્રાપ્ત કરે છે. તેથી પોતે જ બધા સુખને ગ્રહણ કરે છે. (૪૦)

શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્ત જે કાર્ય કરવા માટેનો સંકલ્પ કરીને પૃથ્વી ઉપર પ્રગટ થયા હોય, તે સંકલ્પ સિદ્ધ કરવા ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે, પ્રગટ થતી વખતે જે કોઈ અંગ પોતે ગ્રહણ કર્યા હોય અર્થાત્ પોતાની વિવિધ પ્રકારની અભિવ્યક્તિ માટેના જે પ્રકારો અંગીકાર કર્યા હોય તે પ્રમાણે જ વર્તે છે, તેમાં બિનજરૂરી ફેરફાર કરતા નથી. ક્યારેક તેઓ વ્યાવહારિક અજ્ઞાનતા, નિરક્ષરતા, અજાણપણું વગેરે જણાવતા હોય, પરંતુ તેમનાથી કાંઈ અજાણ્યું હોતું નથી. અવરભાવની દૃષ્ટિએ બીજાને તેમની કાર્યશક્તિની ખબર નથી પડતી, પણ અનાદિમુક્ત પોતાના વિશિષ્ટ દિવ્ય સંકલ્પોથી સર્વત્ર દિવ્યતા પ્રસરાવતા હોય છે. જે પાત્ર હોય તેને તે દિવ્યતા આકર્ષે છે અને તેને યથાર્થ જ્ઞાનનો ઉદય થાય છે. સર્વજ્ઞાન, સર્વશક્તિ, સર્વસુખ, પ્રકાશ, અનંત ગુણો, ઐશ્વર્યો વગેરે પ્રભુની દિવ્ય શક્તિમાં જ રહેલા છે. તેમાંથી યોગ્ય પળે યોગ્ય પાત્ર પરત્વે તેનો ઉદય થાય છે. (૪૧)

પૂર્ણ સિદ્ધમુક્તમાં તો પ્રભુ પોતે જ કર્તા હોવાથી મુક્ત દ્વારા થતી બધી જ ક્રિયા તેમની હોય છે અને મુક્ત તો પ્રભુના દિવ્યસુખનો જ આહાર કરે છે, એ સુખમાં જ લુબ્ધ રહે છે. એક હરિભક્તે પરમકૃપાળુ અબજીબાપાશ્રીને કહ્યું, 'બાપા! કૃપા કરીને મને બદ્રિકાશ્રમમાં કે બીજા કોઈ ધામમાં ન લઈ જતાં અક્ષરધામમાં જ લઈ જજો.' પછી બાપાશ્રી કહે, 'જાવ અક્ષરધામમાં.' ત્યારે ઈશ્વર સ્વામી કહે, 'બાપા, તમે અહીં જ આવો એમ કેમ નથી કહેતા?' અક્ષરધામ આપનાથી ક્યાં જુદું છે?' ત્યારે બાપાશ્રી કહે, 'આ લોકમાં અવરભાવવાળા એમ સમજી ન શકે. માટે પરભાવની વાણી ન વપરાય. એ તો આ લોકની રીતે જ બોલવું પડે. પ્રભુ અને અનાદિમુક્તને તો જલતરંગવત્ એકતા છે, જરાય નોખાપણું નથી. તેથી કોઈ ભક્ત મુક્તને જે કાંઈ અર્પણ કરે તે બધું પ્રભુ પોતે જ ગ્રહણ કરે છે અને મુક્ત તો પ્રભુના દિવ્યસુખ સિવાય બીજું કંઈ ભોગવતા જ નથી.' (૪૨)

મોટા મુક્તનો જોગ-સમાગમ-સેવા કરીને તેમનો રાજીપો જેમને મેળવવો હોય, તેમણે પોતાનો સ્વાર્થ સાધવા કે પછી બીજા સાધન સ્થિતિવાળા કે ઐશ્વર્યાર્થીઓને જાળવવામાં મોટા મુક્તની ઉપેક્ષા ન કરવી. જો મુક્તની સેવાને વિષે તત્પર ન થાય અને રાગે કરીને બીજામાં, દેવો કે ઐશ્વર્યાર્થીઓમાં પ્રતીતિ થઇ જાય અને મોટા મુક્તની ઉપેક્ષા કરે, neglect કરે તો સ્વયં પ્રભુની ઉપેક્ષા થઇ ગણાય. તેથી પ્રભુની પ્રસન્નતા





તેવા ભક્ત ઉપર ન થાય અને તેમની કૃપાના લાભથી તે વંચિત રહી જાય. તે ઉપર એક હરિભક્તની વાત કરી કે, મુક્તરાજ તેમને ત્યાં કોઈક શુભ પ્રસંગને લીધે પધારેલા. પછી તેમને ત્યાં બીજા સાધન સ્થિતિવાળા સંતો આવ્યા તેમની સરભરામાં તે ભક્ત તથા બીજા સર્વે પડી ગયા અને મુક્તરાજ પ્રત્યે બેદરકાર બની જઈ તેમને neglect કર્યા, ઉપેક્ષિત કર્યા તેથી સ્વયં પ્રભુની ઉપેક્ષા થવાથી તે ભક્તના મનોરથ અધૂરા રહ્યા. કારણ કે પ્રભુની નારાજગી થઇ. મુક્તને તો કોઈ જાળવે કે ન જાળવે, માન આપે કે ન આપે, તેનું તેમને કાંઈ સ્પર્શતું નથી, પરંતુ પ્રભુને પોતાના મુક્તો અતિશય વહાલા હોવાથી તેઓ મુક્તનું જો કોઈ અપમાન કરે કે ઉપેક્ષા કરે તો નારાજ થાય છે. મોટા મુક્તની સેવા પણ શ્રદ્ધા રહિત કરે, રસ રહિત કરે તો સેવા કરનારને ઝાઝો લાભ મળતો નથી. (૪૩)

એકવાર મુક્તરાજ મુંબઈમાં મનુભાઈ ચાવડાના મિત્ર E.N.T. specialist (ગળાના નિષ્ણાત) પાસે ગળું દેખાડવા માટે પધારેલા. ડૉક્ટર તથા બીજા જે કોઈ પણ સેવામાં આવે તેનું કલ્યાણ કરવા માટે મુક્ત કોઈક મંદવાડનું નિમિત્ત બનાવતા હોય છે. આ મુક્તરાજે પણ ગળાનું નિમિત્ત કરી ઘણાને સેવાનો લાભ આપેલો. એ ડૉક્ટરે ગળું તપસ્યા પછી ખાસ કોઈ તકલીફ નથી તેવું નિદાન કર્યું. મુક્તરાજથી પ્રભાવિત થઇ તેણે આશીર્વાદ માગ્યા. સેવા બદલ રાજી થઇ

મુક્તરાજે તેમના મસ્તક ઉપર હાથ મૂકી કલ્યાણના આશીર્વાદ આપ્યા. ડૉક્ટરે તેની દીકરીના મસ્તક ઉપર હાથ મૂકી તેને પણ આશીર્વાદ આપવા કહ્યું. મુક્તરાજનું અવરભાવનું અંગ ખૂબ જ મર્યાદિત હોઈ તેમને ના પાડી. આથી ડૉક્ટરે કહ્યું, 'આપ જેવા સંત પુરુષને વળી સ્ત્રી-પુરુષનો શું ભેદભાવ?' મુક્તરાજે સસ્મિત કહ્યું, 'તમારી વાત સાવ સાચી છે. પ્રભુકૃપાથી હું એવી સ્થિતિએ પહોંચેલો છું કે મારે મન સ્ત્રી કે પુરુષ એવો ભેદ છે જ નહિ. મને તો દરેક આત્મામાં પરમાત્માના જ દર્શન થાય છે. સ્ત્રી કે પુરુષ બન્ને ચૈતન્યો સરખા જ છે ફક્ત શારીરિક તફાવતને લઈને ભેદ જણાય છે. સ્ત્રી તો જનની કહેવાય અને અમુક સ્ત્રીઓ તો પવિત્રતા તથા વાત્સલ્યની મૂર્તિ સમાન હોય છે. માટે તેના સ્પર્શમાં કોઈ દોષ નથી, પરંતુ જેના મનમાં વિકાર ઉત્પન્ન થતો હોય તેમણે વિજાતીય સ્પર્શ નિવારવો જોઈએ, નહીં તો તેનું moral down થાય કે પતન પણ થાય.'

'સિદ્ધકક્ષાને પામેલા સંતો પણ ખૂબ મર્યાદા રાખે છે. તેનું કારણ બીજા અધૂરી સ્થિતિવાળા તેનું અનુકરણ કરવા જાય તો તેનું પતન થઈ જાય. હું જ્યારે નાનો હતો, ત્યારે મારી માતા મને ખૂબ જ ભોળો અને નિર્દોષ પ્રભુનો ભક્ત જાણી કોઈ મને છેતરી ન જાય તેવી શિખામણો આપતી. તેણે મારી પાસે વચન માગેલું કે તારે કોઈ પણ સ્ત્રીનો સ્પર્શ જાણીને ન કરવો અને અજાણતા કોઈ સ્ત્રીનો સ્પર્શ થઈ જાય





તો પ્રભુસ્મરણ સાથે સ્નાન કરી લેવું. માતુશ્રીને આપેલું વચન હું બરોબર ચીવટ રાખી પાળું છું. હું કોઈ પણ સ્ત્રીના મસ્તક ઉપર હાથ મૂકું તો મને કાંઈ નડતું નથી, પરંતુ બીજા કોઈ તે જુએ અને સંકલ્પ કરે તો તેને અસમાસ અને અપરાધ થાય અને સંતપુરુષની પવિત્રતા ઉપર શંકા થાય. આમ ન બને તે માટે પણ એ વચન પાળવું આવશ્યક છે.' (૪૪)

મૂળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજની સેવામાં હંમેશાં રહેતા. તેમને મહારાજનું માહાત્મ્ય પણ યથાર્થ હતું. તેમની ઉપર પ્રભુ કયારેક ક્રોધનો ભાવ પણ જણાવતા તો પણ બ્રહ્મચારી પોતાના નિશ્ચયમાંથી ક્યારેય ડગતા નહિ. તેથી પ્રભુ તેમની ઉપર બહુ જ રાજી રહેતા. કોઈ એક વખત સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ બ્રહ્મચારીને કહ્યું કે પ્રભુ તમને દિવ્ય ક્રોધના દર્શન ઘણી વાર કરાવે છે, પરંતુ મને એવો લાભ ક્યારેય મળતો નથી, તો તમે એવું કોઈ નિમિત્ત ઊભું કરીને મહારાજને ક્રોધ કરાવો, જેથી હું એવું દર્શન કરીને તે ઉપર એક સુંદર કીર્તન રચું. આ સાંભળી બ્રહ્મચારી તો ઉત્સાહમાં આવી ગયા કે વાહ! આવું થાય તો મહારાજના ક્રોધભાવનું કીર્તન બની જાય. બીજે દિવસે બ્રહ્મચારીજીએ રસોઈમાં જાણીને ભૂલ કરી, એટલે શ્રીજીમહારાજ બ્રહ્મચારી ઉપર ક્રોધાયમાન થઈ ખૂબ જ વઢવા માંડ્યા. ઓરડાના બારણાની તિરાડમાંથી બ્રહ્માનંદ સ્વામી આ બધું જોતા હતા. બ્રહ્મચારી તો મહારાજનો આવો ક્રોધ જોઈ રાજી થયા કે

હાશ! આજે બ્રહ્માનંદ સ્વામીને મહારાજના ક્રોધના દર્શન થયા હશે એટલે હવે એ અંગેનું સરસ કીર્તન બનાવશે. આ પ્રસંગ પછી બ્રહ્મચારીજી બ્રહ્માનંદ સ્વામીને મળ્યા અને કહ્યું, 'કેમ સ્વામી, મહારાજના ક્રોધભાવના દર્શન થયાને! હવે રાજી!' ત્યારે સ્વામી કહે, 'મહારાજ તો તમારી ઉપર ખૂબ જ પ્રસન્નતા જણાવતા હતા. તમારા ઉપર વ્હાલથી હાથ મૂક્યા, ફૂલહાર પહેરાવ્યા, એવા દર્શન મને થયા. તમારા જેવા મારા ભાગ્ય ક્યાંથી હોય કે મહારાજ મને ક્રોધના દર્શન કરાવે?' બ્રહ્મચારી કહે, 'મહારાજે તો મારી ઉપર ખૂબ જ ક્રોધ દેખાડ્યો, પણ તમને આવું દેખાડ્યું. સ્વામી, મેં તો મારાથી બનતો પ્રયત્ન કરેલો. હશે, મહારાજની મરજી!'

શ્રીજીમહારાજ અને મોટા મુક્ત જે મુમુક્ષુ ઉપર ખૂબ પ્રસન્ન હોય અને તેની સાથે આત્મીયતા હોય તો ક્યારેક તે મુમુક્ષુના દોષ કાઢવા અથવા તેના નિશ્ચયની કસોટી કરવા તેની ઉપર ક્રોધનો ભાવ વ્યક્ત કરે છે જે કેવળ પ્રભુની પ્રસન્નતા જ છે એ સિવાય બીજું કશું નથી. આવી સમજણથી મુમુક્ષુની આધ્યાત્મિક પ્રગતિ ત્વરિત ગતિથી થાય છે. (૪૫)

પૂર્ણસિદ્ધ અનાદિમુક્ત જ્યારે મનુષ્યરૂપે હોય, ત્યારે જાણપણાએ સહિત સર્વત્ર વ્યાપક હોય. તેઓ ઈચ્છે તો ગમે તે ચૈતન્ય સાથે એકતા સાધીને તેના વિચારો, ગ્રંથિઓ, અનેક જન્મના કર્મસંસ્કારો વગેરે વિષે અંતર્યામીપણે બધું જ તત્કાળ જાણી શકે. જેમ વ્યક્તિ પોતે પોતાના વિચારો ને લાગણીઓને





જાગૃત રહી જાણી શકે, તેના કરતાં પણ અનેકગણી સ્પષ્ટતાથી પળે પળનું મુક્ત જાણી શકે છે. (૪૬)

પરમાત્માના સંકલ્પથી સિદ્ધ અનાદિમુક્તો પૃથ્વી ઉપર જ્યારે પ્રગટ થાય, ત્યારે પણ તેઓ તો પ્રભુના દિવ્યસ્વરૂપ સબંધી સુખમાં રહ્યા થકા જ દર્શન આપે છે. તેઓ પ્રભુનું દિવ્યસુખ સ્વતંત્રપણે ભોગવે છે, પરંતુ તેમને કયા બ્રહ્માંડની પૃથ્વી ઉપર પ્રગટ કરવા તેનો નિર્ણય પ્રભુ સ્વયં કરે છે. પ્રભુના સંકલ્પથી જ અનાદિમુક્તોનું પૃથ્વી ઉપર પ્રાગટ્ય થાય છે. મુક્તોને દિવ્ય સ્થિતિમાં પ્રભુના દિવ્યસુખ સિવાય બીજું કંઈ જ જાણપણું હોતું નથી ને તેઓ બીજું કંઈ જાણવા ઈચ્છતા પણ નથી. પ્રભુને જ્યારે કોઈ મુક્તને પ્રગટ કરવા હોય, ત્યારે પોતાનો સંકલ્પ મુક્તમાં પ્રવેશ કરાવે છે અને મુક્તનું પ્રાગટ્ય થાય છે. મુક્તને પ્રભુ સિવાય બીજી કોઈ ઈચ્છા હોય તો મુક્તદશા પ્રાપ્ત ન થાય, એટલે પ્રભુની ઈચ્છાથી મુક્ત પ્રગટ થાય છે. (૪૭)

સિદ્ધ અનાદિમુક્તો અપાર સામર્થ્ય ધરાવતા હોય છે. કોઈ ભક્તને ભૂત-પ્રેતાદિકનું વળગણ હોય અને તે ગમે તેવા કઠણ પ્રારબ્ધનું ફળ હોય તો પણ પરમાત્માની મરજી જાણી મુક્ત પોતાની દિવ્ય સંકલ્પશક્તિથી તેવા મલિન તત્ત્વોને દૂર કરી દે. એવા સૂક્ષ્મશરીરધારી તત્ત્વોના આવરણો હઠી શકે તેવા હોય તો હઠાવી તેનો આત્યંતિક મોક્ષ પણ કરે અથવા તેને શુદ્ધ કરવા માટે બદ્રિકાશ્રમ જેવા ધામમાં મોકલે

અથવા સત્સંગમાં સારો જન્મ ધરાવી તેનું પૂરું કરે. અમુક પ્રકારની વેદોક્ત વિધિ દ્વારા અને અમુક મંત્રો તથા સ્તોત્રો દ્વારા પણ હનુમાનજી આદિક દેવો અશુભ તત્ત્વોને મારીને હાંકી કાઢે છે, પરંતુ મુક્ત દ્વારા તે જીવનો ભૂત-પ્રેત અવસ્થામાંથી મોક્ષ થાય એ વિશેષતા છે. મુક્તરાજ શ્રી નારાયણભાઈએ એવા ઘણા ભૂત-પ્રેતોનો પોતાની સામર્થીથી મોક્ષ કરેલો. (૪૮)

ચૈતન્યને વિષે પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થયા પછી પુસ્તકો પાસે, શાસ્ત્રો પાસે કે વિદ્વાનો પાસે જ્ઞાન લેવાની આવશ્યતા રહેતી નથી. સિદ્ધમુક્તદશા પામ્યા પછી સર્વજ્ઞતા આવે. એટલે જે વસ્તુનું જ્ઞાન થવાની મુક્ત ઇચ્છા કરે કે તત્કાળ તે જ્ઞાન પ્રગટ થાય. મુક્ત પોતે કાંઈ ઈચ્છતા નથી, પણ પરમાત્માની ઇચ્છા એ જ મુક્તની ઇચ્છા છે. જ્યારે મુક્તો જીવોના કલ્યાણને અર્થે મનુષ્યરૂપે પ્રગટ થાય, ત્યારે અવરભાવની ક્રિયાઓ માટે પ્રભુ તેમને સર્વનું જાણપણું, ઐશ્વર્ય, સામર્થ્ય આપે. જેને લીધે મુક્ત દ્વારા મહારાજ પોતે જીવોના આત્યંતિક કલ્યાણ કરી શકે, પણ પરભાવમાં તો મુક્તો શ્રીજીની મૂર્તિના સુખમાં જ ગુલતાન રહે છે. જાણપણું પણ સુખનું જ હોય, તેમ છતાં શ્રીજીમહારાજ ક્યારેક ક્યારેક જાણપણું પ્રેરે ત્યારે મુક્ત સર્વને યથાર્થ જાણી શકે છે.

શ્રીજીમહારાજના વખતમાં એક સાધુ ધ્યાનનો અને મહારાજના સ્વરૂપના જ્ઞાનનો ખૂબ અભ્યાસ કરતા હતા.





ઘણા બધા શાસ્ત્રોનો પણ તેમણે અભ્યાસ કરેલો. ધ્યાન અને અંતરવૃત્તિના ગહન અભ્યાસ પછી શ્રીહરિની કૃપાથી તેમને શ્રીહરિની મૂર્તિનો સાક્ષાત્કાર થયો, એટલે મહારાજના સ્વરૂપને જેમ છે તેમ યથાર્થ રીતે સમજ્યા અને મૂર્તિનું સુખ પણ અખંડ મળવા લાગ્યું. એટલે એક દિવસે પોતાની પાસે જે કાંઈ ગ્રંથો હતા તેનું એક મોટું પોટલું બાંધી ઘેલા નદીમાં પધરાવવા માટે લઇ જતા હતા, ત્યારે શ્રીજીમહારાજે તેમને જોયા એટલે પાળાને કહ્યું કે પેલા સાધુને બોલાવો. સાધુ આવ્યા એટલે મહારાજે તેમને પૂછ્યું, ‘સાધુરામ, આ પોટલું લઈને ક્યાં જાઓ છો?’ સાધુએ કહ્યું, ‘હે મહારાજ! જેને અર્થે આ ગ્રંથોનો અભ્યાસ કર્યો અને જ્ઞાન ધ્યાન વગેરે શીખ્યો એવું જે આપનું દિવ્યસ્વરૂપ તેનો આપે મને સાક્ષાત્કાર કરાવ્યો છે અને આપ આપના સ્વરૂપનું અખંડ સુખ પણ મને આપો છો. એટલે હવે આ બધા ગ્રંથોની મારે આવશ્યકતા ન હોવાથી તેને પવિત્ર જાણી ઘેલા નદીમાં પધરાવવા જાઉં છું. કારણ કે મારે હવે તેનો ઉપયોગ નથી રહ્યો.’ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, ‘સાધુરામ, તમારે તેનો ઉપયોગ નથી, પણ હજી જેઓને અભ્યાસ કરવાનો છે તેવા વિદ્યાર્થી સાધુઓને આ ગ્રંથો આપી દઈએ તો કેમ?’ ત્યારે તે સાધુ બોલ્યા, ‘હે મહારાજ! તેમાં તો હું ઘણો રાજી છું. હવે મારી ચિંતા ગઈ.’ પછી શ્રીજીમહારાજે તે સાધુ પર પ્રસન્ન થઈ તેમના ગ્રંથો વિદ્યાર્થી સાધુઓને એક એક લઇ લેવાની આજ્ઞા

કરી અને એ સાધુ જેવી સ્થિતિ પ્રાપ્ત કરવા સર્વેને પ્રયત્ન કરવાનો અનુરોધ કર્યો.

જ્યાં સુધી સાક્ષાત્કાર થઇ સિદ્ધ મુક્તદશાની પ્રાપ્તિ ન થઇ હોય, ત્યાં સુધી શાસ્ત્રોનો અભ્યાસ, કથા-વાર્તા-કીર્તન, માળા-પૂજા-માનસી પૂજા, તીર્થયાત્રા, સમૈયાઓ, ધ્યાન ભજન વગેરે પ્રભુપ્રસન્નતાના સાધનોની આવશ્યકતા રહે, પરંતુ સાક્ષાત્કાર થયા પછી બધા સાધનોનો મૂર્તિમાં લય થઇ જાય. પછી એવા કોઈ સાધનની અપેક્ષા રહેતી નથી. કારણ કે મહારાજની પ્રાપ્તિ થયા પછી બધા સાધનોનો અંત આવી જાય છે. તેમ છતાં એવા પૂર્ણમુક્ત બીજાને શીખવવા માટે સાધન કરતા જણાય, જેથી સાધકો મોટા મુક્તનું વર્તન તથા ગુણો વગેરેનું અવલોકન કરીને તેવા ગુણો પોતાના જીવનમાં આત્મસાત્ કરવા પ્રેરાય. મુક્તનું એવું વર્તન આદર્શરૂપ ને પ્રેરણારૂપ હોય છે. (૪૯)

અનાદિમુક્ત જેને આશીર્વાદ આપે કે જાવ મહારાજ સદાય તમારી સાથે છે તો એ સંકલ્પ પ્રમાણે શ્રીજીમહારાજ તે ભક્તની સાથે જ રહે છે. એવી રીતે જણ જણ પ્રત્યે શ્રીહરિ અનેક સંકલ્પ સ્વરૂપે રહે છે. તે ચૈતન્યને પાત્ર કરીને પોતાના સુખમાં પહોંચાડે છે. દરેક જણ પ્રત્યે શ્રીહરિના સંકલ્પ વિવિધરૂપે કાર્ય પણ કરે છે. એવી રીતે શ્રીહરિ અને તેમના મુક્તોની કાર્યશક્તિ અમર્યાદ ને અકલ્પ્ય છે. (૫૦)





શ્રીહરિ અથવા તેમના અનાદિમુક્તની પ્રાપ્તિ થઇ, તેમનું શરણ સ્વીકાર્યા પછી તેઓ પોતાના શરણાગતનું અનેક પ્રકારે રક્ષણ તથા પોષણ કરે છે. અનેક જન્મના કર્મોનું શૂળીરૂપ દુઃખ કાંટે કાઢી છેલ્લો જન્મ કરે છે. આ જન્મના દેહરૂપ કોટડીમાં અનંત જન્મના પ્રારબ્ધના દુઃખોનું કાંટા જેટલું અલ્પ પ્રારબ્ધ ભોગવાવી તેમાં પણ રક્ષા કરે છે. પ્રભુ અને મુક્તની આટલી દયા છે તો પણ જીવો સમજી શકતા નથી એ કેટલું અજ્ઞાન કહેવાય? (૫૧)

'મને ૭૫ વર્ષ થયા, પણ પ્રભુની સાક્ષીએ કહું છું કે મને ક્યારેય મારો જન્મદિન યાદ નથી આવ્યો. મેં મહારાજની મૂર્તિ સિવાય બીજું કાંઈ જોયું કે ભોગવ્યું નથી.' આવું વિધાન પૂર્ણમુક્ત સિવાય બીજાથી બોલાવું શક્ય નથી. આ વચનો આપણા ગુરુવર્ય પૂજ્ય શ્રી નારાયણ મામાના છે. (૫૨)

મુક્તમાં અચલ શ્રદ્ધા અને દિવ્યભાવ રહે અને ક્યારેય પણ મનુષ્યભાવ લેશમાત્ર પણ ન આવે તો પ્રભુ તેનું આ જન્મે જ પૂરું કરી દે, પણ એવી દૃઢતા થવી ઘણી મુશ્કેલ છે. તેમ છતાં જો સમજણપૂર્વક દિવ્યભાવની દૃઢતા કરે તો ચોક્કસ પૂરું થઇ જાય. (૫૩)

સત્પુરુષ એ પ્રભુનું જીવોના કલ્યાણ કરવારૂપ કાર્ય માટેનું સર્વોત્તમ માધ્યમ છે. જેમ શક્તિશાળી સૂર્યનો પ્રકાશ પરાવર્તન પામીને ચંદ્ર દ્વારા શીતળતા અર્પે છે, તેમ સત્પુરુષ પ્રભુની શક્તિ દ્વારા જીવોને સુખિયા કરે છે, શાંતિ અર્પે છે.

પ્રભુના સ્વરૂપમાં અખંડ રહેલા હોવા છતાં તેમના ચૈતન્યની અલગ identity-individuality વ્યક્તિત્વ રહે છે. પ્રભુનો ચૈતન્ય બધા મુક્તોના ચૈતન્ય કરતાં વિશિષ્ટ છે. દરેક અનાદિમુક્તોના પોતપોતાના ચૈતન્યસ્વરૂપો પ્રભુરૂપ હોવા છતાં વિશિષ્ટ છે. તેમને પ્રભુએ સ્વતંત્રતા ને સત્તા આપેલી હોવાથી સ્વતંત્રપણે અવરભાવના કાર્ય કરે છે. પ્રભુ સાથે મુક્તોએ પ્રેમાદ્વૈત સાધેલું હોવાથી એવી એકતા છે કે બંને એકમેક-ઓતપ્રોત રહે છે અને કાર્ય થાય છે. એ બધું કેવી રીતે શક્ય બને છે તે કેવળ પૂર્ણ સ્થિતિનો અનુભવ થાય ત્યારે જ ખબર પડે, ત્યાં સુધી એ અકળ ગતિ-લીલાની ખબર પડતી નથી. અલ્પાંશે કેવળ દિશ જ બતાવી શકાય. પૂર્ણમુક્ત મનુષ્યરૂપે હોય ત્યારે પ્રભુના સ્વરૂપના સુખમાં એક નિમિષમાત્ર ઊંડા ઊતરીને સંકલ્પ કરે તો પણ અનેક જીવોના કલ્યાણના કાર્યો થાય ને અનેક મુમુક્ષુઓ સુખિયા થઈ જાય. અનેક ચૈતન્યો ઉપરના આવરણો દૂર થતા જાય એવી અલૌકિક વાત છે. મુક્તની દૃષ્ટિમાં જે કોઈ મુમુક્ષુ આવી જાય તેના ચૈતન્ય ઉપરના આવરણો ખસવાની પ્રક્રિયા તરત જ શરૂ થઈ જાય છે અને તેની પૂર્ણતા તરફની ગતિ પણ આરંભાય છે. (૫૪)

પૂર્ણમુક્તને પ્રતિષ્ઠાનો રાગ બિલકુલ ન હોય તો પણ પ્રભુ તેને ઘણી પ્રતિષ્ઠા અપાવે છે. તેને લઈને ઘણા મુમુક્ષુઓ આકર્ષાઈને આવે અને કલ્યાણને માર્ગે પ્રયાણ કરે. અનેક





જીવોને સમાસ થાય તથા પોષણ અને આધ્યાત્મિક માર્ગદર્શન મળે એવા ઉત્કૃષ્ટ હેતુથી પ્રભુ મુક્તને પ્રતિષ્ઠા અપાવે છે. (૫૫)

પૂર્ણ સ્થિતિમાં મુક્ત ક્યારેક આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કરે તો એ શક્તિ ઘટે કે નહિ? શિષ્યના એવા પ્રશ્નના ઉત્તરમાં મુક્તરાજે જણાવ્યું કે પૂર્ણ મુક્તદશામાં બધું જ પૂર્ણ હોય છે. જેટલું પ્રભુ કરે તેટલું મુક્ત કરી શકે. દિવ્ય શક્તિ તો અનંત અપાર છે, તેમાં વધઘટ થવાનો કોઈ સવાલ જ નથી! શક્તિનો વ્યર્થ વ્યય ન કરવાનો અર્થ એ છે કે પ્રભુએ ઘડેલા પ્રકૃતિના નિયમોમાં મુક્ત બિનજરૂરી હસ્તક્ષેપ કરતા નથી એટલું જ, પણ અનિવાર્યતા જણાય તો દિવ્ય શક્તિ દ્વારા ચાહે સો કરી શકે. મુક્તનું લક્ષ્ય જીવોના આત્યંતિક મોક્ષ કરવાનું જ હોય છે. એટલે તેમને અવરભાવની બહુ તમા હોતી નથી. પૂર્ણ સ્થિતિમાં, નિરપેક્ષ ભૂમિકામાં આ લોકનું બધું ભ્રમ જેવું લાગે છે. તેથી કોઈ પ્રકારનો હર્ષ-શોક હોતો નથી. જીવોને પ્રભુ તથા મુક્તમાં સંપૂર્ણ શ્રદ્ધા ને દિવ્યભાવ હોય તો તેની સહાય તથા રક્ષા થાય ને શૂળીનું દુઃખ કાંટે મટે છે. એટલો મોટો લાભ થાય છે. (૫૬)

ઐશ્વર્યાર્થીઓ અનેક પ્રકારના મંત્રો, જપ-તપ, વિદ્યાઓ દ્વારા ઐશ્વર્ય મેળવે, પરંતુ તેની શક્તિઓ-ઐશ્વર્યો ભૌતિક હોય, તેથી તેનો ઉપયોગ કરવાથી, વાપરવાથી ઘટી જાય.

એ શક્તિઓનો હ્રાસ થાય ને નષ્ટ પણ થઇ જાય. પૂર્ણ સ્થિતિમાં મુક્તોની દિવ્ય શક્તિ અનંત અપાર હોવાથી તે ક્યારેય ઘટતી નથી, તે શાશ્વત છે. પૂર્ણમુક્તની દિવ્ય શક્તિ અને ઐશ્વર્યાર્થીઓની ઐશ્વર્યશક્તિમાં આસમાન-જમીનનો તફાવત છે. એ વાતની મુક્તદશામાં જ ખબર પડે છે. મંત્રસિદ્ધિનું ફળ પણ અલ્પ જ હોય છે તેનાથી થોડુંક કાર્ય થઇ શકે, પરંતુ પરમાત્માના સાક્ષાત્કારવાળા સિદ્ધ અનાદિમુક્તોનું સામર્થ્ય અપાર હોય છે, કારણ કે તેમના દ્વારા કર્તાપણું સ્વયં પ્રભુનું હોય છે. (૫૭)

મુક્તરાજ નારાયણભાઈએ મુક્તરાજ મનસુખબાપાની આજ્ઞાથી એક સોનીની મેલીવિદ્યા થકી રક્ષા કરેલી. તેના ઘરમાં રાખેલ મેલીવિદ્યાવાળા પૂતળામાં રહેલા અનિષ્ટ તત્ત્વોને વર્તમાન ધરાવી નદીમાં પધરાવી દઈ ડરપોક સોની ભક્તને નિર્ભય બનાવેલો.

ધ્રાંગધ્રામાં સ.ગુ. ભગવત્સ્વરૂપદાસજી સ્વામીના કહેવાથી એક ભક્તને તેના ખેતરનો નક્શો દોરી તેમાં એક ચોક્કસ જગ્યા બતાવીને મુક્તરાજે કહેલું કે અહીંથી ઘણું પાણી નીકળશે. પછી તે જગ્યાએથી ખૂબ સારું પાણી નીકળ્યું અને તે ભક્ત મુક્તરાજના આશીર્વાદથી ઘણા સુખી થયા. આ રીતે અનેક ભક્તોને વચનસિદ્ધિનું પ્રકરણ રાખી સુખિયા કર્યા છે. આવા મુક્તોમાં દિવ્ય શક્તિનો ઉપયોગ મુક્ત દ્વારા સ્વયં પ્રભુ જ કરે છે એટલે તેનો તેને બાધ કે હર્ષ-શોક નથી





હોતા. (૫૮)

અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીએ એક વાર મોહ ઉપજાવે તેવી લીલા દેખાડેલી. કોઈ હરિભક્ત તેના પુત્રનું નામ પડાવવા બાપાશ્રી પાસે લઈને આવ્યો. બાપાશ્રીને કહ્યું, ‘બાપા, આ ગગાનું નામ પાડો.’ પછી બાપાશ્રીએ તેનું રામબાઈ, રાધા, રતન એમ ત્રણ વાર નામ પાડ્યું. પછી તે ભક્તે કહ્યું,’ બાપા, આ ગગી નથી, પણ ગગો છે.’ ત્યારે બાપા કહે ઠીક, અમને તેની ખબર નો’તી. એવું અજાણપણું જણાવ્યું. પછી ઈશ્વર સ્વામીએ પૂછ્યું, ‘બાપા, આ શું લીલા કરી?’ બાપા કહે, ‘એ ભક્તને ત્રણ દીકરીઓ થવાની હતી, પણ અમે તે ત્રણેયના ચૈતન્યોને  ધામમાં મૂકી દીધા અને હવે આ ગગો થયો તેનું નામ રત્નાભાઈ પાડ્યું. પછી તે ખૂબ સારા ભક્ત થયેલા. (૫૯)

સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ ક્યારેય સિદ્ધિઓનો ઉપયોગ કર્યો નહોતો. યોગીઓ પ્રભુની જ શક્તિઓનો પોતાના અહંકાર અને રાગે કરીને ઉપયોગ કરે છે, તેથી તે બંધન પામે છે. મુક્તો દ્વારા પ્રભુ પોતે જીવોના સમાસ માટે ચમત્કાર જણાવે છે તેથી મુક્તોને તેનું કોઈ બંધન થતું નથી. (૬૦)

અનાદિમુક્ત જેમ જેમ મહારાજની મૂર્તિનું સુખ વધુ ને વધુ ભોગવતા જાય, તેમ તેમ તેમને દાસભાવ વધુ દૃઢ થતો

જાય છે. તેનું કારણ એ છે કે પોતે ઇચ્છે એ રીતે સુખમાં સ્વતંત્રપણે ગતિ કરે તો પણ મહારાજની મૂર્તિના સુખનું અપારપણું જણાયા કરે છે. મુક્તને એ પણ ખબર પડે છે કે હું ઇચ્છું છું એવું સુખ મને મહારાજ આપે છે. જેમ કોઈ વ્યક્તિ ગરમીમાં આપણા મસ્તક ઉપર ઠંડા પાણીની ધાર કરે તો ઠંડકનો અનુભવ થાય અને શાંતિ થાય, ત્યારે ખબર પડે છે કે આ વ્યક્તિ મારા ઉપર ઠંડા પાણીની ધાર કરે છે. તેમ મુક્તને જણાય છે કે શ્રીજીમહારાજ પોતે સુખ આપે છે અને હું સુખ ભોગવું છું. એમ સ્વામી-સેવકભાવ, દાતા-ભોક્તા ભાવ, નિયામક-નિયામ્ય ભાવ, આધાર-આધેય ભાવ સદાય રહે છે. અને તેની દઢતા વધુ ને વધુ થતી જાય છે. (૬૧)

મુક્તો ક્યારેક પરમાત્મા ઉપર પોતાનો રોષ વ્યક્ત કરતા હોય એવો ભાવ જણાવે ત્યારે તે જોનાર વ્યક્તિને મોહ થાય, કારણ કે તેનું શું રહસ્ય છે તે સમજી શકતા નથી. મુક્ત પરમાત્મારૂપ હોવાથી પ્રભુ પોતે જ એવો ભાવ જણાવે છે. પ્રભુ અને મુક્તની પરસ્પર દિવ્ય આનંદ પ્રગટ કરવાની લીલાની જે ગતિ છે એનો અનુભવ ન થાય ત્યાં સુધી માયિક બુદ્ધિથી તે સમજી શકાતું નથી. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી પોતાના કીર્તનોમાં શ્રીજીમહારાજને કપટી, ધૂતારો, લુચ્ચાઈ ભરેલો વગેરે શબ્દો દ્વારા સંબોધન કરી ઉપાલંભ વ્યક્ત કરતા, પણ તે દરેક શબ્દ પાછળ તેમનો પ્રભુ પ્રત્યેનો અનહદ દિવ્ય પ્રેમ જ નીતરતો. સંત તુકારામ પણ પ્રભુને





રોષભરી રીતે ક્યારેક સંબોધતા, પરંતુ એ સંબોધન દિવ્યભાવ સહિત જ હતું. મુક્તોની એવી લીલા પાછળ લૌકિક ભાવનો અંશ પણ હોતો નથી. મુક્ત ક્યારેક રોષ કે ક્રોધે યુક્ત જણાય, પણ તેમનામાં ક્રોધાદિક વિકારોનો લેશ પણ હોતો નથી. તેમના દ્વારા પ્રભુ પોતે જ જીવોના દોષો પ્રત્યે સહેજ નારાજગી વ્યક્ત કરતા હોય છે, જેથી મુમુક્ષુ નિર્દોષ અને પાત્ર બને. મુક્ત જેની ઉપર પ્રસન્ન હોય તેની ઉપર તેના આંતર્દોષ પરત્વે પ્રહારરૂપ ક્રોધનો ભાવ પ્રદર્શિત કરે છે ને સાથે સાથે કરુણાસભર દિવ્ય આશીર્વાદ પણ વરસાવે છે. મુમુક્ષુને આવું રહસ્ય સમજાય તો મુક્ત વિષે દિવ્યભાવમાં ક્યારેય પણ ઉણપ ન આવે. (૬૨)

બાપાશ્રીના પ્રાગટ્ય દિને (પ્રબોધિની એકાદશી) મુક્તરાજે જણાવ્યું કે આ દિવસની વિશેષતા એ છે કે શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્ત પોતાના ભક્તો ઉપર ખૂબ જ પ્રસન્નતા જણાવે છે. બ્રહ્માંડના અનંત અવતારો, વિભૂતિઓ, દેવો વગેરે મહારાજ અને મુક્તના દર્શન માટે તેમની ભીડ જમાવે છે. તેમની ઉપર પ્રભુ અને મુક્ત પ્રસન્ન થઇ કૃપા કરી આશીર્વાદ આપી તેમનો મોક્ષ કરે છે તથા આત્યંતિક કલ્યાણને માર્ગે પ્રગતિ કરાવે છે. (૬૩)

જીવ જ્યારે મહારાજ તથા મોટા અનાદિમુક્તને શરણે થાય, ત્યારે તેના પ્રારબ્ધકર્મો પ્રભુ પોતાના હસ્તક લઇ લે. તેમાં માફ કરી શકાય તેવા કર્મો માફ કરી દે, પણ જે કર્મો

માફ ન કરી શકાય તેવા હોય તે ભોગવાવે. તેમાં કર્મફળ આપવામાં કાળ, કર્મ કે માયાનું કોઈ જોર ચાલતું નથી, મહારાજ પોતે જ કર્મફળપ્રદાતા બની પોતાની ઈચ્છાથી જ તેને કર્મો ભોગવાવે. તે પ્રારબ્ધકર્મોનું ફળ યોગ્ય પળે યોગ્ય રીતે આપે. ઘણી વખત મોટા મુક્તના વચનથી, આશીર્વાદથી તત્કાળ શુભ ફળ થાય છે. તે વખતે અતિ કઠણ પ્રારબ્ધ હોય તો મુક્ત પોતાના સંકલ્પથી કર્મોને પાછા ઠેલી નાખે. એટલે તે સમય પૂરતું કર્મફળ ભોગવાવતા નથી અને તેને પાછું ઠેલી અમુક યોગ્ય પળે તેનું ફળ ભોગવાવે છે. માફ ન કરી શકાય એવા પ્રારબ્ધકર્મો હોય તે તો દરેકે ભોગવ્યા સિવાય છૂટકો જ નથી. તેમાં પણ ઘણી વખત પ્રભુ કૃપા કરી શૂળીનું દુઃખ કાંટે કાઢે.

મહારાજ અને મુક્તને અખંડ ભેળા રાખી, તેમનામાં તથા તેમના વચનોમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી પ્રાર્થના કરવાથી પ્રારબ્ધકર્મોના દુઃખ ભોગવવાની, સહન કરવાની પ્રભુ શક્તિ આપે છે. પ્રભુ પોતાની ઈચ્છાથી બળ પ્રેરીને પણ પ્રારબ્ધ ભોગવાવે તેથી પાત્રતા વધે. કઠણ પ્રારબ્ધકર્મોનું ફળ અતિ અલ્પ કરી દે છે અને ક્યારેક કોઈ ભક્ત ઉપર વિશેષ કૃપા કરી તેના કર્મો બાળી પણ નાખે. તે માટે મોટા મુક્તને શરણે થવું એ જ શ્રેષ્ઠ અને નિર્ભય માર્ગ છે. કોઈક વખત અનેક ભક્તોના પ્રારબ્ધકર્મો મુક્ત પોતાના ઉપર લઈ પોતાના દેહ દ્વારા ભોગવી નાંખે છે, પરંતુ તેમને તેની કોઈ પીડાનો





અનુભવ નથી હોતો. મોટા મુક્તના મંદવાડ પાછળ આ પણ એક રહસ્ય છે. તેમના મંદવાડની સેવામાં જે મુમુક્ષુ આવી જાય તેના અનેક જન્મોના કર્મો બળી જાય અને ચૈતન્યની આધ્યાત્મિક ઉન્નતિ થાય. એવા અનેક ઉત્કૃષ્ટ હેતુઓ મુક્તના મંદવાડમાં રહેલા છે. કોને કેટલા પ્રારબ્ધકર્મો ભોગવવાથી અને કેટલા માફ કરવાથી જીવનું ઊર્ધ્વીકરણ થશે તે મુક્ત દ્વારા સ્વયં પ્રભુ નક્કી કરી તે પ્રમાણે ભોગવાવે છે. આ પ્રભુ અને તેના મુક્તની અતિ ગહન લીલા છે. (૬૪)

શ્રીજીમહારાજ મનુષ્યરૂપે પ્રગટ થયેલા ત્યારે અનંત જીવોના કલ્યાણ માટે ૪૯ વર્ષ સુધી અતિ પરિશ્રમ કરેલો. સતત ગામે ગામ વિચરણ કરતા. તેમના આખા જીવન દરમ્યાન સરેરાશ બે કલાકથી વધુ તેમણે ક્યારેય નિદ્રા લીધી ન હતી. ઘણી વખત તો મહિનાઓ સુધી સરખી નિદ્રા નહોતા લેતા. તેમના અનાદિમુક્તો પણ એવી રીતે વર્તતા હોય છે. સામાન્ય જીવો માટે તે રીતે વર્તવું શક્ય નથી હોતું. (૬૫)

મુક્ત એકવાર આશીર્વાદ આપે કે જાવ તમારું પૂરું અને આ તમારો છેલ્લો જન્મ છે, તો તે વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો. તે વચનમાં અશ્રદ્ધા ન લાવવી. વિશ્વાસ કેળવવો, પરંતુ પ્રયત્ન ન કરવો અને વારે વારે આશીર્વાદ માગવા તે મુક્તના વચનમાં અશ્રદ્ધા કે અલ્પ શ્રદ્ધા દર્શાવે છે, માટે મુક્તના આશીર્વાદ મળ્યેથી પૂર્ણ વિશ્વાસ રાખવો અને તેને દિન-પ્રતિદિન બળવત્તર બનાવતા જવું. (૬૬)

અનાદિમુક્તનો જોગ કરવામાં ગમે તેટલા અંતરાયો આવે તો પણ તેનાથી ભય પામીને કે હિંમત હારીને તેમનો જોગ-સમાગમ-સેવા મૂકવા નહિ. આ લોકમાં વ્યવહારે પ્રતિષ્ઠાને હાનિ થાય એમ હોય તો પણ મુક્તનો જોગ છોડવો નહિ. કારણ કે જીવના સાચા હિતકારી તો તેઓ જ છે; આ લોકના કોઈ સગા નથી. આ લોકના બીજા જીવોને આપણી પ્રવૃત્તિ કદાચ ન ગમે અને આપણાથી નારાજ થાય તો એથી કોઈ આધ્યાત્મિક નુકશાન થતું નથી, પરંતુ મોટા મુક્ત નારાજ થાય એવું વર્તન હોય તો જીવનું બગડી જાય, માટે મુક્તનો જોગ પણ સમજણપૂર્વક કરવો અને પોતાના કોઈ ઠરાવો-સ્વભાવો હોય તો તે મૂકી દેવા. નિર્માની-નિષ્કપટ થઈને શુદ્ધપણે વર્તીને સાચા મુક્તનો જોગ-સમાગમ-સેવા કરવા. તો આ જન્મે જ પૂરું થઇ જાય. (૬૭)

મુક્તસ્થિતિ થયા પછી તે મુક્તને પ્રભુ માધ્યમ બનાવી પોતે કાર્ય કરે છે. મુક્તને પ્રભુના સુખ સિવાય બીજી કોઈ ઈચ્છા રહેતી નથી. તેના દ્વારા પ્રભુના સંકલ્પો મૂર્તિમાન થઇ અનેક સ્વરૂપે કાર્ય કરે છે. મુક્તને બે દેહ હોય છે. તેમાં મનુષ્યરૂપે દેખાતો દેહ તથા દિવ્ય સંકલ્પનો દેહ, તેથી મુક્તને દો દેહી કહેવાય છે. દિવ્યદેહ દ્વારા પ્રભુનું અખંડ સુખ માણે છે અને બીજા દેહથી જગતમાં જીવોના કલ્યાણ કરે છે. (૬૮)

પ્રભુના અનાદિમુક્ત કોઈક પાત્ર મુમુક્ષુ હોય તેને પોતે ઈચ્છે તો પ્રભુના દિવ્ય દર્શન-સાક્ષાત્કાર તત્કાળ કરાવી શકે





એવા સમર્થ હોય છે. જે મુમુક્ષુનો મુખ્ય ધ્યેય પ્રભુપ્રાપ્તિનો હોય અને બીજી મર્યાદાઓ તથા દોષો હોય તો પણ તે અદશ્યપણે invisibly સહાય તથા પળે પળ રક્ષા પણ કરે છે. પ્રભુપ્રાપ્તિના માર્ગમાં આવતી દરેક મુશ્કેલીઓ ને અડચણો દૂર કરી પ્રગતિ કરાવે છે. એ એમની મહદ્ કૃપા છે. (૬૯)

જે જીવો ઉપર મુક્ત કરુણા કરી દષ્ટિ કરે અને કલ્યાણનો સંકલ્પ કરે તો તે જીવોને ભારતમાં જન્મ ધરાવે છે. અને જો ભારતમાં અતિ વસ્તી વધારો થયો હોય તો બીજા બ્રહ્માંડોની પૃથ્વી ઉપર મનુષ્ય જન્મ ધરાવી તેમનું કલ્યાણ કરે છે. મુક્તોના સંકલ્પ એવા અતિ બળવાન હોય છે. (૭૦)

મોરારજીભાઈ દેસાઈએ તેમના અંતિમ દિવસોમાં જાહેર કરેલું કે હવે મને કોઈ પણ પ્રકારની ઈચ્છા, આસક્તિ કે રાગ રહ્યા નથી. આ વાત મુક્તરાજને કરી ત્યારે તેમણે કહ્યું કે આ વિધાન પણ બરાબર ન ગણાય. હા, ભૌતિક રાગ કે આસક્તિ ન હોવા તે જરૂરી છે, પરંતુ પ્રભુના સ્વરૂપમાં રાગ-અનુરાગ હોવા જોઈએ, તો જ પ્રભુના દિવ્યસ્વરૂપ સબંધી સુખ-શાંતિ-સામર્થ્ય પ્રાપ્ત થાય, નહીં તો તેનો બ્રહ્મસુષુપ્તિમાં લય થઇ જાય છે. તે અવસ્થાનું સુખ પ્રભુના સુખ પાસે અતિ ગૌણ છે. પછી મોરારજીભાઈનો સત્સંગમાં જન્મ થાય અને તેમનું આત્યંતિક કલ્યાણ થાય એવો શુભ સંકલ્પ મુક્તરાજે કર્યો. (૭૧)

મહાત્મા ગાંધીજીએ કહેલું કે માણસ અસંયમી જીવનથી અને પોતાની બેદરકારીથી માંદો પડે તે પણ અપરાધ છે, હિંસા છે, ગુનો છે. પરંતુ મોટા મુક્તો મંદવાડ ગ્રહણ કરે છે તે વાત જ જુદી છે. કારણ કે મુક્તનો મંદવાડ તો અનેક જીવોના કલ્યાણ માટે તેમણે સ્વતંત્રપણે ગ્રહણ કરેલો હોય છે. (૭૨)

મુક્તરાજે નાનપણમાં પોતાને શ્રીજીની મૂર્તિમાં થતો દિવ્ય પ્રેમ, વચનસિદ્ધિ વગેરે ઐશ્વર્ય-પ્રતાપ જણાવવો, પોતે આ જન્મે સાધન કરીને સિદ્ધ થયેલા નથી, પૂર્વે પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરી મહારાજના સંકલ્પથી જીવોના આત્યંતિક કલ્યાણ કરવા માટે જ પધારેલા છે વગેરે વાત પોતાના અંગત સેવકને જણાવી. અને કહ્યું કે આ મુક્ત દ્વારા મહારાજ ચમત્કાર જણાવે તો આખું જગત તેમનો વરઘોડો કાઢીને ફેરવે અને સાયન્સને પ્રતીતિ થાય તેવા બધા ચમત્કાર પણ જણાવી શકે, પણ તેથી જીવોને બહુ સમાસ ન થાય. મુક્ત પ્રભુના સંકલ્પ પ્રમાણે જ કાર્ય કરે છે. જીવોના પાપકર્મોનું ફળ આપવા શ્રાપનું પ્રકરણ પણ પ્રભુએ તેમના દ્વારા જણાવેલું અને આશીર્વાદ દ્વારા અનેકને સુખિયા કરવાનું પ્રકરણ પણ જણાવેલું. (૭૩)

મુક્તરાજે પોતે સિદ્ધ અનાદિમુક્ત હોવા છતાં મહારાજના સંકલ્પથી અવરભાવમાં ભગવત્સ્વરુપદાસજી સ્વામી તથા વૃંદાવનદાસજી સ્વામીને ગુરુ તરીકે સ્વીકારેલા તે વાત અંગત સેવકને કરેલી. (૭૪)





અનાદિમુક્તને તો કેવળ જીવોના કલ્યાણ કરવા વિષે જ રુચિ હોય છે, પણ બીજા ઐશ્વર્યાર્થીઓની જેમ કાર્યની ધમાલ કરવી તેમને પસંદ નથી હોતી. ઐશ્વર્યાર્થીઓને તો ભગવાનને ભૂલીને કેવળ પોતાની પ્રશંસા-પ્રસિદ્ધિ માટે કાર્યનું તાન હોય છે. (૭૫)

ઘણી વખત જેવા તેવા ચારિત્ર્યહીન સાધુઓને તથા સત્સંગીઓને પણ મુક્ત પગે લાગતા જણાય તેની પાછળનું રહસ્ય એ છે કે મુક્તને બધામાં પ્રભુના દર્શન થાય છે, તે પ્રભુને મુક્ત પગે લાગે છે. કોઈને અભાવ ન આવે અને સમાસ થાય તે હેતુને ધ્યાનમાં રાખીને મુક્ત વર્તે છે. સાથે સાથે તે જીવનું કલ્યાણ થવાનો સંકલ્પ પણ કરે છે. (૭૬)

મુક્તની મનુષ્યરૂપે હાજરી હોય ત્યારે તેમને શરણે આવેલા અને આશીર્વાદ મળેલા હોય તેવા ભક્તનું જીવિતવ્ય પૂરું થાય, ત્યારે તે જીવની ખૂબ જ સારી ગતિ થાય છે. તે જીવના લખચોરાશીના ફેરા મટી જાય છે અને આત્યંતિક કલ્યાણના માર્ગે પ્રગતિ થાય છે. પાત્ર જીવનું  એ જન્મે જ પૂરું થઇ જાય છે. મનુષ્યરૂપ મુક્તની હાજરીની એ વિશેષતા છે. (૭૭)

મોટા મોટા અવતારો, વિભૂતિઓ, દેવો અનાદિમુક્ત પાસે મોક્ષ માગવા આવે છે, કારણ કે તેમને પોતાના કરતાં મુક્તના ઐશ્વર્ય-પ્રતાપ-પ્રકાશ-સુખ-સામર્થ્ય વગેરે અનેકગણું અપાર છે તેમ જણાય છે. (૭૮)

શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્ત પોતાના આશ્રિત જણ જણ પ્રત્યે દિવ્ય સ્વરૂપે સદાય સાથે રહે છે અને માતાની જેમ રક્ષા કરે છે તથા પોષણ આપે છે. (૭૯)

એક વખત ખાળમાં ઘણી મોટી સંખ્યામાં મકોડા ઊભરાયેલા હતા. તેને ઝાડુથી બહાર કાઢી ગટર સાફ કરવાની હતી. તેમાં કેટલાક મકોડા મરી જવાનો સંભવ હતો. તેથી મુક્તરાજે હાથમાં જળ લઈ સંકલ્પ કરી બધા મકોડાને વર્તમાન ધરાવ્યા. ત્યારે પાસે ઉભેલા સેવકે પૂછ્યું, 'ગુરુદેવ! આ બધા જીવોનું શું થશે?' ત્યારે મુક્તરાજે જણાવ્યું કે તે બધા જીવોના અનંત જન્મો ઓછા થઈ જવાથી તે સત્સંગમાં જન્મ ધારણ કરશે અને મોક્ષને પામશે. કેવું અદ્‌ભુત! આવા કલ્યાણના કામ તો સ્વયં પ્રભુ અથવા તેમના મુક્તો જ કરી શકે. (૮૦)

મહારાજ તથા તેમના અનાદિમુક્તો તો ચાહે તેમ કરવા સમર્થ છે, ક્યારેક જરૂર જણાય ત્યારે સૃષ્ટિના નિયમોમાં પણ ફેરફાર કરે અને પોતાનું સામર્થ્ય વાપરીને કાર્ય સિદ્ધ કરે. તેમને પ્રકૃતિના કે આ લોકના નિયમો લાગુ ન પાડી શકાય. અનાદિમુક્ત સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ એક વખત ચન્દ્રગ્રહણ અટકાવી દીધેલું. સ્વામીશ્રીએ વડતાલ ગામ પાસે આવેલા જોળ ગામમાં હરિભક્તોના બહુ આગ્રહથી મંદિર કરવા સારુ એક જમીન પસંદ કરેલી, પણ તે જમીનનો માલિક આસુરી બુદ્ધિવાળો હતો. સ્વામીશ્રીની વિનંતીથી પણ તે જમીન આપતો ન હતો. સ્વામીશ્રી તો તેને તેથી પણ સારી બીજી





જમીન આપવા તૈયાર હતા. સ્વામીશ્રીને તો તેને માટે શુભ સંકલ્પ હતો કે જો તે જમીન આપે તો તેને આ લોકમાં સુખિયો કરવો અને મોક્ષ પણ કરવો તો પણ પેલો ન માન્યો. ગામનો મુખી પણ દ્વેષી હતો એટલે સ્વામી સાથે તકરાર કરવા આવ્યો. તેને પણ સ્વામીશ્રીએ સમજાવ્યો, પણ તે માન્યો નહિ. તેથી સ્વામીશ્રીએ કહ્યું કે તારી જમીન હોય તો તું લઈ લે. પછી તે જમીનમાં જે કોઈ જાય તેને બહુ જ મોટો જબરો નાગ દેખાય તેથી ભય પામીને તે જમીનમાં કોઈ જઈ શકતું નહિ. પછી જમીન માલિકે માફી માગીને મંદિર માટે જમીન આપી દીધી. સ્વામીશ્રીના આશીર્વાદથી તે જમીન માલિક સુખી થયો. આજે તે જગ્યાએ મંદિર છે. આ સમગ્ર જગત પ્રભુનું છે તેથી તુચ્છ પદાર્થ સારું દેહાભિમાન રાખી મોટા મુક્ત સાથે અયોગ્ય વર્તન ન કરવું. તેમની સત્તા પાસે કોઈનું કાંઈ ચાલતું નથી.

અનાદિમુક્તરાજ બાપાશ્રીએ પણ પોતાની વાડી પાસે પીરના ઓટા હતા, ત્યાં લોકો આવીને જમીન બગાડતા તેથી બધાને પાણી છાંટી સંકલ્પમાત્રમાં મોક્ષ કરીને ધામમાં મોકલ્યા અને ઓટા ખોદાવી નાખ્યા, તેમાં કોઈ વિરોધ કરી શક્યું નહિ, ઉલટા બધા રાજી થયા. પીરને માનનારમાંથી કેટલાકને પીરે દર્શન આપી કહ્યું કે આ ઓલિયા પુરુષે અમારો મોક્ષ કરીને અમને ધામમાં રાખી દીધા છે. એ પુરુષ તો ખુદા જેવા છે. (૮૧)

મુક્તરાજ પોતે નાના હતા ત્યારે ઘણા બધાના ભૂત-પ્રેત કાઢતા તે વાત કર્યા પછી જણાવ્યું કે ભગવાનને તેવા કાર્યો મુક્ત દ્વારા કરવા હોય ત્યાં સુધી એવું પ્રકરણ રાખે, પછી બંધ કરે. હવે તો જીવોના આત્યંતિક કલ્યાણ કરવાનો જ એક સંકલ્પ પ્રભુની મરજીથી રહે છે, પણ આ લોકના કાર્યો કરવાનો સંકલ્પ નથી તેમ છતાં પ્રભુની મરજીથી ક્યારેક કાંઈ બોલી જવાય તો તે પ્રમાણે કાર્યો થઇ જાય, પણ તેની રૂચિ નહિ. (૮૨)

શ્રીજીમહારાજ તથા બાપાશ્રી વખતે અવાજ રેકોર્ડ કરવાના સાધનો ન હતા, નહિતર આપણને તેનો લાભ મળતો હોત, પણ મહારાજ કહે છે કે અમારા મુક્તો દ્વારા અમે જ બોલીએ છીએ, તેથી તે અવાજ પણ અમારો જ ગણાય એટલે તેનો આનંદ માણવો. ઘણી વખત મુક્તની વાણી બરોબર ન સંભળાય કે ન સમજાય તો પણ તે સાંભળવાથી વાતાવરણ દિવ્ય બને છે. જેમ દીવો કે અગરબત્તી બોલ્યા વગર પ્રકાશ તથા સુગંધ પ્રસરાવે છે તેમ. (૮૩)

મુક્તનો મહિમા ગવાય ત્યારે તેઓ એમ રાજી થાય છે કે મહારાજનો મહિમા ગવાય છે, કારણ કે મુક્ત દ્વારા કર્તા મહારાજ છે. મહારાજની એવી અલૌકિક લીલાનો તેમને યથાર્થ અનુભવ હોવાથી તેઓ પ્રસન્ન થાય છે કે પોતાના સ્વામીનો મહિમા ગવાય છે, જ્યારે બીજા અપૂર્ણ જીવો પ્રશંસાથી ફુલાઈ જાય છે, એવું મુક્તને નથી હોતું. (૮૪)





મુમુક્ષુએ પોતાના ઠરાવ મૂકી દઈ ભગવાન તથા મુક્તના વચન ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી તે પ્રમાણે વર્તવાથી જ સુખ અને શાંતિનો અનુભવ થાય છે. સ.ગુ. સચ્ચિદાનંદ સ્વામીએ પણ શાંતિના ઉપાય તરીકે મહારાજે બતાવેલ ઉપાય જે અનાદિમુક્ત પર્વતભાઈના ઘરના નળિયાનું ધ્યાન કરવાથી શાંતિ થશે તે વચન ન માન્યું તો શાંતિ ન થઇ. પછી જ્યારે મહારાજનું વચન માની તે નળિયાનું ધ્યાન કર્યું, ત્યારે જ શાંતિ થઇ અને મહારાજની મૂર્તિ અંતરમાં દેખાવા લાગી. માટે મહારાજ અને મુક્તનું વચન માની તેમની આજ્ઞા અને અનુવૃત્તિમાં વર્તવાથી જ સુખ શાંતિ મળે છે, એવું સચ્ચિદાનંદ સ્વામીના દૃષ્ટાંતથી મહારાજે બતાવ્યું. (૮૫)

સારંગપુરમાં હનુમાનજીની મૂર્તિ છે તે સ.ગુ. ગોપાળાનંદ સ્વામીનો સંકલ્પ છે. વૃષપુરમાં હનુમાનજીની મૂર્તિ છે તે બાપાશ્રીનો સંકલ્પ છે. મુક્તરાજે સારંગપુરમાં મહારાજ પાસે એવો સંકલ્પ મૂક્યો કે આ હનુમાનજી દ્વારા થોડા પાત્ર ભૂત-પ્રેત યોનિના જીવોને શુદ્ધિકરણ માટે બદ્રિકાશ્રમમાં મોકલવા અને વધુ પાત્ર જીવ હોય તેને અક્ષરધામની પ્રાપ્તિ કરાવવી અથવા કંઈક કાચપ હોય તો સત્સંગમાં સારો મનુષ્ય જન્મ ધરાવી પૂરું કરવું. તેવી પ્રાર્થના દ્વારા વિશિષ્ટ સંકલ્પ કર્યો. મુક્ત દ્વારા સ્વયં પ્રભુનો જ સંકલ્પ હોય છે. (૮૬)

પરભાવમાં મુક્તો દાસભાવે પ્રભુના સુખમાં ગુલતાન

હોય છે, ત્યારે અવરભાવનું કાંઈ જોતા નથી. એ તો બસ એક સુખના જ જાણપણાએ સહિત સુખમાં નિમગ્ન રહે છે. સુખમાં કિલ્લોલ કરે છે. દરેક અનાદિમુક્તને પોતાની ગતિ-સામર્થી પ્રમાણે સુખની અનુભૂતિ થાય છે, પણ મહારાજના દિવ્યસુખનો પ્રકાર એક જ હોય છે. ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા તો અનંત અનાદિમુક્તો સુખમાં ગતિ કરતા હોય છે, પરંતુ મહારાજના સુખનો કોઈ પાર પામી શકતા નથી. એવા મોટા મુક્તો જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ હોય ત્યારે મહારાજને જરૂર લાગે તો તેમની સ્થિતિ પણ રૂંધે છે અને પોતાની બધી મરજી એવા સમર્થ મુક્તોને પણ નથી જણાવતા. તેમનું જાણપણું લઈ સુખમાં લુબ્ધ કરી દે એટલે મુક્તો મહારાજની મરજી જાણી શકે નહિ. મહારાજને પોતાના મુક્તોને જેટલું જણાવવું હોય તેટલું જ જણાવે છે. એમ મહારાજનું અત્યંત સાધર્મ્ય પામેલા મુક્તો પણ મહારાજની બધી મરજી નથી જાણી શકતા. એવા સર્વોપરી સર્વ સત્તાધીશ શ્રીજીમહારાજ છે. તેમની ગહન ગતિ તથા લીલાનો કોઈ પાર ન પામી શકે. (૮૭)

અવરભાવની દરેક ક્રિયા પરમાત્માના દિવ્ય તેજરૂપ અન્વય શક્તિ-અક્ષરબ્રહ્મ દ્વારા ચાલ્યા જ કરે છે. દરેક શક્તિઓ તે અન્વય સ્વરૂપમાંથી ઉદ્‌ભવે છે અને તેમાં જ પાછી લીન થઈ જાય છે. નાની મોટી દરેક શક્તિઓ તે સ્વરૂપમાંથી જ પ્રગટ થાય છે. ભૌતિક-માયિક શક્તિઓ





physical energies અન્વય શક્તિમાંથી પ્રગટ થાય છે, અર્થાત્ અન્વય શક્તિ દ્વારા કાર્યાન્વિત motivate થાય છે. (૮૮)

જેમને મહારાજ અને મુક્તની કૃપાથી આ જન્મે જ સાક્ષાત્કાર થઈ સિદ્ધદશા પ્રાપ્ત થાય તેમને મહારાજનું દિવ્યસુખ યથાર્થપણે અનુભવાય, પણ બીજા જીવોનું કલ્યાણ જેવું અનાદિમુક્ત સ્વતંત્રપણે પ્રગટ થયા હોય ને કરે તેવું ન કરી શકે. જોકે બીજા સામાન્ય જીવો કરતાં અનેકગણું સારું કાર્ય કરે, પણ સ્વતંત્ર સિદ્ધ અનાદિમુક્ત જેવું કાર્ય ન થાય. પરંતુ તેઓ જે દેહે પ્રભુનો સાક્ષાત્કાર કરી સિદ્ધદશાને પામ્યા હોય તે દેહનો ત્યાગ કરી મહારાજના સુખમાં લીન થાય અને ફરી પાછા જ્યારે મહારાજના સંકલ્પથી જીવોના કલ્યાણ કરવા સ્વતંત્રપણે પ્રગટ થાય, ત્યારે જ જીવોના આત્યંતિક કલ્યાણનું ઉત્તમ કાર્ય કરી શકે. કારણ કે તેમાં મહારાજનો તેવું કાર્ય કરવાનો વિશિષ્ટ સંકલ્પ હોય તેમજ મહારાજ તેમને સ્વતંત્રતા, સત્તા, સામર્થી, જાણપણું વગેરે આપે, એવા સ્વતંત્ર સિદ્ધ અનાદિમુક્ત તો પાત્ર ન હોય તેવા જીવોને પણ કૃપા કરીને આત્યંતિક મોક્ષ પમાડી મહારાજના સુખની પ્રાપ્તિ કરાવે તેવા સમર્થ હોય છે. કોઈ સાધન ન કર્યા હોય પણ એવા મુક્ત કૃપા કરે તો બધા આવરણો દૂર થઈ મહારાજના સુખની પ્રાપ્તિ થઈ જાય એ તેમની વિશેષતા છે. સિદ્ધ અનાદિમુક્ત કરતાં પણ મહારાજ પોતાનો જ વિશિષ્ટ સંકલ્પ પ્રગટ કરે તો તે સંકલ્પ મૂર્તિમાન થઈ જે કાર્ય કરે તેનાથી સિદ્ધ અનાદિમુક્ત

કરતાં પણ વિશેષ કાર્ય થાય. આવી મહારાજની ગહન લીલા છે. એ મૂર્તિને કોઈ કળી ન શકે એવી અકળ મૂર્તિ છે. (૮૯)

એક વખત શ્રીજીમહારાજે સંતોની સભામાં અનાદિમુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીને સૌથી મોટા દાસ કહ્યા, તેથી કેટલાક સંતોએ આશંકા કરી કે મહારાજે સ્વામીને સૌથી મોટા દાસ કેમ કહ્યા હશે? તે બાબત મહારાજને પૂછતાં મહારાજે જણાવ્યું, 'ગોપાળાનંદ સ્વામીને અમે અમારી સાથે લાવ્યા છીએ. તેઓ બીજા જીવોની જેમ અમને ભજીને મુક્ત થયા નથી, પણ અમારા દિવ્યસ્વરૂપમાં સળંગ રસબસ ભાવે સુખભોક્તા એવા અમારા સ્વતંત્ર સિદ્ધ અનાદિમુક્તરાજ છે. તેઓને અમારે લઈને ભગવાન પણ કહી શકાય એવા સમર્થ છે અને અમારા સ્વરૂપમાં એકરૂપ હોવા છતાં દાસભાવે રહી અમારા સ્વરૂપ સંબંધી દિવ્ય સુખ-સામર્થી-પ્રકાશને ભોગવે છે. અમારું સુખ લેવામાં તેમની ગતિ, સામર્થી અતિ અધિક છે. પોતાની ઈચ્છા મુજબ અમારું સુખ સ્વતંત્રપણે ભોગવે છે, પણ અમારા સુખનો-સામર્થ્યનો-પ્રકાશનો-જ્ઞાનનો-ગુણનો કોઈ પાર નથી તે અતિ અપાર છે. તે અનંત અપાર સુખનો અનાદિમુક્તો પાર પામતા નથી, તેમ છતાં ગોપાળાનંદ સ્વામી જેવા મુક્તો અમારો મહિમા બીજા મુક્તો કરતાં વિશેષપણે જાણી, અનુભવી શકે છે. તેથી અમારે વિષે તેમને વધુ મહિમા જાણવાથી દાસપણું પણ વિશેષ છે. આ સત્સંગમાં એવા મોટા





સ્વસિદ્ધ અનાદિમુક્તરાજ ગોપાળાનંદ સ્વામી છે. તે સૌથી મોટા મુક્ત છે. તેથી તેમને સૌથી મોટા દાસ કહ્યા'.

'અમારા સ્વરૂપમાં લીન રહી સુખ ભોગવતા ગોપાળાનંદ સ્વામી જેવા પણ અનંત મુક્તો છે, પરંતુ આ સત્સંગમાં તેઓ સૌથી મોટા છે તેમ તમે સર્વે જાણજો.' એવી રીતે મહારાજે કહ્યું. તેથી જ મહારાજે અદૃશ્ય થતાં પહેલા પણ બધા સાધુ, પાળા, બ્રહ્મચારી સાંખ્યયોગી બાઈ-ભાઈ, હરિભક્તો તથા આચાર્યો એ સૌને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો તેમ ભલામણ કરી હતી. (૯૦)

શ્રીજીમહારાજને જે મુક્ત દ્વારા જીવોના કલ્યાણનું કાર્ય તથા અનેક જીવોને સમાસ કરવા માટેનું કાર્ય કરવાનું હોય તે મુક્તના દેહની સંભાળ પ્રભુ પોતે લે છે. જો કે મુક્ત તો દેહથી પર ને સ્વતંત્ર હોય છે. તેમને તો દેહને જેમ ચલાવવો હોય તેમ ચલાવી શકે છે. જીવોના કલ્યાણ માટે સ્વતંત્રપણે મંદવાડ ગ્રહણ કરી શકે અને ઈચ્છે ત્યારે દૂર કરે અને જ્યાં સુધી દેહને રાખવો હોય, ત્યાં સુધી રાખી પણ શકે છે. તેમ છતાં પોતાને દેહ પ્રત્યે રુચિ ન હોવાથી દેહનું બહુ જતન નથી કરતા. કારણ કે તેમના દ્વારા કર્તા તો મહારાજ છે, તેથી દેહનું જતન મહારાજ કરે છે. શ્રીજીમહારાજને સ.ગુ. શુકાનંદ સ્વામી પાસે શાસ્ત્રો લખાવવાનું કાર્ય કરાવવું હતું જેથી અનેક જીવોને સમાસ થાય તથા આત્યંતિક કલ્યાણ થાય, એટલે શુકમુનિને સંપૂર્ણ નીરોગી અને આરોગ્યવાન

રાખેલા. પછી શ્રીજીમહારાજે દેહોત્સવ કર્યો અને શુક્મુનિએ પણ જે કાર્ય માટે દેહ ધર્યો હતો તે કાર્ય પૂરું થયું. તેમને પણ ઉદાસી થઇ અને દેહોત્સવ કરવો હતો, પણ શરીર નીરોગી હતું એટલે તેમણે મહારાજને અંતરથી ખૂબ પ્રાર્થના કરીને સામેથી મંદવાડ માંગ્યો. પછી તેમને જીર્ણ તાવ શરૂ થયો એટલે મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહી અને દેહ ત્યાગ કરી દીધો. (૯૧)

અનાદિમુક્ત પૃથ્વી ઉપર વિચરતા હોય ત્યારે પોતે તો મહારાજની મૂર્તિમાં રસબસ લીન રહી મૂર્તિનું દિવ્ય અલૌકિક સુખ ભોગવતા હોય છે અને તેમના દ્વારા જીવોના કલ્યાણના કાર્ય પ્રભુ પોતે કરે છે. મુક્તની દૈહિક ક્રિયાઓ બધી તેમના સંકલ્પમાત્રથી થયા કરતી હોય છે. તેમની નાની મોટી, શુભ અશુભ દરેક ક્રિયાઓ જીવોના કલ્યાણને અર્થે જ હોય છે. તેઓ રસ્તે ચાલતા હોય તો જે જીવને તેમના દર્શન થાય, જે જીવની ઉપર તેમની દૃષ્ટિ પડે, જે જીવને તેમનો સ્પર્શ થાય અથવા તેમને સ્પર્શેલી હવા પણ જે જીવના શરીરને સ્પર્શે તેના અનેક જન્મો કપાઈ જાય છે. એનું કારણ એ છે કે તેમના દ્વારા સ્વયં મહારાજનો જીવોના કલ્યાણ કરવાનો સંકલ્પ હોય છે. પરમાત્માના દિવ્યસંકલ્પના આંદોલનોની શક્તિથી ચૈતન્યો ઉપરના અનંત જન્મના આવરણો, ચિત્તમાં રહેલા અનંત જન્મોના કર્મસંસ્કારો, બંધનો દૂર થઇ જાય છે. કર્મના records નોંધ ભુંસાઈ જાય છે, તેથી અનેક કર્મના ફળ





જીવોને ભોગવવાના રહેતા ન હોવાથી જન્મો કપાઈ જાય છે. જો તે કર્મસંસ્કારો ભૂંસાઈ ન જાય તો તે કર્મો તેનું ફળ આપ્યા સિવાય રહે જ નહિ એવો કર્મનો સિદ્ધાંત છે.

જીવને અનેક જન્મો લેવા જ પડે છે, કારણ કે કર્મ તેનું ફળ આપ્યા પછી જ શાંત થાય છે, પરંતુ પ્રભુ મુક્ત દ્વારા પોતાનું અન્યથાકર્તાપણું વાપરીને અનેક જીવના અનંત કર્મો પોતાની સંકલ્પશક્તિથી બાળી નાખે છે. તેથી જીવને મોક્ષનો માર્ગ ટૂંકો થઇ જાય છે. એટલું મોટું ફળ તો જે જીવ ફક્ત મુક્તની દૃષ્ટિમાં આવેલા હોય કે ફક્ત મુક્તને સ્પર્શેલી હવાના સંસર્ગમાં આવેલા હોય તેને મળે છે, તો જે મુમુક્ષુએ એવા મોટા મુક્તને ઓળખી તેમનો મહિમા જાણી જોગ-સેવા-સમાગમે કરીને તેમને પ્રસન્ન કર્યા હોય તેના ભાગ્યનો તો પાર જ નથી. એવા મોટા મુક્તના દર્શન કરવા બ્રહ્માંડના અધિપતિઓ, અવતારો, વિભૂતિઓ, દેવો વગેરે આવતા હોય છે અને મુક્ત પાસે આત્યંતિક મોક્ષની યાચના કરતા હોય છે. (૯૨)

મુક્ત અનેક જીવો ઉપર કૃપા કરી આશીર્વાદ વરસાવી આત્યંતિક મોક્ષ જે પ્રભુના દિવ્યસુખની પ્રાપ્તિ કરાવે છે. જીવને દેહ મૂક્યા પછી તે કઈ સ્થિતિમાં છે, તેની સુખ ભોગવવાની કેવી ગતિ છે, તે બધું મુક્ત જાણી શકે છે. કેટલાક જીવો આશીર્વાદ મળવા છતાં પણ આશીર્વાદમાં અશ્રદ્ધાને લીધે દેહ મૂક્યા પછી સૂક્ષ્મશરીરમાં રહે છે. તેમને

જો પાત્ર થાય તો ફરી જન્મ ધરાવ્યા વગર સૂક્ષ્મશરીરમાંથી સીધા જ પ્રભુના સુખમાં મૂકી શકે એવું મુક્તનું સામર્થ્ય હોય છે. (૯૩)

અનાદિમુક્ત કોઈ મુમુક્ષુને રાજી થઈને આશીર્વાદ આપે ત્યારે તે આશીર્વાદરૂપી દિવ્યસંકલ્પનું એક રક્ષા કવચ ચૈતન્યની આસપાસ બની રહે છે, તેથી તે ચૈતન્યની કાળ-કર્મ-માયા થકી રક્ષા થાય છે. આસુરી માયાની શક્તિ તે ભક્તને ક્યારેય પરાભવ નથી કરી શકતી. તે ચૈતન્યનો કલ્યાણને માર્ગે ઉત્કર્ષ સધાય છે અને જ્યારે પૂર્ણ પાત્ર થાય, ત્યારે આત્યંતિક મોક્ષને પામે છે. (૯૪)

શ્રીજીમહારાજને પોતાના અનાદિમુક્તો સૌથી વહાલા છે. તેમને પોતાનું દિવ્યસુખ અખંડ ભોગવાવે છે. જીવોનો આત્યંતિક મોક્ષ કરવાનો પોતાનો મૂળ સંકલ્પ હોવાથી પોતાના સિદ્ધ મુક્તોને પોતાના સુખમાં રાખ્યા થકા આ લોકમાં મનુષ્યરૂપે પ્રગટ કરે છે. તેમના દ્વારા જીવોને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન-ધ્યાન-ઉપાસના દૃઢ કરાવી આત્યંતિક મોક્ષ કરે છે. જેમ મુક્તોને સૌથી વહાલા પ્રભુ છે, તેમ પ્રભુને પણ સૌથી વહાલા તેમના અનાદિમુક્તો છે. એક વખત મોટા મોટા વિદ્વાન-પંડિતોની સભા થઈ હતી. તેમાં વેદ વેદાંત ઉપર પ્રશ્નોત્તરી ચાલતી હતી. તે સભામાં શ્રીજીમહારાજે સ.ગુ. ગોપાળાનંદ સ્વામીને ઉચ્ચાસને બેસારેલા. સ્વામીશ્રીએ મહારાજની મૂર્તિમાં રહીને બધા પ્રશ્નોના સચોટ અને પ્રમાણિત





ઉત્તરો આપ્યા તેથી પંડિતોએ આશ્ચર્ય પામીને ગોપાળાનંદ સ્વામી અને મહારાજ પાસે પોતાનો પરાજય સ્વીકારી, વંદન કરી મસ્તક નમાવ્યા. તેમાંથી કેટલાક તો શ્રીજીમહારાજના આશ્રિત થઇ ગયેલા. એમ સભા જીતી. એ રીતે મહારાજ પોતાના વહાલા અનાદિમુક્તોને આગળ કરી તેમનો મહિમા વધારે છે. (૯૫)

હરિભક્તો પોતાના દુઃખ કે મુશ્કેલીઓમાં, અનેક પ્રકારની વિટમણાઓમાં, દોષો પીડતા હોય ત્યારે પ્રભુને આર્તનાદે પ્રાર્થના કરે તો પ્રાર્થના દ્વારા તે ભક્તને મુશ્કેલીઓ, દુઃખો કે અંતઃશત્રુઓનો સામનો કરવાનું બળ મળી રહે. સહનશક્તિનો વિકાસ થાય. પ્રભુ ને સંત પ્રત્યે દાસભાવની અને શ્રદ્ધાની દૃઢતા થાય. માનસિક શાંતિ, નિર્મળતા અને નિર્ભયતા પ્રાપ્ત થાય. પ્રાર્થનાના આટલા બધા લાભ છે, એટલે જ પ્રાર્થનાને અમોઘ સાધન કહ્યું છે. વાસ્તવિક રીતે પ્રભુને પ્રાર્થના પહોંચી શકતી નથી. કારણ કે પ્રભુ તો મન-વાણીથી પર છે, અગોચર છે, કાળ-કર્મ-માયાથી પર છે. એટલે ત્યાં સુધી પ્રાર્થના પહોંચવી સંભવ નથી. પ્રાર્થના પહોંચાડવા માટે સ્થૂળ-સૂક્ષ્મ-કારણ-મહાકારણ એ બધા દેહથી, જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ ને તુરીય એ અવસ્થાઓથી, ત્રણ ગુણ સત્વ-રજસ-તમસથી પર ગુણાતીત થઇ તથા કાળ-કર્મ-માયાથી પર થઇ, પ્રભુનો સાક્ષાત્કાર કરી પ્રભુ સાથે એકાત્મપણે જોડાઈને પ્રાર્થના કરે, ત્યારે પ્રભુને તે પ્રાર્થના પહોંચે. પરભાવમાં અહીંની

વાણી કે બીજા કોઈ સાધન પહોંચી શકતા નથી. પરંતુ જ્યારે મુક્તનું પૃથ્વી ઉપર મનુષ્યરૂપે વિચરણ હોય, ત્યારે તેમને પ્રાર્થના કરવાથી તેમના દ્વારા સ્વયં પ્રભુનો આવિર્ભાવ હોવાથી તે પ્રાર્થના પ્રભુને પહોંચે છે. મુક્તમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ લાવી તેમને પ્રાર્થના કરે તો તે પ્રાર્થનાનો ભાવ મુક્ત પોતાના દિવ્યસંકલ્પના બળથી પ્રભુને પહોંચાડે, એટલે પ્રભુ તે ભાવને પોતાની તેજરૂપ અન્વયશક્તિ દ્વારા ગ્રહણ કરી, તેનું જે યોગ્ય ફળ આપવું હોય તે પણ અન્વયશક્તિ દ્વારા જ ભક્તને આપે છે.

અનાદિમુક્તે મહારાજને પ્રાર્થના કરવી પડતી નથી. એ તો અવરભાવમાં પોતે જાણે પ્રાર્થના કરતા હોય, પૂજા, ધ્યાન-ભજન, જપ-તપ વગેરે સાધનો કરતા જણાય, પરંતુ એ બીજા જીવોને શીખવવા માટે જ તેમ જણાવતા હોય છે. તેમનું એવું આચરણ જોઈ બીજા ભક્તો તે પ્રમાણે મહારાજની પ્રસન્નતાના સાધન કરે અને પ્રભુપ્રાપ્તિ માટેની પાત્રતા કેળવે એ હેતુથી મુક્ત સાધન કરે છે, પણ તેમને તો સાધનમાત્ર સિદ્ધ થઈ ગયેલા હોઈ તેઓ પૂર્ણકામ હોય છે. તેઓ તો મહાપ્રભુજીના સુખમાં જ ગુલતાન રહ્યા થકા અવરભાવની બધી ક્રિયા કરે છે, તેમાં કર્તાપણું તો મહારાજનું જ હોય છે. તે મુક્તમાં મહારાજ વ્યતિરેક સ્વરૂપે વિચરતા હોય, એટલે તેમનાથી કશું જ અજાણ્યું નથી હોતું. જીવને શું સંકલ્પ થાય છે, શું સંકલ્પ કરેલા હતા, શું સંકલ્પ થવાના છે એ બધી જ





મુક્તને ખબર હોય છે. જીવને ક્રિયા કર્યા પછી શું કર્મબંધન થવાનું છે તે કર્મનું શું યોગ્ય ફળ આપવું તે બધું જ મુક્ત જાણે છે. તેઓ સર્વાન્તર્યામી ને સર્વજ્ઞ હોઈ તેમનાથી કાંઈ પણ અજાણ્યું નથી હોતું. 'તનકી જાને, મનકી જાને, જાને ચિત્તકી ચોરી, ઈનકે આગે ક્યા છીપાયે, જિનકે હાથમે જીવન દોરી.' મુક્તને શ્રીજીમહારાજ સાથે સંપૂર્ણ એકાત્મપણું હોવાથી મહારાજના જાણપણા સાથે મુક્તનું જાણપણું હોય છે. એટલે કોઈ ભક્ત મુક્તને પ્રાર્થના કરે તો તે પ્રાર્થના મહારાજ ગ્રહણ કરીને તેનું યોગ્ય ફળ આપે છે.

કોઈ ભક્ત જ્યારે પ્રભુની પ્રતિમાને પ્રાર્થના કરે, ત્યારે પણ પૃથ્વી ઉપર રહેલા મુક્ત સર્વવ્યાપી હોવાથી તેઓ જ પ્રાર્થના ગ્રહણ કરીને પ્રભુને પહોંચાડે છે. મુક્ત જ્યારે પૃથ્વી ઉપરથી મનુષ્ય દેહે અદૃશ્ય થઈ જાય પછી પરભાવમાં તેઓ પ્રભુના સુખમાં જ ગુલતાન રહે છે, પણ આ લોકમાં શું ચાલે છે તે અખંડ જોયા કરતા નથી. પરંતુ મહારાજ અને અનાદિમુક્ત પોતાના દિવ્ય મૂર્તિમાન સંકલ્પ આ લોકમાં, વાતાવરણમાં મૂકીને અદૃશ્ય થાય છે. તે સંકલ્પ સાથે જે ભક્તની અતિ દિવ્યભાવ સાથે ભાવાત્મક રીતે એકતા થાય અને તે જ્યારે પ્રતિમાસ્વરૂપોને પ્રાર્થના કરે અથવા અંતરમાં મૂર્તિ ધારીને પ્રાર્થના કરે તો તે પ્રાર્થનાનો મહારાજ અને મુક્તના સંકલ્પ દ્વારા પણ સ્વીકાર થાય છે. પ્રભુની અન્વયશક્તિ દ્વારા બધા બ્રહ્માંડોની ક્રિયા ચાલ્યા કરે છે. મુક્ત

અને મહારાજની કેવી એકતા છે, મહારાજ મુક્તને કેવું સુખ આપે છે આ બધી વાત બહુ ગહન છે ને સમજવી મુશ્કેલ છે, એટલે જ પ્રભુ અને મુક્તની લીલાને નેતિ નેતિ કહે છે. કેવળ અનુભવથી જ આ વાત સમજી શકાય છે, પણ મુક્ત થોડી દિશ દેખાડે એટલે મુમુક્ષુને તે દિવ્ય સ્થિતિ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા જાગે અને પ્રભુપ્રાપ્તિને માર્ગે પ્રગતિ સાધી શકે. (૯૬)

શ્રીજીમહારાજ પોતે પૃથ્વી ઉપર પધારે અથવા પોતાના મુક્તને પ્રગટ કરે, ત્યારે જેટલું કાર્ય કરવાનો મૂળ સંકલ્પ હોય તે કાર્ય કરવા ઉપર જ મહારાજ અથવા મુક્તનું સહેજે જ લક્ષ્ય હોય અને તેની ઉપર જ વિશેષ ભાર આપે, જેથી તે કાર્ય સિદ્ધ થાય. અનાદિમુક્ત જ્યારે જીવોના કલ્યાણ માટે આ લોકમાં પ્રગટ થાય, ત્યારે મહારાજ તેમને બધું જાણપણું, ઐશ્વર્ય, સામર્થ્ય ને સ્વતંત્રતા આપે છે. જેથી મુક્ત સ્વતંત્રપણે વિચારીને કાર્યની ગોઠવણ-આયોજન સંજોગો, પરિસ્થિતિ અને દેશકાળ પ્રમાણે કરી શકે. They think independently.

શ્રીજીમહારાજના પોતાના પણ અતિ બળવાન સંકલ્પો હોય છે, જે પોતાના મુક્ત દ્વારા કાર્ય કરવાના સંકલ્પ કરતાં પણ વિશિષ્ટ અને શક્તિશાળી હોય છે. એટલે મહારાજના તેવા વ્યતિરેક સ્વરૂપના સંકલ્પોને પણ પોતાનું નોખું વ્યક્તિત્વ અને સ્વરૂપ હોય છે, જે મૂર્તિમાન હોય છે. તે સંકલ્પો મુક્ત કરતાં પણ વિશેષ કાર્ય કરે છે. તે સંકલ્પસ્વરૂપ અને મહારાજને સ્વામી-સેવકભાવ નથી, પરંતુ કાર્ય-કારણનો





સંબંધ, સંકલ્પ-સંકલ્પીનો જ ભાવ હોય છે. તેથી તેઓ વિશેષ શક્તિશાળી હોય છે. મુક્તના સંકલ્પ અને મહારાજના સંકલ્પને સ્વામી-સેવકભાવ હોય છે. કારણ કે મુક્તના સંકલ્પ પણ આખરે તો દાસના જ સંકલ્પ છે અને મહારાજ તો સર્વેના સ્વામી છે. તેથી મહારાજના સંકલ્પમાં વિશેષ બળ હોય જ તેમાં શું આશ્ચર્ય! મહારાજ અને મુક્તને સ્વામી-સેવકભાવ હંમેશ રહે છે. મુક્તો મહારાજ પાસે પરતંત્ર છે, પણ કાળ-કર્મ-માયાથી પર ને સ્વતંત્ર છે. મુક્ત અને મહારાજનો સંકલ્પ એક જ છે એમ કહેવાનું તાત્પર્ય એ છે કે મુક્ત પણ જેટલું કાર્ય તેમના દ્વારા જણાવવાનો મહારાજે સંકલ્પ કર્યો હોય એટલું જ જણાવે છે. (૯૭)

એક વખત સ.ગુ. ભગવત્‌સ્વરૂપદાસજી સ્વામી એક ગામથી બીજે ગામ જતા હતા. રસ્તામાં એક ઝાડ નીચે વિસામો ખાવા બેઠા. ત્યાં એક ભરવાડ ગાયો-ભેંસો ચરાવતો હતો. સ્વામીશ્રીએ તેને પોતાની પાસે બોલાવી ભગવાનની વાતો સાંભળવા માટે બેસવા કહ્યું. એટલે તે રબારીએ કહ્યું, ‘બાપજી, તમારી વાતો સાંભળવા રહીએ તો અમારા ઢોર ક્યાંના ક્યાંય નીકળી જાય. પછી એટલા બધા ઢોરોને શોધવા કઠણ પડે અને અત્યારે દી’ આથમવાનું ટાણું પણ થવા આવ્યું છે.’ પછી સ્વામીશ્રીએ કહ્યું, ‘અમે તેવું નહીં થવા દઈએ. ભગવાનની વાતો સાંભળવાથી જીવનું કલ્યાણ થઈ જાય અને મનખો લેખે લાગે. ભગવાન તમારા ઢોરોનું ધ્યાન રાખશે, તમે બેસો.’ સ્વામીશ્રીના આવા વચનથી તે ભરવાડને વિશ્વાસ

આવ્યો ને ભગવાનની વાતો સાંભળવા બેઠો. ઢોરો તો ઘણે દૂર નીકળી ગયેલા. ભરવાડ સ્વામીશ્રીના મુખે થતી ભગવાનની વાતો સાંભળવામાં મશગૂલ થઇ ગયો.

સ્વામીશ્રીની વાતો પૂરી થઇ ત્યારે ભરવાડને પોતાના ઢોરો ન દેખાતાં ચિંતા થવા લાગી. પછી સ્વામીશ્રીએ તેને આશ્વાસન આપતાં કહ્યું, ‘ધીરજ રાખો, હમણાં બધા ઢોરો આવી જશે.’ પછી સ્વામીશ્રીએ મહારાજની મૂર્તિ ધારી અંતર્યામીપણે બધા ઢોરોનું આકર્ષણ કર્યું એટલે થોડી વારમાં જ બધા ઢોરો ભેગા થઈને ત્યાં આવી ગયા. રબારીને બહુ જ આશ્ચર્ય થયું એટલે અહોભાવ સાથે સ્વામીશ્રીને સાષ્ટાંગ દંડવત કર્યા. અને ભાવવિભોર થઈ બોલ્યો, ‘બાપજી, તમે મારી ઉપર બહુ દયા કરી. મને મારા છેલ્લા વખતે દર્શન દઈ ભગવાનના ધામમાં લઇ જજો.’ એ રબારીને અંત વખતે સ્વામીશ્રી શ્રીજીમહારાજને લઈને દર્શન દઈ ધામમાં તેડી ગયેલા. ભગવત્ સ્વામી એવા સમર્થ હતા.

એક વખત એક આગેવાન હરિભક્તને પોતાના મકાન ઉપર માળ લેવો હતો એટલે ભગવત્ સ્વામી પાસે આવીને પૂછ્યું, ‘હું મકાન ઉપર માળ લઉં?’ એને એમ કે સ્વામી સમર્થ ને અંતર્યામી છે એટલે શું કરવું તે કહેશે, પરંતુ સ્વામીશ્રીએ તો તેને કહ્યું, ‘હું કંઈ મકાનના પાયામાં ઘૂસીને થોડો જોવાનો હતો કે બીજો માળ લેવાય કે નહીં! તું કોઈક એના જાણકાર ઈજનેરને પૂછ.’ એમ મુક્તોની લીલા અકળ હોય છે. ક્યારેક સમર્થપણું બતાવે ને ક્યારેક સાવ અસમર્થપણું





પણ બતાવે. મુમુક્ષુએ મુક્તની આવી લીલામાં દિવ્યભાવ રાખવો. (૯૮)

ગુરુવર્ય મુક્તરાજ નારાયણભાઈએ કેટલાક પાત્ર મુમુક્ષુઓને મહારાજના દર્શન કરાવેલા, કેટલાકને અંતર્યામીપણે સંકલ્પ જાણી તેમના મનોરથો પૂર્ણ કરેલા, બાપાશ્રીની કૃપામાં આવેલા પ્રતાપભાઈ વ્યાસ જેવા ભક્તોને વચન આપ્યા પ્રમાણે નિર્ધારિત દિવસે શ્રીજીમહારાજ સાથે દર્શન આપી મૂર્તિના સુખમાં લઇ ગયા, કેટલાક હરિભક્તોનું આયુષ્ય પૂરું થઇ ગયું હોય તેને આયુષ્ય વધારી આ લોકમાં રાખ્યા, કોઈકને આયુષ્ય હોવા છતાં તેમની પ્રાર્થનાથી ભગવાનના ધામમાં ને મૂર્તિના સુખમાં મૂકી દીધા, અનેકની શારીરિક, માનસિક, આર્થિક, વ્યાવહારિક ને આધ્યાત્મિક મુશ્કેલીઓ ને વિટંબણા દૂર કરી ન્યાલ કર્યા. આવા અનેક કાર્યોમાં તેમની દિવ્ય સ્થિતિનો ને અલૌકિક સામર્થ્યનો અનેકને અનુભવ થયો છે અને અત્યારે પણ તેમને દિવ્યભાવથી સંભારનારને એવા અનુભવ થાય છે. (૯૯)

ગુરુવર્ય નારાયણભાઈમાં અનંત અગાધ સામર્થ્ય હોવા છતાં તેઓ ક્યારેય પણ તેનો ઉદ્ઘોષ કરતા નહોતા. કોઈક કંઇક તકલીફની ફરિયાદ લઈને તેમની પાસે આવે ત્યારે તેઓ એમ કહેતા કે તમારા માટે હું શ્રીજીમહારાજને પ્રાર્થના કરીશ. હું કરું છું કે મેં આમ કર્યું એવો લેશમાત્ર ભાવ તેમને કદી ઉદ્ભવતો નહીં, બધા કાર્યોનો બધો જ યશ પરમાત્માને આપવો આજ તો પૂર્ણ મુક્તનું લક્ષણ છે! (૧૦૦)

## ૩

# મહારાજ તથા અનાદિમુક્ત વિષે દિવ્યભાવ

**જીવનનું લક્ષ્ય એક માત્ર પ્રભુપ્રાપ્તિ જ જ્યારે બની રહે, ત્યારે સાધક માટે દરેક નાની મોટી બાબતો અગત્યની બની જાય છે. એ દરેક બાબતો સાધનાપથ પર મદદગાર સાબિત થાય છે. તેમાંની જ એક મુખ્ય બાબત છે - અનાદિમુક્ત વિષે દિવ્યભાવ રાખવો. પોતાને મળેલા ગુરુ પ્રત્યે હંમેશાં દિવ્યભાવ જ રહેવો જોઈએ. મુક્ત પ્રત્યેના દિવ્યભાવનો સ્વભાવ દરેક ચૈતન્ય પ્રત્યે દિવ્યભાવ રાખવાની પ્રેરણા આપે છે. સાધકને જ્યારે કોઈ પ્રત્યે દ્વેષભાવ ન રહે, ત્યારે તે નિર્દોષ બને છે. અને નિર્દોષ મન દ્વારા જ પ્રગતિ સાધી શકાય છે. તે માટે સાધકને મુક્ત પ્રત્યે અખંડ દિવ્યભાવ રહેવો અતિ આવશ્યક છે.**

શ્રીજીમહારાજ અથવા તેમના અનાદિમુક્તનું પૃથ્વી ઉપર મનુષ્યરૂપે વિચરણ હોય ત્યારે તેમનો જોગ-સમાગમ-સેવા જે મુમુક્ષુ કરતો હોય, તે પોતે અથવા બીજા કોઈ પાસે પણ પ્રભુનું અને મુક્તનું સ્વરૂપ કદાપિ ગૌણ કરવું ન જોઈએ.





તેમ કરવાથી તેની આધ્યાત્મિક પ્રગતિ અટકી જાય છે. મુક્તની સાથે રહીને આવી સમજણ ન કેળવી શકાય તો દૂર રહી તેમનો મહિમા જાણવો, પણ સાથે રહીને પોતાની ક્ષતિઓ જેવી કે પ્રસિદ્ધ થવાનો રાગ કે માન-મોટપ મેળવવાની ખેવના, ઈર્ષા-દ્વેષ, રાજરમત વગેરેને ઓળખીને તે સમજણપૂર્વક દૂર કરવાં. નહિ તો મુક્તની સાથે રહેનારને બીજા લોકો માન-મોટપ આપે તો તેમાં બંધાઈ જવાય. એ જાતનો સાત્ત્વિક અહંકાર કે હું કાંઈક છું, લોકો મને પણ મોટો જાણે છે, તે પણ પ્રભુના સાક્ષાત્કારને માર્ગે અવરોધરૂપ છે. (૧)

જ્યારે બીજા લોકો પ્રભુના સ્વરૂપનું કે મોટા મુક્તનું ખંડન કરતા હોય તથા નિંદા-ટીકા કરતા હોય, તે વખતે પોતાની પ્રસિદ્ધિને ઝાંખપ આવે એવા ભયથી તથા બીજાની મોબતમાં (અસર નીચે) આવી જઈને તે સાંભળી લે, તો તેમાં તેની મૂક સંમતિ ગણાય. એવા કોઈ પણ પ્રયત્નથી જોગ કરનારની પ્રગતિ અટકી પડે છે. કારણ કે તે પ્રભુ અને મુક્તનો અપરાધ છે. મહાભારતમાં ભીષ્મપિતાની વાત છે કે તેઓ જ્યારે બાણશૈયા પર હતા, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ તેમને દર્શન આપવા ગયા. એ વખતે ભીષ્મપિતાએ પૂછ્યું, 'મેં એવું ક્યું પાપ કર્યું છે કે જેની આવી આકરી સજા મારે ભોગવવી પડે છે?' તેના પ્રત્યુત્તરમાં શ્રીકૃષ્ણે કહ્યું, 'જ્યારે દ્રૌપદીનું દુ:શાસન દ્વારા ચિરહરણ થતું હતું, ત્યારે તમે તેને તેમ કરતાં કેમ રોક્યો નહિ અને તે બાબત એક શબ્દ પણ

ઉચાર્યો નહિ? તેથી તે પાપમાં તમારી મૂક સંમતિ ગણાય. એટલે તમે પણ તે પાપના ભાગીદાર થયા. સમાજના મુખ્ય આગેવાન વ્યક્તિ જો અપરાધ કરે તો બીજા સામાન્ય વ્યક્તિ કરતાં તેનો અપરાધ મોટો ગણાય, તેથી તેની શિક્ષા પણ વિશેષ થાય. એટલે આવું આકરું ફળ તમારે ભોગવવું પડે છે, મોટાની સજા મોટી.'

જ્યારે કોઈ પણ વ્યક્તિ મોટા મુક્તને ગૌણ કરવાનો પ્રયત્ન કરે અથવા નિંદા કરે, ત્યારે તેને સ્પષ્ટપણે જણાવી દેવું કે, મારે એ મુક્ત પુરુષનો ગાઢ પરિચય છે અને તેમની મહાનતા અને દિવ્યતાનો મને પૂરો અનુભવ છે. હું તેમની દિવ્ય સ્થિતિથી બરોબર વાકેફ છું. તમારી કોઈની પણ સ્થિતિની સરખામણી તેમની સ્થિતિ પાસે થઇ શકે તેમ નથી તે પણ હું જાણું છું. તમારી સમજશક્તિના અભાવે તમે તે મહાન પુરુષની નિંદા કરો છો. એ સત્ય મૂર્તિ વિષે નિંદાત્મક અને અસત્ય વાણી ઉચ્ચારવાનો તમને કોઈ અધિકાર જ નથી. તે માટે મારી હાજરીમાં એવી કોઈ વાત તમારે ક્યારેય ઉચ્ચારવી નહિ. અને જો તમારે નિંદા કરવી જ હોય અને તેમાં તમને લાભ જણાતો હોય, તો એક ખૂણો શોધી જ્યાં કોઈ ન હોય તેવી જગ્યાએ જઈ નિંદારસનો આનંદ માણવો. અને તે અપરાધનું ફળ ભોગવવાની પૂરતી તૈયારી પણ રાખવી. મારે તમારી સાથે અપરાધના ભાગીદાર થવું નથી. આવી રીતે સ્પષ્ટતા કરી દૃઢતાથી પ્રતિકાર કરવો, એમાં





મહારાજ તથા મુક્તની ખૂબ પ્રસન્નતા છે. હંમેશાં શૂરવીર તથા નિર્ભય રહેવું. શ્રીજીમહારાજે પણ વચનામૃતમાં કહ્યું છે કે ભગવાન અથવા ભગવાનના મુક્તનું કોઈ ઘસાતું બોલે, તો તેના વેણ ઉપર વેણ લાવવું અને તેવા પાજીપલાવની છાયામાં દબાઈ જવું નહિ. આવી સમજણ કેળવાય તો જ પ્રભુના કલ્યાણકારી ગુણો તેમાં આવે. (૨)

જેમની કૃપાથી જીવને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત થઇ હોય તે અનાદિમુક્તનું ગુરુરૂપે અવરભાવમાં જેમ મુખ્યપણું રહે છે, તેમજ પરભાવમાં મુક્તદશામાં પણ મુખ્યપણું રહે છે. તે મુક્તને જેના થકી મુક્તદશા પ્રાપ્ત થઇ હોય તેમનું સુખ પણ મળે છે. કારણ કે મુક્ત સ્થિતિમાં મુક્ત પણ સુખરૂપ બને છે. દરેક મુક્તનું સુખ પણ વિવિધતાવાળું હોય છે. જેમ મુક્તનું સામર્થ્ય વિશેષ તેમ તેમનું સુખ પણ વિશેષ. મુક્તદશાને પામેલો મુમુક્ષુજીવ તેમને પોતાને મળેલા મુક્તનું સુખ અને મહારાજનું સુખ એક સાથે મૂર્તિમાં રસબસભાવે ભેળા રહીને ભોગવે છે. જેમ અવરભાવમાં મુક્ત જુદા લાગે છે, તેમ પરભાવમાં નથી. પરભાવમાં તો મહારાજની મૂર્તિ સાથે નખશીખાંત રસબસભાવે મુક્તો એકમેક સાથે રહી મૂર્તિનું સળંગ દિવ્યસુખ માણે છે. પછી જ્યારે મહારાજની મૂર્તિનું યથાર્થ સુખ વિશિષ્ટ રીતે આવવા માંડે, ત્યારે મહારાજના સુખ પાસે મુક્તનું તથા ધામનું સુખ ગૌણ થઇ જાય છે. અનાદિમુક્તરાજ બાપાશ્રી પણ કહેતા જે, 'એ મૂર્તિના સુખમાં

પહોંચ્યા પછી ધામનું સુખ તે પણ શું? અને મુક્તનું સુખ તે પણ શું? એવું એ મૂર્તિનું અલૌકિક, અનુપમેય સુખ છે.' જુદા જુદા અનંત બ્રહ્માંડોમાં થતા વિવિધ ઉત્સવ-સમૈયાઓ તથા ધૂન, કીર્તન, આરતી વગેરેનું વૈવિધ્યસભર સુખ અતિ અલૌકિકપણે એકકાળાવચ્છિન્ન મુક્ત ભોગવે છે અને મહારાજની મૂર્તિના સુખમાં લુબ્ધ રહે છે. મહારાજનું સ્વરૂપ અનંત સમુદ્ર જેવું છે તે સ્વરૂપમાં રહેલા મુક્તોને જણાય છે. બીજા કોઈને પાત્રતાના અભાવે એ દિવ્યભાવ શું છે તેનો ખ્યાલ આવતો નથી. (૩)

જગતના અન્ય તીર્થો સ્થાવર તીર્થો ગણાય છે, પરંતુ અનાદિમુક્તો જંગમ તીર્થ ગણાય. અનાદિમુક્તો સ્વયં પુરુષોત્તમરૂપ હોવાથી તેઓની પ્રાપ્તિ સાક્ષાત્ પુરુષોત્તમ મળ્યા તુલ્ય છે. શ્રીજીમહારાજના વચનામૃતમાં વચનો છે કે અમારે લઈને મુક્તાનંદ સ્વામીને પણ ભગવાન કહી શકાય. 'સંત જાણજો મારી મૂર્તિ રે તેમાં ફેર નથી એક રતી રે, સંત તે સ્વયં હરિ.' (૪)

અનાદિમુક્તને વિષે દિન-પ્રતિદિન દિવ્યભાવ વૃદ્ધિ પામતો રહે અને તેમનો મહિમા વિશેષ ને વિશેષ જણાયા કરે, તો મુક્તને વિષે આત્મબુદ્ધિ દૃઢ થાય. એવા મુમુક્ષુની આધ્યાત્મિક ઉન્નતિ ઝડપથી થાય છે. એવો દિવ્યભાવ જાણનારા મુમુક્ષુ ઉપર પ્રભુ તથા મુક્તની વિશેષ પ્રસન્નતા થાય છે ને પ્રભુ તેને પોતાના સુખે સુખિયો કરી દે છે. (૫)





મુમુક્ષુજીવ ઉપર મુક્તનો ઘણો રાજીપો હોય છે, પરંતુ તે જો માન-અપમાન, સુખ-દુઃખ, હાણ-વૃદ્ધિ, હર્ષ-શોક, રાગ-દ્વેષ વગેરે દરેક પ્રકારની દ્વંદ્વાત્મક પરિસ્થિતિમાં સમતા ધારણ કરી શકે અને તેવા દ્વંદ્વોથી મૂંઝાઈ ન જાય, એ હેતુથી મુક્ત ક્યારેક કસોટીના ભાગરૂપે તેની ઉપર ક્રોધ કે રોષની લાગણી વ્યક્ત કરે છે. એવા ભાવો પણ મુમુક્ષુના સર્વપ્રકારે હિતમાં જ હોય છે. તે માટે મુમુક્ષુએ એવા ભાવ મુક્તને વિષે જોઈને સંકલ્પો કે કુતર્ક ન કરવા, પણ દિવ્યભાવ રાખી તેની નિરંતર દૃઢતા કર્યા કરવી એ સાચા મુમુક્ષુનું લક્ષણ છે. આવા અતર્ક મુમુક્ષુ ઉપર મુક્તની વધુ પ્રસન્નતા થયે સાક્ષાત્કારને માર્ગે પાત્રતા આવે છે ને ત્વરિત પ્રગતિ સધાય છે. (૬)

નિષ્કામવ્રતની અતિ દૃઢતા થયા પછી સ્ત્રી-પુરુષનો ભેદભાવ રહેતો નથી. એવા ઊર્ધ્વરેતાને સ્ત્રીના સંસર્ગથી વિકાર ઉદ્ભવતો નથી. આવી સ્થિતિ થાય ત્યારે પાત્રતા આવી કહેવાય. કેવળ આત્મસાક્ષાત્કારવાળાને પણ સ્ત્રી-પુરુષનો ભેદભાવ નથી હોતો, તો પછી સિદ્ધ અનાદિમુક્તો કે જેઓ પ્રભુસ્વરૂપ છે, તેમને તો કોઈ માયિક વિકાર હોય જ ક્યાંથી? એવું વિચારી એવા નિષ્કામ-નિર્દોષ મુક્તને વિષે દિવ્યભાવ લાવે, તો તે દિવ્યભાવની દૃઢતા કરનાર પોતે પણ નિર્વિકારી અને નિર્દોષ બની જાય છે. (૭)

અનાદિમુક્તની નાની મોટી દરેક ક્રિયા કેવળ જીવોના

કલ્યાણ માટે જ હોય છે, તો પણ જીવો પોતાના અમુક પ્રકારના કુસંસ્કારો અને દોષોને લઈને મુક્તને વિષે મનુષ્યભાવ તેમજ દોષ પરઠી તેમને વિષે અયોગ્ય તર્ક-કુતર્ક અને સંકલ્પ કર્યા કરે છે. ક્યારેક અમુક મુમુક્ષુઓને પણ પૂર્વ સંસ્કારોને લઈને અથવા મનની કુટેવને લઈને મુક્તને વિષે મનુષ્યભાવના સંકલ્પ થઈ જાય છે. જો મુમુક્ષુને તેનો પસ્તાવો થાય તો પ્રભુ તેને માફ કરે, પરંતુ જો તે દોષની આંટી બંધાઈ જાય અને પસ્તાવો ન થાય, તો તેને પ્રભુ માફ કરતા નથી. તે દોષ પરઠનારને વજ્રલેપ જેવા કર્મસંસ્કાર બંધાઈ જવાથી તેનું ફળ અવશ્ય ભોગવવું પડે છે અને તેને જન્મો પણ ધરવા પડે છે. એવો પ્રભુની સૃષ્ટિમાં કર્મનો અચલ નિયમ છે. તેમાં જો કોઈ આશંકા કરે કે જીવોને તો પ્રભુ તથા મુક્તોની અવરભાવની કે પરભાવની લીલા સમજવાની ગતિ ન હોય અથવા પૂર્વ સંસ્કારવશ મનની નબળાઈને લીધે, કે પછી પોતાનામાં પણ કાચપ હોય, તેને લીધે મોટા પુરુષને વિષે મનુષ્યભાવના સંકલ્પ-વિકલ્પ થાય અને અજાણપણે, અજ્ઞાનવશ દોષ પરઠાઈ જાય, તો જીવનો કેટલેક અંશે વાંક ગણાય? પ્રભુ તેને માફ ન કરે? તેનો ઉત્તર એ છે કે જો દ્રોહની આંટી પાડે ને પસ્તાવો ન થાય તો તે અપરાધ ક્ષમ્ય ન બને, તેનું ફળ અવશ્ય ભોગવવું પડે. જેમ કોઈને આંખે દેખાતું ન હોય અને ખાડામાં પડે તો ચોક્કસ ઈજા થાય. એમાં કાંઈ તેનો વાંક છે કે નહિ તે ન જોવાય! એમ કર્મનો





સિદ્ધાંત છે કે કર્મ પ્રમાણે તેનું ફળ ભોગવવું પડે.

મુક્તના સેવા, સમાગમ, જોગ કરે, તેમની અનુવૃત્તિમાં વર્તે અને તેમને વિષે આત્મબુદ્ધિ કરે, તો તે જીવના બધા પાપકર્મો બળી જાય, આવરણો હટી જાય અને સુખિયો થઈ જાય. મુક્તની સેવાનો એવો મોટો લાભ છે. સાચી સમજણ અને મુક્તની કૃપા દ્વારા બધા દોષો ટળી જાય અને સદાય દિવ્યભાવ રહે. મુમુક્ષુના દોષો ટાળવા મુક્તો દ્વારા પ્રભુ જ ક્રોધનો ભાવ જણાવે છે. એવી સમજણવાળાને દિવ્યભાવની દૃઢતા થાય છે. પૂર્ણ મુક્તની અકારણ કૃપાથી જ તેમનો જોગ થયો ને સેવા-સમાગમનો લાભ મળ્યો તે જ મોટો પરચો છે. મુક્ત સાથે રહી વાત વાતમાં પરચા-ચમત્કાર જોવા પામવા ઈચ્છવું નહિ. એવું ઈચ્છે તે પામરતા છે અને તેનો આધ્યાત્મિક વિકાસ રૂંધાય છે. પ્રભુ સર્વજ્ઞ હોવાથી જે કાંઈ અનુકૂળ અને યોગ્ય હોય તેમ જ કરે છે.

અનાદિમુક્ત અનિવાર્ય સંજોગો સિવાય પ્રકૃતિના નિયમોમાં બિનજરૂરી હસ્તક્ષેપ કરતા નથી. ભૌતિક પદાર્થોની રક્ષા માટે તથા જીવોની ક્ષુલ્લક માંગણીઓની પૂર્તિ માટે પોતાની આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કરતા નથી. તેમ છતાં જીવોના સમાસ અર્થે આવશ્યકતાનુસાર પોતાનું સામર્થ્ય પ્રગટ પણ કરે છે. (૮)

શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્તો પૃથ્વી પરથી અદૃશ્ય થયા હોય, તો પણ દિવ્યરૂપે સદાય પ્રત્યક્ષ જ હોય

છે. અણુ અણુ પ્રત્યે સર્વત્ર વ્યાપક તથા સર્વજ્ઞ હોવાથી તેમને જે કોઈ ભક્ત હૃદયના સાચા ભાવથી સંભારે, તો તરત જ પ્રત્યક્ષ જેવું કામ કરે છે. જો ભક્તને ત્વરા ન હોય અને સાચા ભાવથી તેમને સંભારે નહિ, તો પ્રભુ તથા મુક્ત પણ તેને સંભારતા નથી. જો ભક્તને ખરી ત્વરા અને ભાવ હોય તો ઘણી વખત પ્રત્યક્ષ દર્શન આપીને સર્વપ્રકારે સહાય તેમજ રક્ષા કરે છે.

એક હરિભક્તે પ્રભુને ખૂબ પ્રેમભાવથી સંભાર્યા તો શ્રીજીમહારાજે સાક્ષાત્ દર્શન આપીને પૂછ્યું કે શું કામ છે? ત્યારે તે ભક્તે કહ્યું કે મહારાજ! મારે કામ તો કાંઈ નથી, આ તો તમને સંભાર્યા એટલે તમે કૃપા કરી દર્શન આપ્યા. મહારાજે કહ્યું કે અમને તથા અમારા મુક્તને કોઈ હૃદયના ખરા ભાવથી સંભારે, તો અમે પ્રગટ થઇ દર્શન આપીએ છીએ. એમ ભગવાનના ભક્ત સાચા ભાવથી સંભારે તો પ્રભુ અને મુક્તનો આવિર્ભાવ manifestation થાય છે અને પ્રભુ ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે. (૯)

સંપૂર્ણ શરણાગતિનો અર્થ ઘણો જ ગહન છે. એ તો મહારાજ અને મુક્તમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા હોય, ક્યારેય પણ મનુષ્યભાવ ન આવે અને સદાય દિવ્યભાવ જ રહે, ક્યારેય તર્ક-કુતર્ક ન થાય, અયોગ્ય ઘાટ-સંકલ્પ ન થાય, અંતર્યામીપણું મનાય, તેમની આગળ માન, દંભ, છળ, કપટ, અસત્ય, શંકા-કુશંકા વગેરે દુર્ભાવો ન રહે, ત્યારે જ





સાચી શરણાગતિ આવે. બાકી કેવળ વાચ્યાર્થ જ્ઞાનથી કોઈ ફલશ્રુતિ ન થાય. (૧૦)

પ્રભુપ્રાપ્તિ અર્થે સિદ્ધમુક્ત એવા ગુરુજીને વિષે ગુરુભક્તિ હોવી આવશ્યક છે. ગુરુભક્તિનો અર્થ એ છે કે પ્રભુના અને મુક્તના વચન પ્રમાણે જ વર્તવું. જીવોને પ્રભુના વચનમાં પ્રવર્તાવવા એ જ સાચા ગુરુનું કર્તવ્ય છે. પ્રભુના અને મુક્તના ગમતામાં અર્થાત્ તેમની અનુવૃત્તિમાં જ વર્તવું ને આજ્ઞાલોપ ન થવા દેવો તે સાચી ગુરુભક્તિ છે. (૧૧)

અનાદિમુક્તના દર્શન-સેવા-સમાગમનું ફળ અનંતગણું છે. શાસ્ત્રોમાં પણ બીજા સ્થાવર તીર્થો સત્પુરુષની પાસે ગૌણ કહ્યા છે. અને સત્પુરુષને તો જંગમ તીર્થ કહ્યા છે. તે માટે જંગમ તીર્થરૂપ એવા મુક્તપુરુષની અંગત સેવા કરે, તો ખૂબ જ પુણ્યફળ મળે. સેવકે જેવા ફળની ઈચ્છા સાથે મુક્તની સેવા કરી હોય તેવી પ્રાપ્તિ થાય. કારણ કે શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્ત તો ચિંતામણી તુલ્ય છે, એટલે જેવું ચિંતવે તેવી પ્રાપ્તિ થાય. મુક્તની સેવાનું ફળ માયિક કે ભૌતિક સુખને અર્થે ઈચ્છે તો તે પ્રાપ્ત થાય અને આત્યંતિક મોક્ષને અર્થે ઈચ્છે, તો સઘળા પાપકર્મો બળી જાય. બધા આવરણો હટી જાય અને પાત્રતા આવે ને પ્રભુનો સાક્ષાત્કાર થઇ પ્રભુના દિવ્યસુખની પ્રાપ્તિ પણ થાય. મોટા મુક્તની અંગત સેવાનું એવું દુર્લભ ફળ છે. પરંતુ તે ફળમાં પૂર્વ જન્મોના પાપકર્મના સંસ્કાર ભળવાથી મુક્તમાં દોષ કે મનુષ્યભાવ પરઠાઈ જાય,

તો એ અપરાધથી બુદ્ધિ દુષિત થઇ પુણ્યફળથી પ્રાપ્ત થયેલી શક્તિ વિકૃત બને છે. તે આસુરી શક્તિથી અહંકારી બનીને બીજાને દુઃખ દે, હેરાન-પરેશાન કરે, એ રીતે શક્તિનો દુરુપયોગ કરે, તો તે જ શક્તિ પતન નોતરે. દિવ્ય શક્તિ તો એક જ છે તેનો સદુપયોગ કરે તો પોતાનું તથા બીજા અનેકનું કલ્યાણ કરે, માટે એ દિવ્ય શક્તિનો જેવો ઉપયોગ કરે તેવું ફળ થાય. આસુરી શક્તિમાં પરિવર્તિત થયેલી પુણ્યફળરૂપી શક્તિ અતિ બળવાન હોવાથી જલદી પરાભવ પામતી નથી, પરંતુ તે પુણ્યફળ જ્યારે ખૂટી જાય, ત્યારે જીવનો પરાભવ થઇ જાય છે. તેણે કરેલા પાપકર્મોનું પ્રારબ્ધ બંધાવાથી અનેક યાતનામય જન્મો ધરી શિક્ષા ભોગવવી પડે છે. તે માટે મુક્તની સેવાનું ફળ માયિક સુખો અને ઐશ્વર્યો માટે ન ઇચ્છતાં કેવળ પ્રભુની પ્રાપ્તિ અર્થે જ ઇચ્છવું. (૧૨)

ભગવાન તથા તેમના મુક્તની આજ્ઞામાં રહી તેમની સેવા કરે તો જ પાત્ર થવાય. સેવા-પરિચર્યા કર્યા વગર કર્મોનો ક્ષય થતો નથી અને જન્મ-મરણનું ચક્ર બંધ થતું નથી. બીજી બધી સેવા તો ઠીક છે, પણ મોટા મુક્તની આજ્ઞા-અનુવૃત્તિમાં રહીને દિવ્યભાવથી સેવા કરવી તે જ સાચી સેવા છે. જેનાથી મુક્ત અને પ્રભુજીની પ્રસન્નતા થાય છે અને દોષો-આવરણો-કર્મોનો ક્ષય થઇ પાત્રતા આવે છે. પૂર્ણ ગુરુ એવા મુક્તની સેવા કરવાથી જ વ્યક્તિ મહાન બને છે. એ વગર કોઈ મહાન થયું નથી. શારીરિક સેવા એ જ માત્ર ગુરુની સેવા





નથી, પરંતુ તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી તેમને રાજી કરી લેવા તે જ સાચી સેવા છે. તે સેવા દ્વારા મુમુક્ષુનો આધ્યાત્મિક વિકાસ સધાય છે. (૧૩)

પ્રગટ અનાદિમુક્તના જોગ-સમાગમ-સેવામાં જે મુમુક્ષુ રહેતા હોય તેમણે પ્રસિદ્ધ થવાનો પ્રયાસ કરવો ન જોઈએ. યશ-કીર્તિ-પ્રસિદ્ધિના રાગ હોય તો તેને જાગૃત રહીને દૂર કરી હંમેશ દાસભાવે વર્તવું. પ્રસિદ્ધિની લાલસા પાત્ર થવામાં બહુ મોટો અવરોધ ઊભો કરે છે. કારણ કે તેવી લાલસાવાળા ઉપર મુક્તની પ્રસન્નતા થતી નથી. જ્યારે મુક્ત પૃથ્વી પરથી વિદાય લઈ લે, ત્યારે પ્રસિદ્ધિની ઇચ્છાવાળો પ્રભુને ન ગમે તેવું અયોગ્ય આચરણ કરીને મોક્ષમાર્ગેથી પડી જાય છે. તેને પ્રભુપ્રાપ્તિનો વિલંબ થઇ જાય છે. તે માટે મુક્ત જ્યારે પ્રગટ હોય, ત્યારે તેમનો અતિશય મહિમા જાણી, તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં વર્તી, તેમને વિષે આત્મબુદ્ધિ અને દિવ્યભાવની દૃઢતા કર્યા કરવી. અપ્રસિદ્ધ રહીને પ્રસન્નતાના સાધનો તથા સેવાકાર્યો, સત્કાર્યો કર્યા કરવા. એમ કરવાથી મહારાજ અને મુક્તનો રાજીપો અને કૃપા ઊતરવાથી પ્રભુનો સાક્ષાત્કાર થયે યથાર્થ સુખની અનુભૂતિ થાય છે. શ્રીરામકૃષ્ણ પરમહંસનો બાહ્ય દેખાવ કોઈ દિવાના મનુષ્ય જેવો હતો, તો પણ વિવેકાનંદ સ્વામી જેવા બુદ્ધિશાળી વ્યક્તિએ તેમને બરોબર ઓળખી લીધેલા. શ્રીરામકૃષ્ણ ક્યારેક વિવેકાનંદની કસોટી કરવા તેમની ઉપર ક્રોધ, રોષ વગેરે ભાવો પ્રદર્શિત કરતા,

ત્યારે વિવેકાનંદ એમ બોલતા કે એ ક્રોધના ભાવ મારા દોષો દૂર કરવા ગુરુજી તે ભાવો પોતે ગ્રહણ કરીને પોતાના દ્વારા પ્રદર્શિત કરે છે. મારા ગુરુજી તો સંપૂર્ણ નિર્દોષ છે. તેમને પોતાના ગુરુનો આવો સંપૂર્ણ મહિમા હતો. તેમને પ્રભુના સાકાર સ્વરૂપની ઉપાસના ન હોવાથી તેઓ પોતાના ગુરુને જ પ્રભુના સગુણ અવતાર માનતા. વિવેકાનંદના એવા ગુણોથી પ્રસન્ન થઈને રામકૃષ્ણ પરમહંસે તેમને બ્રહ્મદર્શન કરાવેલું. (૧૪)

મુમુક્ષુ પ્રત્યે ક્યારેક મુક્ત ક્રોધ, તિરસ્કાર, અણગમો વગેરે ભાવ જણાવે, તેવા ભાવો ચૈતન્ય પરત્વે નહિ, પરંતુ તેના દોષો પ્રત્યે જ હોય છે. અને તે પણ મુક્ત દ્વારા પ્રભુ જ એવી લીલા બતાવે છે. મુમુક્ષુને આ બધા ભાવો દિવ્ય સમજાય તો જ તે નિર્દોષ બની શકે. પોતાના કુસ્વભાવ કે અજ્ઞાનવશ મુક્તમાં દોષ પરઠે તો પોતે કરેલો પુરુષાર્થ વ્યર્થ જાય. મુક્ત તો પ્રભુ જેવા જ નિર્લેપ છે. તેમના પ્રેમ, દયા, કરુણા, કૃપા વગેરે ગુણો દિવ્ય છે, તેવી જ રીતે ક્રોધ, આકરાપણું, અણગમો વગેરે બધું જ દિવ્ય અને કલ્યાણકારી છે. મુક્તની દરેક ક્રિયા ચૈતન્ય ઉપર રહેલા આવરણો-દોષો હઠાવી તેને enlightend મુક્ત કરવા માટે જ હોય છે. જીવને પોતે દેહાભિમાની હોવાથી પોતાની ક્રિયાઓ જેવી તેવી ઠેકાણા વગરની હોય, તેથી મુક્તમાં પણ તેવો જ મનુષ્યભાવ પરઠે છે. મુક્તની ક્રિયાઓમાં સંકલ્પ વિકલ્પ ન થાય અને સદાય





દિવ્યભાવ રહે એ જ સાચા મુમુક્ષુનું લક્ષણ ગણાય.

રામકૃષ્ણ પરમહંસ વિવેકાનંદ સ્વામીને હોકો બરોબર ન ભરે તો તે લઈને માથામાં મારતા. ક્યારેક તિરસ્કાર કરી ઠોસો પણ મારતા, તો પણ વિવેકાનંદને ક્યારેય મનુષ્યભાવ ન આવતો. સંકલ્પ પણ નો'તો થતો કે મોટા થઈને આવું કેમ કરે છે? તેમને તો રામકૃષ્ણનો પ્રેમ, કૃપા, ક્રોધ, આકરાપણું વગેરે બધું દિવ્ય તેમજ કલ્યાણકારી જણાતું. જેવો પ્રેમ તેવો જ ક્રોધ પણ ગણતા. ક્રોધને divine anger નિર્ગુણ માનતા. તેમ મુમુક્ષુએ મુક્તને વિષે સદાય દિવ્યભાવ રાખી સંકલ્પ સમાવતા શીખવું. સદાય જાણપણારૂપી દરવાજે ઊભા રહી પોતામાં ક્યા ક્યા દોષો, સ્વભાવ, વાસનાઓ, ઈચ્છાઓ અને કેવા કેવા રાગ પડ્યા છે, તેની અંતરવૃત્તિએ નિરંતર તપાસ કરતા રહી સંકલ્પ રહિત થતા શીખવું. મન સંકલ્પશૂન્ય થાય ત્યારે જ પ્રગતિ સાધી શકાય. બાકી કથા-વાર્તા-કીર્તન-ભજન-યાત્રા વગેરે ઉપર ઉપરના સત્સંગ અને આટાટોપથી કાંઈ દી'વળતો નથી. તેમાં થોડો સાત્ત્વિક આનંદ મળે અને દિનકઢણીની જેમ સમય પસાર થાય એટલું જ. પરંતુ જેને પ્રભુનો સાક્ષાત્કાર કરવો હોય, તેણે સૂક્ષ્મ જ્ઞાન સમજવું પડે. આ માર્ગ ઘણો જ કઠણ છે, પણ યોગ્ય સમજણ કેળવી પુરુષપ્રયત્ન કરે તો સહેલો પણ બને છે. (૧૫)

કેટલાક હરિભક્ત મોટા મુક્તના દર્શને જાય ત્યારે કોઈક વખત મુક્ત તેમને ન પણ બોલાવે. કારણ કે દરેક વખતે

બધાને સાચવ્યા કરવા તે આવશ્યક નથી હોતું. એ વખતે કોઈને એમ થાય કે મુક્ત આપણી ઉપર રાજી હશે કે નહિ? એવે વખતે અંતરમાં તપાસ કરવી કે મારાથી શ્રીજીમહારાજ અને મુક્તની કોઈ આજ્ઞાનો લોપ તો નથી થતો ને? ભગવાનના ગમતા પ્રમાણેનું મારું શુદ્ધ વર્તન છે? પંચવર્તમાન સમજણપૂર્વક બરોબર પળાય છે? નાના મોટા પાપકર્મો થઈ જતા નથી ને? પ્રભુ તથા તેમના મુક્તોને વિષે અયોગ્ય ઘાટ-સંકલ્પ થતા નથી ને? નિષ્કામ આદિ નિયમધર્મોનું પાલન બરોબર થાય છે કે નહિ? ધ્યાન-ભજન પણ બરોબર થાય છે કે નહિ? જો આ બધું બરોબર હોય તો સમજવું કે મોટા મુક્ત આપણી ઉપર રાજી જ છે. પરંતુ આ બધામાં કંઈક ક્ષતિ કે ઊણપ હોય તો સમજવું કે મુક્તને ને પ્રભુને આપણું અયોગ્ય આચરણ-વર્તન ગમતું નથી. મુક્ત કોઈ ઉપર ક્યારેય કુરાજી થતા નથી, પણ આપણા દોષો-સ્વભાવો ઉપર ક્યારેક અણગમો પ્રદર્શિત કરે છે. મુમુક્ષુએ તે દોષો ઓળખી તેને દૂર કરવાનો સતત પ્રયત્ન કરવો, તો પ્રભુ અને મુક્ત તેની ઉપર સદાય રાજી જ છે. (૧૬)

મુક્ત સાથે રહેવાનું થાય ત્યારે ભક્તના હિત માટે મુક્ત ક્યારેક આકરાપણું પણ જણાવે, કારણ કે શ્રીજીમહારાજ પણ તેવા ભાવ જણાવતા. પ્રભુ અને મુક્તની સંપૂર્ણ એકતા હોવાથી એવું પ્રભુનું અંગ મુક્તમાં પણ આવે છે. મુક્ત વહાલ ખૂબ જણાવે એટલે આકરાપણાનો ભાવ વિસરાઈ જાય.





મુક્તપુરુષ વઢે ત્યારે દિવ્યભાવ રહે તો બધા દોષ ટળી જાય. (૧૭)

પ્રભુ તથા મુક્તને વિષે પૂર્ણ વિશ્વાસ હોવો આવશ્યક છે, પરંતુ એકલા વિશ્વાસ માત્રથી દિવ્યભાવની દૃઢતા થતી નથી. પરમાત્માની દિવ્યતા ગ્રહણ કરવા માટે તેમને વિષે માહાત્મ્ય સહિત આત્મબુદ્ધિ પણ દૃઢ કરવી જરૂરી છે. વિશ્વાસ પછીનું બીજું પગથિયું આત્મબુદ્ધિનું છે, પરંતુ એવી આત્મબુદ્ધિ મુક્તને વિષે થવી ઘણી કઠણ છે. તે ખૂબ જ સૂક્ષ્મ સમજણ માગી લે છે. જે મુમુક્ષુ પ્રભુ અને મુક્તની પ્રસન્નતા સિવાયના બીજા બધા માયિક-ભૌતિક રાગમાત્ર સાંખ્યજ્ઞાને કરીને ટાળી નાખી, કેવળ પ્રભુ તથા મુક્તને વિષે જ અનુરાગ અને પ્રેમની વૃદ્ધિ કરે, તેમને વિષે કોઈ દોષ ભાસે જ નહિ, સદાય દિવ્યભાવ રહે, એવી સમજણની દૃઢતા કરે ત્યારે જ યથાર્થ આત્મબુદ્ધિ થાય. મુક્તના વચનને વિષે તથા તેમના જોગ-સમાગમ-સેવા વિષે જેટલી ત્વરા અને તત્પરતા વધે એટલી આત્મબુદ્ધિ દૃઢ થાય. અંતરવૃત્તિ તેમજ બાહ્યવૃત્તિએ મુક્તના સમાગમ દ્વારા પ્રભુના સ્વરૂપમાં જોડાવાથી બધા સાધન સિદ્ધ થઈ કૃતાર્થ થવાય છે.

મહારાજ તથા મુક્તનો જેમ જેમ મહિમા વધતો જાય, તેટલો હૃદયને વિષે દિવ્ય પ્રકાશ અને નાદ પણ વધતો જાય અને દિવ્યસુખની પણ વૃદ્ધિ થતી જાય. ચૈતન્ય ઉપર અનંત આવરણોનો અંધકાર વ્યાપ્ત છે. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ તેમજ

મહાકારણના અનંત આવરણો છે, જે સાધન દ્વારા અનેક જન્મો સુધી પ્રયત્ન કરે તો પણ હટે તેવા નથી. એ આવરણો તો પ્રભુ અથવા તેમના મહામુક્ત પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ હોય ત્યારે તેમને વિષે દઢ આત્મબુદ્ધિ કરે, ત્યારે તેમની કૃપાથી જ દૂર થાય. એ સિવાય આવરણો દૂર થવા શક્ય નથી. પ્રભુ અને મુક્તની કૃપા દ્વારા આવરણો હટે ત્યારે દિવ્ય પ્રકાશ થાય છે. પ્રભુનું દિવ્ય સ્વરૂપ, તેમનું દિવ્ય સુખ એ બધું દિવ્યપ્રકાશરૂપ છે. પ્રભુના દિવ્યસ્વરૂપનો પ્રકાશ જ તેમનું અક્ષરબ્રહ્મરૂપ અન્વય સ્વરૂપ છે, દિવ્ય શક્તિ છે, જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે, સામર્થ્ય છે, ઐશ્વર્ય છે, એ બધું દિવ્ય પ્રકાશમય છે. મહારાજની મૂર્તિની અંદર બહાર સર્વત્ર એ દિવ્ય પ્રકાશ જ વ્યાપી રહેલો છે. (૧૮)

શ્રદ્ધા એ પ્રભુની દિવ્ય શક્તિના વહન માટેનું ઉત્તમ માધ્યમ છે. પ્રભુ તથા મુક્તની કૃપાશક્તિ-અનુગ્રહાશક્તિ તેમનામાં તથા તેમના વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય, તો તે શ્રદ્ધાના માધ્યમ દ્વારા તે કૃપાશક્તિનું મુમુક્ષુ ઉપર અવતરણ થાય છે. જો મુમુક્ષુમાં શ્રદ્ધાનો અભાવ હોય તો મુક્તની કૃપાનો સ્પર્શ થતો નથી. જેમ wire તાર દ્વારા વીજળીનું વહન થાય છે, પણ જો તાર તૂટી જાય તો વીજળીનું વહન અટકી પડે. પછી જ્યારે તે તારને સાંધે, ત્યારે ફરી વીજળીનું વહન શરૂ થાય. એ રીતે શ્રદ્ધારૂપી તાર દ્વારા પ્રભુની દિવ્ય શક્તિનો મુમુક્ષુમાં સંચાર થાય છે, પરંતુ જો શ્રદ્ધા મંદ પડે





તો દિવ્ય શક્તિના સંચારમાં વિઘ્ન ઊભું થાય, તેથી તે શક્તિનો મુમુક્ષુને લાભ ન મળે. પછી શ્રદ્ધામાં જેવી પક્વતા, દઢતા થાય કે તરત જ દિવ્ય શક્તિનો સંચાર શરૂ થઇ કૃપા ઊતરી આવે છે. કૃપાસ્પર્શ પામીને મુમુક્ષુ નવા જોશ અને ઉમંગ-ઉત્સાહથી પુલકિત થઇ આધ્યાત્મિક માર્ગે પોતાનો વિકાસ સાધે છે.

મુમુક્ષુએ સતત જાગૃત રહીને શ્રદ્ધાની દઢતા કર્યા કરવી જોઈએ. મહારાજ અને મુક્તને વિષે દિવ્યભાવની વૃદ્ધિ અખંડ થયા જ કરવી જોઈએ. તેમને વિષે તીવ્ર અભિનિવેશ કરવાથી તેમનું માહાત્મ્ય દિન પ્રતિદિન વૃદ્ધિ પામતું જઈ દિવ્યભાવની દઢતા થાય છે. મુક્તને વિષે અવિચલ શ્રદ્ધા હોય તો નિષ્કામવ્રતની દઢતા થઇ ઊર્ધ્વરેતા થવાય છે અને પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની પાત્રતા આવે છે, પરંતુ શ્રદ્ધામાં ખામી હોય તો પ્રાપ્તિમાં વિલંબ થઇ જાય છે. મુમુક્ષુ માટે શ્રદ્ધાની દઢતા અતિ અનિવાર્ય છે. (૧૯)

શ્રીજીમહારાજ અથવા અનાદિમુક્તની પ્રત્યક્ષ પ્રાપ્તિ થઇ હોય અને તેમણે પ્રસન્ન થઈને કૃપા વરસાવી આશીર્વાદ આપ્યા હોય, તે વચનમાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવા જોઈએ. મુમુક્ષુએ પોતાનું અપૂર્ણપણું ક્યારેય ન માનતાં, હંમેશ પૂર્ણકામપણું થઇ ગયું છે એમ જ માનવું. એવી દઢ શ્રદ્ધાવાળાને મૂર્તિનું સુખ મુક્ત જલદી અપાવે છે. પોતાને પૂર્ણકામ માને નહિ અને છતે દેહે સાક્ષાત્કાર કરવાની ઇચ્છા

રાખે, પણ તે માટે પૂરતો પુરુષાર્થ ન કરે તો સુખની પ્રાપ્તિમાં વિલંબ થઇ જાય. (૨૦)

કેટલાક લોકોને બાહ્યવૃત્તિએ આખો દિવસ કથા-વાર્તા-કીર્તન વગેરેનું obsession થઇ જાય છે, એવું વળગણ થઇ જાય છે કે જો તે ન થાય તો ચેન ન પડે. પછી અંતરવૃત્તિએ મૂર્તિમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ન કર્યો હોય, તો અંત વખતે ખૂબ જ મૂંઝવણ થાય અને અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ થયા કરે. મૃત્યુ સમયને સમુદ્ર જેવો ગણ્યો છે. તે વખતે તો દેહમાં પીડા અને અંતઃકરણમાં સંકલ્પ-વિકલ્પની ઘણી ધમાલ ચાલતી હોય છે. તે સમયે સમજણ રાખી દુઃખ સહન કરે અને મૂર્તિ ન દેખાય તો પણ બીજી બધી ક્રિયાનો ત્યાગ કરી, અખંડ એમ જ ગોખ્યા કરે કે મારા ચૈતન્યને મહારાજે કૃપા કરીને મૂર્તિમાં રાખ્યો છે, હું તો એ દિવ્યસુખમાં જ છું. દેહ દેહના ધર્મની રીતે ભલે વર્તે, હું તો તેનાથી જુદો અને અખંડ એ સુખમાં જ છુ, તો તે સુખને જરૂર પામે. પરંતુ એવી શ્રદ્ધા મંદ પડે અને બીજા સંકલ્પે ચડી જાય તો મોક્ષ થવામાં વિલંબ થાય. માટે દેહ સાજો-સારો હોય ત્યારથી જ અભ્યાસ કરી પરિપક્વ થઇ જવું. (૨૧)

બધું જ્ઞાન હોવા છતાં સ્વભાવો ને દોષો કેમ પીડે છે? એનો ઉત્તર એ છે જે, જીવને પૂર્વના બળવાન કર્મસંસ્કારો ફરી ફરીને પોતાના દોષો ને સ્વભાવ પ્રમાણે વર્તાવે છે, તેથી તે સંસ્કારો વધુ બળવત્તર બને છે. તે સંસ્કારો અને દોષોને





દૂર કરી તેની ઉપર વિજય મેળવવાનો પુરુષાર્થ કરવો એ એક આંતરિક સંઘર્ષ છે, લડાઈ છે. સત્પુરુષના વચનમાં બળ અને દૃઢ શ્રદ્ધા સાથે awareness જાગૃતિ રાખી સતત જાણપણારૂપી દરવાજે ઊભા રહી, પ્રસન્નતાના સાધન કરવાથી દોષો-સ્વભાવોનું બળ ઘટે છે ને તેની સાથેની લડાઈનો અવધિ પણ ઓછો થાય છે. દૃઢ શ્રદ્ધાવાનને તે સંઘર્ષનો અંત વિના વિલંબે આવી ને પ્રગતિ સધાય છે. મંદ શ્રદ્ધાવાળાને વિલંબ થાય છે અને જન્મો સુધી સંઘર્ષ ચાલ્યા કરે છે. સાધનદશામાં સત્પુરુષ અને સત્સંગના નિરંતર જોગની આવશ્યકતા રહે છે. જેમ નાના છોડને વાડની જરૂર પડે છે, પણ મોટું વૃક્ષ થતાં વાડની જરૂર રહેતી નથી, તેમ પ્રકૃતિ ઉપર વિજય મેળવીને સિદ્ધદશા આવ્યા પછી કોઈ સાધનની આવશ્યકતા રહેતી નથી. (૨૨)

પ્રભુ તથા તેમના મુક્ત પાસે અંતઃકરણ ખુલ્લું કરી નિષ્કપટ-નિર્દંભ-નિર્માની થઇ જાય તો તેની ઉપર શ્રીહરિજી રાજી થઇ તેના બધા દોષો-આવરણો ટાળી નાંખે છે. (૨૩)

મહારાજ તથા મુક્તને વિષે મહિમાએ સહિત આત્મબુદ્ધિ તથા દિવ્યભાવની અતિ દૃઢતા થાય, તો પૂર્વના ગમે તેટલા બલિષ્ટ કર્મસંસ્કારો હોય, તો પણ તે ભક્તને નડી શકતા નથી. અંતે તે ઘસાઈને નાશ પામે છે. મુક્તને વિષે હંમેશાં દિવ્યભાવ અને હેતની દૃઢતા કર્યા કરવાથી જીવમાં અનેરું બળ આવે છે. (૨૪)

અનાદિમુક્તરાજ સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પાસે મદનસિંહજી નામે હરિભક્ત સેવા-સમાગમ કરવા આવતા. તેની સેવાથી સ્વામીશ્રીએ રાજી થઇ આશીર્વાદ આપ્યા તેથી તેનો દુર્બળ વ્યવહાર સુધરવા લાગ્યો. દર વર્ષે તેમને ઉચ્ચ હોદ્દો મળતો ગયો. આશીર્વાદના પ્રતાપે રાજકાજના કામમાં કુશળ બનવાથી આઠ વર્ષમાં તો ઉચ્ચ પદ પામી વ્યવહારે ખૂબ સુખી થયા. થોડા વર્ષોમાં સત્તા-સંપતિ, માન-કીર્તિ-પ્રસિદ્ધિ મળતાં સત્તાના કેફે કરીને તેની બુદ્ધિ દુષિત થઇ ગઈ.

કોઈક વખતે સ.ગુ. ગોપાળાનંદ સ્વામીને મદનસિંહજીનું કામ પડતાં એક હરિભક્તને કહ્યું કે આપણા મદનિયાને બોલાવી લાવો. સ્વામીશ્રી તેને હેતે કરીને મદનિયો કહેતા. પેલા ભક્ત ભોળા હોવાથી સ્વામીશ્રીના વચનો મુજબ જ બોલ્યા. મદનિયો શબ્દ સંભાળીને મદનસિંહજીનો અહં ઘવાયો ને આવેશમાં આવી બોલ્યા, ‘એ સાધુને જરાય વિવેકભાન નથી. મને આવડા મોટા સાહેબને મદનિયો કહીને બોલાવાય?’ પેલા ભક્તે કહ્યું, ‘તમે તો એમના આશીર્વાદ અને પ્રતાપથી જ આવા મોટા થયા છો ને! તો પછી આમ કેમ કહો છો?’ ત્યારે મદનસિંહજી ઘમંડે કરીને બોલ્યા, ‘હું તો મારી મહેનત, આવડત ને મારા પ્રારબ્ધે આટલો આગળ આવ્યો છું, એમાં સ્વામીનું કોઈ યોગદાન નથી.’ પેલા ભક્તે સ્વામીશ્રીને આ બધી વાત કરી. સ્વામીશ્રીએ તેને કહ્યું, ‘તમે તેને મદનિયો





કહ્યો તે ઠીક ન કર્યું, તમારે બોલવામાં વિવેક રાખવો જોઈતો હતો. હવે જે થયું તે મહારાજની મરજીથી થયું.’

આ પ્રસંગ પછી સંજોગોવશાત્ રાજકાજની કોઈક આંટીઘૂંટીમાં મદનસિંહ એવા ફસાયા કે પદ, પ્રતિષ્ઠા, સમૃદ્ધિ, સંપત્તિ બધું ચાલી ગયું. અને આઠ વર્ષ પહેલાં હતા તેવા જ વ્યવહારે દુર્બળ થઇ ગયા. આવી કફોડી સ્થિતિ થતાં ભાન થયું કે સ્વામીશ્રીને વિષે આવા વચનો કહ્યા તેનું જ આ પરિણામ લાગે છે. એમ પસ્તાવાના ભાવ સાથે સ્વામીશ્રી પાસે જઈ દંડવત પ્રણામ કરવા લાગ્યા. ત્યારે સ્વામીશ્રી માન આપતા બોલ્યા, ‘કેમ મદનસિંહજી! ઘણા વર્ષે દેખાયા?’ ત્યારે તેણે કહ્યું સ્વામી, ‘મદનસિંહ નહિ, હું તો તમારો મદનિયો છું.’ એમ કહી રડી પડ્યા ને કહ્યું, ‘મેં અભિમાને કરીને તમારી નિંદા કરી તેથી ખૂબ જ દુઃખી અને ખુવાર થઇ ગયો છું. મને ખાવાના પણ વાંધા છે. મારો અપરાધ માફ કરી કાંઇક કૃપા કરો તો સારું.’ ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, ‘હવે મદનિયામાંથી મદનસિંહ નહિ થવાય. અને એમાં જ સુખ છે. મદનિયો રહેવાથી જ અમે તારું કલ્યાણ કરીશું.’ પછી તે ભક્તને ખાવા પૂરતું મળી રહેતું, પણ વિશેષપણે વ્યવહારે સુખી ન થયા. તેઓ ભજન-સ્મરણ ખૂબ કરવા લાગ્યા એટલે દેહને અંતે સ્વામીશ્રી તેમને મહારાજની સાથે દર્શન દઈ ધામમાં લઇ ગયા. એ રીતે તેના ચૈતન્યની રક્ષા કરી.

અનાદિમુક્તનો દ્રોહ કે નિંદા કરવાથી જીવને કેટલી

બધી હાનિ થાય છે તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. (૨૫)

જીવોને પોતાના પ્રારબ્ધકર્મ અનુસાર દેહ બંધાય છે. તેથી પ્રારબ્ધકર્મ ભોગવવા તો પડે, પરંતુ પ્રભુ અને મુક્તમાં અડગ શ્રદ્ધા રાખી ધ્યાન-ભજન, જપ-તપ-સેવા વગેરે પ્રભુપ્રસન્નતાના સાધન કરે, તો પ્રારબ્ધકર્મો ઘસાય ને શૂળીનું દુઃખ કાંટે જાય છે. દેહના અંત સુધી મુક્તમાં દિવ્યભાવ રહે તો પ્રારબ્ધકર્મો ક્યાંય ઊડી જાય ને તે પ્રભુના સુખને પામે, પણ મુક્તને વિષે દિવ્યભાવ અખંડ રહેવો ઘણો જ કઠણ છે. તેમ છતાં પુરુષપ્રયત્નથી તેની નિરંતર દઢતા કરે તો દિવ્યભાવ ચોક્કસ દઢ થાય છે. (૨૬)





# ૪

# મુક્ત વિષે નિર્વિકલ્પ રહેવું

अन्यक्षेत्रेकृतंपापं तीर्थक्षेत्रेविनश्यति ।
तीर्थक्षेत्रेकृतंपापं वज्रलेपोभविष्यति ।।

એ શ્લોક પ્રમાણે બીજે કરેલા પાપોનો ક્ષય સત્પુરુષના અનુગ્રહથી થાય છે. પરંતુ સત્પુરુષ પ્રત્યે પરઠેલા મનુષ્યભાવના તથા દોષભાવના સંકલ્પો થઈ એમના દ્રોહની આંટી બંધાઈ જાય, તો એ પાપરૂપ સંકલ્પો વજ્રલેપ જેવા બંધનરૂપ થઈ, મુમુક્ષુની આધ્યાત્મિક પ્રગતિમાં ચોક્કસ અવરોધરૂપ બની, અનેક જન્મો ધરવાનું કારણ બને છે. અનાદિમુક્તને વિષે જેવા દોષો કલ્પે તેવા બધા દોષો તેના પોતામાં આવીને નિવાસ કરે છે. તે માટે સાધકે સત્પુરુષને વિષે દોષો કે મનુષ્યભાવના સંકલ્પ ન થઈ જાય તેની સતત જાગૃતિ રાખવી અનિવાર્ય બની રહે છે. અને સ્વભાવ-પ્રકૃતિ અનુસાર કદાચિત દોષભાવ કલ્પાઈ જાય, તો જે મુક્તને વિષે સંકલ્પ થયા હોય તેમની પાસે જઈ પ્રાર્થના કરવાથી તેમનો અનુગ્રહ થવાથી જ તે દોષનું નિવારણ શક્ય બને છે, પણ બીજો કોઈ વિકલ્પ નથી. અહીં મુક્તની

**મનુષ્યલીલામાં એટલે કે તેમની સ્વાભાવિક પ્રકૃતિમાં દોષભાવ કલ્પવાની વાત છે, પરંતુ મુક્તનું કોઈ આચરણ પ્રભુની પંચવર્તમાન સંબંધી આજ્ઞા વિરુદ્ધ ક્યારેય પણ હોતું જ નથી. જે વ્યક્તિનું પ્રભુની પંચવર્તમાન સંબંધી આજ્ઞા વિરુદ્ધનું વર્તન હોય અને પોતાને સત્પુરુષ કહેવડાવતો હોય, એવા દંભી ને કપટીને મુક્તદશા પ્રાપ્ત થવી શક્ય જ નથી એ પણ લક્ષમાં રાખવું ઘટે.**

શ્રીજીમહારાજ કે તેમના અનાદિમુક્તનો કોઈ દ્રોહ કરે તો તે બંને એકસરખું જ છે. કારણ કે શ્રીજીમહારાજ અને અનાદિમુક્તની જળતરંગવત્ એકતા છે. (૧)

અનાદિમુક્તને શ્રીજીમહારાજના જાણપણા સાથે સર્વનું જાણપણું હોવાથી દરેક જીવના ગુણદોષની, પૂર્વ કર્મસંસ્કારોની, તેના અતીત, વર્તમાન ને ભાવિની બધી જ ખબર હોય છે. તેમ છતાં તેઓ ક્યારેય કોઈ જીવના દોષ વિષે તે જીવનું અહિત થાય એવો સંકલ્પ પણ કરતા નથી. જ્યારે સામાન્ય સાધક જીવને પોતાના દોષ કે નબળાઈ શું છે તેની પણ બરોબર ખબર ન હોવા છતાં, મુક્તને વિષે દોષભાવના સંકલ્પ કરે છે તે કેટલું બધું અજ્ઞાન ગણાય? તેને તો મુક્તને વિષે દોષભાવનો કે મનુષ્યભાવનો સંકલ્પ કરવાનો





પણ અધિકાર નથી. એમ મુમુક્ષુ સાધક મુક્તની દિવ્યતા ને મહિમાનો વિચાર કરી સાચી સમજણ દૃઢ કરે, તો તેમને વિષે સદાય દિવ્યભાવની વૃદ્ધિ થયા કરે. બધું જાણપણું હોવા છતાં મુક્તને તો બધાના ચૈતન્યો દિવ્ય દેખાતા હોવાથી કોઈને વિષે મનુષ્યભાવ આવતો જ નથી, એ એમના હૃદયની વિશાળતા છે. (૨)

એક વખત કોઈક હરિભક્તે સ.ગુ. ગોપાળાનંદ સ્વામીને મહિમા જાણી હાર પહેરાવ્યો. એ વખતે શ્રીજીમહારાજ ત્યાં હાજર હતા. પેલા હરિભક્તનો સંકલ્પ જાણી મહારાજે કહ્યું કે ત્યાં હાર પહેરાવ્યો તે મને જ પહેરાવ્યો છે. ત્યાં કે અહીં બંને એક જ છે; કોઈ ફરક નથી. એમ મહારાજ અને અનાદિમુક્તની જળતરંગવત્ એકતા છે. મહારાજ અને અનાદિમુક્ત સદાય સાથે જ છે, તેમને ક્યારેય જુદાપણું નથી. જ્યાં મહારાજ, ત્યાં મુક્ત ને જ્યાં મુક્ત ત્યાં મહારાજ છે. મહારાજની સાથે અનંત અનાદિમુક્તો એકમેક, ઓતપ્રોત, તદ્રુપ-તલ્લીન રસબસભાવે ભેળા જ હોય છે. મુક્તોને તો પ્રભુના દિવ્યસુખનો જ આહાર છે. તેમનું મનુષ્યશરીરમાં વિચરણ તે દેખાવમાત્ર અને અનંત જીવોના ચૈતન્યોની ઊર્ધ્વગતિ માટે હોય છે. પ્રભુ સાથે મુક્તની પૂજા-આરતી થાય ત્યારે તે પ્રભુ પોતે જ ગ્રહણ કરે છે અને મુક્તો તો તેનું દિવ્યસુખ માણે છે. મુક્તને વિષે નિર્વિકલ્પપણું ને દિવ્યભાવ રાખવો તે પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા

માટે અતિ અનિવાર્ય ગુણ છે.

મુક્તની દરેક ક્રિયા દિવ્ય તેમજ કલ્યાણકારી હોવાથી તેમને વિષે દોષભાવ કે મનુષ્યભાવના સંકલ્પ થઇ જાય તો જીવની પ્રગતિ અટકી જાય. કેટલાક જીવોને બધાના દોષ જ જોવાની કુટેવ પડી ગઈ હોય છે. જીવ પોતે દેહધારી-દેહાભિમાની હોવાથી મુક્તની અમુક સ્વાભાવિક ક્રિયા જોઇને પોતાની રીતે તેનું આકલન કરે છે. પોતામાં જેમ કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર વગેરે દોષ રહેલા છે, તેમ મુક્તને વિષે પણ તેવા દોષો કલ્પે છે. મુક્ત તો નિર્ગુણ, ગુણાતીત ને દિવ્ય હોવાથી તેમને વિષે કલ્પેલા દોષ તે જીવને પાછા આવીને વળગે છે. મુક્ત તો તેનાથી સંપૂર્ણ અલિપ્ત છે. મુક્તને વિષે કામ પરઠનારો અતિ કામી બની જાય છે, ક્રોધ પરઠનારો અતિ ક્રોધી થઇ જાય છે. એમ જે જે દોષ પરઠે, તે તે દોષ તેમાં પ્રવેશી જાય છે. જેમ સૂર્ય સામી ધૂળ ઉડાડે, તો તેની પોતાની જ આંખમાં પડે એવું થાય. આ વિજ્ઞાન સમજાય તો મુક્તને વિષે દિવ્યભાવ સમજવામાં મુશ્કેલી ન નડે.

મુક્ત એવા દયાળુ હોય છે કે તેમના જોગમાં આવેલા ચૈતન્યની સદાય ઊર્ધ્વગતિ કરે છે. અનેક પ્રકારના વિઘ્નો-વિક્ષેપો ને દોષો થકી રક્ષા કરે છે. તે જીવનું પતન થવા દેતા નથી. સદ્‌ગુરુવર્ય મુક્તરાજ નારાયણભાઈએ કૃપા કરી જણાવ્યું, ‘મારા જોગમાં આવેલા ગમે તેવી અશુભ ક્રિયા





તથા પાપકર્મો કરે, તો પણ મને કોઈ વિષે તેનું અહિત કે પતન થવાનો કદીયે સંકલ્પ થતો નથી અને એમ જ થાય છે કે મહારાજ તેને ધીરેધીરે સુધારશે. એમ દરેક જીવ ઉપર કેવળ કરુણા જ ઉપજે છે, કારણ કે મહારાજે જીવોના કલ્યાણ કરવા જ તો મોકલ્યા છે.’ (૩)

શ્રીજીમહારાજ તથા અનાદિમુક્ત મળ્યા પછી જ્ઞાને સહિત તેમનો નિશ્ચય કર્યો હોય, તો પણ બુદ્ધિ દ્વારા તર્ક કરવાનો જીવનો સહજ સ્વભાવ હોવાથી મુક્તની ક્રિયામાં ક્યારેક મનુષ્યભાવ આવી જઈ સંકલ્પ-વિકલ્પ થયા કરે છે. એવું ન થાય તેનો ઉપાય એ છે કે મહારાજ તથા મુક્તને વિષે કરેલા નિશ્ચયમાં સમજણે સહિત મૂઢપણું લાવી દેવું. તેમને વિષે નિર્વિકલ્પ-નિઃસંશય થઇ જવું. એવું મૂઢપણું સહજ રીતે ન આવી શકતું હોય તો પ્રયત્ન કરીને પણ cultivate કરવું, કેળવવું જોઈએ. પ્રભુ તથા મુક્ત વિષે સંકલ્પ થાય જ કેમ? એમ મનને દૃઢતાપૂર્વક સમજાવવું, તેથી ધીરેધીરે તેનું એવું વલણ થઇ જશે અને તે મુક્ત વિષે તર્ક રહિત, નિર્વિકલ્પ ને મૂઢ બની જશે. પછી પ્રભુ તથા મુક્તને વિષે સદાય દિવ્યભાવ જ રહેશે. (૪)

મુક્તની દરેક ક્રિયા પ્રભુના સિદ્ધાંત તેમજ આજ્ઞા પ્રમાણે અને યોગ્ય જ હોય છે. તે ક્રિયાઓ દિવ્ય અને જીવોના આત્યંતિક કલ્યાણના ઉદ્દેશ્યથી જ હોય છે. તે માટે તેમની કોઈ ક્રિયામાં દોષબુદ્ધિ ન રાખતાં અતર્ક થવું, તેમને વિષે

મનુષ્યભાવનો સંકલ્પ ન કરવો ને સદાય દિવ્યભાવ રાખવો. આ જ પાત્રતા કેળવવાનો નિર્ભય અને સુરક્ષિત માર્ગ છે.

જેને સંકલ્પ કે તર્ક થતા હોય, તેને સમજણપૂર્વક સમાવે નહીં અને તેની આંટી બાંધે તે પામર અને આસુરી જીવ કહેવાય. જેને સંકલ્પ થાય, પરંતુ તેનો પસ્તાવો થાય અને તેને સમજણે કરીને તથા પ્રભુ અને મુક્તને પ્રાર્થના કરીને સંકલ્પ સમાવે તે સંત કહેવાય. જેને સંકલ્પ થાય જ નહીં તે ભગવંત કહેવાય, અર્થાત્ ભગવાન તુલ્ય મુક્તને સંકલ્પ ન થાય. માટે સાધકે પુરુષપ્રયત્ને નિષ્ઠાપૂર્વક સમજણથી સંકલ્પ સમાવવા પ્રયાસ કરવો. એવા નિષ્ઠાપૂર્વકના પ્રયાસથી ભગવંત અર્થાત્ મુક્ત થાય અને પ્રભુના અવિચળ સુખને પામે. (૫)

મહારાજ અને મુક્તની દૃષ્ટિમાં કે સ્પર્શ-સંસર્ગમાં જે કોઈ પદાર્થ આવે તે દિવ્ય સુખરૂપ થઈ જાય છે, પણ બીજા જીવોને તેની ખબર પડતી નથી. મુક્તની મનુષ્યલીલા મુમુક્ષુજીવોને સ્મૃતિમાં રહે અને તેમાંથી બળ ને પ્રેરણા મળે તેવી હોય છે. મુક્ત ક્યારેક બીએ, ભાગે, હારે, મંદવાડ ગ્રહણ કરે ત્યારે દવા પણ લે, એવી અવરભાવની લીલાઓ કરે, ત્યારે તેમને વિષે એવો સંકલ્પ ન કરવો કે મુક્ત દવા કેમ લેતા હશે, તેમને દવાની શી જરૂર? મુક્ત દવા લે તો પણ તે દવા તેમની દૃષ્ટિમાત્રથી દિવ્ય સુખરૂપ બની જાય છે. કોઈ પણ ચીજ કે વસ્તુની બનાવટ પાછળ ઘણા બધા મનુષ્યોનો પરિશ્રમ સમાયેલો હોય છે. પ્રભુ કે પૂર્ણ મુક્ત





જ્યારે કોઈ  વસ્તુનો ઉપયોગ કરે ત્યારે તે વસ્તુના નિર્માણ પાછળ જેણે જેણે પરિશ્રમ કર્યો હોય તે બધાના ચૈતન્યને આધ્યાત્મિક લાભ મળે છે, તેઓના ચૈતન્યનું ઊર્ધ્વીકરણ થાય છે. પ્રભુ કે મુક્તના કોઈ પણ પદાર્થ કે વસ્તુ ગ્રહણ કરવા પાછળનો આવો ઉદાત્ત હેતુ સમાયેલો હોય છે. પ્રભુ પોતે પણ મનુષ્ય દેહ ધારણ કરે ત્યારે આવી જ લીલા કરતા હોય છે. માટે મુક્તને વિષે સદાય દિવ્યભાવ રાખવો, પણ મનુષ્યભાવ ન પરઠવો અને તેમને વિષે અયોગ્ય સંકલ્પ ન થવા દેવા. (૬)

મહારાજ તથા મુક્તને વિષે ચૈતન્યમાં તો બરોબર નિશ્ચય હોય, પરંતુ ક્યારેક તેમની અવરભાવની ક્રિયાઓ જોઈને ઉપર ઉપરના મનુષ્યભાવના સંકલ્પો થતા હોય, પણ તેની આંટી ન બંધાતા અંતરમાં દિવ્યભાવ રહેતો હોય, તો પણ એવા સંકલ્પ કરવા હિતાવહ નથી. એવા સંકલ્પો ઉપર પોતાનું કોઈ નિયંત્રણ ન હોય, તો તેથી ગ્લાનિ પામ્યા વગર આર્તનાદે પ્રભુ તથા મુક્તને પ્રાર્થના કર્યા કરવી અને તેમનું બળ રાખવું. કાયરતા તેમજ ભયનો ત્યાગ કરવો, મૂર્તિનું ધ્યાન કરવું, અંતરવૃત્તિ કરવી. મનને reasoning તર્કશક્તિથી બરોબર સમજાવવું કે એવા સંકલ્પો કરવાથી કોઈ લાભ તો થતો નથી, ઉલટું નુકસાન છે. તારી આધ્યાત્મિક પ્રગતિમાં એવા અયોગ્ય સંકલ્પો અવરોધરૂપ છે. આ રીતે પોતાના મનને ખૂબ સમજાવવું અને સંકલ્પો ઉપર નિયંત્રણ મેળવી

તેમને જીતવા પ્રયાસ કરવો. એવા અભ્યાસથી ધીમે ધીમે મન કાબુમાં આવશે. આમ થતાં મહારાજ અને મુક્તને વિષે દિવ્યભાવની દઢતા થયે તેમની પ્રસન્નતા ઊતરશે. મોટા મુક્તને વિષે અયોગ્ય સંકલ્પો પૂર્વના કર્મસંસ્કારોને લીધે થતા હોય છે, પણ આવા ઉપાયથી તે અંકુશમાં આવી દિવ્યભાવની દઢતા થાય છે. (૭)

અનાદિમુક્ત એવા મુમુક્ષુને જ પોતાની અંગત સેવામાં રાખે છે કે જે નિર્વિકલ્પ અને નિઃસંશય હોય. જેને મુક્તની અવરભાવની ક્રિયા સામે નજર ન હોય, કેવળ પ્રભુ સામે જ નજર હોય અને દિવ્યભાવની અતિ દઢતા હોય, એવો જ મુમુક્ષુ સેવામાં ઉપયોગી થાય છે. તર્ક-કુતર્ક કરવાની પ્રકૃતિ ધરાવનાર વ્યક્તિ પોતાનામાં દોષો ભર્યા હોય તેથી તેની દોષદષ્ટિ હોવાથી મુક્તને વિષે પણ દોષભાવ પરઠે છે. અનાદિમુક્ત તો પુરુષોત્તમરૂપ હોવાથી પ્રભુતુલ્ય હોઈ, તેમનામાં અણુમાત્ર દોષ સંભવી શકતો નથી. મુક્ત તો સત્યમૂર્તિ છે તેમને વિષે દોષ કલ્પનારનું ઠીકરું ફૂટી જાય છે. મુક્ત દયાળુ હોઈ બધું માફ કરે, પણ પરમાત્મા તેને માફ નથી કરતા. કારણ કે મુક્તો પ્રભુને અતિ વહાલા છે. શ્રીજીમહારાજ પણ કહે છે કે અમે બીજા ગુનાઓ માફ કરીએ, પણ અમારા મુક્તનો અપરાધ કર્યો હોય તે માફ કરતા નથી. દોષ જોવાની પ્રકૃતિવાળાએ મુક્તની સમીપે ન રહેવું જોઈએ. તેવી વ્યક્તિઓએ દૂર રહી વર્ષે બે વર્ષે, એમ ક્યારેક ક્યારેક





મુક્તના દર્શન કરી જવા. તેમને અંતર્યામી જાણીને મહિમા જાણવો, તો પણ પ્રભુ અને મુક્ત રાજી થાય. એવા સંક્લ્પી જીવોને મુક્ત પોતાની અંગત સેવામાં રાખતા પણ નથી.

કેટલાક મુમુક્ષુઓના ચૈતન્ય નિર્મળ હોય, પણ પૂર્વ જન્મના અશુભ સંસ્કારોને લીધે મુક્તની ક્રિયામાં તેમને ઉપર ઉપરના સંકલ્પ થઈ જતા હોય. એવા મુમુક્ષુએ મુક્તને વિષે સમજણ સહિતનું મૂઢપણું લાવી દેવું જોઈએ. જેવો કુતર્ક થાય કે તરત જ તેને મુક્તનો મહિમા વિચારીને દબાવી દેવો અને પ્રભુ સામે નજર રાખી દિવ્યભાવે સેવા કરવી. મનમાં એમ વિચારવું કે મારા ગુરુજી એવા અનાદિમુક્તને કોઈને વિષે, કોઈની ગમે તેવી અશુભ ક્રિયાને વિષે પણ સંકલ્પ નથી થતો, હંમેશ દરેક જીવ ઉપર કેવળ કરુણા જ વરસાવી મોક્ષ કરે છે. જોગમાં આવેલાનું સર્વ પ્રકારે હિત તેમજ રક્ષા કરી તે ચૈતન્યનું પતન ન થાય તેની કાળજી રાખે છે, તો મને તેમની અવરભાવની દૈહિક ક્રિયાઓ જે કેવળ કલ્યાણકારી છે, તે જોઈને મનુષ્યભાવના સંકલ્પ થાય જ કેમ? એમ મનને હંમેશ સમજાવવું. સમજણે સહિતનું એવું મૂઢપણું લાવી દેવું, જેથી સેવા કરતી વખતે દિવ્યભાવ રહે. મુક્ત એવા ભક્ત ઉપર કૃપા કરીને તેને સુખિયો કરી દે છે. જેને એક પ્રભુપ્રસન્નતા પામવાની જ ઈચ્છા હોય, બીજી કોઈ ઈચ્છા ન હોય, પ્રભુપ્રાપ્તિની ખરી ત્વરા હોય તેને જ્ઞાને સહિતનું મૂઢપણું ત્વરિત આવે છે. (૮)

શ્રીજીમહારાજે પોતાની અંગત સેવા માટે મૂળજી બ્રહ્મચારીને પસંદ કરેલા. પોતાના દેહોત્સવ વખતે બ્રહ્માનંદ સ્વામી જેવા મોટા મુક્ત હતા, તો પણ તેમને જુનાગઢ મોકલી દીધા. એમ બીજા સંતોને પણ કાર્ય સોંપી જુદે જુદે સ્થળે મોકલી દીધા. બ્રહ્માનંદ સ્વામી જેવા હાજર હોય તો ઘણા દાખડા કરે અને પ્રભુને તેમના સંકલ્પ પ્રમાણે દેહ લીલા સંકેલવામાં અવરોધરૂપ થાય. મૂળજી બ્રહ્મચારી જેવા મૂઢ સ્થિતિવાળાને મહારાજની અવરભાવની ક્રિયામાં કોઈ સંકલ્પ જ ન થાય અને મહારાજ જેમ કહે તેમ મૂઢપણે સેવા કર્યા કરે, તેથી તેમને પોતાની પાસે સેવામાં રાખેલા.

બાપાશ્રીએ પણ અંત વખતે સદ્‌ગુરુઓને પાસે ન રાખતાં આશાબાપાને પોતાની સેવામાં રાખ્યા હતા. એનું કારણ આશાબાપા પણ મૂળજી બ્રહ્મચારી જેવા નિર્વિકલ્પ અને મૂઢપણે સેવા કરનારા, તેમને પણ બાપાશ્રીની ક્રિયામાં કોઈ સંકલ્પ થાય જ નહીં, સદાય દિવ્યભાવ રહે. એને તો બાપાશ્રીની સેવા એ જ સર્વસ્વ હતું. એમાં જ પ્રસન્નતાના બધા સાધનો આવી જતા. પોતે જ્ઞાની હોવા છતાં બાપાશ્રીની સેવા સિવાય બીજા કથા-વાર્તા વગેરે સાધનોમાં રુચિ ઓછી દાખવતા.

સ.ગુ.ભગવત્‌સ્વરૂપદાસજી સ્વામીએ અંત વખતે જબરો મંદવાડ ગ્રહણ કરેલો. લીલા એવી જણાવી કે ભલભલાની મતિ મૂંઝાઈ જાય. મહારાજના દિવ્યસુખમાં લીન હોવાથી





પોતે દેહથી અલિપ્ત રહેતા, પણ દેહના વિવિધ ભાવ જણાવતા. આપણા ગુરુવર્ય નારાયણમામા અને બીજા એક હરિભક્ત એ વખતે સ્વામીશ્રીની સેવામાં હાજર હતા. સ્વામીશ્રીની મંદવાડની લીલા વખતની વાણીમાં મુક્તરાજ નારાયણભાઈ પોતે પૂર્ણ સ્થિતિવાળા હોવાથી તેમને તો મહારાજની મૂર્તિમાંથી નીકળતો પ્રણવનો મધુર નાદ જ અનુભવાતો. તેથી તેમણે જણાવેલું કે મોટા મુક્તની જ આવી લીલા હોઇ શકે! આવી લીલામાં બીજા જીવને સંકલ્પ થઇ જાય કે મુક્ત આવું વર્તન કેમ કરે છે? તો તેની સેવા-સાધના વૃથા થઇ જાય. મોટા મુક્તની અંગત સેવાની સુવર્ણ તક જેને સાંપડી હોય, તેણે તેમને વિષે સમજણપૂર્વકનું મૂઢપણું અને દિવ્યભાવ રાખી સેવા કરવી, તો કસરમાત્ર ટળીને સુખિયો થઇ જાય. સંકલ્પ-વિકલ્પ, તર્ક-કુતર્ક તથા સંશય કરવાનો જેનો સ્વભાવ હોય, તેવા સ્વભાવ ટાળવામાં જેને આળસ-પ્રમાદ વર્તતા હોય અને પોતાને યશ-કીર્તિ મળે તથા પોતાની મહત્તા વધે એવી ઇચ્છાવાળાને દરેક કાર્ય સિદ્ધ કરવામાં વિલંબ થઇ જાય છે. એવાને પ્રભુનો સાક્ષાત્કાર થવામાં વિલંબ થાય તેમાં શું આશ્ચર્ય! (૯)

એક હરિભક્ત ઉચ્ચ સાધનદશામાં હતા ને આમ બધી રીતે સુખી પણ હતા. તેમને કોઈક વ્યાવહારિક મુશ્કેલી આવતાં અનાદિમુક્ત સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી પાસે આશીર્વાદ લેવા ગયા અને કામ ઉકેલાઈ જાય એવા આશીર્વાદ

માગ્યા. સ્વામીશ્રીએ કહ્યું, 'જાવ, તમારું કામ પતી જશે.' એમ સાંભળી પેલા હરિભક્તને મનમાં એમ સંકલ્પ થયો કે સ્વામીશ્રીને પોતાનું કર્તાપણું મનાય છે, એટલે તેમની ભૂલ સુધારતા હોય તેમ બોલ્યા કે 'સ્વામી! કાર્ય તો મહારાજ પતાવશે.' પછી ઘણા વખત સુધી મુશ્કેલી દૂર ન થતાં ખૂબ મૂંઝાણા એટલે સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પાસે જઈને બધી વાત કરી. ગોપાળાનંદ સ્વામી તો અંતર્યામી, તેમણે કહ્યું, 'મહાનુભાવાનંદ સ્વામીએ આશીર્વાદ આપતાં કહેલું કે કાર્ય પતી જશે, પરંતુ તમે ડહાપણ કરીને કહ્યું કે સ્વામી, કાર્ય તો મહારાજ પતાવશે. એમાં તમારો અહંકાર હતો, પણ તમે એ ન જાણી શક્યા કે મહાનુભાવાનંદ સ્વામીના મુખે બોલનાર શ્રીજીમહારાજ છે. તેમને તો અખંડ મહારાજનું જ કર્તાપણું છે. તેમના દ્વારા બધી ક્રિયા મહારાજ પોતે કરે છે. તમે સ્વામીશ્રીની આવી દિવ્ય સ્થિતિ જાણ્યા વગર તેમની ભૂલ સુધારવા ગયા. તે સ્વયં મહારાજની જ ભૂલ સુધારવાનો પ્રયાસ કર્યો ગણાય તેથી તેનો દોષ લાગ્યો. એટલે તમારું કામ ન પત્યું. હવે મહાનુભાવાનંદ સ્વામી પાસે જઈ ગદગદ કંઠે તેમની માફી માગો અને તમારી ભૂલ સુધારો.' એમ સ્વામીશ્રીએ ઠપકો આપ્યો.

પછી તે હરિભક્તે મહાનુભાવાનંદ સ્વામી પાસે જઈને માફી માગી અને પોતાની ભૂલ સુધારી ફરી આશીર્વાદ માગ્યા. એટલે ફરી પણ સ્વામીશ્રીએ એ જ વચનો કહ્યા કે, 'જાવ





કામ પતી જશે.' પછી તે ભક્તને કોઈ સંશય ન થયો ને ટૂંક સમયમાં જ તેમનું કામ સફળ થઇ ગયું. માટે મોટા મુક્તના વચનમાં અહંકારે કરીને પોતાનું ડહાપણ ન ડહોળવું, કારણ કે મુક્ત દ્વારા કર્તાપણું મહારાજનું જ છે. (૧૦)

કોઈ ઉપર મહારાજની અથવા મુક્તની કૃપા થઇ હોય અને અવરભાવમાં સુખી થયા હોય, તો પણ વારે વારે એમ ન બોલવું કે મારા ઉપર મહારાજની અને મુક્તની અપાર દયા છે, તેથી હું આટલો બધો સુખી છું. કોઈ સત્પુરુષ કે મુક્ત પૂછે તો ઘણા એમ જ બોલ્યા કરે છે કે આ બંગલો, ગાડી, આ બધી સમૃદ્ધિ, આ બધું સુખ છે તે મારી ઉપર ભગવાનની બહુ દયા છે. એમ અંતરમાં પોતાના અહંકારે સહિત બોલે છે. તે દંભે કરીને પોતાની જાતને ભગવાનના મહિમાની ઓથે નિખાલસતાનો અંચળો ઓઢીને બોલે છે. જો મહારાજની દયા જ છે તો પછી વારે વારે તેનો ઉલ્લેખ કરવાની ક્યાં જરૂર રહી? પ્રભુની તથા મુક્તની કૃપાથી ઉચ્ચ સ્થિતિ થતી હોય ત્યારે ઘણા લોકો આકર્ષાય, પ્રશંસા કરે, સન્માન આપે, ત્યારે કદાપિ માન આવવા દેવું નહીં. કોઈ આપણા વખાણ કરે કે તરત જ એ વાતને નગણ્ય કરી વાતનો મુદ્દો બદલી નાખવો, નહિતર તેનું માન આવી જાય તો સાધનામાં મોટું વિઘ્ન આવે. માટે જે સાધક પ્રભુના સાક્ષાત્કારને માર્ગે આગળ વધવા પ્રયત્નશીલ હોય તેમણે આવી સૂક્ષ્મ સમજણ ખૂબ કેળવવી.

પોતાના અહંકારથી દંભે કરીને વારે વારે પોતાની ઉપર ભગવાનની બહુ દયાની વાત કરતા હોય, એવા અપરિપક્વની પ્રભુ જ્યારે કસોટી કરે ને કસણી આપે, ત્યારે બધું ડહાપણ જતું રહે અને નિશ્ચય પણ ડગી જાય. પ્રભુ તો કર્તા પણ છે ને હર્તા પણ છે. માટે અહંકાર ન રાખતાં સરળ સ્વભાવ રાખવો. (૧૧)

એક વખત મુક્તરાજે અતિ કૃપા કરીને કહ્યું કે જ્ઞાનમાં કોઈક વાર તર્ક થાય તેનો બહુ બાધ નથી, પણ મહારાજ અને મુક્તના વચનને વિષે સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાં, તેમાં તર્ક ન કરવો. જો આશીર્વચનોમાં તર્ક કરે તો શ્રદ્ધા મંદ પડી જાય ને મહિમા સમજવામાં અટકી પડે. પછી મનુષ્યભાવના સંકલ્પ થવાથી પરમાત્માનો અપરાધ થાય અને મોક્ષમાં વિલંબ થઇ જાય. મુક્તના વચનમાં તર્ક કરે તેણે આશીર્વાદ ઝીલ્યા ન કહેવાય. મુક્ત તો દયાળુ હોય તેથી સત્સંગમાં સારો જન્મ ધરાવી પૂરું કરે, પણ વિલંબ થઇ જાય. મુક્તે જેને છેલ્લા જન્મના આશીર્વાદ આપ્યા હોય તેમાં સંપૂર્ણ શ્રદ્ધા અને દૃઢ નિશ્ચય થઇ જાય, તો છેલ્લો જન્મ થયા વગર ન રહે અને દિવ્યસુખ પામી જાય. માટે કોઈ પ્રકારે મુક્તના વચનમાં શ્રદ્ધા તૂટવા દેવી નહીં. (૧૨)

સાક્ષાત્કાર પામી પૂર્ણદશાને પામેલાને કોઈ પણ પ્રકારની ગંદકી, અશુદ્ધિ કે મલિનતા સ્પર્શી શકતી નથી. પ્રભુના દિવ્યસુખમાં જ ગતિ હોવાથી તેમને કોઈ હર્ષ-શોક હોતા





નથી. કેટલાક ખોટા હોય અને મોટા થઇ બેઠા હોય તે ઉપરથી ગમે તેટલા સ્વચ્છ હોય, તો પણ ગળાડૂબ માયામાં છે. તેમનો છૂટકારો થવો કઠણ છે, માટે તેવાને ઓળખીને સંગ કરવો. મુક્ત સોળે-બોળે જેવી ક્રિયા ન કરતા હોય તેમ જણાય તો પણ તર્ક ન કરવા. એવી ક્રિયાઓ સાધનિકને માટે છે. મુક્તને માટે શુદ્ધિ-અશુદ્ધિ જેવું કાંઈ હોતું નથી. માટે તેમને વિષે સંકલ્પ ન કરતાં દિવ્યભાવ રાખવો. (૧૩)

અનાદિમુક્ત મનુષ્યરૂપે હોય ત્યારે તેમની સાથે શ્રીજીમહારાજ સહિત અનંત અનાદિમુક્ત રહ્યા હોય છે. તે પ્રગટ મુક્તના આદરમાં મહારાજ સહિત બધા મુક્તોનો આદર આવી જાય. અને તેમના અનાદરથી મહારાજ સહિત સર્વે મુક્તોનો અનાદર થાય છે. કૃપામાં આવેલા મુમુક્ષુજીવોથી અજ્ઞાનને લઈને પ્રગટ મુક્તનો અનાદર કે દ્રોહ થઇ જાય, તો તેમને સુધારવા માટે પ્રભુ તે અપરાધની તુર્ત જ શિક્ષા કરે છે. તેથી ખપવાળો મુમુક્ષુ ચેતી જઈ ફરી તેવી ભૂલ ન થાય તેની કાળજી રાખે છે. એવી શિક્ષા ચૈતન્યના હિત માટે જ હોય છે. (૧૪)

મુમુક્ષુ માટે ઉત્તમ સાધનદશાવાળા ભક્તનો સંગ કરવો તે સિદ્ધમુક્તના જોગ કરવા કરતાં સહેલો છે. કારણ કે સાધનદશાવાળા પોતે પણ પ્રગતિ કરવા પ્રયત્ન કરતા હોય, તેથી તેઓ તેનો જોગ કરનાર ઉપર કુદરતી રીતે ક્રોધ વગેરેનો ભાવ જણાવી શકતા નથી. તેમના વર્તનમાં artificiality

બનાવટ હોય છે, પણ તે ભાવ natural કુદરતી નથી હોતા. તેઓ પોતાનો જોગ કરનારને સાચવીને, પંપાળીને રાખે છે. જ્યારે સિદ્ધમુક્તના ક્રોધ, આકરાપણું વગેરે ભાવો દિવ્ય અને કુદરતી રીતે પ્રગટ થતા હોવાથી સંકલ્પ ઉપજાવે તેવા હોવા છતાં કલ્યાણકારી હોય છે. દિવ્યભાવે તેમનો જોગ સમાગમ કરનાર પાત્ર થઈ મુક્તની કૃપાથી પોતે પણ મુક્ત થઈ શકે છે. મુક્તને વિષે સદાય દિવ્યભાવ રાખવો એ જ પ્રભુના સાક્ષાત્કારનો શ્રેષ્ઠ ઉપાય છે. મુક્તને વિષે સંકલ્પ થાય તેને સમાવી ન શકે તે કનિષ્ઠ કહેવાય. સંકલ્પ થાય અને તેને તુરત જ સમાવી દે તે સંત કહેવાય અને સંકલ્પ જ ન થાય તે ભગવંત અર્થાત્ પ્રભુ તુલ્ય કહેવાય, એવા તો સિદ્ધ અનાદિમુક્ત જ હોય. આવા સિદ્ધમુક્ત થવાનો સાધકે અવિરત પ્રયત્ન કરવો. (૧૫)

અનાદિમુક્ત પ્રભુના સ્વરૂપમાં અખંડ જોડી રાખેલી આધ્યાત્મિક-ચૈતન્યશક્તિનો ઉપયોગ અવરભાવના કાર્યો માટે પ્રભુની મરજી વિરુદ્ધ નથી કરતા. તેવા કાર્યો કરવામાં તેમની રુચિ પણ હોતી નથી. એવા કાર્યો કરવામાં ઐશ્વર્યાર્થીઓને રસ હોય છે. મુક્ત પ્રભુની મરજી જાણી મુમુક્ષુજીવોના આવરણો, દુઃખો, દોષો વગેરે ટાળવા દિવ્યસંકલ્પ કરી એવા કાર્યો કરે છે, પરંતુ કોઈ જીવને તેના કર્મનું ફળ આપવું, કોઈને સુધારવા માટે શિક્ષા કરવી વગેરે કાર્યોમાં અનિવાર્ય સંજોગો સિવાય દિવ્ય શક્તિનો ઉપયોગ નથી કરતા. એવા





મુક્તને સેવા-અનુવૃત્તિ દ્વારા કોઈ પ્રસન્ન કરે તો તેના સુકૃતનું પુણ્યફળ તત્કાળ મળે છે. એવા મુક્તનો કોઈ દ્રોહ કરે તો પ્રભુની તેની ઉપર નારાજગી થતાં તેના સુકૃતનું ફળ બળી જતાં મુક્તના અપરાધરૂપ દોષનું ફળ પણ તત્કાળ મળે છે. તેથી જ એમ કહેવાય છે કે 'સંતને રાજી કરે તો રંકમાંથી રાજા થાય અને નારાજ કરે તો રાજામાંથી રંક પણ થઈ જાય.' (૧૬)

શ્રીજીમહારાજ તથા અનાદિમુક્ત જીવના અનંત પૂર્વ જન્મો તથા કર્મોને સ્પષ્ટપણે જાણે-દેખે છે. તેમનાથી કંઈ પણ અજાણ્યું નથી હોતું. તે ઉપર મુક્તરાજે વાત કરી જે, એક વખત શ્રીજીમહારાજ અને સ.ગુ. મુક્તાનંદ સ્વામી કોઈક ગામના રસ્તેથી પસાર થતા હતા. ત્યાં કોઈક ભૂખ્યું બાળક પોતાની મૃત માતાના શબ ઉપર પડ્યું પડ્યું રડતું હતું. શ્રીજીમહારાજે તેની ઉપર દૃષ્ટિ પણ ન કરી. આ જોઈ મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું, 'હે મહારાજ! આ જીવો ઉપર તમે દૃષ્ટિ પણ કરી નહીં, કૃપા કરીને દૃષ્ટિ તો કરો!' પછી મહારાજે કહ્યું, 'અમે બરોબર ન્યાય કરીએ છીએ.' મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'આને કઈ રીતે ન્યાય કહેવાય?' પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને અંતરવૃત્તિ કરાવી એ જીવોના પૂર્વ જન્મો દેખાડ્યા. એમાં એ જીવો એટલા બધા અધમ ને પાપી હતા કે તેમને સખત શિક્ષાની જરૂર હતી. આ જોઈ મુક્તાનંદ સ્વામી જાગૃત થઈ ક્રોધના ભાવાવેશમાં

આવી ગયા અને એક મોટો પથ્થર ઉપાડી પેલા જીવને મારવા તૈયાર થઇ ગયા. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'કેમ સ્વામી, આ તમને શું થઇ ગયું?' પછી સ્વામીએ કહ્યું, 'મહારાજ! તમારો ન્યાય સત્ય જ છે, આવા પાપી જીવોને આનાથી પણ આકરી શિક્ષા થવી જોઈએ. આપ જે કરતા હો તે યોગ્ય જ હોય.'

એક વખતે કોઈકે અક્ષરાનંદ સ્વામી ઉપર આવેશમાં આવી જઈને સ્વામીને મારવા માટે હાથ ઊંચો કરીને લાકડી ઉગામી. પછી પોતાની ભૂલ ઉપર પસ્તાવો કરીને સ્વામીશ્રીની માફી માંગી, પરંતુ પ્રભુ તેની ઉપર નારાજ થયેલા હોવાથી તેને બીજો જન્મ ધરાવ્યો. તેમાં તે સાધુ થયો ને સારો સાધુ થયો. દેહના અંત વખતે એને ૫૩ ઉપવાસ થયા તે પાણી પણ ગળે ન ઊતરે એવી વેદના થઇ. એ અપરાધનું પ્રાયશ્ચિત્ત કરાવી શુદ્ધ કરીને ૫૪ મેં દિવસે તેને પોતાના દિવ્યસુખમાં તેડી ગયા. મોટા મુક્તના અપરાધનું ફળ જીવને પ્રભુ પોતે ભોગવાવે છે. અને ક્યારેક ખૂબ જ પસ્તાવો થાય તો માફ પણ કરે, એ બધું પ્રભુની ઈચ્છા ઉપર આધારિત છે. તેમની લીલા અકળ છે. તે માટે સાધકે મુક્તનો મન-કર્મ-વચને અપરાધ ન થાય તેની સતત કાળજી રાખવી જોઈએ. (૧૭)

અમુક પ્રકારના પ્રશ્નો તે પ્રશ્નો જ નથી અથવા તેવા પ્રશ્નો અસ્થાને છે. ઘણી વખત તેની જરૂર પણ હોતી નથી. કારણ કે તેના ખુલાસા સમજવાની જીવોની ગતિ હોતી નથી. જેમ કે પ્રભુનો સાક્ષાત્કાર પામેલા પૂર્ણમુક્તમાં સ્વાભાવિક,





પ્રાકૃતિક દોષ કેમ જણાય છે? મુક્તના એવા ભાવ પાછળ અનેક ગહન રહસ્યો છુપાયેલા હોય છે. તેમાં અનેકનું કલ્યાણ તેમ જ હિત સમાયેલું હોય છે. તે ભાવો અમાયિક અને દિવ્ય હોવાથી તે સૂક્ષ્મ અવલોકનના અભ્યાસથી અને દિવ્ય સ્થિતિ થાય ત્યારે જ સમજાય છે. જેમ રામકૃષ્ણ પરમહંસ વિવેકાનંદજી ઉપર ક્રોધ કરી ટપલા પણ મારતા, પરંતુ તે બધું શિષ્યના હિત માટે જ હતું. આ વાતથી વિવેકાનંદ વાકેફ હતા એટલે તેમને પરમહંસની બધી ક્રિયા દિવ્ય જણાતી. મુક્તના ક્રોધાદિ ભાવો હેતુસર હોય છે તે માયિક દૃષ્ટિવાળાને માટે સમજવું કઠણ છે.

ભગવાન બુદ્ધને ક્રોધ ઉપજાવવા માટે કોઈક દ્વેષવાળા બ્રાહ્મણે એક વ્યક્તિને સોનામહોરની લાલચ આપીને બુદ્ધ પાસે જઈને તેમને ગાળો દઈ ક્રોધ ઉપજાવવા કહ્યું. તે માણસે બુદ્ધ પાસે જઈ ખૂબ ગાળો દઈ, અશ્લીલ ભાષામાં બુદ્ધનું ખૂબ જ અપમાન કર્યું, ભગવાન બુદ્ધ તો સ્થિતપ્રજ્ઞ હોવાથી બિલકુલ ક્રોધિત ન થયા અને સામે કોઈ પ્રતિભાવ પણ આપ્યો નહીં, તેથી પેલો માણસ કંટાળીને થાકી ગયો. પછી બુદ્ધે શાંત ચિત્તે તેને ગાળો બોલવાનું પ્રયોજન પૂછ્યું એટલે પેલા માણસે બધી હકીકત જણાવી. બુદ્ધે તેને કહ્યું કે તેં પહેલેથી કહ્યું હોત તો હું ક્રોધનો ભાવ દર્શાવત અને તને ધનનો લાભ મળત! પછી પેલાને ખૂબ પસ્તાવો થયો ને બુદ્ધના ચરણોમાં પડીને માફી માંગી. Enlightened પ્રબુદ્ધ પુરુષો

ક્રોધ, આક્રોશ વગેરે ભાવો વ્યક્ત કરે તેની પાછળ ચોક્કસ હેતુ હોય છે. તેમાં જણાતો અહંકાર તે માયિક ન હોતાં નિર્ગુણ ને દિવ્ય હોય છે, પ્રભુ સાથે એકરૂપપણાનો એ દિવ્ય કેફ હોય છે. આવા રહસ્યો પૂર્ણ મુક્ત સમજાવે ત્યારે જ મુમુક્ષુ સમજી શકે. (૧૮)

અમુક જીવ મુક્ત પાસે રહેતા હોય ત્યારે પૂર્વ કર્મસંસ્કારોને લઈને મુક્તને વિષે કુભાવ પરઠે છે. કારણ કે પોતામાં જે દોષ હોય તે દોષના ભાવ વધુ પ્રગટ થાય છે, પરંતુ મુક્તને વિષે તો કોઈ દોષની સંભાવના જ નથી, તેઓ નિર્દોષ હોવાથી જ તો મુક્તસ્થિતિવાળા છે. એટલે પેલા જીવના દોષ મુક્ત પાસે આવે ત્યારે વધારે બળપૂર્વક પ્રગટ થાય, પણ સમજણપૂર્વક દિવ્યભાવે સહિત મુક્તનો જોગ કરે તો બધા દોષ ઘસાઈને નાશ પામે ને પાત્ર થતો જાય. મુક્તને વિષે દોષ જ પરઠવાનો જેનો સ્વભાવ પડી ગયો હોય તે જીવ અલ્પ થઈને આસુરી પણ થઇ જાય છે. મુક્તને વિષે સદાય દિવ્યભાવ રાખવો એ જ મુમુક્ષુ માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. (૧૯)

મુક્ત ક્યારેક હેતે સહિત દિવ્યભાવમાં કોઈના મસ્તક ઉપર પોતાનો હાથ મૂકે, ત્યારે વિચાર્યા વગર તેવી ક્રિયામાં સંકલ્પ કરવો હિતાવહ નથી. મુક્તના હાથ મસ્તક ઉપર પડવાથી ઘણાના જીવનનું અને સમગ્ર ચૈતન્યનું પણ પરિવર્તન થઈ જાય છે, સાથે સાથે અવરભાવના તથા પરભાવના અનેક





લાભ પણ થાય છે. પ્રભુનો ડાબો હસ્ત તે અભયદાનનું પ્રતીક છે. જેમ ચરણ તે દાસત્વભાવનું, સેવાનું પ્રતીક છે, તેમ ડાબો હસ્ત અભયપદનું પ્રતીક છે. પ્રભુના સળંગ સ્વરૂપમાંથી કૃપા, પ્રસન્નતા, આશીર્વાદ ને અભયદાન વહી જ રહ્યા છે. મુક્તરાજ જ્યારે શિક્ષક હતા, ત્યારે કેટલીક વાર વિદ્યાર્થીઓના મસ્તક ઉપર પોતાનો કૃપામય હસ્ત મૂકતા. તેનું સહજ અંગ થઈ જતાં, નાના મોટા ગમે તે હરિભક્તના મસ્તક ઉપર હાથ મૂકવાનું સહજ થઇ ગયેલું. તેથી એનો એવો અર્થ ન લેવાય કે તેઓ ભગવાન થઇ ગયા અથવા પોતાની મોટાઈ દેખાડવા એમ વર્તે છે. પૂર્ણમુક્તને વિષે એવો કુતર્ક હાનિકારક સાબિત થાય છે, કારણ કે એવા સત્યમૂર્તિ મુક્ત દ્વારા પ્રભુ પોતે જ પ્રકાશતા હોય છે. (૨૦)

સ.ગુ. પરમચૈતન્યાનંદ સ્વામીને મહારાજની દિવ્યમૂર્તિનો સાક્ષાત્કાર થયા પછી પોતાના નિવાસસ્થાને જ રહેતા, પરંતુ મહારાજના દર્શને જતા નહિ. કોઈ વખત કોઈ શિષ્યે મહારાજ પાસે લઇ જવાનું કહ્યું તો સ્વામીશ્રી કહે, ‘મારે હવે આવશ્યકતા નથી, તારે લઇ જવા હોય તો લઇ જા.’ થોડે દૂર ગયા પછી પેલા શિષ્યે કહ્યું, ‘તમારે જરૂર નથી તો ચાલો પાછા.’ સ્વામીશ્રીએ કહ્યું, ‘ચાલો પાછા, આ તો તું આગ્રહ કરતો હતો એટલે જવાનું કરેલું.’ આમ મુક્તો સરળ પ્રકૃતિવાળા હોય છે. સ્વામીશ્રી તો મહારાજના સુખમાં અખંડ રહેતા, એટલે સ્થૂળ રીતે તેમને મહારાજના દર્શને

જવાની આવશ્યકતા રહી ન હતી. (૨૧)

એક હરિભક્ત પોતાનો કોઈક મંદવાડ મટે તે માટે સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી પાસે આશીર્વાદ લેવા ગયો, એટલે સ્વામીશ્રીએ તેને કોઈક ઔષધ બતાવ્યું. એ ઔષધ લેવાથી તેને રોગ મટી ગયો એટલે તેને સંકલ્પ થયો કે આ રોગ તો દવાથી મટ્યો, તેમાં સ્વામીશ્રીની મહત્તા શી? આવા સંકલ્પથી તેને ફરી રોગ થયો અને હેરાન પરેશાન થઇ ગયો, એટલે સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પાસે ગયો. સ્વામીશ્રીએ તેને મહાનુભાવાનંદ સ્વામી વિષે સંકલ્પ કરવા માટે ઠપકો આપી સ્વામીની માફી માંગવા કહ્યું. એમ સ્વામીશ્રીના વચનથી મહાનુભાવાનંદ સ્વામીની માફી માગ્યા પછી તેનો રોગ મટ્યો. આ રીતે શ્રીજીમહારાજ પોતાના મુક્તોનું ગૌરવ ને મહત્તા વધારતા હોય છે. મુક્તને વિષે કોઈ અયોગ્ય સંકલ્પ કરે, તો પ્રભુ તેને સુધારવા શિક્ષા પણ કરે છે. (૨૨)

શ્રીકૃષ્ણ ભગવાન અનેક પ્રકારની મનુષ્યલીલાઓ કરતા, પણ અર્જુન જેવા અનન્ય ને નિષ્ઠાવાન ભક્તને તેમને વિષે ક્યારેય મનુષ્યભાવના સંકલ્પ થતા ન હતા. એવી સંપૂર્ણ શરણાગતિ આવે તો જીવ તરી જાય. શ્રીરામકૃષ્ણ પરમહંસને ગળાનું કેન્સર થયેલું, ત્યારે ક્યારેક સ્વતંત્રપણું દેખાડતા અને ક્યારેક તીવ્ર વેદનાથી ઉંહકારા પણ કરતા, પરંતુ સ્વામી વિવેકાનંદને મુનુષ્યભાવના સંકલ્પ થતા ન હતા. શ્રીજીમહારાજની સેવામાં રહેતા મૂળજી બ્રહ્મચારીને તથા





બાપાશ્રીની સેવામાં રહેતા આશાબાપાને પણ સદાય દિવ્યભાવ રહેતો. પ્રભુ અથવા મુક્તની સેવામાં રહેલા સેવકને સદાય દિવ્યભાવ રહે તો બધા સાધનનો અંત આવી જાય, કાંઈ કરવું બાકી ન રહે. મોટા મુક્તનું આચરણ તો કોઈને સંકલ્પ ન થાય એવું ઉચ્ચ પ્રકારનું જ હોય છે, તેમ છતાં મંદવાડની લીલામાં અથવા દેહની કોઈક સ્વાભાવિક ક્રિયામાં કેટલાકને સંકલ્પ થઈ જતા હોય છે. એ વખતે સમજણપૂર્વકનું મૂઢપણું લાવીને સેવા કરે તો અનેક જન્મના કર્મસંસ્કાર નાશ પામીને પાત્રતા આવી જાય. (૨૩)

સ.ગુ. ભગવત્‌સ્વરૂપદાસજી સ્વામીનો સમાગમ કરવા કાનજીભાઈ ગાંધી નામના પ્રસિદ્ધ અને ધનાઢ્ય હરિભક્ત આવતા. એક વખત સ્વામીશ્રીએ તેમને કહ્યું, 'કાનજીભાઈ, તમારી પાસે સાત પેઢી ખાય એટલું ધન છે ને?' ત્યારે કાનજીભાઈએ કહ્યું, 'હા સ્વામી! મહારાજ અને આપની કૃપાથી એટલું ધન છે.' પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું, 'આવતી કાલે ધંધા પર જશો નહીં.' કાનજીભાઈએ ઘેર જઈ વિચાર કર્યો કે હું તો ધંધા ઉપર રોજ જાઉં છું. સ્વામીશ્રીને નક્કી કોઈક ઈર્ષાળુએ કંઈક ભરાવ્યું લાગે છે એટલે તેઓએ ના પાડી હશે. બીજે દિવસે તેઓ ધંધે ગયા અને સવારમાં ખૂબ સારા સોદા થયા અને ઘણું કમાણા એટલે વિચાર્યું કે સ્વામીશ્રીએ તો અમથી ના પાડી હશે, પણ આ તો વધુ કમાણી થઈ. ત્યાર બાદ થોડા કલાકોમાં આખી બાજી પલટાઈ

ગઈ, એક મોટા સોદામાં ખૂબ જ મોટું નુકશાન થયું અને બધી કમાણી ઘસડાઈ ગઈ. પછી સ્વામીશ્રી પાસે આવીને બહુ જ પસ્તાવો કર્યો કે આપનું વચન ન માનીને બહુ મોટી ભૂલ કરી. સ્વામીશ્રીએ તેમને કહ્યું, 'મને કોણ ભરાવી શકે, મને તો બધી ખબર જ હોયને!' માટે મોટા પુરુષનું વચન લોપવું ન જોઈએ, કારણ કે તેમનાથી કંઈ અજાણ્યું હોતું નથી. તેમનું વચન લોપાય તો વિઘ્ન આવે. (૨૪)

શ્રીજીમહારાજ અથવા અનાદિમુક્તને વિષે મનુષ્યભાવ કે દોષભાવ પરઠાઈ ગયો હોય, પરંતુ તે માટે પ્રભુ તથા મુક્તને ગદગદ કંઠે પ્રાર્થના કરે અને ક્ષમાયાચના કરે, તો મોક્ષમાર્ગમાં વાંધો ન આવે. મહારાજ અને મુક્ત અતિ કૃપાળુ છે. પસ્તાવો કરી પ્રાર્થના કરનાર ઉપર તેઓ કરુણા કરી તેની રક્ષા કરે છે. પૂર્વકર્મના આસુરી સંસ્કારોને લીધે પ્રભુ અથવા મુક્તને વિષે દોષની આંટી બાંધે, તો તે પાપનું ફળ ભોગવવું પડે ને મોક્ષ થવામાં મહા મોટું વિઘ્ન આવે અને ઘણો વિલંબ થઈ જાય. (૨૫)

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના એક શિષ્યને હંમેશ એમ રહ્યા કરતું કે મારા ગુરુજી જેવા બીજા કોઈ વૈરાગ્યવાન નથી. મારા ગુરુને તો સ્વયં શ્રીજીમહારાજ પણ વૈરાગ્યની મૂર્તિ કહે છે. નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના શિષ્યને સ.ગુ. ગોપાળાનંદ સ્વામીનો ખૂબ મહિમા કહી સ્વામીશ્રીના દર્શને જવાનું કહ્યું. પોતાના ગુરુનું વચન માથે ચડાવી તે શિષ્ય સ. ગુ.





ગોપાળાનંદ સ્વામીના દર્શને તેમના આસને ગયો. સ્વામીશ્રી તો યોગેશ્વરરૂપ હોવાથી તેમને ત્યાં રિદ્ધિ સિદ્ધિ હંમેશ હોય જ. પેલા શિષ્યે ત્યાં જઈને જોયું તો ગોપાળાનંદ સ્વામી પાસે દૂધના ઘડા, મેવા, મીઠાઈ ને ફળફળાદિના ટોપલાં ભરેલાં પડ્યા હતાં. નિષ્કુળાનંદ સ્વામીના સાધુને આવેલા જોઈને સ્વામીશ્રીએ જુદી જ લીલા કરી. તેઓ આકળા થઈ ઊભા થઈ ગયા અને દૂધના ઘડા ઢોળી દીધા, મેવા-મીઠાઈના ટોપલાં પગેથી ઉડાડી મૂક્યા અને બોલ્યા કે, 'આખો વખત આવું બધું કોણ મૂકી જાય છે? મારે આની જરૂર જ નથી.' પછી પેલા સાધુને પ્રેમથી આવકાર આપ્યો. તેમની સાથે બેસી રોટલો ને ખાટી છાશ ચોળીને જમ્યા. બે દિવસ તેને પોતાની સાથે રાખી ત્યાગ-વૈરાગ્ય અને મહારાજની સર્વોપરી ઉપાસનાની તથા મહિમાની ઘણી વાતો કરી. તેથી પેલા સાધુને સ્વામીશ્રીને વિષે ખૂબ જ દિવ્યભાવ થઈ ગયો.

તે સાધુ ગોપાળાનંદ સ્વામી પાસેથી પાછા પોતાના ગુરુજી પાસે આવ્યા ત્યારે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પૂછ્યું, 'કેમ સાધુરામ, ગોપાળાનંદ સ્વામીને દર્શને જઈ આવ્યા?' તે સાધુએ કહ્યું, 'હા ગુરુદેવ! તેઓ તો આપના જેવા જ વૈરાગ્યવાન છે. પછી સ્વામી કહે, 'તને સંકલ્પ ન થાય અને મનુષ્યભાવ ન આવે, એટલે તેમણે આવો વૈરાગ્યનો ભાવ દેખાડ્યો. જો વૈભવનું અંગ દેખાડ્યું હોત, તો તારી પાત્રતા ન હોવાથી તું તે જીરવી ન શકત! એટલે તને તર્ક ન થઈ

જાય એ માટે આવી લીલા બતાવી. ગોપાળાનંદ સ્વામી તો મારા કરતાં ખૂબ જ મહાન અને ઊંચી સ્થિતિવાળા છે.' દરેક મુક્ત મનુષ્યરૂપે હોય ત્યારે જુદા જુદા અંગો ધારણ કરે છે. એવી વિવિધતા તેમના દ્વારા સ્વયં પ્રભુ જ દેખાડે છે. તે બધા અંગો-પ્રકૃત્તિ અનંત જીવોના કલ્યાણ માટે જ હોય છે. (૨૬)

પ્રભુ અને અનાદિમુક્તની લીલા બહુ જ ગહન અને અકળ હોય છે. પરમ કૃપાળુ બાપાશ્રીએ એક વખત એક ઉંદરને વર્તમાન ધરાવી, બધા જન્મો કાપી પાધરો જ મહારાજની મૂર્તિના સુખમાં મૂકી દીધો. તે ચૈતન્યને અનેક જન્મોમાં ભટકવાનું ટળી ગયું. કેટલાક જીવો ખૂબ સાધના કરતા હોય, મુમુક્ષુ પણ હોય તો પણ અનેક જન્મો સુધી પૂરું થતું નથી. ક્યારેક પ્રભુ અથવા મુક્ત જીવના હજારો દોષો પોતાનું અન્યથાકર્તાપણું વાપરીને માફ કરી તેનો આત્યંતિક મોક્ષ કરે છે. ક્યારેક કોઈકમાં એકાદ દોષ રહી ગયો હોય તો પણ જન્મ ધરાવી દે, આવી ક્રિયામાં અનંત કારણો હોય છે, જીવને તે જાણી શકવાની ગતિ નથી એટલે તેને તર્ક થાય છે. પ્રભુની દિવ્ય કળા અકળ હોવાથી જ નેતિ નેતિ કહેવાય છે. માટે નિઃસંશય થઈને મુક્તની આજ્ઞા-અનુવૃત્તિમાં રહીને સેવા-સમાગમ કરી લેવાં સાધક માટે એ જ શ્રેષ્ઠ ને સુરક્ષિત માર્ગ છે. (૨૭)

કેટલાક જીવોને પોતામાં કંઈક પવિત્રતા કે ભજન-ભક્તિ જેવા થોડા ગુણો આવ્યા હોય અને બીજા લોકો તેને મુક્ત કે





મોટા પુરુષ માની બેસે, એટલે તેને એનો અહંકાર આવી જાય અને તેથી છકી જાય. પછી ભગવાન તથા તેમના લાડીલા મુક્તોને અવગણીને તેમનો દ્રોહ કરી બેસે. એવા દ્રોહને વિષે તેઓ સભાન હોવા છતાં, અભિમાને કરીને દ્રોહની આંટી પડે ને તે આંટીને તેઓ મૂકી શકતા નથી. પોતે એમ જ માને છે કે અમે જ સત્ય છીએ ને બીજા ખોટા છે. એવા જીવોને પ્રભુ આકરી શિક્ષા કરે છે. જ્યારે મુક્તના દ્રોહરૂપ ક્રિયમાણ કર્મોનું સંચિતમાં અને સંચિતકર્મનું પ્રારબ્ધકર્મમાં રૂપાંતર થયા પછી તે કર્મનું ફળ પ્રભુ તેને ભોગવાવે છે, ત્યારે કઠોરતા વજ્ર થકી ભારીનો સિદ્ધાંત અપનાવે છે. ભગવાન અને મુક્તના દ્રોહી જીવોને પંચ મહાપાપના કરનારા કરતાં પણ અધિક પાપી કહ્યા છે. પંચ મહાપાપના કરનારા જો મુક્તની કૃપાદૃષ્ટિમાં આવી જાય તો તેનું પૂરું થઈ જાય છે, પણ આવા દ્રોહી ઉપર તો પ્રભુની નારાજગી હોવાથી તેનું પૂરું થતું નથી. એવા દ્રોહીનું મૃત્યુ થયા પછી તેને ભાન થાય છે કે તેઓ હજી ધામમાં પહોંચ્યા નથી. અને હવે સૂક્ષ્મદેહે ભટકવાનો ને યમયાતના ભોગવવાનો વારો આવ્યો. દેહ મૂક્યા પછી જીવને પોતાને જે કોઈ અનુભવ થાય, તેનું તેને ભાન રહે છે. કારણ કે સ્થૂળ દેહ છૂટ્યા પછી સૂક્ષ્મ અને કારણ દેહ તો રહે જ છે. તેથી તેની continuity રહે છે, જીવનની ગતિ ચાલુ રહેવાનો એહસાસ થાય છે. ઘણા સમય સુધી સૂક્ષ્મશરીરમાં દુઃખો ભોગવી ને ભટક્યા પછી

ફરી જન્મ થાય ત્યાં સુધી દરેક વાતની સ્મૃતિ રહે છે. જ્યારે જન્મ થાય, ત્યારે પ્રભુ પોતાની અન્વયશક્તિ દ્વારા તેની સ્મૃતિ રુંધી દે છે.

જન્મ થયા પછી જો માણસને પોતાના પૂર્વ જન્મોની સ્મૃતિ ન રૂંધાય, તો જીવનમાં અપાર મુશ્કેલીઓ સર્જાય અને મનુષ્ય પોતાની પ્રગતિ સાધી ન શકે. જીવને જન્મ થયા પછી તેના પ્રારબ્ધકર્મો અને સંસ્કારો તેની સાથે રહે છે. તે કર્મો યોગ્ય સમય ને સંજોગ આવ્યે તેનું ફળ આપે છે, પરંતુ પૂર્વ જન્મની સ્મૃતિ રુંધાવાથી તે કારણશરીરમાં પડી રહે છે. યોગસાધનામાં કે ધ્યાન-ભજનમાં આગળ વધેલી વ્યક્તિને ક્યારેક સ્મૃતિશક્તિ જાગૃત થવાથી પોતાના પૂર્વ જન્મનું ભાન થાય છે. સિદ્ધમુક્તને તો પોતાના તથા બીજાના અનેક પૂર્વ જન્મોની ખબર પડે છે. એ મુક્ત જો જાણવા ઈચ્છે તો તત્કાળ બધું જોઈ જાણી શકે. આગળ કહ્યા તેવા મુક્તના દ્રોહીને જન્મ થયા પછી પણ દ્રોહનું ફળ ભોગવવું પડે. ઘણા જન્મો થયા પછી ક્યારેક સાન ઠેકાણે આવે ત્યારે પસ્તાવો થાય, ત્યાર પછી મોક્ષને માર્ગે આગળ વધી શકે. તેમાં વિલંબ ઘણો થઈ જાય. અમુક મનુષ્યોને ધર્માદાનું ધન-ધાન ચોરવાની કે પચાવી પાડવાની આદત હોય, તેમને પણ ઘણા જન્મ ધરવા પડે અને કર્મનું ફળ ભોગવવું પડે. (૨૮)

કરાંચીમાં મુક્તરાજ લાલુબાપાને બાપાશ્રીને વિષે અતિ દિવ્યભાવ હતો. એમનું મકાન કોઈકે ખોટા કાગળિયા કરીને





પચાવી પાડવાની પેરવી કરેલી. એ વખતે ગોવિંદભાઈ નામના આગેવાન હરિભક્તે સલાહ આપી કે એક સારો વકીલ રોકી લો તો તમારું મકાન બચી જાય. લાલુબાપાએ કહ્યું, 'હું બાપાશ્રીને પૂછીને પછી નક્કી કરીશ.' ગોવિંદભાઈએ કહ્યું, 'લાલુબાપા, આવી વ્યાવહારિક બાબતમાં બાપાશ્રીને પૂછવાની શી જરૂર છે?' લાલુબાપા બાપાશ્રીને પૂછીને જ બધું કરતા. પછી તેમણે આ બાબતે બાપાશ્રીને પૂછ્યું તો બાપાશ્રીએ કહ્યું, 'હું બેઠો છું પછી વકીલનું શું કામ છે?' લાલુબાપાએ વકીલ ન કર્યો ને મહારાજની ઈચ્છાથી મકાન હાથમાંથી જતું રહ્યું. આવું થવા છતાં લાલુબાપાને લેશમાત્ર સંકલ્પ ન થયો કે બાપાશ્રીએ મકાન કેમ બચાવ્યું નહીં, કારણ કે તેઓ બાપાશ્રીનો મહિમા જેમ છે, તેમ યથાર્થ જાણતા ને તેમને બાપાશ્રી વિષે સંપૂર્ણ દિવ્યભાવ હતો. મકાનની ચિંતા દૂર થવાથી ઉલટાનું તેમને ભગવાનનું ધ્યાન-ભજન સરસ રીતે થવા લાગ્યું ને બાપાશ્રીની કૃપાથી મૂર્તિનું સુખ પણ સવિશેષ આવવા માંડ્યું.

એમ સાધકે મહારાજ કે મુક્ત ગમે તેવી કસોટી કરે તો પણ તેમને વિશેની શ્રદ્ધામાં અડગ રહી દિવ્યભાવ વધુ દૃઢ કરવો, તો મહારાજ ને મુક્તની પ્રસન્નતા થાય અને મૂર્તિનું સુખ મળે. (૨૯)

મુક્ત કોઈ સેવકને કંઈક કામ સોંપે કે તમે અત્યારે જ આ કામ પૂરું કરી નાંખો, એ વખતે તે સેવક પોતાના કોઈક

વ્યાવહારિક કામ પૂરા કરવાના હેતુથી જરાપણ આનાકાની કરવાનો કે કોઈક બહાનું બતાવવાનો સંકલ્પ કરે કે તેમાં દીર્ઘસૂત્રતા કરે તો મુક્ત તેવા સેવકની સેવા ગ્રહણ કરતા નથી. અને તે સેવક સેવાના અમૂલ્ય લાભથી વંચિત રહી જાય છે. સેવક જો નિર્વિકલ્પ થઈને મુક્તે ચીંધેલા કામને પોતાના ગમે તેવા અગત્યના વ્યાવહારિક કાર્યને પડતું મૂકી તરત જ પૂરું કરે તો મુક્તની પ્રસન્નતા થવાથી તે સેવકના બીજા કાર્યો પણ સરળતાથી ઉકેલાઈ જતા હોય છે. મુક્તને ક્યારે શું કરવાનું છે, ક્યારે શું થવાનું છે, શું કરવાથી શું થશે? એ બધી જ ખબર હોય છે, તેમનાથી કશું જ અજાણ્યું નથી હોતું. માટે સાધકે મુક્તના વચન નિર્વિકલ્પ થઈને અધ્ધરથી ઝીલવા. (૩૦)





# ઉપસંહાર

'અમૃત સાગર-૨'માં સાધકને બોધ પ્રદાન કરતા ગુરુવર્યના ઉપદેશવચનો, અનાદિમુક્તનું માહાત્મ્ય ને સામર્થ્ય, તેમને વિષે દિવ્યભાવ રાખવો ને નિર્વિકલ્પ રહેવું વગેરે મુદ્દાઓ વિષે આપણે વિસ્તારથી ઊંડાણપૂર્વક જોયું. મુમુક્ષુ સાધક આ મુદ્દાઓનો તલસ્પર્શી અભ્યાસ કરી તેમાં રહેલા ગહન તત્ત્વને આત્મસાત્ કરી પોતાના જીવનને ઉન્નત બનાવવા પ્રયત્નશીલ બનશે, તો પ્રભુ તથા અનાદિમુક્તની કૃપા સંપાદન કરી પ્રભુપ્રાપ્તિરૂપ લક્ષસિદ્ધિ ચોક્કસ હાંસિલ કરી શકશે એમાં શંકાને સ્થાન નથી.